રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અનુસાર



# School Quality Assessment and Assurance Framework

# (SQAAF)

# માર્ગદર્શિકા

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

ગુણોત્સવ 2.0

## અનુક્રમણિકા


પ્રકરણ 1 - પૂર્વભૂમિકા ........ 4

1.0 પ્રસ્તાવના ........ 4

1.1 ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) અમલીકરણ યોજના ........ 5

પ્રકરણ 2 - સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક અને એક્રેડિટેશન પ્રક્રિયા ........ 8

2.0 સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)નું પ્રાથમિક સ્વરૂપ ........ 8

2.1 સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)ના વિભાગ ........ 10

2.2 સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા ........ 12

2.3 સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયાની સમજ ........ 13

2.4 શાળાના પ્રકાર અને શાળામાં ઉપલબ્ધ ધોરણો અનુસાર લાગુ પડતા માપદંડોની સમજ ........ 15

પ્રકરણ 3 – ભાગ 1: SQAAF Administrative ........ 18

3.0 ભાગ 1: SQAAF Administrative માં સમાવિષ્ટ માપદંડોની યાદી ........ 18

3.1 ભાગ 1: SQAAF Administrative માં સમાવિષ્ટ માપદંડોની સમજ ........ 23

3.1.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન ........ 23

3.1.2 મુખ્યક્ષેત્ર 2: મૂલ્યાંકન ........ 25

3.1.3 મુખ્યક્ષેત્ર 3: શાળા વ્યવસ્થાપન ........ 28

3.1.4 મુખ્યક્ષેત્ર 5: શાળા સંસાધનો ........ 77

3.1.5 મુખ્યક્ષેત્ર 6: શાળા છાત્રાલય ........ 121

પ્રકરણ 4 – ભાગ 2: SQAAF ACADEMIC ........ 162

4.0 ભાગ 2: SQAAF Academic માં સમાવિષ્ટ માપદંડોની યાદી ........ 162

4.1 ભાગ 2: SQAAF Academicમાં સમાવિષ્ટ માપદંડોની સમજ ........ 167


GCERT - GSQAC

**4.1.1** મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન ........ 167

**4.1.2** મુખ્યક્ષેત્ર 2: મૂલ્યાંકન ........ 189

**4.1.3** મુખ્યક્ષેત્ર 3: શાળા વ્યવસ્થાપન ........ 216

**4.1.4** મુખ્યક્ષેત્ર 4: સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ ........ 233

**4.1.5** મુખ્યક્ષેત્ર 5: શાળા સંસાધનો ........ 259

**4.1.6** મુખ્યક્ષેત્ર 6: શાળા છાત્રાલય ........ 267

**પ્રકરણ 5 - સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ અને સ્કૂલ રિપોર્ટ કાર્ડ ........ 270**

**5.0** પ્રસ્તાવના ........ **270**

**5.1** સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ ........ **270**

**5.2** સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ ........ **271**


GCERT - GSQAC

## એક્રોનિમ્સ (ટૂંકાક્ષરો)

CET - કોમન એન્ટ્રન્સ ટેસ્ટ

CGMS - મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ

CWSN – ચિલ્ડ્રન વીથ સ્પેશિયલ નીડસ (વિશેષ જરૂરિયાતવાળા બાળકો)

GCERT - ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

GSQAC - ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ

HPC – હોલીસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ

NEP 2020 - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

PARAKH – પર્ફોર્મન્સ એસેસમેન્ટ, રિવ્યૂ, એન્ડ એનાલિસિસ ઓફ નૉલેજ ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ

RTE Act 2009 - રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ 2009

SMC - શાળા વ્યવસ્થાપન સમિતિ

SQAAF – સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક

SSSA – સ્ટેટ સ્કૂલ સ્ટાન્ડર્ડ ઑથોરિટી

TLM – ટીચિંગ લર્નિંગ મટીરીયલ (અધ્યયન – અધ્યાપન સામગ્રી)

GCERT - GSQAC

**નોંધ: રાજયની સરકારી, અનુદાનિત અને ખાનગી એમ તમામ પ્રકારની શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) માટેના ફ્રેમવર્કનું આ પ્રથમ સંસ્કરણ છે. તેની અજમાયશ અને હિતધારકોના પ્રતિભાવોના આધારે તેમાં સુધારણાનો અવકાશ છે.**

# પ્રકરણ 1 - પૂર્વભૂમિકા

## 1.0 પ્રસ્તાવના

શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ગુજરાત સરકાર હંમેશાં પ્રયત્નશીલ રહી છે. શિક્ષણ વ્યવસ્થાતંત્રમાં ગુણવત્તાસભર શિક્ષણ અંગેની જાગૃતિ સાથેની જવાબદારી અને સ્થાનિક કક્ષાએ સામાજિક ભાગીદારી સાથે શાલેય શિક્ષણની ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારણાના હેતુથી વર્ષ 2009માં માન. નરેન્દ્રભાઇ મોદીના વિચારબીજ એવા 'ગુણોત્સવ' કાર્યક્રમનો રાજ્યમાં અમલ થયો. શિક્ષણના નૂતન પ્રવાહો અને શિક્ષણજગતમાં થતા ફેરફારોની સાથેસાથે ગુણોત્સવ કાર્યક્રમ પણ સતત બદલાતો અને વિકસતો રહ્યો છે. આથી જ વર્ષ 2009 થી વર્ષ 2018 દરમિયાન યોજાયેલ ગુણોત્સવ કાર્યક્રમની શૃંખલાએ શાળા ગુણવત્તા નિર્ધારણ અને અભિવૃદ્ધિની દિશામાં સમગ્ર દેશને પ્રેરિત કરવાનું કાર્ય કર્યું છે.

ગુણોત્સવ કાર્યક્રમ શૃંખલાના અનુભવથી એ વાત સ્પષ્ટ થઈ કે શાળાઓમાં સર્વોચ્ચ ગુણવત્તાની સિદ્ધિ માટે શાળાકીય કાર્યક્રમોની પ્રક્રિયાની અને તેમાં પણ અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાની ગુણવત્તા પર વિશેષ લક્ષ્ય આપવું જરૂરી છે. સારી રીતે યોજાતા અને સફળ એવા ગુણોત્સવ કાર્યક્રમના વધુ અસરકારક અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ સતત ચિંતન થતું રહ્યું છે. જેના ફળરૂપે વર્ષ 2019માં ગુણોત્સવના પરિષ્કૃત સ્વરૂપ ગુણોત્સવ 2.0નો વિચાર જન્મ્યો, જેને તે જ વર્ષે સાકાર કરવામાં આવ્યો. ગુણોત્સવ 2.0 ના સ્વરૂપમાં ગુણોત્સવ કાર્યક્રમ માટે એક ચોક્કસ સંસ્થા નિર્ધારિત કરવાના હેતુથી તેને ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એકેડિટેશન કાઉન્સિલ (GSQAC) ને આપવામાં આવ્યો. આ સંસ્થાના નિયામક તરીકેની જવાબદારી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)ના નિયામકશ્રીને સોંપવામાં આવી. આ રીતે ગુણોત્સવ 2.0 ની કાર્યવ્યવસ્થા GCERT ને મળી અને GCERT દ્વારા વર્ષ 2019 – 20 થી ગુણોત્સવ 2.0ના સ્વરૂપમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશનની શરુઆત થઇ.

GCERT - GSQAC

શૈક્ષણિક વર્ષ 2025 – 26 સુધીમાં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશનના પાંચ (5) અને સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના એક્રેડિટેશનના બે (2) રાઉન્ડ પૂર્ણ કરવામા આવ્યા છે. પ્રત્યેક રાઉન્ડના અંતે શાળાઓને ઓનલાઇન રિપોર્ટ કાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

## 1.1 ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) અમલીકરણ યોજના

ગુણોત્સવ પ્રારંભથી જ એક ડાયનેમિક કાર્યક્રમ રહ્યો છે. વર્ષ 2009માં શરુ થયેલ ગુણોત્સવ કાર્યક્રમ એક મિશન કાર્યક્રમ હતો. જેમાં પ્રતિવર્ષ રાજ્ય કક્ષાએથી નક્કી થતાં ત્રણ દિવસ દરમિયાન રાજ્યની આશરે 30% જેટલી સરકારી પ્રાથમિક શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવતું. જેમાં રાજ્યના પદાધિકારીશ્રીઓ અને અધિકારીઓશ્રીઓ મૂલ્યાંકનકાર તરીકે કાર્ય કરતા હતાં.

વર્ષ 2019 – 20 થી વર્ષ 2023 – 24 દરમિયાન સ્કૂલ એક્રેડિટેશન માટે શાળા કક્ષાએ શિક્ષણ અને સંચાલનનો અનુભવ ધરાવતી વ્યક્તિઓની એક ખાસ કેડર (સ્કૂલ ઇન્સ્પેકટર્સ)ના માધ્યમથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક તેમજ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું.

આ અરસા દરમિયાન રાષ્ટ્ર કક્ષાએથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જાહેર કરવામાં આવી અને નીતિની ભલામણો અનુસાર દેશની શિક્ષણ વ્યવસ્થામાં આવશ્યક ફેરફાર થવાની કે નવાચાર અમલમાં મૂકવાની શરુઆત થઈ. ગુજરાત પણ નીતિમાં શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટે કરવામાં આવેલ વિવિધ ભલામણોને અમલમાં મૂકવા પ્રતિબદ્ધ અને પ્રયત્નશીલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સૂચવ્યા અનુસાર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) દ્વારા રાજ્યની શાળાઓના માટે તમામ પ્રકારના હિતધારકોના પરામર્શન અને સહયોગથી સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કની રચના કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 શાળા શિક્ષણના પ્રત્યેક તબક્કા (Foundational થી Secondary)ની શાળાઓમાં ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે એક એવી વ્યવસ્થાનું સૂચન કરે છે કે જેમાં શાળાઓને સ્વ-મૂલ્યાંકન થકી સુધારણાની તક રહેતી હોય. વધુમાં નીતિમાં શાળા પક્ષે વધુ Autonomy (સ્વાયતતા), Accountability (જવાબદેહિતા)

GCERT - GSQAC

અને Transparency (પારદર્શિતા) ની અપેક્ષા રખાઇ છે. આ ભલામણોને કેન્દ્રમાં રાખીને વર્ષ 2024 – 25થી સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયામાં સ્વ-મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના અનુસાર સૌ પહેલાં 100% શાળાઓ દ્વારા સ્વ – મૂલ્યાંકન કરવામાં આવે છે. ત્યાર બાદ સ્વ-મૂલ્યાંકન થયેલ શાળાઓ પૈકી મહત્તમ 33% જેટલી શાળાઓમાં વેરિફિકેશન કરવામાં આવે છે. ક્રોસ વેરિફિકેશનનું સોપાન પૂર્ણ થયા બાદ તમામ શાળાઓના સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ ઓનલાઇન પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**NEP 2020: PARA 8.5 (C)**

- An effective quality self-regulation or accreditation system will be instituted for all stages of education including pre-school education - private, public, and philanthropic - to ensure compliance with essential quality standards.
- To ensure that all schools follow certain minimal professional and quality standards, States/UTs will set up an independent, State-wide, body called the State School Standards Authority (SSSA).

NEP 2020ની ઉપરોક્ત ભલામણ અનુસાર પ્રત્યેક રાજ્યમાં શાળાઓના એક્રેડિટેશન માટે State School Standards Authority (SSSA)ની રચના કરવાની થાય છે. **ગુજરાતમાં વર્ષ 2019 – 20 થી સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી GSQAC દ્વારા થતી હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા GSQACને રાજ્યના SSSA તરીકે માન્યતા આપવામાં આવી છે.**

**NEP 2020: PARA 8.5 (D)**

- The SCERT will develop a School Quality Assessment and Accreditation Framework (SQAAF) through wide consultations with all stakeholders.

NEP 2020ની ઉપરોક્ત ભલામણ અનુસાર દેશના પ્રત્યેક SCERT (ગુજરાતના કિસ્સામાં GCERT)એ રાજ્યની શાળાઓના એક્રેડિટેશન માટેના ફ્રેમવર્કની રચના કરવાની થાય છે. વધુમાં વર્ષ 2025 – 26માં રાષ્ટ્ર કક્ષાએથી NCERT – PARAKH દ્વારા NEP 2020ની ભલમણોને આધારે સ્કૂલ એક્રેડિટેશન માટે એક નમૂનારૂપ ફ્રેમવર્ક – School Quality Assessment and Assurance Framework (SQAAF) તૈયાર કરી આપેલ છે.

NEP 2020ની ભલામણ અનુસાર GCERT દ્વારા જૂન 2025માં સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કની રચના માટે શાળા શિક્ષણ સંબંધિત તમામ પ્રકારના હિતધારકોને સમાવતી રાજ્ય કક્ષાની **'સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક રચના સમિતિ'**ની રચના કરવામાં આવી હતી. આ સમિતિ દ્વારા કાર્યશાળાઓની શ્રેણીમાં NCERT – PARAKH ફ્રેમવર્ક, CBSE ફ્રેમવર્ક, PM Shri શાળાઓ માટેના એક્રેડિટેશન ફ્રેમવર્ક અને રાજ્યના સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના તુલનાત્મક અભ્યાસ થકી રાજ્યની શાળાઓના એક્રેડિટેશન માટેના School Quality Assessment and Assurance Framework (SQAAF)નો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જેના પર શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલ **'સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક સમીક્ષા સમિતિ'**ના સઘન પરામર્શન બાદ શૈક્ષણિક વર્ષ 2026 – 27થી અમલી બનનાર SQAAFના ડ્રાફ્ટને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

**આ SQAAF રાજ્યની સરકારી, અનુદાનિત અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે.** જેના માળખા અને એક્રેડિટેશન પ્રકિયાની વિગતે રજૂઆત અહીં કરવામાં આવી છે.

GCERT - GSQAC

# પ્રકરણ 2 - સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક અને એક્રેડિટેશન પ્રક્રિયા

## 2.0 સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)નું પ્રાથમિક સ્વરૂપ

રાજ્યમાં વર્ષ 2019 – 20થી અમલી સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક અને તેની પ્રક્રિયામાં સમયાંતરે આવશ્યક ફેરફાર થતા રહ્યાં છે. શૈક્ષણિક વર્ષ 2026 – 27 માં રાજ્યની સરકારી અને અનુદાનિત ઉપરાંત ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયામાં સમાવેશ થવાનો છે. આ માટેના સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)માં છ મુખ્યક્ષેત્રો (Domains)નો સમાવેશ થાય છે. જે નીચે દર્શાવ્યા મુજબ છે.




આ મુખ્યક્ષેત્રોને આગળ જતાં પેટાક્ષેત્રો અને માપદંડોમાં વિભાજીત કરવામાં આવ્યાં છે. પ્રત્યેક માપદંડમાં શાળાની સ્થિતિના આકલન માટે તેની ચાર કક્ષાઓ નક્કી કરવામાં આવી છે.

# SQAAF નું સ્વરૂપ




| માપદંડની કક્ષા | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| **કક્ષાને અનુરૂપ ગુણ** | 0 | 1 | 2 | 3 |

| ક્રમ | મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્રની સંખ્યા | માપદંડની સંખ્યા | મળવાપાત્ર મહત્તમ ગુણ | ભારાંક (%) |
|---|---|---|---|---|---|
| 1. | અધ્યયન અને અધ્યાપન | 06 | 27 | 81 | 30 |
| 2. | મૂલ્યાંકન | 09 | 26 | 78 | 20 |
| 3. | શાળા વ્યવસ્થાપન | 11 | 57 | 171 | 15 |
| 4. | સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | 05 | 26 | 78 | 15 |
| 5. | શાળા સંસાધનો | 09 | 44 | 132 | 10 |
| 6. | શાળા છાત્રાલય | 12 | 31 | 93 | 10 |
| **કુલ** | | **52** | **211** | **633** | **100** |

છાત્રાલય સુવિધા વગરની શાળાઓ માટે પાંચ મુખ્યક્ષેત્રો અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવશે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્રની સંખ્યા | માપદંડની સંખ્યા | મળવાપાત્ર મહત્તમ ગુણ | ભારાંક (%) |
|---|---|---|---|---|---|
| 1. | અધ્યયન અને અધ્યાપન | 06 | 27 | 81 | 30 |
| 2. | મૂલ્યાંકન | 09 | 26 | 78 | 20 |
| 3. | શાળા વ્યવસ્થાપન | 11 | 57 | 171 | 20 |
| 4. | સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | 05 | 26 | 78 | 15 |
| 5. | શાળા સંસાધનો | 09 | 44 | 132 | 15 |
| | **કુલ** | **40** | **180** | **540** | **100** |

## 2.1 સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)ના વિભાગ

સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)ને મુખ્ય બે ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે. **ભાગ 1: SQAAFનો વ્યવસ્થાપન અને સુવિધાઓ સંબંધિત** છે જ્યારે **ભાગ 2: શૈક્ષણિક બાબતો સંબંધિત** છે. જેને અનુક્રમે SQAAF Administrative અને SQAAF Academic એવા નામ આપવામાં આવ્યાં છે.




GCERT - GSQAC

SQAAFના ભાગ 1: SQAAF – Administrative અને 2: SQAAF – Academic માં મુખ્યક્ષેત્ર વાર સમાવિષ્ટ માપદંડોની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | મુખ્યક્ષેત્ર | માપદંડની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ભાગ 1 SQAAF Administrative | ભાગ 2 SQAAF Academic | કુલ |
| 1. | અધ્યયન અને અધ્યાપન | 02 | 25 | 27 |
| 2. | મૂલ્યાંકન | 01 | 25 | 26 |
| 3. | શાળા વ્યવસ્થાપન | 40 | 17 | 57 |
| 4. | સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | 00 | 26 | 26 |
| 5. | શાળા સંસાધનો | 37 | 07 | 44 |
| 6. | શાળા છાત્રાલય | 29 | 02 | 31 |
| કુલ | | 109 | 102 | 211 |

છાત્રાલય સુવિધા વગરની શાળાઓ માટે SQAAFના ભાગ 1: SQAAF – Administrative અને 2: SQAAF – Academic માં મુખ્યક્ષેત્ર વાર સમાવિષ્ટ માપદંડોની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | મુખ્યક્ષેત્ર | માપદંડની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ભાગ 1 SQAAF Administrative | ભાગ 2 SQAAF Academic | કુલ |
| 1. | અધ્યયન અને અધ્યાપન | 02 | 25 | 27 |
| 2. | મૂલ્યાંકન | 01 | 25 | 26 |
| 3. | શાળા વ્યવસ્થાપન | 40 | 17 | 57 |
| 4. | સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | 00 | 26 | 26 |
| 5. | શાળા સંસાધનો | 37 | 07 | 44 |
| કુલ | | 80 | 100 | 180 |

GCERT - GSQAC

## 2.2 સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા

શાળાઓની એક્રેડિટેશન પ્રક્રિયાના મુખ્ય સોપાન અહીં દર્શાવ્યા પ્રમાણે છે.

1
- **સ્વ-મૂલ્યાંકન**
  શાળાઓ સ્વ-મૂલ્યાંકનની માહિતી ગુણોત્સવ 2.0ના પોર્ટલ પર અપલોડ કરશે

2
- **કામચલાઉ પરિણામ તૈયાર કરવા**
  GSQAC સ્વ-મૂલ્યાંકનની માહિતીના આધારે કામચલાઉ પરિણામ તૈયાર કરશે

3
- **વેરિફિકેશન**
  સ્વ-મૂલ્યાંકન થયેલ શાળાઓ પૈકી મહત્તમ 33% શાળાઓમાં વેરિફિકેશન કરાશે

4
- **આખરી પરિણામ તૈયાર કરવા**
  GSQAC સ્વ-મૂલ્યાંકન અને વેરિફિકેશનની માહિતીના આધારે આખરી પરિણામ તૈયાર કરશે

5
- **સ્કૂલ એક્રેડિટેશનના પરિણામોનું પબ્લિક ડિસ્ક્લોઝર**
  ગુણોત્સવ 2.0ના પોર્ટલ પર સ્કૂલ એક્રેડિટેશનના પરિણામોનું પબ્લિક ડિસ્ક્લોઝર કરવામાં આવશે




ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) પોર્ટલ

## 2.3 સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયાની સમજ

સ્વ-મૂલ્યાંકન એ સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાનું પ્રથમ સોપાન છે. સ્વ-મૂલ્યાંકન એટલે સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના વિવિધ માપદંડો પર શાળાએ કરેલ પોતાનું મૂલ્યાંકન. અહીં શાળાએ કરેલ મૂલ્યાંકન એટલે શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવેલ મૂલ્યાંકન એવો અર્થ છે. શાળાના આચાર્ય દ્વારા રાજ્ય કક્ષાએથી સ્વ-મૂલ્યાંકનનો જે સમયગાળો નિયત કરવામાં આવે તે સમયગાળામાં શાળાનું મૂલ્યાંકન પૂર્ણ કરી તેનો ડેટા ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) પોર્ટલ પર નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાનો રહેશે.

**જો કે સ્વ-મૂલ્યાંકન અંતર્ગત માપદંડોની નિયત સમયમર્યાદામાં અસરકારક રીતે ચકાસણી કરવાના હેતુથી શાળા ઇચ્છે તો શાળા કક્ષાએ 'સ્વ-મૂલ્યાંકન સમિતિ' રચીને સમિતિના માધ્યમથી સ્વ-મૂલ્યાંકન કરી શકે છે. પરંતુ ગુણોત્સવ 2.0 પોર્ટલ પર સ્વ-મૂલ્યાંકનનો ડેટા સબમિટ કરતાં પહેલાં સમિતિ દ્વારા થયેલ મૂલ્યાંકનની ખરાઈ કરીને ડેટામાં કોઈ ભૂલ નથી તે બાબતની ખાતરી કરવાની જવાબદારી શાળાના આચાર્યની રહેશે.**

સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના ભાગ 2: SQAAF – Academic ના મુખ્યક્ષેત્ર 2: મૂલ્યાંકન અંતર્ગત આવતા પેટાક્ષેત્રો હેઠળ આવતા માપદંડો પર મૂલ્યાંકન માટે વિશેષ આયોજન અને કાળજી સાથે કામગીરી કરી તેની માહિતી ગુણોત્સવ 2.0 પોર્ટલ પર સબમિટ કરવાની થશે. જેની વિગતે સમજ આ ડોક્યુમેન્ટમાં આગળ જતાં જ્યારે તેમની વાત આવશે ત્યારે આપવામાં આવી છે.

સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના તમામ માપદંડો પર સારી રીતે સ્વ-મૂલ્યાંકન થઈ શકે તે માટે શાળા નીચે મુજબના માર્ગદર્શક સૂચનોને અનુસરી શકે.

- રાજ્ય કક્ષાએથી સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાની સમજ અંગે રજૂ થનાર ઓનલાઇન તાલીમમાં શાળાના સંપૂર્ણ સ્ટાફ અને SMC પ્રતિનિધિઓને જોડવામાં આવે.
- જો શાળાના સંપૂર્ણ સ્ટાફને તાલીમમાં જોડી શકાય તેમ ન હોય તો શાળાના આચાર્ય-સુપરવાઈઝર અને SMC પ્રતિનિધિ ઓનલાઇન તાલીમમાં જોડાય અનિવાર્યપણે જોડાય.

GCERT - GSQAC

- ઓનલાઇન તાલીમમાં જોડાયેલ વ્યક્તિઓ શાળાના સંપૂર્ણ સ્ટાફને સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક અને સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયાની સમજ આપે.
- રાજ્ય કક્ષાએથી પ્રસારિત ઓનલાઇન તાલીમની લિંક્સ જાળવી રાખવામાં આવે જેથી સમગ્ર શાળા આવશ્યકતા અનુસાર તેનો ઉપયોગ કરી શકે.
- સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કની સમગ્ર ગાઇડલાઇનની સંપૂર્ણ સ્ટાફ સાથે ચર્ચા કરવામાં આવે. સ્વ-મૂલ્યાંકન માટે પ્રત્યેક પેટાક્ષેત્રમાં રજૂ કરવાના આધારો અંગેની જાણકારી આપવામાં આવે.
- જો શાળા સ્વ-મૂલ્યાંકન માટેની સમિતિની રચના કરવા ઈચ્છતી હોય તો સમિતિના પ્રત્યેક સભ્યને ફ્રેમવર્ક અને સ્વ-મૂલ્યાંકનની સમગ્ર પ્રક્રિયાની પર્યાપ્ત સમજ અને ગંભીરતાથી અવગત કરવામાં આવે.
- શાળા દ્વારા થનાર સ્વ-મૂલ્યાંકન એ અંતિમ મૂલ્યાંકન નથી. આગળ જતાં વેરિફાયર્સ દ્વારા શાળામાં થયેલ મૂલ્યાંકનનું વેરિફિકેશન થઈ શકે છે. આથી માહિતી આપનાર પ્રત્યેક કર્મચારી ખોટી માહિતી ન આપે અને સ્વ-મૂલ્યાંકનમાં પૂર્ણ પ્રામાણિકતા રાખે તે વાતની ખાતરી કરવામાં આવે.
- શાળા દ્વારા સ્વ-મૂલ્યાંકનના ભાગરૂપે પોર્ટલ પર અપલોડ કરવામાં આવનાર તમામ આધારો સુવાચ્ય/ સ્પષ્ટ હોય તેની ખાતરી કરવામાં આવે.
- શાળા દ્વારા સ્વ-મૂલ્યાંકનમાં અપલોડ કરાયેલ માહિતી/ડેટાના સમર્થનમાં આધારોની ફ્રેમવર્કના મુખ્યક્ષેત્રો અનુસાર ફાઈલ તૈયાર કરી રાખવામાં આવે.
- શાળા દ્વારા સ્વ-મૂલ્યાંકનના ભાગરૂપે પોર્ટલ પર અપલોડ કરવામાં આવેલ આધારોની સોફ્ટ કોપીનો બેકઅપ રાખવામાં આવે જેથી ભવિષ્યમાં તેની જરૂરિયાત ઊભી થાય તો બધા ડોક્યુમેન્ટ્સની સોફ્ટ કોપી તૈયાર કરવાની સ્થિતિ ઊભી ન થાય.
- સ્કૂલ એક્રેડિટેશન પોર્ટલના ઉપયોગ અને ખાસ કરીને તેમાં સ્વ-મૂલ્યાંકનની માહિતી દાખલ કરવાની પદ્ધતિ વિશે પૂર્ણ સમજ કેળવી લેવામાં આવે.

GCERT - GSQAC

## 2.4 શાળાના પ્રકાર અને શાળામાં ઉપલબ્ધ ધોરણો અનુસાર લાગુ પડતા માપદંડોની સમજ

School Quality Assessment and Assurance Framework (SQAAF) એ રાજ્યની સરકારી, અનુદાનિત અને ખાનગી – છાત્રાલય સુવિધા સહિત અને વગરની એમ તમામ પ્રકારની અને ફાઉન્ડેશનલ (ધોરણ 1 અને 2), પ્રિપરેટરી (ધોરણ 3 થી 5), મિડલ (ધોરણ 6 થી 8) અને સેકન્ડરી (ધોરણ 9 થી 12) એમ તમામ તબક્કાની શાળાઓ માટેનું એક સર્વગ્રાહી અને વિસ્તૃત માળખું છે. આથી શાળાના પ્રકાર અને શાળામાં ઉપલબ્ધ ધોરણો અનુસાર આ ફ્રેમવર્કના ચોક્કસ માપદંડો શાળાને લાગુ પડશે જ્યારે અમુક માપદંડો લાગુ નહીં પડે. આ પ્રકરણમાં સમગ્ર ફ્રેમવર્કના માપદંડો કઈ-કઈ શાળાઓને લાગુ પડશે તેની વિગત આપવામાં આવી છે.

શાળાના પ્રકાર અને શાળામાં ઉપલબ્ધ ધોરણો અનુસાર લાગુ પડતા માપદંડોની વિગત હવે પ્રત્યેક માપદંડની સાથે દર્શાવવામાં આવી છે. આ વિગત દર્શાવવા માટે નીચે દર્શાવ્યા મુજબની ટૂંકાક્ષરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

- **FS** = Foundational Stage = ધોરણ 1 – 2 વાળી શાળાઓ
- **PS** = Preparatory Stage = ધોરણ 3 થી 5 વાળી શાળાઓ
- **MS** = Middle Stage = ધોરણ 6 થી 8 વાળી શાળાઓ
- **SS** = Secondary Stage = ધોરણ 9 થી 12 વાળી શાળાઓ
- **GS =** Government Schools = સરકારી અને સ્થાનિક સત્તામંડળ સંચાલિત શાળાઓ
- **GIS =** Grant in Aid Schools = અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ
- **SFS =** Self-Financed Schools = બિનઅનુદાનિત ખાનગી શાળાઓ

GCERT - GSQAC

આ બાબતને આપણે બે ઉદાહરણ દ્વારા સમજીએ:

<table>
<tr><th colspan="35">પેટાક્ષેત્ર: વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ</th></tr>
<tr><td colspan="5">GS</td><td colspan="5">GIS</td><td colspan="5">SFS</td><td colspan="5">FS</td><td colspan="5">PS</td><td colspan="5">MS</td><td colspan="5">SS</td></tr>
<tr><th colspan="7">માપદંડ</th><th colspan="7">કક્ષા 0</th><th colspan="7">કક્ષા 1</th><th colspan="7">કક્ષા 2</th><th colspan="7">કક્ષા 3</th></tr>
<tr><td colspan="7">વર્ગખંડ વ્યવસ્થા (પર્યાપ્ત હવા-ઉજાસ, અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાને અનુરૂપ બેઠક વ્યવસ્થા અને પ્રવૃત્તિ માટે યોગ્ય અવકાશ)</td><td colspan="7">▪ શાળામાં યોગ્ય વર્ગખંડ વ્યવસ્થા જોવા મળતી નથી.</td><td colspan="7">▪ શાળાના વર્ગખંડોમાં પર્યાપ્ત હવા ઉજાસ છે પણ વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા અને પ્રવૃત્તિ માટે યોગ્ય અવકાશ ઉપલબ્ધ નથી.</td><td colspan="7">▪ શાળાના વર્ગખંડોમાં પર્યાપ્ત હવા ઉજાસ અને વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા છે પણ પ્રવૃત્તિ માટે યોગ્ય અવકાશ ઉપલબ્ધ નથી.</td><td colspan="7">▪ શાળાના વર્ગખંડોમાં પર્યાપ્ત હવા-ઉજાસ, વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા અને પ્રવૃતિ માટે યોગ્ય અવકાશ ઉપલબ્ધ છે.</td></tr>
</table>

ઉપરોક્ત ઉદાહરણમાં પેટાક્ષેત્ર વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ અને તેનો માપદંડ ‘વર્ગખંડ વ્યવસ્થા’ છે. તેની સાથે કેસરી કલરના બૉક્સમાં શાળાના પ્રકાર અને વાદળી/ભૂરા કલરમાં શાળાઓના તબક્કાને અગાઉ આપણે સમજ્યા મુજબના કોડ વડે દર્શાવામાં આવ્યા છે. અહીં બધા જ પ્રકારની શાળઓ અને તબક્કા દર્શાવ્યા છે એનો અર્થ એવો છે કે આ માપદંડ તમામ પ્રકારની શાળાઓને લાગુ પડે છે.

હવે, આપણે બીજું ઉદાહરણ જોઈએ,

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ | ▪ બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ 50% કે તેથી ઓછું છે. | ▪ બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ 51% થી 60% છે. | ▪ બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ 61% થી 70% છે. | ▪ બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ 71% થી વધુ છે. |

ઉપરોક્ત ઉદાહરણમાં જોઈ શકાય છે કે 'બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ' માપદંડ માટે GS, GIS, SFS, FS, PS, MS અને SS કોડમાંથી ને FS, PS અને MS ત્રાસી લાઈન વડે કાપવામાં આવેલ છે. જે દર્શાવે છે કે આ માપદંડ FS, PS અને MS શાળાઓને લાગુ પડતો નથી પરંતુ GS, GIS, SFS અને SS પ્રકારની શાળાઓ એટલે કે સરકારી, અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જ લાગુ પડે છે.

આ પ્રકારે પ્રત્યેક માપદંડ માટે તે કયા પ્રકારની શાળાને લાગુ પડશે તે સાંકેતિક રીતે દર્શાવવામાં આવ્યું છે. જેને ધ્યાને રાખીને શાળઓએ સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરવાની છે.

**નોંધ:** અહીં શાળાઓને NEP 2020 અનુસાર શાળા શિક્ષણના ચાર તબક્કા અનુસાર દર્શાવવામાં આવી છે પરંતુ શાળામાં ઉપલબ્ધ ધોરણો અનુસાર એક કરતાં વધુ તબક્કાને લાગુ પડતા માપદંડો શાળાને લાગુ પડી શકે. દા.ત. ધોરણ 1 થી 5ની શાળા માટે FS અને PS બંને તબક્કા માટેના માપદંડો લાગુ પડશે. એવી જ રીતે જો શાળામાં 1 થી 8 ધોરણ હોય તો તેને FS, PS અને MS એમ ત્રણેય તબક્કાની શાળઓ માટેના માપદંડ લાગુ પડશે.

GCERT - GSQAC

# પ્રકરણ 3 – ભાગ 1: SQAAF ADMINISTRATIVE

## 3.0 ભાગ 1: SQAAF ADMINISTRATIVE માં સમાવિષ્ટ માપદંડોની યાદી

સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)ના ભાગ 1 માં સમાવિષ્ટ માપદંડોની વિગત નીચે મુજબ છે.

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| અધ્યયન અને અધ્યાપન | વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ | ▪ વર્ગખંડ વ્યવસ્થા<br>▪ વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે યોગ્ય બેઠક/સ્થાન |
| મૂલ્યાંકન | શાળાકીય પરીક્ષાઓનું સંચાલન | ▪ શાળાકીય પરીક્ષાઓના સંચાલનમાં નૈતિકતા અને પારદર્શિતા |
| શાળા વ્યવસ્થાપન | શાળાનું મિશન (Mission), વિઝન (Vision) અને નીતિઓ (Policies) | ▪ શાળાનું મિશન, વિઝન અને નીતિઓ |
| | પ્રવેશ પ્રક્રિયા | ▪ પારદર્શક, ભેદભાવરહિત અને RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા અને વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર |
| | શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર | ▪ RTE અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમાનુસાર શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર |
| | કર્મચારીઓની નિમણૂક અને સ્થાયીકરણ | ▪ કર્મચારીઓની લાયકાત<br>▪ કર્મચારીઓના સેવા રેકોર્ડની જાળવણી<br>▪ કર્મચારીઓનું પગારધોરણ અને ચૂકવણીમાં નિયમિતતા<br>▪ કર્મચારીઓનું સ્થાયીકરણ, કર્મચારીઓના પ્રતિભાવોનો આદર, ફરિયાદ નિવારણ તંત્ર |
| | શાળાનું વિકાસલક્ષી આયોજન | ▪ શાળા વિકાસ યોજનાની રચના<br>▪ શાળા વિકાસ યોજનાનું અમલીકરણ<br>▪ શાળા વિકાસ યોજનામાં ક્રમિક અને ગુણાત્મક વિકાસ |
| | શાળા અને સમુદાયની ભાગીદારી | ▪ SMC/ વાલીમંડળની રચના અને પુન:રચના (સભ્યોની સંખ્યા અને પ્રતિનિધિત્વના સંદર્ભમાં)<br>▪ SMC/ વાલીમંડળની રચના અને પુન:રચના (રચના - પુન:રચનાની પ્રક્રિયાના સંદર્ભમાં) |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | | ▪ SMC/ વાલીમંડળની બેઠકોની નિયમિતતા<br>▪ SMC/ વાલીમંડળની બેઠકોમાં સભ્યોની ઉપસ્થિતિ |
| | નાણાકીય વ્યવસ્થાપન | ▪ શાળા દ્વારા લેવાતી ફીનું માળખું અને તેમાં પારદર્શિતા<br>▪ ગ્રાન્ટ ડિસ્પ્લે બોર્ડ<br>▪ ગ્રાન્ટ વપરાશમાં SMC/ વાલીમંડળની ભૂમિકા<br>▪ નાણાકીય ઓડિટ રિપોર્ટ |
| | હાજરી અને સ્થાયીકરણના પ્રયાસ | ▪ શાળાની સરેરાશ હાજરી<br>▪ જિલ્લાની સરેરાશ હાજરીના સાપેક્ષે શાળાની સરેરાશ હાજરી |
| | શાળા સલામતી | ▪ શાળાના ઓરડા અને મકાન<br>▪ કમ્પાઉન્ડ વોલ<br>▪ પાણીની ટાંકી<br>▪ ફાયર સેફ્ટી<br>▪ પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા<br>▪ વીજળીકરણ અને વીજઉપકરણો<br>▪ વિજ્ઞાન પ્રયોગશાળા<br>▪ કન્યાઓ માટેના કક્ષની વ્યવસ્થા<br>▪ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ CCTV કેમેરાની સુવિધા (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ વિશેષ રોગ ધરાવતા વિદ્યાર્થીઓની વિગતવાર માહિતી (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ આપત્તિ વ્યવસ્થાપન પ્લાન<br>▪ આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શિક્ષક સજ્જતા<br>▪ સરકારશ્રી દ્વારા આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ/SOPનું પાલન |
| | હિતધારકોનો સંતોષ | ▪ વિદ્યાર્થીઓનો સંતોષ<br>▪ વાલી-સમુદાયનો સંતોષ<br>▪ શિક્ષકોનો સંતોષ |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | | ▪ બિન શૈક્ષણિક કર્મચારીઓનો સંતોષ<br>▪ આચાર્યનો સંતોષ<br>▪ સંચાલક મંડળનો સંતોષ |
| શાળા સંસાધનો | ભૌતિક સુવિધાઓ | ▪ વર્ગખંડો<br>▪ પ્રિન્સિપાલ ઑફિસ<br>▪ સ્ટાફ રૂમ<br>▪ ક્લાર્ક ઑફિસ<br>▪ પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલ<br>▪ સ્પોર્ટ્સ/ યોગ રૂમ<br>▪ રમતનું મેદાન<br>▪ રમતગમતના સાધનોની ઉપલબ્ધતા<br>▪ CWSN વિદ્યાર્થીઓ માટેની ભૌતિક સુવિધાઓ |
| | ફર્નિચર | ▪ શાળામાં વિદ્યાર્થી વયકક્ષા અને સંખ્યાને અનુરૂપ તેમજ કર્મચારીઓ માટે આરામદાયક, સલામત, કલાત્મક ફર્નિચરની ઉપલબ્ધતા |
| | વિષયને અનુરૂપ પ્રયોગશાળા/ખંડ | ▪ ગણિત - વિજ્ઞાન પ્રયોગશાળા<br>▪ ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નર<br>▪ કલાખંડ/કોર્નર |
| | શાળા પુસ્તકાલય | ▪ શાળા પુસ્તકાલયની વ્યવસ્થા<br>▪ પુસ્તકોની ઉપલબ્ધતા<br>▪ વર્તમાનપત્રો અને સામયિકોની ઉપલબ્ધતા અને ઉપયોગ<br>▪ ડિજિટલ પુસ્તકાલય |
| | શૈક્ષણિક ટેકનોલોજી | ▪ કમ્પ્યૂટર લેબ (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ સ્માર્ટ ક્લાસરૂમ (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ DTH અથવા BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની સુવિધા<br>▪ શાળા સંબંધિત માહિતીની ઉપલબ્ધતા અને પારદર્શિતા માટે ટેક્નોલોજીનો ઉપયોગ |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | PM પોષણ યોજના (લાગું પડતું હોય ત્યાં) | ▪ રસોડા, કોઠાર અને રસોઈના સાધનો - વાસણોની સ્વચ્છતા<br>▪ ભોજન માટેના સ્થાનની સ્વચ્છતા<br>▪ ભોજનની ગુણવત્તાની ચકાસણી |
| | શાળા કેન્ટીન (લાગું પડતું હોય ત્યાં) | ▪ શાળા કેન્ટીનની સ્વચ્છતા, સુઘડતા અને આરોગ્યની દૃષ્ટિએ સલામતી |
| | પાણી, શૌચાલય અને સ્વચ્છતા | ▪ પીવાના પાણીની ઉપલબ્ધતા અને વ્યવસ્થા<br>▪ પાણીની ટાંકીની સફાઈ<br>▪ શૌચાલયોની ઉપલબ્ધતા<br>▪ શૌચાલયોની સ્થિતિ<br>▪ શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા<br>▪ શૌચાલયોની સ્વચ્છતા અને રખરખાવ<br>▪ કચરાનું વ્યવસ્થાપન |
| | વિદ્યાર્થીઓની સુખાકારી | ▪ વિદ્યાર્થીઓની વાર્ષિક આરોગ્ય તપાસ (Annual Health Checkup)<br>▪ વિદ્યાર્થીઓનું PRASHASHT એપના દ્વારા સ્ક્રિનિંગ અને તેનું અનુકાર્ય<br>▪ CWSN વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ શિક્ષક (Special Educator) ની મુલાકાત અને કાર્ય<br>▪ માસિક ધર્મ સંબંધિત સ્વચ્છતા (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ બાળ સુરક્ષા સમિતિની રચના અને સક્રિયતા |
| શાળા છાત્રાલય | કુમાર – કન્યાઓ માટે અલાયદા છાત્રાલય | ▪ કુમાર – કન્યાઓ માટે અલાયદા છાત્રાલયની સુવિધા |
| | છાત્રાલયમાં નિયમાનુસાર આવશ્યક સ્ટાફની ઉપલબ્ધતા અને કામગીરી | ▪ છાત્રાલયમાં નિયમાનુસાર આવશ્યક સ્ટાફની ઉપલબ્ધતા અને કામગીરી |
| | વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પર્યાપ્ત અને સુવિધાયુક્ત નિવાસ વ્યવસ્થા | ▪ છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યાની અનુરૂપ પર્યાપ્ત ઓરડા/ ડોર્મિટરીની ઉપલબ્ધતા |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | | ▪ છાત્રાલયના નિવાસમાં વિદ્યાર્થીઓ માટેની આવશ્યક સુવિધાઓની ઉપલબ્ધતા |
| | રસોઈઘર, ભોજનાલય અને કોઠાર | ▪ રસોઈઘરની ઉપલબ્ધતા, સુવિધા અને સ્વચ્છતા<br>▪ ભોજનાલયની ઉપલબ્ધતા, સુવિધા અને સ્વચ્છતા<br>▪ છાત્રાલયમાં અપાતા નાસ્તા-ભોજનની ગુણવત્તા<br>▪ કોઠાર ઉપલબ્ધતા, સુવિધા અને સ્વચ્છતા |
| | પાણી, શૌચાલય અને સ્વચ્છતા | ▪ પીવાના પાણીની ઉપલબ્ધતા અને વ્યવસ્થા<br>▪ પાણીની ટાંકીની સફાઈ<br>▪ સ્વચ્છતા સંકુલની ઉપલબ્ધતા અને સ્થિતિ<br>▪ સ્વચ્છતા સંકુલમાં પાણીની ઉપલબ્ધતા<br>▪ સ્વચ્છતા સંકુલની સ્વચ્છતા અને રખરખાવ<br>▪ કચરાનું વ્યવસ્થાપન |
| | પુસ્તકાલય/વાંચનાલય અને કમ્પ્યૂટર લેબ | ▪ પુસ્તકાલય/વાંચનાલય અને કમ્પ્યૂટર લેબની ઉપલબ્ધતા, સુસજ્જતા અને ઉપયોગિતા |
| | મનોરંજનખંડ/ પ્રવૃત્તિખંડ/ મલ્ટીપર્પઝ હૉલ | ▪ મનોરંજનખંડ/ પ્રવૃત્તિખંડ/ મલ્ટીપર્પઝ હૉલની ઉપલબ્ધતા, સુસજ્જતા અને ઉપયોગિતા |
| | મુલાકાતી ખંડ | ▪ મુલાકાતી ખંડની ઉપલબ્ધતા, સુસજ્જતા અને ઉપયોગિતા |
| | પ્રાથમિક સારવાર સુવિધા | ▪ પ્રાથમિક સારવાર અને  આરોગ્ય સેવા સંબંધિત સુવિધા |
| | સલામતી | ▪ ઓરડા અને મકાન<br>▪ કમ્પાઉન્ડ વોલ<br>▪ સલામતી માટેના સ્ટાફની વ્યવસ્થા<br>▪ વીજળીકરણ અને વીજઉપકરણો<br>▪ CCTV કેમેરાની વ્યવસ્થા<br>▪ ફાયર સેફ્ટી<br>▪ આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે સુસજ્જતા<br>▪ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સંબંધિત સમિતિ અને તેમની સક્રિયતા |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
| --- | --- | --- |
| | | ▪ સરકારશ્રી દ્વારા આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ/SOPનું પાલન |
| | વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | ▪ છાત્રાલય સમયપત્રક |

## 3.1 ભાગ 1: SQAAF ADMINISTRATIVE માં સમાવિષ્ટ માપદંડોની સમજ

સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)ના ભાગ 1 માં સમાવિષ્ટ પ્રત્યેક મુખ્યક્ષેત્ર, પેટાક્ષેત્ર અને તેમાં સમાવિષ્ટ માપદંડોની કક્ષાઓની વિગત અહીં આપવામાં આવી છે.

### 3.1.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

#### પેટાક્ષેત્ર: વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ

શાળાના વર્ગખંડોની વ્યવસ્થા વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવોમાં જોડાવાની સગવડ ઊભી કરે છે જ્યારે વર્ગખંડનું ભાવાવરણ અધ્યયન અનુભવોમાં સક્રિય ભાગીદારી માટે પ્રેરણા આપે છે. આ પેટાક્ષેત્ર પૈકી વર્ગખંડ વ્યવસ્થા સંબંધિત માપદંડોનો SQAAF Administrative વિભાગમાં સમાવેશ થાય છે.

- **વર્ગખંડ વ્યવસ્થા:** એટલે શાળાના વર્ગખંડોમાં પર્યાપ્ત હવા-ઉજાસ, અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાને અનુરૂપ બેઠક વ્યવસ્થા અને પ્રવૃત્તિ માટે યોગ્ય અવકાશની ઉપલબ્ધતા. જેમાં વર્ગખંડના વિશેષ જરૂરિયાતવાળા બાળકો (CWSN) બાળકો માટે આવશ્યક વિશેષ બેઠક વ્યવસ્થા અને તેમને પ્રવૃત્તિઓમાં જોડવા માટેની સુવિધા એક મહત્ત્વનું પરિબળ બને છે. જેની કક્ષાઓ અહીં દર્શાવ્યા મુજબ છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | | MS / SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વર્ગખંડ વ્યવસ્થા (પર્યાપ્ત હવા-ઉજાસ, અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાને અનુરૂપ બેઠક વ્યવસ્થા અને પ્રવૃત્તિ માટે યોગ્ય અવકાશ) | ▪ શાળામાં યોગ્ય વર્ગખંડ વ્યવસ્થા જોવા મળતી નથી. | ▪ શાળાના વર્ગખંડોમાં પર્યાપ્ત હવા ઉજાસ છે પણ વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા અને પ્રવૃત્તિ માટે યોગ્ય અવકાશ ઉપલબ્ધ નથી. | ▪ શાળાના વર્ગખંડોમાં પર્યાપ્ત હવા ઉજાસ અને વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા છે પણ પ્રવૃત્તિ માટે યોગ્ય અવકાશ ઉપલબ્ધ નથી. | ▪ શાળાના વર્ગખંડોમાં પર્યાપ્ત હવા-ઉજાસ, વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા અને પ્રવૃતિ માટે યોગ્ય અવકાશ ઉપલબ્ધ છે. |
| વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે યોગ્ય બેઠક/સ્થાન<br><br>(લાગુ પડતું હોય તેવી શાળાઓ/ વર્ગખંડોમાં) | ▪ શાળામાં વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે વર્ગખંડોમાં યોગ્ય બેઠક/સ્થાન નક્કી કરવામાં આવ્યાં નથી./ નક્કી કરાયેલ બેઠક વ્યવસ્થા અનુસરાતી નથી. | ▪ શાળાના અમુક વર્ગખંડોમાં વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે નક્કી કરવામાં આવેલ યોગ્ય બેઠક/સ્થાન અનુસાર બેઠક વ્યવસ્થા જોવા મળે છે. | ▪ શાળાના મોટાભાગના વર્ગખંડોમાં વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે નક્કી કરવામાં આવેલ યોગ્ય બેઠક/સ્થાન અનુસાર બેઠક વ્યવસ્થા જોવા મળે છે. | ▪ શાળાના તમામ વર્ગખંડોમાં વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે નક્કી કરવામાં આવેલ યોગ્ય બેઠક/સ્થાન અનુસાર બેઠક વ્યવસ્થા જોવા મળે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | વર્ગખંડમાં હવા-ઉજાસની સ્થિતિનો ખ્યાલ આવે તેવા પ્રત્યેક વર્ગનો 1 ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | વર્ગખંડ બેઠક વ્યવસ્થા અને ફર્નિચરનો ખ્યાલ આવે તેવા પ્રત્યેક વર્ગનો 1 ફોટોગ્રાફ | JPEG/PNG |
| 3 | વર્ગખંડમાં વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે ખરેલ વ્યવસ્થાનો પ્રત્યેક વર્ગનો 1 ફોટોગ્રાફ | JPEG/PNG |

## 3.1.2 મુખ્યક્ષેત્ર 2: મૂલ્યાંકન

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

### પેટાક્ષેત્ર: શાળાકીય પરીક્ષાઓનું સંચાલન

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ત્રિમાસિક અને સત્રાંત કસોટીઓ લેવામાં આવે છે. જ્યારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવે છે. આ પેટાક્ષેત્ર હેઠળ શાળા કક્ષાએ લેવાતી આવી તમામ પરીક્ષાઓના સંચાલન અંગે શાળાની નીતિ, નૈતિકતા અને પારદર્શિતાને કેન્દ્રમાં રાખવામાં આવી છે.

- **શાળાકીય પરીક્ષાઓના સંચાલનમાં નૈતિકતા અને પારદર્શિતા:** આ માપદંડ હેઠળ નીચેની બાબતોનો સમાવેશ થાય છે.
    - **શાળાકીય પરીક્ષાઓ અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જાગૃતિ:** શાળાની પરીક્ષા સંબંધિત નીતિ અને સમગ્ર પરીક્ષા પદ્ધતિ અંગે શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જાગૃતિનું સ્તર
    - **શાળાકીય પરીક્ષાઓના પ્રશ્નપત્રો:** રાજ્યની માર્ગદર્શિકા સાથે અનુરૂપતા, ક્ષમતાઓ/ અધ્યયન નિષ્પત્તિઓ આધારિત પ્રશ્નોનો સમાવેશ અને પ્રશ્નપત્રોની ગોપનીયતા

GCERT - GSQAC

- **પરીક્ષાખંડ અને પરીક્ષણ વ્યવસ્થા:** પરીક્ષા સંબંધિત ભય અને ચોરીથી મુક્ત તેમજ સગવડયુક્ત પરીક્ષાખંડ, CCTVની સુવિધા, પરીક્ષા જાગૃત અને સક્રિય પરીક્ષકો – રીલીવર, CWSN વિદ્યાર્થીઓ માટે પરીક્ષાખંડ અને બેઠક વ્યવસ્થાની સુગમતા
- **પ્રતિભાવો મેળવવાની અને ફરિયાદ નિવારણની વ્યવસ્થા:** પરીક્ષા સંબંધિત સાહિત્ય-સામગ્રી અને સમગ્ર પરીક્ષા પ્રક્રિયા અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓના પ્રતિભાવો મેળવવાની અને ફરિયાદ નિવારણની વ્યવસ્થા

| પેટાક્ષેત્ર: શાળાકીય પરીક્ષાઓનું સંચાલન | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| શાળાકીય પરીક્ષાઓના સંચાલનમાં નૈતિકતા અને પારદર્શિતા | ▪ શાળાકીય પરીક્ષાઓના સંચાલનમાં નૈતિકતા અને પારદર્શિતા માટે શાળાએ નીતિ (policy) તૈયાર કરેલ નથી. | ▪ શાળાકીય પરીક્ષાઓના સંચાલનમાં નૈતિકતા અને પારદર્શિતા માટે શાળાએ નીતિ તૈયાર કરેલ છે.<br>▪ શાળાના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને આ નીતિ અંગે જાણકારી છે.<br>▪ શાળામાં આ નીતિનું મહદ અંશે પાલન થાય છે. | ▪ શાળાકીય પરીક્ષાઓના સંચાલનમાં નૈતિકતા અને પારદર્શિતા માટે શાળાએ નીતિ તૈયાર કરેલ છે.<br>▪ શાળાના તમામ કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને આ નીતિ અંગે જાણકારી છે.<br>▪ શાળામાં આ નીતિનું સંપૂર્ણપણે પાલન થાય છે. | ▪ શાળાકીય પરીક્ષાઓના સંચાલનમાં નૈતિકતા અને પારદર્શિતા માટે શાળાએ નીતિ તૈયાર કરેલ છે.<br>▪ જે પરીક્ષા સંચાલનની રાજ્યની પ્રવર્તમાન નીતિ/ માર્ગદર્શિકાને અનુરૂપ છે.<br>▪ શાળાના તમામ કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને આ |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળાકીય પરીક્ષાઓનું સંચાલન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | નીતિ અંગે જાણકારી છે.<br>▪ શાળામાં આ નીતિનું સંપૂર્ણપણે પાલન થાય છે.<br>▪ મૂલ્યાંકનમાં આવતાં નવાચારોના સંદર્ભમાં શાળાની પરીક્ષા સંચાલન સંબંધિત નીતિની નિયમિત સમીક્ષા અને સુધારણા કરવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાની પરીક્ષા સંચાલન નીતિનો દસ્તાવેજ (document) | PDF |
| 2 | શાળાએ તેના હિતધારકોને પરીક્ષા સંચાલન નીતિ અંગે માહિતગાર કર્યાં હોવાનો આધાર | PDF, JPEG/PNG |
| 3 | પરીક્ષા સંચાલન સંબંધિત પ્રતિભાવો મેળવવાની વ્યવસ્થાનો ખ્યાલ આપતો આધાર | PDF, JPEG/PNG |

GCERT - GSQAC

### 3.1.3 મુખ્યક્ષેત્ર 3: શાળા વ્યવસ્થાપન

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

#### પેટાક્ષેત્ર: શાળાનું મિશન (MISSION), વિઝન (VISION) અને નીતિઓ (POLICIES)

પ્રત્યેક શાળાને માર્ગદર્શિત કરવા તથા તેની કાર્યપ્રણાલીને નિશ્ચિત કરવા માટે તેના મિશન, વિઝન અને નીતિઓ ખૂબ મહત્ત્વના છે. શાળાના મિશન અને વિઝન વિદ્યાર્થી અને સમાજ હિતને ધ્યાનમાં રાખીને નક્કી થયાં હોય અને તેમની સિદ્ધિ માટે શાળા પાસે સુવ્યાખ્યાયોત નીતિઓ હોય તે જરૂરી છે. શાળાઓ આ નીતિઓના અસરકારક અમલ થકી શાળા ગુણવત્તાને સુનિશ્ચિત કરી શકે છે. આ પેટાક્ષેત્રમાં શાળાના તેના મિશન અને વિઝન અને તેની સિદ્ધિ માટે શાળા દ્વારા ઘડાયેલ નીતિઓના અમલીકરણની સ્થિતિ જાણવાનો પ્રયાસ છે.

GCERT GSQAC

| પેટાક્ષેત્ર: શાળાનું મિશન (Mission), વિઝન (Vision) અને નીતિઓ (Policies) | | | | |
|---|---|---|---|---|
| GS, GIS, SFS | | FS, PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| શાળાનું મિશન, વિઝન અને નીતિઓ | ▪ શાળાએ તેના મિશન, વિઝન અને નીતિઓ નક્કી કર્યા નથી.<br>▪ શાળાએ તેના મિશન, વિઝન અને નીતિઓ નક્કી કર્યા છે પરંતુ શાળાના કર્મચારી અને હિતધારકોને તેની જાણકારી નથી. | ▪ શાળાએ તેના મિશન, વિઝન અને નીતિઓ નક્કી કર્યા છે.<br>▪ શાળાના કર્મચારી અને હિતધારકોને તેની જાણકારી છે પરંતુ શાળા પાસે મિશન, વિઝન અને નીતિઓને સાકાર કરવા માટેનું ચોક્કસ | ▪ શાળાએ તેના મિશન, વિઝન અને નીતિઓ નક્કી કર્યા છે.<br>▪ શાળાના કર્મચારી અને હિતધારકોને તેની જાણકારી છે શાળા પાસે મિશન, વિઝન અને નીતિઓને સાકાર કરવા માટેનું ચોક્કસ | ▪ શાળાએ તેના મિશન, વિઝન અને નીતિઓ નક્કી કર્યા છે.<br>▪ શાળાના કર્મચારી અને હિતધારકોને તેની જાણકારી છે શાળા પાસે મિશન, વિઝન અને નીતિઓને સાકાર કરવા માટેનું ચોક્કસ |

| પેટાક્ષેત્ર: શાળાનું મિશન (Mission), વિઝન (Vision) અને નીતિઓ (Policies) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | આયોજન નથી./ શાળાનું આયોજન મિશન, વિઝન અને નીતિઓને અનુરૂપ નથી./ શાળાએ મિશન, વિઝન અને નીતિઓને સાકાર કરવા માટે બનાવેલ આયોજનના અમલનું પ્રમાણ ઓછું છે. | આયોજન છે. આ આયોજનનો મહદ અંશે અમલ થાય છે. | આયોજન છે. આ આયોજનનો પૂર્ણ પણે અમલ થાય છે.<br>▪ સમયાંતરે તેની સમીક્ષા અને સુધારણા કરવામાં આવે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાનો મિશન – વિઝન અને નીતિઓના દસ્તાવેજ | PDF |
| 2 | શાળાની નીતિઓના અમલીકરણ અને સમીક્ષાના અહેવાલ | PDF |

## પેટાક્ષેત્ર: પ્રવેશ પ્રક્રિયા

આ પેટાક્ષેત્ર હેઠળ શાળાની પ્રવેશ પ્રક્રિયાને નીચે દર્શાવેલ પરિમાણોના સંદર્ભમાં ચકાસવામાં આવશે.

- **પારદર્શી પ્રવેશ પ્રક્રિયા:**
  - શાળાના કેચમેન્ટ એરિયા (શાળાના મોટાભાગના પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ જે સમુદાય અને વિસ્તારનો ભાગ હોય તે ક્ષેત્ર)ના વાલીઓમાં શાળાની પ્રવેશ પ્રક્રિયા વિશેની જાણકારી
  - શાળાએ પ્રવેશ સંબંધિત તમામ બાબતો જાહેર કરી હોય દા.ત. પ્રવેશ મેળવવા માટેનો સમયગાળો, પ્રવેશ પ્રક્રિયાના વિવિધ સોપાન, ફી વગેરે/ અધૂરી માહિતી ન આપે/ પ્રવેશને લઇને કોઇ છૂપી શરતો ન રાખે.
  - પ્રવેશ પ્રક્રિયાના વિવિધ તબક્કે પ્રવેશ મેળવવા અરજી કરેલ વિદ્યાર્થીઓ – વાલીઓને જાણ કરે (દા.ત. પ્રવેશ યાદીની જાહેરાત, તેમાં અપડેટ્સ વગેરે).
- **ભેદભાવરહિત પ્રવેશ પ્રક્રિયા:** શાળા પ્રવેશપાત્ર બાળક - વિદ્યાર્થીના ધર્મ, જ્ઞાતિ, જાતિ (gender), (ઘરની) ભાષા, રહેઠાણ વિસ્તાર વેગેરે જેવી બાબતોને આધારે બાળક- વિદ્યાર્થીઓમાં કોઇ ભેદ ન કરે તે અનિવાર્ય અને ઉત્તમ સ્થિતિ છે.
- **RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા:**
  - પ્રત્યેક શાળા દ્વારા RTE અને તેના અનુસંધાને રાજ્ય દ્વારા નિયત થયેલ ધોરણને અનુરૂપ વયકક્ષા અનુસાર પ્રવેશ
  - ખાનગી શાળાઓ દ્વારા ધોરણ 1 માં નિયમાનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ
  - ખાનગી શાળાઓમાં RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શાળાના અન્ય વિદ્યાર્થીઓ જેવી જ શૈક્ષણિક સુવિધાઓ, શિક્ષણ અને માર્ગદર્શન પૂરાં પાડવાં.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: પ્રવેશ પ્રક્રિયા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| પારદર્શક, ભેદભાવરહિત અને RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા અને વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર | ▪ શાળા પારદર્શક, ભેદભાવરહિત અને RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા ધરાવતી નથી.<br>▪ શાળા પારદર્શક, ભેદભાવરહિત અને RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા અનુસરે છે પરંતુ RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અન્ય વિદ્યાર્થીઓથી જુદા તારવીને કાર્ય કરે છે. | ▪ શાળા પારદર્શક, ભેદભાવરહિત અને RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા અનુસરે છે.<br>▪ RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ શાળાના કુલ વિદ્યાર્થીઓના 20% કરતાં ઓછું છે.<br>▪ શૈક્ષણિક કાર્ય અને શાળામાં ઉપલબ્ધ સુવિધાના ઉપયોગના સંદર્ભમાં RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરવામાં આવતો નથી. | ▪ શાળા પારદર્શક, ભેદભાવરહિત અને RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા અનુસરે છે.<br>▪ RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ શાળાના કુલ વિદ્યાર્થીઓના 21 - 24% છે.<br>▪ શૈક્ષણિક કાર્ય અને શાળામાં ઉપલબ્ધ સુવિધાના ઉપયોગના સંદર્ભમાં RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરવામાં આવતો નથી. | ▪ શાળા પારદર્શક, ભેદભાવરહિત અને RTE એક્ટને અનુરૂપ પ્રવેશ પ્રક્રિયા અનુસરે છે.<br>▪ RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ શાળાના કુલ વિદ્યાર્થીઓના 25% છે.<br>▪ શૈક્ષણિક કાર્ય અને શાળામાં ઉપલબ્ધ સુવિધાના ઉપયોગના સંદર્ભમાં RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરવામાં આવતો નથી. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાની પ્રવેશ પ્રક્રિયાને વ્યાખ્યાયિત કરતો દસ્તાવેજ | PDF |
| 2 | શાળાએ ચાલુ શૈક્ષણિક વર્ષમાં આપેલ પ્રવેશની વિગત | PDF |
| 3 | શાળાએ RTE અંતર્ગત આપેલ પ્રવેશની વિગત | PDF |
| 4 | RTE અંતર્ગત પ્રવેશ અપાયેલ વિદ્યાર્થીઓના શાળા સમય અને વર્ગની વિગત | PDF |

## પેટાક્ષેત્ર: શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર

આ પેટાક્ષેત્ર હેઠળ શાળાના શિક્ષક – વિદ્યાર્થીઓની સંખ્યાના ગુણોત્તરની શાળાને લાગુ પડતા RTE કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પ્રવર્તમાન નિયમો સાથેની અનુરૂપતા વિશે જાણવાનો છે.

**પેટાક્ષેત્ર: શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર**

GS | GIS | SFS | FS | PS | MS | SS

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| RTE અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમાનુસાર શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર | ▪ શાળાનો શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર RTE / ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ ગુણોત્તર 20% કરતાં વધુ છે. | ▪ શાળાનો શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર RTE / ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ ગુણોત્તર કરતાં 11% થી 20% વધુ છે. | ▪ શાળાનો શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર RTE / ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ ગુણોત્તર કરતાં 1% થી 10% વધુ છે. | ▪ શાળામાં RTE / ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમાનુસાર શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તર જોવા મળે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાના કુલ શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા | PDF |
| 2 | શાળાના પ્રત્યેક વર્ગ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા | PDF |

## પેટાક્ષેત્ર: કર્મચારીઓની નિમણૂક અને સ્થાયીકરણ

આ પેટાક્ષેત્ર હેઠળ નીચેના પરિમાણોનો સમાવેશ થાય છે.

- **કર્મચારીઓની લાયકાત:**
  - પ્રત્યેક કર્મચારીની તેમના પદ માટે રાજ્ય દ્વારા નિયત કરવામાં આવેલ લઘુત્તમ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત
  - શાળાના શિક્ષકો અને આચાર્યો પાસે રાજ્યના પ્રવર્તમાન નિયમોને અનુરૂપ શિક્ષણમાં વ્યાવસાયિક પદવી (degree) તેમજ એલિજિબિલિટી/ એપ્ટિટ્યુડ કસોટી પ્રમાણપત્ર
- **કર્મચારીઓના સેવા રેકોર્ડની જાળવણી:**
  - શાળા દ્વારા નિયમાનુસાર પ્રત્યેક કર્મચારીઓનો સેવા રેકોર્ડ/ સેવાપોથી/ પોર્ટફોલિયોની જાળવણી
  - કર્મચારીઓના સેવા રેકોર્ડને અદ્યતન રાખવા
- **કર્મચારીઓનું પગારધોરણ અને ચૂકવણીમાં નિયમિતતા:**
  - કર્મચારીઓને રાજ્યના પ્રવર્તમાન ધોરણો અનુસાર DBT દ્વારા પગાર અને અન્ય ભથ્થાંની ચૂકવણી
  - કર્મચારીઓને સમયસર પગારની ચૂકવણી
  - પે-રોલ (payroll)નું વાર્ષિક ઓડિટ

GCERT - GSQAC

- **કર્મચારીઓનું સ્થાયીકરણ:**
  - કર્મચારીઓમાં કાર્યભારની સમાન/ ન્યાયિક વહેંચણી
  - કર્મચારીઓને વ્યાવસાયિક વિકાસ માટે મેન્ટરીંગ, પ્રેરણા અને સહયોગ
  - કર્મચારીઓના પ્રતિભાવો, ફરિયાદો એકત્રિત કરવાની વ્યવસ્થા અને ફરિયાદ નિવારણતંત્ર
  - વર્ષ દરમિયાન કર્મચારીઓની સેવામાં અવરજવરનું પ્રમાણ

<table>
<tr><th colspan="7">પેટાક્ષેત્ર: કર્મચારીઓની નિમણૂક અને સ્થાયીકરણ</th></tr>
<tr><th>GS</th><th>GIS</th><th>SFS</th><th>FS</th><th>PS</th><th>MS</th><th>SS</th></tr>
</table>

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| કર્મચારીઓની લાયકાત | ▪ શાળાના 15% કે તેથી વધુ કર્મચારીઓ તેમના પદ માટે નિયમાનુસાર આવશ્યક લઘુત્તમ લાયકાત ધરાવતા નથી. | ▪ શાળાના 81% - 90% કર્મચારીઓ તેમના પદ માટે નિયમાનુસાર આવશ્યક લઘુત્તમ કે તેથી વધુ લાયકાત ધરાવે છે.<br>▪ નિયત લઘુત્તમ લાયકાત ન ધરાવતા કર્મચારીઓ નિયત લાયકાત પ્રાપ્ત કરે તે માટે શાળાએ પરિણામલક્ષી આયોજન અમલમાં મૂક્યું છે. | ▪ શાળાના 91% - 99% કર્મચારીઓ તેમના પદ માટે નિયમાનુસાર આવશ્યક લઘુત્તમ કે તેથી વધુ લાયકાત ધરાવે છે.<br>▪ નિયત લઘુત્તમ લાયકાત ન ધરાવતા કર્મચારીઓ નિયત લાયકાત પ્રાપ્ત કરે તે માટે શાળાએ પરિણામલક્ષી આયોજન અમલમાં મૂક્યું છે. | ▪ શાળાના 100% કર્મચારીઓ તેમના પદ માટે નિયમાનુસાર આવશ્યક લઘુત્તમ કે તેથી વધુ લાયકાત ધરાવે છે.<br>▪ શાળાના કર્મચારી નિયત લઘુત્તમ લાયકાત કરતાં વધુ લાયકાત પ્રાપ્ત કરે તે માટે શાળા કર્મચારીઓને પ્રોત્સાહન અને સુવિધા પૂરાં પાડે છે. |

| પેટાક્ષેત્ર: કર્મચારીઓની નિમણૂક અને સ્થાયીકરણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| કર્મચારીઓના સેવા રેકોર્ડની જાળવણી | ▪ શાળા દ્વારા કર્મચારીઓના સેવા રેકોર્ડ/ સેવા પોથી/ પોર્ટફોલિયો તૈયાર કરવામાં આવતાં નથી. / શાળાએ તૈયાર કરેલ સેવા રેકોર્ડમાં ગંભીર અનિયમિતતા જોવા મળે છે. | ▪ શાળા દ્વારા કર્મચારીઓનો સેવા રેકોર્ડ/ સેવાપોથી/ પોર્ટફોલિયોની તૈયાર કરવામાં આવે છે. પરંતુ તેમાં કરાર આધારિત કે સહાયક સ્ટાફનો સમાવેશ કરવામાં આવતો નથી. | ▪ શાળા દ્વારા નિયમાનુસાર પ્રત્યેક કર્મચારીઓનો સેવા રેકોર્ડ/ સેવાપોથી/ પોર્ટફોલિયોની જાળવણી કરવામાં આવે છે. તેમાં કોઇ અનિયમિતતા જોવા મળતી નથી. | ▪ શાળા દ્વારા નિયમાનુસાર પ્રત્યેક કર્મચારીઓનો સેવા રેકોર્ડ/ સેવાપોથી/ પોર્ટફોલિયોની જાળવણી કરવામાં આવે છે. તેમાં કોઇ અનિયમિતતા જોવા મળતી નથી.<br>▪ શાળાએ કર્મચારીઓના સેવા રેકોર્ડનું ડિજિટલાઇઝેશન કરેલ છે. |
| કર્મચારીઓનું પગારધોરણ અને ચૂકવણીમાં નિયમિતતા | ▪ શાળા તેના કર્મચારીઓને રાજ્યના પ્રવર્તમાન ધોરણો અનુસાર પગાર અને અન્ય ભથ્થાં ચૂકવતી નથી. /શાળા તેના | ▪ શાળા તેના કર્મચારીઓને રાજ્યના પ્રવર્તમાન ધોરણો અનુસાર DBT દ્વારા પગાર અને અન્ય ભથ્થાં ચૂકવે છે. | ▪ શાળા તેના કર્મચારીઓને રાજ્યના પ્રવર્તમાન ધોરણો અનુસાર DBT દ્વારા પગાર અને અન્ય ભથ્થાં ચૂકવે છે. | ▪ શાળા તેના કર્મચારીઓને રાજ્યના પ્રવર્તમાન ધોરણો અનુસાર DBT દ્વારા પગાર અને અન્ય ભથ્થાં ચૂકવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: કર્મચારીઓની નિમણૂક અને સ્થાયીકરણ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | કર્મચારીઓને બેંક ખાતામાં પગાર ચૂકવણી (DBT) કરતી નથી/ શાળા તેના પે-રોલ (Payroll)નું વાર્ષિક ધોરણે ઓડિટ કરાવતી નથી. | ▪ પરંતુ મોટાભાગે પગારની સમયસર ચૂકવણી કરવામાં આવતી નથી. શાળા તેના પે-રોલ (Payroll)નું વાર્ષિક ધોરણે ઓડિટ કરાવે છે. | ▪ મોટાભાગે શાળા પ્રત્યેક માસની 5 તારીખ સુધીમાં કર્મચારીઓના પગાર કરે છે. શાળા તેના પે-રોલ (Payroll)નું વાર્ષિક ધોરણે ઓડિટ કરાવે છે. | ▪ શાળા પ્રત્યેક માસની 5 તારીખ સુધીમાં કર્મચારીઓના પગાર કરે છે. શાળા તેના પે-રોલ (Payroll)નું વાર્ષિક ધોરણે ઓડિટ કરાવે છે. |
| કર્મચારીઓનું સ્થાયીકરણ<br><br>(કાર્યભાર, રજાઓ, વ્યાવસાયિક વિકાસ માટે સહયોગ, મેન્ટરશીપ, પ્રશંસા અને પુરસ્કાર (recognition and rewards), કર્મચારીઓના પ્રતિભાવોનો આદર, ફરિયાદ નિવારણ તંત્ર | ▪ શાળા પાસે કર્મચારીઓના સ્થાયીકરણ માટે કોઇ આયોજન નથી./ સમગ્ર વર્ષ દરમિયાન શાળામાં કર્મચારીઓની અવરજવર થતી રહે છે/ પ્રતિવર્ષ શાળા છોડી જનાર કર્મચારીઓનું પ્રમાણ 25% થી વધુ છે. | ▪ શાળા પાસે કર્મચારીઓના સ્થાયીકરણ માટેનું ચોક્કસ આયોજન છે. જેમાં કાર્યભાર, રજાઓ અને વ્યાવસાયિક વિકાસ માટે સહયોગ જેવી બાબતોનો સમાવેશ થાય છે.<br>▪ શાળામાં સામાન્ય રીતે નવા સત્રની શરૂઆત પહેલાં કર્મચારીઓની અવરજવર થાય છે. | ▪ શાળા પાસે કર્મચારીઓના સ્થાયીકરણ માટેનું ચોક્કસ આયોજન છે. જેમાં કાર્યભાર, રજાઓ, વ્યાવસાયિક વિકાસ માટે સહયોગ, પ્રસંશા અને પુસ્કાર તેમજ નવા જોડાયેલ શિક્ષકો માટે મેન્ટરીંગ જેવી બાબતોનો સમાવેશ થાય છે.<br>▪ શાળામાં સામાન્ય રીતે નવા શૈક્ષણિક | ▪ શાળા પાસે કર્મચારીઓના સ્થાયીકરણ માટેનું ચોક્કસ આયોજન છે. જેમાં કાર્યભાર, રજાઓ, વ્યાવસાયિક વિકાસ માટે સહયોગ, પ્રસંશા અને પુસ્કાર, નવા જોડાયેલ શિક્ષકો માટે મેન્ટરીંગ, કર્મચારીઓ પાસેથી પ્રતિભાવો મેળવવા, કર્મચારીઓની ફરિયાદોના |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: કર્મચારીઓની નિમણૂક અને સ્થાયીકરણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | ▪ પ્રતિવર્ષ શાળા છોડી જનાર કર્મચારીઓનું પ્રમાણ 21% થી 25% છે. | વર્ષની શરૂઆત પહેલાં કર્મચારીઓની અવરજવર થાય છે.<br>▪ પ્રતિવર્ષ શાળા છોડી જનાર કર્મચારીઓનું પ્રમાણ 11% થી 20% છે. | નિવારણ માટેની અસરકારક વ્યવસ્થા જેવી બાબતોનો સમાવેશ થાય છે.<br>▪ શાળામાં સામાન્ય રીતે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત પહેલાં કર્મચારીઓની અવરજવર થાય છે.<br>▪ પ્રતિવર્ષ શાળા છોડી જનાર કર્મચારીઓનું પ્રમાણ 10% કે તેથી ઓછું છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાના પ્રત્યેક કર્મચારી/ શિક્ષકને અપાયેલ કામગીરી/ વિષય અને તેમની શૈક્ષણિક – વ્યાવસાયિક લાયકાતની વિગત | PDF |
| 2 | શાળાના કર્મચારીઓની લાયકાતમાં વૃદ્ધિ થાય તે માટે શાળાની નીતિ/ યોજનાની વિગત | PDF |
| 3 | શાળામાં જોડાયા બાદ શૈક્ષણિક – વ્યાવસાયિક લાયાકાતમાં વૃદ્ધિ થઈ હોય તેવા કર્મચારીઓની વિગત | PDF |

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 4 | શાળાના કર્મચારીઓના સેવા રેકોર્ડની જાળવણીની પદ્ધતિની વિગત | PDF |
| 5 | કર્મચારીઓને પગાર ચૂકવણી, Payroll અને ઓડિટની વિગત | PDF |
| 6 | કર્મચારીઓના સ્થાયીકરણ માટેના પ્રયાસોની વિગત, ગત શૈક્ષણિક વર્ષમાં થયેલ નવા નિમાયેલ અને શાળા છોડીને ગયેલ કર્મચારીઓની સંખ્યા | PDF |
| 7 | કર્મચારીઓને આપેલ પ્રોત્સહન - પુરસ્કાર સંબંધિત વિગત | PDF, JPEG/PNG |
| 8 | કર્મચારીઓની ફરિયાદોની નોંધ અને નિકાલ સંબંધિત વિગત | PDF |

## પેટાક્ષેત્ર: શાળાનું વિકાસલક્ષી આયોજન

સામાન્ય રીતે શાળાઓ પોતાની ભૌતિક સુવિધાઓ પરત્વે ચિંતિત હોય છે પરંતુ શાળા માટે ભૌતિક સુવિધાઓ જેટલી અગત્યની છે તેટલી જ અગત્યની બાબત શૈક્ષણિક આયોજન છે. આથી શાળાની વિકાસ યોજનામાં શૈક્ષણિક બાબતોનો સમાવેશ થતો હોય તે ખૂબ જરૂરી છે. આથી શાળાએ વિકાસ યોજના તૈયાર કરતાં પહેલા બેઝલાઇન અસેસમેન્ટ કર્યું હોય એટલે કે તેની તત્કાલીન સ્થિતિનું આકલન કરી શાળા વિકાસ યોજના માટે તેનો એક આધાર તરીકે ઉપયોગ કર્યો હોય તે જરૂરી છે. આ ઉપરાંત શાળા વિકાસ યોજનાનું અમલીકરણ યોગ્ય રીતે થાય તે જરૂરી છે. શાળા વિકાસ યોજનાના અમલીકરણથી ઉપસ્થિત થતા પડકારો તેમજ તેની ભાવિ અસરોને ધ્યાને રાખી સમયાંતરે શાળા વિકાસ યોજનાની સમીક્ષા થાય તે જરૂરી છે. ઉક્ત બાબતોની ચકાસણી કરવાનો ઉદ્દેશ આ પેટાક્ષેત્ર હેઠળ રાખવામાં આવેલ છે. આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોમાં શાળા પાસેથી નીચે મુજબની અપેક્ષાઓ છે.

- **શાળા વિકાસ યોજનાની રચના:** શાળાએ શાળા વ્યવસ્થાપન સમિતિ/ વાલીમંડળના પરામર્શનમાં શાળા વિકાસ યોજના તૈયાર કરી હોય, યોજના તૈયાર કરવાના આધારરૂપે શાળા પાસે બેઝલાઇન અસેસમેન્ટ હોય અને યોજનામાં શાળાની શૈક્ષણિક સમસ્યાઓના નિવારણ અથવા શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવી શાળા વિકાસ યોજના ઉત્તમ ગણી શકાય.

GCERT - GSQAC

- **શાળા વિકાસ યોજનાનું અમલીકરણ:** કોઇપણ યોજના કાગળ પરથી વાસ્તવિકતામાં પરિવર્તિત થાય ત્યારે જ તે યોજનાનો અર્થ સરે છે. આથી શાળાએ યોગ્ય રીતે તૈયાર કરેલ શાળા વિકાસ યોજનાનું અમલીકરણ પર અસરકારક રીતે થાય તે આવશ્યક છે. આ માટે શાળાએ SMC સાથે મળી સમયાંતરે યોજનાના અમલીકરણની સમીક્ષા કરવી જોઇએ. જેમાં યોજનાના નિર્ધારિત લક્ષ્યો સિદ્ધ કરવા કેવું કાર્ય થઇ રહ્યું છે, શૈક્ષણિક ગુણવત્તા માટે નક્કી કરાયેલ કાર્યયોજનામાં કોઇ ફેરફારની જરૂરિયાત છે કે કેમ વગેરે જેવી બાબતો પર ચિંતન થવું જોઇએ. આવી સમીક્ષાને આધારે અમલીકરણ – આયોજનમાં આવશ્યક ફેરફાર કરવા જોઇએ.
- **શાળા વિકાસ યોજનામાં ક્રમિક અને ગુણાત્મક વિકાસ:** કોઇપણ શાળાની શાળા વિકાસ યોજના વર્ષો સુધી એક સરખી ન હોઇ શકે. પ્રતિવર્ષ શાળા યોજના પ્રમાણેના લક્ષ્યો સિદ્ધ કરવા પ્રયત્નશીલ હોય છે આથી પ્રતિવર્ષ શાળાના શૈક્ષણિક લક્ષ્યાંકો અને તેના માટે જરૂરી કાર્યયોજના પણ બદલાતા રહે તે સ્વાભાવિક છે. આથી શાળા વિકાસ યોજનામાં ક્રમિક અને ગુણાત્મક સુધારણા જોવા મળે તો તેવી યોજના ઉત્તમ ગણી શકાય.

GCERT - GSQAC

<table>
<tr><th colspan="7">પેટાક્ષેત્ર: શાળાનું વિકાસલક્ષી આયોજન</th></tr>
<tr><td>GS</td><td>GIS</td><td>SFS</td><td>FS</td><td>PS</td><td>MS</td><td>SS</td></tr>
</table>

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| શાળા વિકાસ યોજનાની રચના<br><br>(બેઝલાઇન એસેસમેન્ટ, શૈક્ષણિક બાબતોનો સમાવેશ) | ▪ શાળા દ્વારા શાળા વિકાસ યોજના તૈયાર કરવામાં આવી નથી./ તૈયાર કરાયેલ વિકાસ યોજનામાં શૈક્ષણિક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. | ▪ શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા શાળા વિકાસ યોજના તૈયાર કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક બાબતો પર મર્યાદિત ધ્યાન આપવામાં આવ્યું છે. | ▪ શાળા દ્વારા SMC/ વાલીમંડળના પરામર્શનમાં શાળા વિકાસ યોજના તૈયાર કરી છે. જેમાં શૈક્ષણિક બાબતો પર મર્યાદિત ધ્યાન આપવામાં આવ્યું છે. | ▪ શાળા દ્વારા SMC/ વાલીમંડળના પરામર્શનમાં શાળા વિકાસ યોજના તૈયાર કરી છે. આ યોજનામાં શાળાની શૈક્ષણિક ગુણવત્તા અને વિકાસ પર વિશેષ |

| પેટાક્ષેત્ર: શાળાનું વિકાસલક્ષી આયોજન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | | MS / SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | ભાર મૂકવામાં આવ્યો છે. |
| શાળા વિકાસ યોજનાનું અમલીકરણ<br><br>(SMC/ વાલીમંડળ સાથે મળી સમયાંતરે સમીક્ષા, અમલીકરણ – આયોજનમાં આવશ્યક ફેરફાર) | ▪ શાળા દ્વારા શાળા વિકાસ યોજનાનું અમલીકરણ થતું નથી. / અમલીકરણની કક્ષા નબળી છે. | ▪ શાળા દ્વારા શાળા વિકાસ યોજનાના અમલીકરણની કક્ષા મધ્યમ છે. | ▪ શાળા દ્વારા શાળા વિકાસ યોજનાનું મહદ અંશે યોગ્ય રીતે અમલીકરણ થાય છે | ▪ શાળા દ્વારા શાળા વિકાસ યોજનાનું યોગ્ય રીતે અમલીકરણ થાય છે. |
| શાળા વિકાસ યોજનામાં ક્રમિક અને ગુણાત્મક વિકાસ | ▪ ગત શૈક્ષણિક વર્ષ અને પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષની શાળા વિકાસ યોજનામાં ક્રમિક અને ગુણાત્મક વિકાસ જોવા મળતો નથી. | ▪ ગત શૈક્ષણિક વર્ષ અને પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષની શાળા વિકાસ યોજના લગભગ સમાન છે. શૈક્ષણિક યોજનામાં નજીવો ક્રમિક અને ગુણાત્મક વિકાસ જોવા મળે છે. | ▪ ગત શૈક્ષણિક વર્ષની શાળા વિકાસ યોજનાની સરખામણીમાં પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષની શાળા વિકાસ યોજનામાં શૈક્ષણિક આયોજનના સંદર્ભમાં મધ્યમ પ્રમાણમાં ક્રમિક અને ગુણાત્મક વિકાસ જોવા મળે છે. | ▪ ગત શૈક્ષણિક વર્ષની શાળા વિકાસ યોજનાની સરખામણીમાં પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષની શાળા વિકાસ યોજનામાં શૈક્ષણિક આયોજનના સંદર્ભમાં સારા પ્રમાણમાં ક્રમિક અને ગુણાત્મક વિકાસ જોવા મળે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાની વિકાસ યોજનાનો દસ્તાવેજ | PDF |
| 2 | શાળા વિકાસ યોજના રચનાના ભાગરૂપે યોજાયેલ SMC/ વાલીમંડળની બેઠકોની વિગત અને કાર્યવાહી નોંધ | PDF |
| 3 | શાળા વિકાસ યોજનાના અમલીકરણ અને સમીક્ષા સંબંધિત વિગત | PDF |
| 4 | ગત અને વર્તમાન શાળા વિકાસ યોજનામાં કરાયેલ ગુણાત્મક ફેરફારની વિગત | PDF |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી

શાળા સમાજની લઘુ આવૃત્તિ અને સામાજિક દાયિત્વ છે. શાળામાં ઘડાતું બાળક સમાજના ભવિષ્યનો આધાર છે. આથી શાળા અને સમુદાય અભિન્ન છે. NEP 2020માં સૂચવ્યા અનુસાર શાળાને સામુદાયિક ચેતનાના કેન્દ્ર તરીકે ત્યારે જ કલ્પી શકાય જ્યારે શાળા અને સમુદાયની શ્રેષ્ઠ ભાગીદારી જોવા મળે. RTE 2009 બાદ શાળા અને સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરવા શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) રચવામાં આવે છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા તા. 06/05/206ના રોજ સમગ્ર દેશની શાળઓ માટે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) અંગેની માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ છે. આ માર્ગદર્શિકાના અનુસંધાને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તા. 22/06/206ના રોજ રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળની ધોરણ 12 સુધીની તમામ સરકારી, સ્થાનિક સત્તામંડળ સંચાલિત અને અનુદાનિત શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) રચવા કરવા અંગે ઠરાવ કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા થયેલ ઠરાવ અને રાષ્ટ્ર કક્ષાએથી પ્રસિદ્ધ થયેલ માર્ગદર્શિકા અનુસાર શાળામાં SMCની રચના અને તેની કામગીરી વિશે જાણવાનો આશય આ પેટાક્ષેત્ર હેઠળ રાખવામાં આવ્યો છે. SMCના સભ્યો સમાજના સીધા પ્રતિનિધિ છે છતાં શાળાના વિવિધ પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને કાર્યોમાં સમગ્ર સમાજને જોડાવાની તક રહે છે. આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડો અંતર્ગત શાળા અને સમુદાયની ભાગીદારી

જોવાનો પ્રયાસ છે. ખાનગી શાળાઓમાં SMCના પર્યાય સમાન વાલીમંડળની રચના થતી હોય છે આથી ખાનગી શાળાઓના સંદર્ભમાં SMC એટલે વાલીમંડળ એવો અર્થ કરવામાં આવ્યો છે.

- **શાળા વ્યવસ્થાપન સમિતિ/ વાલીમંડળની રચના અને પુનઃરચનાઃ** Right to Education Act – 2009 અને ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા મે 2026 માં પ્રસિદ્ધ કરાયેલ માર્ગદર્શિકામાં શાળાઓમાં શાળાના વિકાસને સુનિશ્ચિત કરવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની રચના કરવાની જણાવેલ છે. આ સમિતિનું ચોક્કસ બંધારણ છે. પ્રત્યેક શાળા માટે નિયમાનુસાર SMCની રચના અને પુનઃરચના કરવાનું ફરજિયાત છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરાયેલ માર્ગદર્શિકામાં સમિતિની રચનાની આદર્શ પ્રક્રિયા, સભ્યોની સંખ્યા અને વાલી – મહિલા સભ્યોનું પ્રમાણ તેમજ સમિતિની ફરજો અને કાર્યો વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી છે. આ માર્ગદર્શિકા અનુસાર શાળાઓમાં SMCની રચના થાય તે આવશ્યક છે.
- **શાળા વ્યવસ્થાપન સમિતિ/ વાલીમંડળની બેઠકોની નિયમિતતા અને બેઠકોમાં સભ્યોની ઉપસ્થિતિઃ** ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા મે 2026 માં પ્રસિદ્ધ કરાયેલ માર્ગદર્શિકા અનુસાર SMCની બેઠક પ્રત્યેક મહિનામાં એકવાર યોજાય તે અપેક્ષિત છે. આ સિવાય શાળાને જરૂર અનુસાર વધારાની બેઠકોનું આયોજન કરી શકે છે. શાળા દ્વારા નિયમિત બેઠકો યોજાતી હોય પણ તેમાં સભ્યોની અપેક્ષિત ઉપસ્થિતિ ન રહે તો જે હેતુથી SMC માં વિવિધ પ્રકારના સભ્યોને પ્રતિનિધિત્વ અપાયું છે તેનો અર્થ સરે નહીં. આથી, SMC બેઠકોમાં લગભગ તમામ સભ્યોની ઉપસ્થિતિ રહે તો તે ઉત્તમ સ્થિતિ ગણી શકાય.

ઉપરોકત માપદંડોની કક્ષાઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS / SS | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| SMC/ વાલીમંડળની રચના અને પુન:રચના (સભ્યોની સંખ્યા અને પ્રતિનિધિત્વના સંદર્ભમાં) | ▪ નિયમાનુસાર SMC/ વાલીમંડળની રચના – પુન:રચના કરવામાં આવતી નથી.<br>▪ (દા.ત. નિયત માળખું અનુસરવામાં આવતું નથી. – મોટાભાગના સભ્યોની પુન: નિયુક્તિ કરવામાં આવે છે.) | ▪ નિયમાનુસાર SMC/ વાલીમંડળની રચના કરવામાં આવે છે પરંતુ પુન: રચના સમયે અગાઉની સમિતિના સભ્ય શિક્ષકો – શિક્ષણવિદોનું પુનરાવર્તન કરવામાં આવે છે. | ▪ નિયમાનુસાર SMC/ વાલીમંડળની રચના કરવામાં આવે છે અને પુન: રચના સમયે સ્થાનિક કક્ષાએ અનુપલબ્ધતાના માત્ર શિક્ષણવિદોની પુન:નિયુક્તિ કરવામાં આવે છે. | ▪ નિયમાનુસાર SMC/ વાલીમંડળની રચના કરવામાં આવે છે અને પુન: રચના સમયે સભ્ય સચિવ સિવાયના તમામ નવા સભ્યો નિયુક્ત કરવામાં આવે છે. |
| SMC/ વાલીમંડળની રચના અને પુન:રચના (રચના - પુન: રચનાની પ્રક્રિયાના સંદર્ભમાં) | ▪ (પ્રથમ વાર સમિતિ/મંડળની રચનાના કિસ્સામાં) શાળા દ્વારા જાતે જ સભ્યો નક્કી કરી SMC/ વાલીમંડળની રચના કરવામાં આવે છે. | ▪ શાળા દ્વારા વાલી અને સમુદાયના પસંદગીના સભ્યોને સમિતિ/મંડળના સભ્યો બનવા આમંત્રિત કરી તેમની સંમતિથી સમિતિ/મંડળના સભ્યો તરીકે | ▪ શાળા દ્વારા તમામ વાલીઓને અને સમુદાયના સભ્યોને આમંત્રિત કરવામાં આવે છે. તેમાંથી રસ અને અનુકૂળતા ધરાવતી વ્યક્તિઓને સમિતિ/મંડળના સભ્યો તરીકે | ▪ શાળા દ્વારા વિદ્યાર્થીઓ મારફત અને જાહેર નોટિસ દ્વારા વાલી અને સમુદાયને વાલીસંમેલન માટે આમંત્રિત કરવામાં આવે છે.<br>▪ સંમેલનમાં વાલીઓ- |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | ▪ (સમિતિ/મંડળની પુન:રચનાના સંદર્ભમાં) માત્ર પ્રવર્તમાન SMC/ વાલીમંડળના અભિપ્રાયથી નવી સમિતિ/મંડળની રચના કરવામાં આવે છે. | નિયુક્ત કરવામાં આવે છે. | નિયુક્ત કરવામાં આવે છે. | સમુદાયના અભિપ્રાય અને જરૂર જણાયે ચૂંટણી દ્વારા સમિતિ/મંડળના સભ્યોની નિયુક્તિ કરવામાં આવે છે. |
| SMC/ વાલીમંડળની બેઠકોની નિયમિતતા | ▪ એક શૈક્ષણિક વર્ષમાં SMC/ વાલીમંડળની માત્ર એક જ બેઠક યોજવામાં આવે છે. | ▪ એક શૈક્ષણિક વર્ષમાં SMC/ વાલીમંડળની 8 - 9 બેઠકો યોજવામાં આવે છે. | ▪ એક શૈક્ષણિક વર્ષમાં SMC/ વાલીમંડળની 10 - 11 બેઠકો યોજવામાં આવે છે. | ▪ એક શૈક્ષણિક વર્ષમાં SMC/ વાલીમંડળની 12 કે તેથી વધુ બેઠકો યોજવામાં આવે છે. |
| SMC/ વાલીમંડળની બેઠકોમાં સભ્યોની ઉપસ્થિતિ | ▪ SMC/ વાલીમંડળની બેઠકોમાં 50% થી ઓછા સભ્યો ઉપસ્થિત રહે છે. | ▪ SMC/ વાલીમંડળની બેઠકોમાં 50% થી 70% સભ્યો ઉપસ્થિત રહે છે. | ▪ SMC/ વાલીમંડળની બેઠકોમાં 71% થી 90% સભ્યો ઉપસ્થિત રહે છે. | ▪ SMC/ વાલીમંડળની બેઠકોમાં 91% થી 100% સભ્યો ઉપસ્થિત રહે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | SMC/ વાલીમંડળની રચના અને પુનઃરચના પ્રક્રિયા સંબંધિત અહેવાલ/ દસ્તાવેજ | PDF |
| 2 | SMC/ વાલીમંડળના સભ્યોની વિગત | PDF |
| 3 | SMC/ વાલીમંડળની બેઠકોનું રજીસ્ટર | PDF |
| 4 | બેઠક કાર્યવાહી નોંધ (મિટિંગ મિનિટ્સ) બુક | PDF |
| 5 | SMC/ વાલીમંડળની ઠરાવ બુક | PDF |

## પેટાક્ષેત્ર: નાણાકીય વ્યવસ્થાપન

સરકારી અને અનુદાનિત શાળાઓને શાળા વ્યવસ્થાપન અને શાળાકીય કાર્યક્રમો માટે રાજ્ય કક્ષાએથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ઉપરાંત શાળાને આર્થિક લોકસહયોગ પણ પ્રાપ્ત થઇ શકે છે. શાળા તેને મળનાર નાણાકીય સહાયના ખર્ચ માટે ચોક્કસ રહે અને શાળાના હિતધારકો શાળા દ્વારા થયેલ નાણા વપરાશથી અવગત રહે તે સારી બાબત ગણાય. આ ઉપરાંત શાળાના નાણાકીય વ્યવસ્થાપનમાં SMC/વાલીમંડળ પણ મહત્ત્વનો ભાગ ભજવે તે અપેક્ષિત છે. આ ઉપરાંત શિક્ષણ મૂળભૂત રીતે નફાકારક વ્યવસાય નહીં પણ એક સેવા છે. આથી ખાનગી શાળાઓ પણ નાણાકીય વ્યવસ્થાપનના સંદર્ભમાં પારદર્શિતા દાખવે તે આવશ્યક છે.

આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **શાળા દ્વારા લેવાતી ફીનું માળખું અને તેમાં પારદર્શિતા:** ફી લેતી પ્રત્યેક શાળા પાસે ફીનું સુવ્યાખ્યાયિત અને પારદર્શી ફી માળખું હોવું જોઈએ. શાળાના તમામ હિતધારકો શાળાના ફી માળખાથી અવગત રહે તે માટે શાળાએ વિવિધ માધ્યમોથી તેની જાહેરત કરવી જોઇએ. પારદર્શિતાના સંદર્ભમાં શાળા રોકડમાં ફી ન સ્વીકારે અને લેવાયેલ તમામ પ્રકારની ફીની રસીદ વાલીઓને આપે તે અપેક્ષિત છે. શાળા સંપૂર્ણ ફી વર્ષની શરૂઆતમાં જ લેવાનો આગ્રહ રાખવાના

GCERT - GSQAC

બદલે વાલીઓને ફી ભરવા માટે એક કરતાં વધુ સમયગાળાના વિકલ્પ આપે તે અપેક્ષિત છે. આ ઉપરાંત શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા પહેલાં વિદ્યાર્થીને શાળા છોડવી પડે તેવા કિસ્સામાં શાળા ફી રિફંડ કરવા અંગેની પારદર્શી નીતિનો અમલ કરે તે અપેક્ષિત છે.

- **ગ્રાન્ટ ડિસ્પ્લે બૉર્ડ:** સરકારમાંથી ગ્રાન્ટ મેળવતી શાળાઓ શાળા પરિસરમાં બધા જ જોઈ શકે તેવી જગ્યાએ ગ્રાન્ટ ડિસ્પ્લે બૉર્ડ લગાવે અને તેમાં સંપૂર્ણ અને અદ્યતન માહિતી પ્રદર્શિત કરે તે આવશ્યક છે.
- **ગ્રાન્ટ વપરાશમાં SMC/ વાલીમંડળની ભૂમિકા:** શાળા વ્યવસ્થાપનમાં શાળાને પ્રાપ્ત થતી ગ્રાન્ટનો વિદ્યાર્થી અને પરિણામલક્ષી ઉપયોગ થાય તે માટે શાળાને જરૂરી સહયોગ અને માર્ગદર્શન આપવું એ SMC/ વાલીમંડળના મહત્ત્વના કાર્યોમાંનું એક છે. આથી સમિતિ/ મંડળની બેઠકોમાં આ અંગે સહિયારા નિર્ણય લેવાય અને તેનું જરૂરી મોનિટરિંગ અને રિવ્યૂ થાય તે જરૂરી છે.
- **નાણાકીય ઑડિટ રિપોર્ટ:** શાળા તેણે મેળવેલ ગ્રાન્ટ કે ફી, તેમજ અન્ય તમામ નાણાકીય આવક – ખર્ચના રેકોર્ડની જાળવણી કરે અને નિયમાનુસાર તેનું ઑડિટ કરાવે તે આવશ્યક છે. શાળાના ઑડિટ રિપોર્ટ બરાબર હોય તે આ માપદંડની ઉત્તમ કક્ષા છે.

ઉપરોક્ત માપદંડોની કક્ષાઓ અહીં દર્શાવ્યા મુજબ છે.

GCERT - GSQAC

**પેટાક્ષેત્ર: નાણાકીય વ્યવસ્થાપન**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| શાળા દ્વારા લેવાતી ફીનું માળખું અને તેમાં પારદર્શિતા | ▪ શાળા દ્વારા નિયત કારયેલ ફીનું સુવ્યાખ્યાયિત માળખું નથી. | ▪ શાળા દ્વારા નિયત કરાયેલ ફીનું સુવ્યાખ્યાયિત માળખું છે. | ▪ શાળા દ્વારા નિયત કરાયેલ ફીનું સુવ્યાખ્યાયિત માળખું છે. | ▪ શાળા દ્વારા નિયત કરાયેલ ફીનું સુવ્યાખ્યાયિત માળખું છે. |

| પેટાક્ષેત્ર: નાણાકીય વ્યવસ્થાપન | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | ▪ શાળા માટે મંજૂર કરવામાં આવેલ/શાળાએ નિયત કરેલ ફીનું માળખું નોટીસ બોર્ડ/બ્લોગ/વેબ સાઈટ/મોબાઇલ એપ્લિકેશન/ મીડિયા ચેનલ પર જાહેર કરવામાં આવતું નથી.<br>▪ શાળા નિયત કરારેલ ફી સિવાયની વધારાની ફી વસૂલે છે.<br>▪ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા પહેલાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓ માટે ફી રિફંડ અંગેના કોઇ નિયમ નથી/ નિયમનું પાલન | ▪ શાળા માટે મંજૂર કરવામાં આવેલ/શાળાએ નિયત કરેલ ફીનું માળખું નોટીસ બોર્ડ/બ્લોગ/વેબ સાઈટ/મોબાઇલ એપ્લિકેશન/ મીડિયા ચેનલ પર જાહેર કરવામાં આવે છે.<br>▪ શાળા ચેક/ ડ્રાફ્ટ / ઓનલાઇન પેમેન્ટ ઉપરાંત રોકડમાં પણ ફી એકત્રિત કરે છે.<br>▪ શાળા તેના દ્વારા એકત્ર કરાયેલ તમામ પ્રકારની ફીની રસીદ વાલીઓને આપે છે. | ▪ શાળા માટે મંજૂર કરવામાં આવેલ/શાળાએ નિયત કરેલ ફીનું માળખું નોટીસ બોર્ડ/બ્લોગ/વેબ સાઈટ/મોબાઇલ એપ્લિકેશન/ મીડિયા ચેનલ પર જાહેર કરવામાં આવે છે. શાળા ચેક/ ડ્રાફ્ટ / ઓનલાઇન પેમેન્ટ દ્વારા ફી એકત્રિત કરે છે.<br>▪ શાળા તેના દ્વારા એકત્ર કરાયેલ તમામ પ્રકારની ફીની રસીદ વાલીઓને આપે છે.<br>▪ શાળા વાલીઓને ફી ભરવા માટે | ▪ શાળા માટે મંજૂર કરવામાં આવેલ/શાળાએ નિયત કરેલ ફીનું માળખું નોટીસ બોર્ડ/બ્લોગ/વેબ સાઈટ/મોબાઇલ એપ્લિકેશન/ મીડિયા ચેનલ પર જાહેર કરવામાં આવે છે. શાળા ચેક/ ડ્રાફ્ટ / ઓનલાઇન પેમેન્ટ દ્વારા ફી એકત્રિત કરે છે.<br>▪ શાળા તેના દ્વારા એકત્ર કરાયેલ તમામ પ્રકારની ફીની રસીદ વાલીઓને આપે છે.<br>▪ શાળા વાલીઓને ફી ભરવા માટે |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: નાણાકીય વ્યવસ્થાપન | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | કરવામાં આવતું નથી. | ▪ શાળા એક સાથે વાર્ષિક ફી જ સ્વીકારે છે.<br>▪ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા પહેલાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓ માટે ફી રિફંડ કરવા અંગે શાળાના પારદર્શી નિયમો છે. આ નિયમોનું શાળા પાલન કરે છે. | અર્ધવાર્ષિક/ વાર્ષિક જેવા સમયગાળાના વિકલ્પ આપે છે.<br>▪ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા પહેલાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓ માટે ફી રિફંડ કરવા અંગે શાળાના પારદર્શી નિયમો છે. આ નિયમોનું શાળા પાલન કરે છે. | ત્રિમાસિક/ અર્ધવાર્ષિક/ વાર્ષિક જેવા સમયગાળાના વિકલ્પ આપે છે.<br>▪ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા પહેલાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓ માટે ફી રિફંડ કરવા અંગે શાળાના પારદર્શી નિયમો છે. આ નિયમોનું શાળા પાલન કરે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: નાણાકીય વ્યવસ્થાપન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS | PS / MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| ગ્રાન્ટ ડિસ્પ્લે બૉર્ડ | ▪ શાળા દ્વારા ગ્રાન્ટ ફાળવણી અને વપરાશ અંગેનું બૉર્ડ બનાવવમાં આવ્યું નથી. / બૉર્ડમાં માહિતી નોંધવામાં આવતી નથી. / બૉર્ડમાં માહિતી નોંધવામાં આવે છે પરંતુ બૉર્ડ બધા (વાલીઓ-મુલાકાતીઓ વગેરે) જોઇ શકે તેવી જગ્યાએ લગાવેલ નથી. | ▪ શાળા દ્વારા બધા જોઇ શકે તેવી જગ્યાએ બૉર્ડ લગાવેલ છે પરંતુ તેમાં અધુરી નોંધ કરવામાં આવે છે. | ▪ શાળા દ્વારા બધા જોઇ શકે તેવી જગ્યાએ બૉર્ડ લગાવેલ છે.<br>▪ તેમાં સંપૂર્ણ નોંધ કરવામાં આવે છે પરંતુ માહિતી નિયમિત રીતે અદ્યતન કરવામાં આવતી નથી. | ▪ શાળા દ્વારા બધા જોઇ શકે તેવી જગ્યાએ બૉર્ડ લગાવેલ છે.<br>▪ તેમાં નિયમિત રીતે સંપૂર્ણ અને અદ્યતન માહિતીની નોંધ કરવામાં આવે છે. |
| ગ્રાન્ટ વપરાશમાં SMC/ વાલીમંડળની ભૂમિકા | ▪ શાળા દ્વારા ગ્રાન્ટ વપરાશની બાબતમાં SMC/ વાલીમંડળને સાથે રાખી નિર્ણય લેવામાં આવતા નતી. | ▪ શાળા દ્વારા ગ્રાન્ટ વપરાશની બાબતમાં સમિતિના અધ્યક્ષની સંમતિ લેવામાં આવે છે. | ▪ શાળા દ્વારા ગ્રાન્ટ વપરાશના સંદર્ભમાં અધ્યક્ષ તેમજ સમિતિના સભ્યોની સંમતિ લેવામાં આવે છે. | ▪ શાળા દ્વારા ગ્રાન્ટ વપરાશની બાબતમાં સમિતિના અધ્યક્ષ અને સભ્યોની સંમતિ લેવામાં આવે છે. સમિતિ દ્વારા થયેલ ખર્ચ અને કામની સમીક્ષા કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: નાણાકીય વ્યવસ્થાપન | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| નાણાકીય ઑડિટ રિપોર્ટ | ▪ શાળા પાસે શાળાએ યોગ્ય રીતે ગત વર્ષની નાણાકીય રેકર્ડ્સ જાળવ્યા નથી/ ગત વર્ષનો ઑડિટ રિપોર્ટ ઉપલબ્ધ નથી. | ▪ શાળાએ ગત વર્ષના ઑડિટ રિપોર્ટ સહિતના તમામ નાણાકીય રેકર્ડ્સ યોગ્ય રીતે જાળવ્યા છે પરંતુ શાળાએ ઑડિટમાં મળેલ સૂચનો અનુસાર જરૂરી પૂર્તિ કરેલ નથી. | ▪ શાળાએ ગત વર્ષના ઑડિટ રિપોર્ટ સહિતના તમામ નાણાકીય રેકર્ડ્સ યોગ્ય રીતે જાળવ્યા છે.<br>▪ શાળાને ઑડિટમાં મળેલ સૂચનો અનુસાર જરૂરી પૂર્તિ કરેલ છે. | ▪ શાળાએ ગત વર્ષના તમામ નાણાકીય રેકર્ડ્સ યોગ્ય રીતે જાળવ્યા છે.<br>▪ શાળાનો ઑડિટ રિપોર્ટ બરાબર છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળા દ્વારા લેવાતી ફીનું માળખું અને વાલી – સમુદાયમાં તેની પારદર્શી જાણ અંગેનો આધાર | PDF, JPEG/PNG |
| 2 | ગ્રાન્ટ ડિસ્પ્લે બોર્ડ – ફોટોગ્રાફ | JPEG/PNG |
| 3 | SMC/ વાલીમંડળની બેઠકોનું રજીસ્ટર, મિટિંગ મિનિટ્સ બુક, ઠરાવ બુક (મુખ્ય પાનું અને સંબંધિત પાનાં) | PDF |
| 4 | ઑડિટ સર્ટિફિકેટ (ગત નાણાકીય વર્ષ) | PDF |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: હાજરી અને સ્થાયીકરણના પ્રયાસ

શાળામાં વિદ્યાર્થીઓની હાજરી શાળામાં તેમને મળતા અધ્યયન અનુભવોની સાતત્યતા અને પરિણામે તેમની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિને સીધી અસર કરે છે. આથી શાળા તેના વિદ્યાર્થીઓની નિયમિત હાજરી માટે સજાગ અને પ્રયત્નશીલ હોય તે જરૂરી છે. આ માટે શાળાને સમગ્ર શિક્ષા દ્વારા ઉપલબ્ધ ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS) અને તેમાં શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓ (At Risk Students)ની આગોતરી જાણ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. શાળા આ વ્યવસ્થાનો સજાગ રીતે ઉપયોગ કરે અને તેના આધારે શાળામાં વિદ્યાર્થીઓના સ્થાયીકરણને સુનિશ્ચિત કરે તે ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓની હાજરી અને સ્થાયીકરણમાં શાળા સમુદાયને જોડી શકે અને તેમની સાથે મળીને વાલી સંપર્ક કરે, વિદ્યાર્થીઓ – વાલીઓને માર્ગદર્શન આપે, સહયોગ કરે અને વિદ્યાર્થીઓની નિયમિતતા માટે જરૂરી અનુકાર્ય કરે તો તે ઉત્તમ ગણી શકાય.

આનાથી વિરુદ્ધ કિસ્સામાં એવું બની શકે કે શાળાએ એવું સુંદર વાતાવરણ ઊભું કર્યું હોય કે તેમાં વિદ્યાર્થીની નિયમિતતા સંદર્ભે કોઇ પ્રશ્નો જ ન હોય. શાળાના લગભગ તમામ બાળકો સમગ્ર વર્ષ દરમિયાન નિયમિત રીતે શાળામાં આવતા હોય. શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ શૂન્ય કે નહીંવત હોય, શાળા માટે CTSમાં શાળા છોડવાની શકયતા ધરાવતા બાળકો આવતા જ ન હોય તો સંબંધિત માપદંડમાં શાળા ઉત્તમ કક્ષામાં છે એવું કહેવાય. જે શાળાઓને સમગ્ર શિક્ષાની CTS સુવિધા ઉપલબ્ધ નથી તેવી શાળાઓએ પોતાની રીતે વિદ્યાર્થીઓની હાજરી અને સ્થાયીકરણ માટે કરે પ્રયાસો ધ્યાને લેવા.

**નોંધ: આ માપદંડ હેઠળ શાળાની સરેરાશ હાજરીની વિગતો રાજ્ય કક્ષાએથી વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવામાં આવશે.**

GCERT - GSQAC

**પેટાક્ષેત્ર: હાજરી અને સ્થાયીકરણના પ્રયાસ**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| શાળાની સરેરાશ હાજરી | ▪ ગત સત્રમાં શાળાની સરેરાશ હાજરીનું પ્રમાણ 50% કે તેથી ઓછું છે. | ▪ ગત સત્રમાં શાળાની સરેરાશ હાજરીનું પ્રમાણ 51% થી 65% છે. | ▪ ગત સત્રમાં શાળાની સરેરાશ હાજરીનું પ્રમાણ 66% થી 80% છે. | ▪ ગત સત્રમાં શાળાની સરેરાશ હાજરીનું પ્રમાણ 80% કે તેથી વધુ છે. |
| જિલ્લાની સરેરાશ હાજરીની સાપેક્ષે શાળાની સરેરાશ હાજરી | ▪ શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતા 5% થી વધુ ઓછી છે | ▪ શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતા 5% સુધી ઓછી છે. | ▪ શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી જેટલી કે 5% સુધી વધુ છે. | ▪ શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતાં 5% થી વધુ છે. |

## પેટાક્ષેત્ર: શાળા સલામતી

શિક્ષણની પ્રક્રિયામાં અધ્યયન-અધ્યાપનની ગુણવત્તા ઉપરાંત વિદ્યાર્થીઓ-શિક્ષકોની સલામતી એ ખૂબ જ અગત્યની બાબત છે. Right to Education અંતર્ગત શાળામાં સલામતીના ધોરણો નિયત કરવામાં આવેલ છે. તે ઉપરાંત સમયાંતરે કે આવશ્યકતા અનુસાર સરકારશ્રી દ્વારા સલામતી સંદર્ભે ધારાધોરણો અને નિયમો અદ્યતન થતા રહેતાં હોય છે. તે મુજબ શાળાનું પરિસર સલામતીના ધોરણોને અનુરૂપ હોય તે અત્યંત આવશ્યક છે. શાળાના મકાન અને મેદાનની સલામતીની સાથોસાથ શિક્ષક-વિદ્યાર્થીઓ સલામતીના ધોરણોથી વાકેફ હોય તેમજ આપાતકાલિન સ્થિતિમાં કેવી રીતે સલામત રહેવું કે બચાવ કરવો તેનાથી અવગત હોય તે જરૂરી છે. આ પેટાક્ષેત્રમાં શાળાની સલામતીના સંદર્ભમાં શાળાની સ્થિતિ, ઉપલબ્ધ વ્યવસ્થાઓ અને સલામતી સંદર્ભે શાળાની તૈયારી ચકાસવાનો આશય રહેલો છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| શાળાના ઓરડા અને મકાન | ▪ શાળાના ઓરડા – મકાનની માળખાકીય સ્થિતિ ભયજનક છે. (દિવાલો, છત, ભોંયતળિયું, દરવાજા, બારીઓ, ઓરડામાંનું ફર્નિચર વગેરેની સ્થિતિ) | ▪ શાળાની માળખાકીય સ્થિતિ ભયજનક નથી પરંતુ શાળામાં સમારકામની જરૂર છે.<br>▪ (દા.ત. અમુક ટાઇલ્સ ખૂલી જવી, અમુક ફર્નિચર સારી સ્થિતિમાં ન હોવું વગેરે) | ▪ શાળાની સ્થિતિ સારી છે પરંતુ સાધારણ સમારકામની સમારકામની જરૂર છે.<br>▪ (દા.ત. કલરની પોપડીઓ ઉખડવી, અમુક ટાઇલ્સ બોદી હોવી વગેરે) | ▪ શાળાની સ્થતિ ખૂબ સારી છે. સારી સ્થિતિ જળવાઇ રહે તે માટે શાળા મકાનનો જરૂરી રખરખાવ કરે છે. |
| કમ્પાઉન્ડ વોલ | ▪ શાળાને કમ્પાઉન્ડ વોલ નથી. | ▪ શાળાને ફરતે વાડ કરવામાં આવી છે / કાચી દિવાલ છે. | ▪ શાળાને પાકી કમ્પાઉન્ડ વોલ છે પણ તેના અમુક ભાગમાં થોડા સમારકામની જરૂર છે. (દા.ત. કલરની પોપડીઓ ઉખડવી, જોખમી ન હોય તેવી સાધારણ તિરાડ, એકાદ – બે ઇંટ નીકળી જતાં ત્યાં છિદ્ર બનવું વગેરે) | ▪ શાળાને પાકી કમ્પાઉન્ડ વોલ છે અને તેની સ્થિતિ સારી છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| પાણીની ટાંકી | ▪ શાળાની પાણીની ટાંકી ભયજનક સ્થિતિમાં છે. (ટાંકીમાં તિરાડો પડી હોય, ટાંકીમાંથી પાણી ગળતું હોય, ઢાંકણ ન હોય વગેરે) | ▪ પાણીની ટાંકી સારી સ્થિતિમાં છે પણ પાઇપિંગમાં સમારકામની જરૂર છે. | ▪ પાણીની ટાંકી સારી સ્થિતિમાં છે પણ ઢાંકણ થોડું ઢીલું છે આથી તેના સમારકામની જરૂર છે. | ▪ પાણીની ટાંકી અને પાઇપિંગ સારી સ્થિતિમાં છે તેમાં નુકસાન નથી કે તેની કોઇ સમારકામની જરૂર નથી. |
| ફાયર સેફ્ટી | ▪ શાળામાં ફાયર સેફ્ટી સાધનો ઉપલબ્ધ નથી/ વપરાશયોગ્ય નથી/ ફાયર સેફ્ટી સંબંધિત જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ નથી./ વર્ષમાં એક વાર મોકડ્રિલ કરવામાં આવતી નથી. | ▪ શાળામાં ફાયર સેફ્ટીના સાધનો, જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ છે.<br>▪ શિક્ષકોને ફાયર સેફ્ટીના સાધનોના ઉપયોગ અંગેની સમજ છે પણ મોકડ્રિલ કરવામાં આવતી નથી. | ▪ શાળામાં ફાયર સેફ્ટીના સાધનો અને જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ છે.<br>▪ વર્ષમાં એક વાર મોકડ્રિલ કરવામાં આવે છે.<br>▪ શાળાના શિક્ષકોને ફાયર સેફ્ટીના સાધનોના ઉપયોગ અંગેની સમજ છે પણ વિદ્યાર્થીઓને આવી સમજ નથી. | ▪ શાળામાં ફાયરી સેફ્ટીના સાધનો અને જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ છે.<br>▪ વર્ષમાં એક વાર મોકડ્રિલ કરવામાં આવે છે.<br>▪ શિક્ષકો અને વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટીના સાધનોના ઉપયોગ અંગેની સમજ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS / PS / MS / SS | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા | ▪ શાળામાં પ્રાથમિક સારવાર પેટી ઉપલબ્ધ નથી./ વિદ્યાર્થીઓને શાળામાં ઉપલબ્ધ પ્રાથમિક સારવાર પેટી વિશે જાણકારી નથી. / આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ-શાળાના કર્મચારીઓ માટે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવા અંગે શાળાએ કોઇ વ્યવસ્થા કરી નથી. | ▪ શાળામાં પ્રાથમિક સારવાર પેટી ઉપલબ્ધ છે.<br>▪ વિદ્યાર્થીઓને તેના વિશે જાણકારી છે પરંતુ પેટીમાં પર્યાપ્ત માત્રામાં જરૂરી સાધન – સામગ્રી નથી.<br>▪ આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ-શાળાના કર્મચારીઓ માટે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવા અંગે શાળાએ પરિસરમાં આપાતકાલીન સંપર્ક નંબર પ્રદર્શિત કર્યા છે.<br>▪ શાળાના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને આપાતકાલીન સંપર્કો વિશે જાણકારી છે. | ▪ શાળામાં પ્રાથમિક સરવારની પેટી ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને તેના વિશે જાણકારી છે.<br>▪ પેટીમાં જરૂરી સાધન સામગ્રી પર્યાપ્ત માત્રામાં હોય છે. સમયાંતરે તેમાં સાધન-સામગ્રી ઉમેરવામાં /બદલવામાં આવે છે.<br>▪ પ્રાથમિક સારવારની પેટીનો ઉપયોગ માત્ર શિક્ષકો દ્વારા જ થાય છે.<br>▪ આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ-શાળાના કર્મચારીઓ માટે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવા અંગે શાળાએ પરિસરમાં | ▪ શાળામાં પ્રાથમિક સરવારની પેટી ઉપલબ્ધ છે.<br>▪ વિદ્યાર્થીઓને તેના વિશે જાણકારી છે.<br>▪ પેટીમાં જરૂરી સાધન સામગ્રી પર્યાપ્ત માત્રામાં હોય છે. સમયાંતરે તેમાં સાધન-સામગ્રી ઉમેરવામાં /બદલવામાં આવે છે.<br>▪ શિક્ષકો ઉપારાંત શાળાના સૌથી ઉપરના ધોરણો (ધોરણ 7 થી 12 પૈકી જે ઉપલબ્ધ હોય તે)ના વિદ્યાર્થીઓ પ્રાથમિક સારવારની પેટીનો ઉપયોગ કરી શકે છે.<br>▪ આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ- |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | આપાતકાલીન સંપર્ક નંબર પ્રદર્શિત કર્યા છે. શાળાના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને આપાતકાલીન સંપર્કો વિશે જાણકારી છે.<br>■ આપાતકાલીન તબીબી સેવા ઉપલબ્ધ થઇ શકે તે માટે શાળાએ આસપાસના દવાખાના/ હોસ્પિટલ સાથે સંલકન કરેલ છે. | શાળાના કર્મચારીઓ માટે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવા અંગે શાળાએ પરિસરમાં આપાતકાલીન સંપર્ક નંબર પ્રદર્શિત કર્યા છે.<br>■ શાળાના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને આપાતકાલીન સંપર્કો વિશે જાણકારી છે.<br>■ આપાતકાલીન તબીબી સેવા ઉપલબ્ધ થઇ શકે તે માટે શાળાએ આસપાસના દવાખાના/ હોસ્પિટલ સાથે સંલકન કરેલ છે.<br>■ શાળામાં પ્રાથમિક સારવાર માટે અલાયદા કક્ષની સુવિધા ઉપલબ્ધ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| વીજળીકરણ અને વીજઉપકરણો<br><br>(યોગ્ય વાયરિંગ, અર્થિંગ, MCB, સલામત ઉપકરણો અને જોખમી વિસ્તાર સંદર્ભે ચેતવણી, ફેન્સિંગ, પ્રવેશ પ્રતિબંધ, તાત્કાલિક સમારકામ) | ▪ શાળામાં વીજળીકરણ અને વીજઉપકરણોની સ્થિતિના સંદર્ભમાં સલામત નથી.<br>▪ (વાયર્સ ખુલ્લા હોય / ઉપકરણો જોખમી સ્થિતિમાં હોય / MCBનો ઉપયોગ ન થયો હોય / સમારકામમાં હંમેશાં વિલંબ થતો હોય) | ▪ શાળામાં યોગ્ય વાયરિંગ –અર્થિંગ કરવામાં આવ્યું છે. મોટાભાગના વીજઉપકરણો સલામત છે.<br>▪ શાળામાં વિદ્યુતના સંદર્ભમાં કોઇ જોખમી વિસ્તાર નથી / જોખમી વિસ્તારના સંદર્ભમાં યોગ્ય ચેતવણી અને ફેન્સિંગ/ પ્રવેશ પ્રતિબંધ છે.<br>▪ વીજળીકરણ અને વીજઉપકરણોના સંદર્ભમાં જરૂરિયાત ઉભી થતાં તાત્કાલિક સમારકામમાં ક્યારેક વિલંબ થાય છે. | ▪ શાળામાં યોગ્ય વાયરિંગ –અર્થિંગ કરવામાં આવ્યું છે.<br>▪ વીજઉપકરણો સલામત છે. શાળામાં વિદ્યુતના સંદર્ભમાં કોઇ જોખમી વિસ્તાર નથી / જોખમી વિસ્તારના સંદર્ભમાં યોગ્ય ચેતવણી અને ફેન્સિંગ/ પ્રવેશ પ્રતિબંધ છે.<br>▪ વીજળીકરણ અને વીજઉપકરણોના સંદર્ભમાં જરૂરિયાત ઉભી થતાં તાત્કાલિક સમારકામમાં ક્યારેક વિલંબ થાય છે. | ▪ શાળામાં યોગ્ય વાયરિંગ કરવામાં આવ્યું છે.<br>▪ વીજઉપકરણો સલામત છે.<br>▪ શાળામાં વિદ્યુતના સંદર્ભમાં કોઇ જોખમી વિસ્તાર નથી. જોખમી વિસ્તારના સંદર્ભમાં યોગ્ય ચેતવણી અને ફેન્સિંગ/ પ્રવેશ પ્રતિબંધ છે.<br>▪ વીજળીકરણ અને વીજઉપકરણોના સંદર્ભમાં જરૂરિયાત ઉભી થતાં તાત્કાલિક સમારકામ કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| **માપદંડ** | **કક્ષા 0** | **કક્ષા 1** | **કક્ષા 2** | **કક્ષા 3** |
| વિજ્ઞાન પ્રયોગશાળા (પ્રવેશ/ નિર્ગમન, બળતણ ગેસ વ્યવસ્થા, વીજળીથી ચાલતા ઉપકરણોની સ્થિતિ, જોખમી પદાર્થો અને દ્રાવણોનું સ્થાન અને ઉપયોગ અંગેની માર્ગદર્શિકાનું પાલન, પર્યાપ્ત હવા-ઉજાસ, પ્રાયોગિક કાર્ય વખતે રખાતી સાવધાનીના સંદર્ભમાં) | ▪ વિજ્ઞાન પ્રયોગશાળા/ પ્રયોગશાળામાંની વ્યવસ્થા ભયજનક છે. | ▪ વિજ્ઞાન પ્રયોગશાળા – પ્રયોગશાળામાંની વ્યવસ્થા સલામતીની દૃષ્ટિએ યોગ્ય છે.<br>▪ પ્રાયોગિક કાર્ય વખતે ઉપકરણો – પદાર્થોના ઉપયોગ સમયે રાખવાની સાવધાની સંદર્ભે શિક્ષક – વિદ્યાર્થીઓ ઓછા સભાન જોવા મળે છે. | ▪ વિજ્ઞાન પ્રયોગશાળા – પ્રયોગશાળામાંની વ્યવસ્થા સલામતીની દૃષ્ટિએ યોગ્ય છે.<br>▪ પ્રાયોગિક કાર્ય વખતે ઉપકરણો – પદાર્થોના ઉપયોગ સમયે રાખવાની સાવધાની સંદર્ભે શિક્ષક અને મોટાભાગના વિદ્યાર્થીઓ સભાન જોવા મળે છે. | ▪ વિજ્ઞાન પ્રયોગશાળા – પ્રયોગશાળામાંની વ્યવસ્થા સલામતીની દૃષ્ટિએ યોગ્ય છે.<br>▪ પ્રાયોગિક કાર્ય વખતે ઉપકરણો – પદાર્થોના ઉપયોગ સમયે રાખવાની સાવધાની સંદર્ભે શિક્ષક અને તમામ વિદ્યાર્થીઓ સભાન જોવા મળે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| કન્યાઓ માટેના કક્ષની વ્યવસ્થા<br><br>(અલાયદા ખંડની વ્યવસ્થા, ખંડના સ્થાન અને તેમાં બેસવા – આરામ માટેની સુવિધા, ડ્રેસિંગ ટેબલ/ અરીસો, વોશબેસિન, વોશરૂમ વગેરેની પર્યાપ્ત સુવિધાના સંદર્ભમાં) | ▪ શાળામાં કન્યાઓ માટે અલાયદા કક્ષની વ્યવસ્થા નથી. | ▪ શાળામાં કન્યાઓ માટે અલાયદા ખંડની વ્યવસ્થા છે પરંતુ તેનું સ્થાન યોગ્ય નથી/ તેમાં પર્યાપ્ત સુવિધા નથી. | ▪ શાળામાં કન્યાઓ માટે અલાયદા ખંડની વ્યવસ્થા છે. તેનું સ્થાન યોગ્ય છે.<br>▪ તેમાં મોટાભાગની આવશ્યક સુવિધા ઉપલબ્ધ છે. | ▪ શાળામાં કન્યાઓ માટે અલાયદા ખંડની વ્યવસ્થા છે. તેનું સ્થાન યોગ્ય છે.<br>▪ તેમાં પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| ટ્રાન્સપોર્ટેશનની સુવિધા (લાગુ પડતું હોય ત્યાં) | ▪ શાળા દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું પાલન થતું નથી. | ▪ શાળા દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું | ▪ શાળા દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું | ▪ શાળા દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું |

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | સંપૂર્ણ પાલન થાય છે.<br>▪ શાળા દ્વારા પ્રત્યેક વર્ષની શરુઆતમાં આ બાબતે ચકાસણી થાય છે.<br>▪ ટ્રાન્સ્પોર્ટેશનના સંદર્ભમાં વાલીઓ – શાળા વિકાસ સમિતિ અને સંબંધિત ઉપરી અધિકારીઓ – કચેરી સાથે યોગ્ય સંકલન રાખવામાં આવે છે. | સંપૂર્ણ પાલન થાય છે.<br>▪ શાળા દ્વારા પ્રત્યેક સત્રની શરુઆતમાં આ બાબતે ચકાસણી થાય છે.<br>▪ ટ્રાન્સ્પોર્ટેશનના સંદર્ભમાં વાલીઓ – શાળા વિકાસ સમિતિ અને સંબંધિત ઉપરી અધિકારીઓ – કચેરી સાથે યોગ્ય સંકલન રાખવામાં આવે છે. | સંપૂર્ણ પાલન થાય છે.<br>▪ શાળા દ્વારા સમયાંતરે આ બાબતે ચકાસણી થાય છે.<br>▪ ટ્રાન્સ્પોર્ટેશનના સંદર્ભમાં વાલીઓ – શાળા વિકાસ સમિતિ અને સંબંધિત ઉપરી અધિકારીઓ – કચેરી સાથે યોગ્ય સંકલન રાખવામાં આવે છે. |
| CCTV કેમેરાની સુવિધા (લાગુ પડતું હોય ત્યાં) | ▪ શાળામાં ઉપલબ્ધ CCTV કેમેરા કાર્યરત નથી/ મોટાભાગના કાર્યરત નથી. | ▪ શાળામાં ઉપલબ્ધ મોટાભાગના CCTV કેમેરા કાર્યરત છે.<br>▪ શાળા સલામતીની દ્રષ્ટિએ આવશ્યક મુખ્ય વિસ્તારને સારી રીતે આવરી લે છે. | ▪ શાળામાં ઉપલબ્ધ તમામ CCTV કેમેરા કાર્યરત છે.<br>▪ શાળા સલામતીની દ્રષ્ટિએ આવશ્યક મોટાભાગના વિસ્તારને સારી રીતે આવરી લે છે. | ▪ શાળામાં ઉપલબ્ધ તમામ CCTV કેમેરા કાર્યરત છે.<br>▪ શાળા સલામતીની દ્રષ્ટિએ આવશ્યક તમામ વિસ્તારને સારી રીતે આવરી લે છે.<br>▪ શાળા પાસે CCTV સિસ્ટમની |

GCERT - GSQAC

| પેટાક્ષેત્રઃ સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | ▪ શાળા પાસે CCTV સિસ્ટમની મર્યાદા અનુસાર મળવાપાત્ર રેકોર્ડિંગ ઉપલબ્ધ હોય છે. | ▪ શાળા પાસે CCTV સિસ્ટમની મર્યાદા અનુસાર મળવાપાત્ર રેકોર્ડિંગ ઉપલબ્ધ હોય છે. | મર્યાદા અનુસાર મળવાપાત્ર રેકોર્ડિંગ ઉપલબ્ધ હોય છે. |
| વિશેષ રોગ ધરાવતા વિદ્યાર્થીઓની વિગતવાર માહિતી (લાગુ પડતું હોય ત્યાં) | ▪ શાળામાં આવા વિદ્યાર્થીઓ વિશે માહિતી ઉપલબ્ધ નથી, | ▪ જે વર્ગમાં આવા વિદ્યાર્થીઓ છે તે વર્ગના વર્ગ શિક્ષકને તેના વિશે ખ્યાલ છે.<br>▪ તેની સાથે કેવી રીતે કામ કરવું – શી સાવચેતી રાખવી વગેરે બાબતોથી અવગત છે.<br>▪ આચાર્ય – વર્ગ શિક્ષક પાસે તાત્કાલિક પગલાં લેવા જરૂરી સંપર્કોની માહિતી ઉપલબ્ધ છે. | ▪ જે વર્ગમાં આવા વિદ્યાર્થીઓ છે તે વર્ગના વર્ગ શિક્ષક અને સહપાઠીઓને તેના વિશે ખ્યાલ છે.<br>▪ તેઓ તેની સાથે કેવી રીતે કામ કરવું – શી સાવચેતી રાખવી વગેરે બાબતોથી અવગત છે.<br>▪ આચાર્ય – શિક્ષકો પાસે તાત્કાલિક પગલાં લેવા જરૂરી સંપર્કોની માહિતી ઉપલબ્ધ છે. | ▪ શાળાના તમામ શિક્ષકો, આવા વિદ્યાર્થીઓના સહપાઠીઓ, તેમની સાથે વધુ સમય પસાર કરતા અન્ય વિદ્યાર્થીઓ (મિત્રો, એક વિસ્તારના વિદ્યાર્થીઓ)ને તેમની સાથે કેવી રીતે કામ કરવું – શી સાવચેતી રાખવી વગેરે બાબતોથી અવગત છે.<br>▪ આચાર્ય – શિક્ષકો પાસે તાત્કાલિક પગલાં લેવા |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | જરૂરી સંપર્કોની માહિતી ઉપલબ્ધ છે. |
| આપત્તિ વ્યવસ્થાપન પ્લાન | ▪ શાળામાં આપત્તિ વ્યવસ્થાપન પ્લાન ઉપલબ્ધ નથી. / શાળામાં ઉપલબ્ધ આપત્તિ વ્યવસ્થાપન પ્લાન માત્રની જાણકારી માત્ર આચાર્ય – શિક્ષકોને છે. | ▪ શાળામાં આપત્તિ વ્યવસ્થાપન પ્લાન ઉપલબ્ધ છે. શાળાના પરિસરમાં તે સ્પષ્ટપણે જોઇ શકાય તે રીતે લગાડવામાં આવ્યો છે.<br>▪ શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેનાથી અવગત છે. | ▪ શાળામાં આપત્તિ વ્યવસ્થાપન પ્લાન ઉપલબ્ધ છે. આ પ્લાન ઉપરાંત આપત્તિ સમયે લેવાના પગલાં અને જરૂરી સંજ્ઞાઓ શાળાના પરિસરમાં તે સ્પષ્ટપણે જોઇ શકાય તે રીતે લગાડવામાં આવ્યા છે.<br>▪ શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેનાથી અવગત છે. | ▪ શાળામાં આપત્તિ વ્યવસ્થાપન પ્લાન ઉપલબ્ધ છે. આ પ્લાન ઉપરાંત આપત્તિ સમયે લેવાના પગલાં અને જરૂરી સંજ્ઞાઓ શાળાના પરિસરમાં તે સ્પષ્ટપણે જોઇ શકાય તે રીતે લગાડવામાં આવ્યા છે.<br>▪ શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેનાથી અવગત છે.<br>▪ આપત્તિ વ્યાવસ્થાપન પ્લાનની સમજ માટે શાળામાં વર્ષમાં ઓછામાં |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | | ઓછી એક વાર મોકડ્રિલ કરવામાં આવે છે. |
| આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શિક્ષક સજ્જતા | ▪ શાળાના 50% કે તેથી ઓછા શિક્ષકોએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. | ▪ શાળાના 51% થી 70% શિક્ષકોએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. | ▪ શાળાના 71% થી 90% શિક્ષકોએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. | ▪ શાળાના 91% થી 100% શિક્ષકોએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. |
| સરકારશ્રી દ્વારા આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ/SOPનું પાલન<br><br>(જ્યારે લાગુ પડતું હોય તેવી સ્થિતિમાં દા.ત. COVID -19, પ્રવાસ આયોજન વગેરે) | ▪ શાળા દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે શિક્ષકો- વિદ્યાર્થીઓ - વાલીઓને જાગૃત કરાતા નથી. સૂચનાઓ/SOPનું પાલન થતું નથી. | ▪ શાળા દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે શિક્ષકો- વિદ્યાર્થીઓ ને જાગૃત કરવામાં આવે છે.<br>▪ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા આવી સૂચનાઓ/SOPનું મહદઅંશે પાલન કરવા – કરાવવામાં આવે છે. | ▪ શાળા દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે શિક્ષકો- વિદ્યાર્થીઓ - વાલીઓને જાગૃત કરવામાં આવે છે.<br>▪ શાળા સંબંધિત તમામ લોકો દ્વારા આવી સૂચનાઓ/SOPનું મહદઅંશે પાલન કરવા – કરાવવામાં આવે છે. | ▪ શાળા દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે શિક્ષકો- વિદ્યાર્થીઓ - વાલીઓને જાગૃત કરવામાં આવે છે.<br>▪ શાળા સંબંધિત તમામ લોકો દ્વારા આવી સૂચનાઓ/SOPનું ચુસ્ત રીતે પાલન કરવા – કરાવવામાં આવે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાના ઓરડા, મકાન, કમ્પાઉન્ડ વોલ અને પાણીની ટાંકીની સ્થિતિ દર્શાવતા ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 2 | ફાયર સેફટીનું પ્રમાણપત્ર | PDF |
| 3 | ફાયર સેફટીના સાધનો (જે સ્થાન પર રાખવામાં આવ્યાં હોય તે સ્થાન સહિતના) ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 4 | મોકડ્રીલ પ્રવૃત્તિનો ફોટોગ્રાફ્સ સહિતનો અહેવાલ | PDF |
| 5 | પ્રાથમિક સારવાર પેટી (સાધનો દેખાય તે રીતે)નો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 6 | આપાતકાલીન તબીબી સેવાઓ મેળવવા માટેના સંપર્કોની વિગત પ્રદર્શિત કરાયેલ હોય તે સ્થાનના ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 7 | વીજળીકરણ અને વીજઉપકરણોની સ્થિતિ દર્શાવતા ફોટોગ્રાફ્સ (વર્ગખંડો અને ઓરડાના) | JPEG/PNG |
| 8 | સલામાતીની દષ્ટિએ પ્રયોગશાળાની સંપૂર્ણ વ્યવસ્થા જોઇ શકાય તેવો ફોટોગ્રાદ | JPEG/PNG |
| 9 | કન્યાઓ માટેની અલાયદા કક્ષની સંપૂર્ણ સુવિધાનો ખ્યાલ આવે તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 10 | ટ્રાન્સપોર્ટેશન સુવિધા સંબંધિત વિગત | PDF |
| 11 | CCTV કેમેરાની વ્યવસ્થાની વિગત (કુલ અને કાર્યરત કેમેરાની સંખ્યા, તેમના સ્થાન અને વ્યાપ (coverage)ની વિગત અને નમૂનાના ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 12 | શાળા પરિસરમાં પ્રદર્શિત કરેલ આપત્તિ વ્યવસ્થાપન પ્લાન દર્શાવતો ફોટોગ્રાફ | JPEG/PNG |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ

શિક્ષણ એક માનવીય પ્રક્રિયા છે. શિક્ષણની ગુણવત્તા નિર્ધારિત કરવામાં તેને સંબંધિત બધા જ હિતધારકોની ભૂમિકા અને પ્રતિભાવ મહત્ત્વના છે. આથી, શાળા શિક્ષણ સંબંધિત તમામ હિતધારકોના શાળા પ્રણાલી અંગે પ્રતિભાવો એકત્રિત કરવાનું કોઈ સુયોજિત માળખું હોય અને હિતધારકોના સંતોષની શાળા દરકાર કરતી હોય તે ખૂબ મહત્ત્વની બાબત છે. શાળા કક્ષાએ આવી પ્રણાલીથી શાળા વહીવટીતંત્રને અભ્યાસક્રમ, શીખવવાની પદ્ધતિ અને સુવિધાઓને વધુ બહેતર

બનાવવામાં મદદ મળે છે. જ્યારે સામા પક્ષે તે પ્રત્યેક હિતધારકને જવાબદાર બનાવે છે. પરિણામે શિક્ષણ વ્યવસ્થા વધુ પારદર્શી બને છે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળામાં હકારાત્મક શૈક્ષણિક વાતાવરણ ઊભું થાય છે.

સામાન્ય રીતે શાળાના હિતધારકો એટલે વિદ્યાર્થીઓ અને વાલીઓ એવી મર્યાદિત વ્યાખ્યા થતી હોય છે પરંતુ સ્કૂલ એક્રેડિટેશનના સંદર્ભમાં શાળાના હિતધારકોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની સાથે સમુદાય, શાળાના શિક્ષકો અને અન્ય કર્મચારીઓ, આચાર્ય અને સંચાલક મંડળનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

**પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓનો સંતોષ | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વિદ્યાર્થીઓના સંતોષની જાણકારી માટે શાળામાં કોઇ વ્યવસ્થા કે આયોજન નથી. | ▪ શાળા પાસે તેના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વિદ્યાર્થીઓના સંતોષની જાણકારી અનૌચારિક રીતે મેળવે છે.<br>▪ વિદ્યાર્થીઓના પ્રતિભાવો પૈકી શાળાને સાનુકૂળ | ▪ શાળા પાસે તેના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વિદ્યાર્થીઓના સંતોષની જાણકારી માટે ચોક્કસ, ઔપચારિક અને ભયમુક્ત વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, | ▪ શાળા પાસે તેના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વિદ્યાર્થીઓના સંતોષની જાણકારી માટે ચોક્કસ, ઔપચારિક અને ભયમુક્ત વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, |

GCERT-GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | હોય તેવી બાબતોમાં શાળા સુધારણા કરે છે. | ઓનલાઇન પ્રતિભાવ મેળવવા, વર્ગશિક્ષક મારફત મૌખિક/લેખિત પ્રતિભાવ મેળવવા વગેરે) છે.<br>▪ શાળા વિદ્યાર્થીઓના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે. વિદ્યાર્થીઓના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ પસંદગીના પ્રતિભાવોના આધારે આવશ્યક સુધારણા કરે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. | ઓનલાઇન પ્રતિભાવ મેળવવા, વર્ગશિક્ષક મારફત મૌખિક/લેખિત પ્રતિભાવ મેળવવા વગેરે) છે.<br>▪ શાળા વિદ્યાર્થીઓના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે.<br>▪ વિદ્યાર્થીઓના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ સુધારણાયોગ્ય બાબતોના અગ્રતાક્રમ નક્કી કરી પ્રત્યેક બાબત પર ક્રમશઃ અને આવશ્યક સુધારણા કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | |
|---|---|---|---|---|
| GS GIS SFS | FS PS MS SS | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | ▪ સુધારણા કરેલ બાબતોના અમલની વિદ્યાર્થીઓની સહભાગિતા સાથે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. |

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | |
|---|---|---|---|---|
| GS GIS SFS | FS PS MS SS | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વાલી-સમુદાયનો સંતોષ | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વાલી-સમુદાયના સંતોષની જાણકારી માટે શાળામાં કોઇ વ્યવસ્થા કે | ▪ શાળા પાસે તેના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વાલી-સમુદાયના સંતોષની જાણકારી અનૌચારિક રીતે મેળવે છે. | ▪ શાળા પાસે તેના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વાલી-સમુદાયના સંતોષની જાણકારી માટે ચોક્કસ અને ઔપચારિક | ▪ શાળા પાસે તેના સંસાધનો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ, અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ અને નીતિઓ અંગે વાલી-સમુદાયના સંતોષની જાણકારી માટે ચોક્કસ, ઔપચારિક અને |

GCERT GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | આયોજન નથી./ વાલી-સમવાલી-સમુદાયના સૂચનો/ પ્રતિભાવોને શાળા લક્ષ્યમાં લેતી નથી. | ▪ વિદ્યાર્થીઓના પ્રતિભાવો પૈકી શાળાને સાનુકૂળ હોય તેવી બાબતોમાં શાળા સુધારણા કરે છે. | વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, વાલી મિટિંગમાં મૌખિક/લેખિત પ્રતિભાવો અને સૂચનો મેળવવા, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) છે.<br>▪ શાળા વાલી – સમુદાયના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે.<br>▪ વિદ્યાર્થીઓના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ પસંદગીના પ્રતિભાવોના આધારે આવશ્યક સુધારણા કરે છે. | ભયમુક્ત વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, વાલી મિટિંગમાં મૌખિક/લેખિત પ્રતિભાવો અને સૂચનો મેળવવા, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) છે.<br>▪ શાળા વાલી-સમુદાયના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે.<br>▪ વાલી-સમુદાયના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ સુધારણાયોગ્ય બાબતોના અગ્રતાક્રમ નક્કી કરી પ્રત્યેક બાબત પર ક્રમશ: અને |

GCERT - GSQAC

**પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | ▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. | આવશ્યક સુધારણા કરવામાં આવે છે.<br>▪ સુધારણા કરેલ બાબતોના અમલની વાલી-સમુદાયની સહભાગિતા સાથે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. |
| શિક્ષકોનો સંતોષ | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે શિક્ષકોના સંતોષની જાણકારી માટે શાળામાં કોઇ વ્યવસ્થા કે આયોજન નથી. | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે શિક્ષકોના સંતોષની જાણકારી અનૌપચારિક રીતે મેળવવામાં આવે છે.<br>▪ શિક્ષકોના પ્રતિભાવો પૈકી શાળાને સાનુકૂળ | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે શિક્ષકોના સંતોષની જાણકારી માટે ચોક્કસ અને ઔપચારિક વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, ઓનલાઇન પ્રતિભાવો | ▪ શા શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે શિક્ષકોના સંતોષની જાણકારી માટે ચોક્કસ અને ઔપચારિક વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, ઓનલાઇન પ્રતિભાવો |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | | MS / SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | હોય તેવી બાબતોમાં શાળા સુધારણા કરે છે. | મેળવવા વગેરે) છે.<br>▪ શાળા શિક્ષકોના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે.<br>▪ શિક્ષકોના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ પસંદગીના પ્રતિભાવોના આધારે આવશ્યક સુધારણા કરે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. | મેળવવા વગેરે) છે.<br>▪ શાળા શિક્ષકોના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે.<br>▪ શિક્ષકોના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ સુધારણાયોગ્ય બાબતોના અગ્રતાક્રમ નક્કી કરી પ્રત્યેક બાબત પર ક્રમશઃ અને આવશ્યક સુધારણા કરવામાં આવે છે.<br>▪ સુધારણા કરેલ બાબતોના અમલની શિક્ષકોની સહભાગિતા સાથે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્રઃ હિતધારકોનો સંતોષ | | | | |
|---|---|---|---|---|
| GS, GIS, SFS | | | FS, PS, MS, SS | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | ▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. |
| બિન શૈક્ષણિક કર્મચારીઓનો સંતોષ | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે બિન શૈક્ષણિક કર્મચારીઓના સંતોષની જાણકારી માટે શાળામાં કોઇ વ્યવસ્થા કે આયોજન નથી. | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે બિન શૈક્ષણિક કર્મચારીઓના સંતોષની જાણકારી અનૌપચારિક રીતે મેળવવામાં આવે છે.<br>▪ બિન શૈક્ષણિક કર્મચારીઓના પ્રતિભાવો પૈકી શાળાને સાનુકૂળ હોય તેવી બાબતોમાં શાળા સુધારણા કરે છે. | ▪ શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે બિન શૈક્ષણિક કર્મચારીઓના સંતોષની જાણકારી માટે ચોક્કસ અને ઔપચારિક વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) છે.<br>▪ શાળા બિન શૈક્ષણિક કર્મચારીઓના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે. | ▪ શા શાળાના સંસાધનો, સુવિધાઓ, નીતિઓ અને કાર્યપદ્ધતિ અંગે બિન શૈક્ષણિક કર્મચારીઓના સંતોષની જાણકારી માટે ચોક્કસ અને ઔપચારિક વ્યવસ્થા (દા.ત. સૂચન/ પ્રતિભાવ પેટી, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) છે.<br>▪ શાળા બિન શૈક્ષણિક કર્મચારીઓના પ્રતિભાવોને શાળા સુધારણા માટે મહત્ત્વના ગણે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | ▪ બિન શૈક્ષણિક કર્મચારીઓના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ પસંદગીના પ્રતિભાવોના આધારે આવશ્યક સુધારણા કરે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. | ▪ બિન શૈક્ષણિક કર્મચારીઓના પ્રતિભાવોની તેમની સાથે મળીને સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ સુધારણાયોગ્ય બાબતોના અગ્રતાક્રમ નક્કી કરી પ્રત્યેક બાબત પર ક્રમશઃ અને આવશ્યક સુધારણા કરવામાં આવે છે.<br>▪ સુધારણા કરેલ બાબતોના અમલની બિન શૈક્ષણિક કર્મચારીઓની સહભાગિતા સાથે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS / PS / MS / SS | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| આચાર્યનો સંતોષ | ▪ શાળાના સંચાલકમંડળ, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના આચાર્યના સંતોષની જાણકારી માટે શાળામાં કોઇ વ્યવસ્થા કે આયોજન નથી. | ▪ શાળાના સંચાલકમંડળ, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના આચાર્યના સંતોષની જાણકારી અનૌપચારિક રીતે મેળવવામાં આવે છે.<br>▪ શાળાના આચાર્યના પ્રતિભાવોને આધારે સંચાલક મંડળ તેમને સાનુકૂળ હોય તેવા પ્રતિભાવો પર સુધારણા માટે સહયોગ કરે છે. | ▪ શાળાના સંચાલકમંડળ, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના આચાર્યના સંતોષની જાણકારી માટે ઔપચારિક વ્યવસ્થા (સંચાલક મંડળ અને આચાર્યની બેઠકોમાં, સ્ટાફ મિટિંગમાં, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) રીતે મેળવવામાં આવે છે.<br>▪ સંચાલક મંડળ, આચાર્ય અને કર્મચારીઓ સાથે મળીને પ્રતિભાવોની સમીક્ષા કરે છે. | ▪ શાળાના સંચાલકમંડળ, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના આચાર્યના સંતોષની જાણકારી માટે ઔપચારિક વ્યવસ્થા (સંચાલક મંડળ અને આચાર્યની બેઠકોમાં, સ્ટાફ મિટિંગમાં, વાલી મિટિંગમાં, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) રીતે મેળવવામાં આવે છે.<br>▪ સંચાલક મંડળ, આચાર્ય, કર્મચારીઓ અને વાલીઓ સાથે મળીને |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | સમીક્ષા બાદ પસંદગીના પ્રતિભાવોના આધારે આવશ્યક સુધારણા કરવામાં આવે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. | પ્રતિભાવોની સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ સુધારણાયોગ્ય બાબતોના અગ્રતાક્રમ નક્કી કરી પ્રત્યેક બાબત પર ક્રમશ: અને આવશ્યક સુધારણા કરવામાં આવે છે.<br>▪ સુધારણા કરેલ બાબતોના અમલની સૌ સાથે મળી સમયાંતરે સમીક્ષા કરે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. |

GCERT - GSQAC

**પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| સંચાલક મંડળનો સંતોષ | ▪ શાળાના આચાર્ય, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના સંચાલક મંડળના સંતોષની જાણકારી માટે શાળામાં કોઇ વ્યવસ્થા કે આયોજન નથી. | ▪ શાળાના આચાર્ય, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના સંચાલક મંડળના સંતોષની જાણકારી અનૌપચારિક રીતે મેળવવામાં આવે છે. / સંચાલક મંડળ તેના અવલોકનને આધારે તેમને જરૂરી લાગે તેવા ફેરફાર કરવા સીધા આદેશ કરે છે. | ▪ શાળાના આચાર્ય, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના સંચાલક મંડળના સંતોષની જાણકારી માટે ઔપચારિક વ્યવસ્થા (સંચાલક મંડળ અને આચાર્યની બેઠકોમાં, સ્ટાફ મિટિંગમાં, વાલી મિટિંગમાં, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) રીતે મેળવવામાં આવે છે.<br>▪ સંચાલક મંડળ, આચાર્ય અને કર્મચારીઓ સાથે | ▪ શાળાના આચાર્ય, કર્મચારીઓ, સંસાધનો અને સુવિધાઓ, વાલી સહયોગ અંગે શાળાના સંચાલક મંડળના સંતોષની જાણકારી માટે ઔપચારિક વ્યવસ્થા (સંચાલક મંડળ અને આચાર્યની બેઠકોમાં, સ્ટાફ મિટિંગમાં, વાલી મિટિંગમાં, ઓનલાઇન પ્રતિભાવો મેળવવા વગેરે) રીતે મેળવવામાં આવે છે.<br>▪ સંચાલક મંડળ, આચાર્ય, કર્મચારીઓ અને |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: હિતધારકોનો સંતોષ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | મળીને પ્રતિભાવોની સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ પસંદગીના પ્રતિભાવોના આધારે આવશ્યક સુધારણા કરવામાં આવે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. | વાલીઓ સાથે મળીને પ્રતિભાવોની સમીક્ષા કરે છે.<br>▪ સમીક્ષા બાદ સુધારણાયોગ્ય બાબતોના અગ્રતાક્રમ નક્કી કરી પ્રત્યેક બાબત પર ક્રમશ: અને આવશ્યક સુધારણા કરવામાં આવે છે.<br>▪ સુધારણા કરેલ બાબતોના અમલની સૌ સાથે મળી સમયાંતરે સમીક્ષા કરે છે.<br>▪ શાળામાં આ અંગેના દસ્તાવેજો ઉપલબ્ધ છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાના વિવિધ હિતધારકોના પ્રતિભાવ એકત્રિત કરવા માટેની શાળાની વ્યવસ્થાની માહિતી આપતો દસ્તાવેજ/ અહેવાલ | PDF |
| 2 | શાળાએ જુદાજુદા હિતધારકો પાસેથી મેળવેલ પ્રતિભાવોના નમૂના | PDF |
| 3 | હિતધારકોના પ્રતિભાવોને આધારે શાળાએ તેની પ્રણાલી – વ્યવસ્થામાં કરેલ સુધારા – ફેરફારની વિગતો/ અહેવાલ | PDF |

## 3.1.4 મુખ્યક્ષેત્ર 5: શાળા સંસાધનો

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

### પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ

કોઈપણ શાળાનું ભૌતિક દષ્ટિએ સુવિધાયુક્ત હોવું એ શાળા પ્રત્યે વિદ્યાર્થીઓ કે વાલીઓને આકર્ષિત કરતું પ્રથમ દેખીતું પરિબળ છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ પણ સુવિધાથી સજ્જ એવી શાળાઓમાં સૌના માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની હિમાયત કરે છે. આથી શાળાઓમાં અમુક પ્રાથમિક ભૌતિક સુવિધાઓ અનિવાર્ય છે. શાળાની અમુક ભૌતિક સુવિધાઓ જેવી કે આચાર્યની ઑફિસ, સ્ટાફ રૂમ, ક્લાર્ક ઓફિસ વગેરેનો વિદ્યાર્થીઓ સાથેનો સીધો સંબંધ ઓછો જણાઈ આવે છે પરંતુ શાળાના સુચારુ સંચાલન માટે તેમજ શાળામાં કાર્યરત ચાવીરૂપ કર્મચારીઓમાં હકારાત્મક ઊર્જા માટે આ સુવિધાઓ પણ મહત્ત્વની છે. આથી આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **વર્ગખંડો:** વર્ગખંડ એ પ્રત્યેક શાળાની સૌથી પ્રાથમિક આવશ્યકતા છે. શાળામાં મંજૂર વર્ગોની સંખ્યા અનુસાર વર્ગખંડ હોય તેમજ પ્રત્યેક વર્ગનું ક્ષેત્રફળ પ્રવર્તમાન RTE અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમાનુસાર હોય તો આ માપદંડ હેઠળ શાળા ઉત્તમ કક્ષામાં છે તેમ ગણી શકાય.

- **પ્રિન્સિપાલ ઑફિસ:** શાળામાં સ્ટાફરૂમથી નજીક પ્રિન્સિપાલ ઑફિસ તરીકે અલાયદો અને પર્યાપ્ત બેઠક વ્યવસ્થા સાથેનો ખંડ હોય, જેમાં રેકોર્ડ કિપિંગ માટેની વ્યવસ્થા તેમજ કમ્પ્યૂટર – પ્રિન્ટર, ઇન્ટરનેટ વગેરે જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.
- **સ્ટાફ રૂમ:** શાળામાં પ્રિન્સિપાલ ઑફિસથી નજીક અલાયદો સ્ટાફ રૂમ હોય, જેમાં પર્યાપ્ત બેઠક વ્યવસ્થા, કબાટ – લૉકર – રેક, વોશબેસિન, કમ્પ્યૂટર – પ્રિન્ટર, ઇન્ટરનેટ વગેરે જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.
- **ક્લાર્ક ઑફિસ:** શાળામાં પ્રિન્સિપાલ ઑફિસથી નજીક અલાયદી ક્લાર્ક ઑફિસ હોય, જેમાં પર્યાપ્ત બેઠક વ્યવસ્થા, કબાટ – લૉકર – રેક, રેકોર્ડ કિપિંગની સુવિધા, કમ્પ્યૂટર – પ્રિન્ટર, ઇન્ટરનેટ વગેરે જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.
- **પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલ:** શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ ક્ષેત્રફળ ધરાવતો એક અલાયદો અને યોગ્ય બેઠક વ્યવસ્થા ધરાવતો ખંડ હોય તે અપેક્ષિત છે. આ ખંડમાં લાઈટ-પંખા, માઇક-સ્પીકર, સ્ટેજ (ભરજિયાત) જેવી સુવિધાઓ હોય તે અપેક્ષિત છે. શાળામાં આવો સુસજ્જ ખંડ ઉપલબ્ધ હોય અને તેનો વિવિધ પ્રવૃત્તિઓ માટે નિયમિત ઉપયોગ થતો હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.
- **સ્પોર્ટ્સ/ યોગ રૂમ:** શાળામાં આ હેતુ માટે વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ એક અલાયદો અને સુસજ્જ ખંડ હોય તે અપેક્ષિત છે. આ ખંડનો શાળા દ્વારા નિયમિત ઉપયોગ થતો હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.
- **રમતનું મેદાન:** શાળા જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તાર માટે બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમાનુસાર ક્ષેત્રફળ ધરાવતા મેદાનની વ્યવસ્થા હોય, જેમાં વિવિધ રમતો માટેના મેદાન નિશ્ચિત કરેલ હોય તેમજ રમતનું મેદાન દિવ્યાંગ વિદ્યાર્થી માટે સુગમ હોય તે જરૂરી છે. શાળામાં આવું મેદાન ઉપલબધ હોય અને રમતગમતની પ્રવૃત્તિઓ માટે તેનો નિયમિત ઉપયોગ થતો હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.

GCERT - GSQAC

- **રમતગમતના સાધનોની ઉપલબ્ધતા:** શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા અને વયકક્ષાને અનુરૂપ રમતગમતના સાધનો ઉપલબ્ધ હોય તો જ શાળાના પ્રત્યેક વર્ગના વિદ્યાર્થીઓને રમતગમત માટેની યોગ્ય તક આપી શકાય છે. આ ઉપરાંત દિવ્યાંગ વિદ્યાર્થીઓની જરૂરિયાતને અનુરૂપ સાધનોની ઉપલબ્ધતા હોય તો આ માપદંડમાં શાળા ઉત્તમ કક્ષામાં છે તેમ કહેવાય.
- **CWSN વિદ્યાર્થીઓ માટેની ભૌતિક સુવિધાઓ:** શાળાની ભૌતિક સુવિધાઓનું સમાવેશી હોવું ખૂબ જરૂરી છે. જેમાં રેમ્પ, રેલીંગ, શૌચાલય, વર્ગખંડો, મેદાન અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. શાળાનું સમગ્ર પરિસર અને તેની વિવિધ સુવિધાઓ CWSN વિદ્યાર્થીઓ માટે સુગમ હોય તો તે ઉત્તમ સ્થિતિ ગણી શકાય.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

GCERT GSQAC

**પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ**

GS | GIS | SFS | FS | PS | MS | SS

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| વર્ગખંડો (પ્રવર્તમાન RTE અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમાનુસાર) | ▪ શાળામાં મંજૂર વર્ગોથી 50% કે તેથી ઓછી સંખ્યામાં વર્ગખંડ ઉપલબ્ધ છે./ મંજૂર થયેલ વર્ગો અનુસાર વર્ગખંડો છે પરંતુ તેમાંના 50% કે તેથી ઓછા વર્ગખંડોનું ક્ષેત્રફળ પ્રવર્તમાન નિયમાનુસાર છે. | ▪ શાળામાં મંજૂર વર્ગો અનુસાર વર્ગખંડો ઉપલબ્ધ છે.<br>▪ જેમાંના 51% થી 70% વર્ગખંડોનું ક્ષેત્રફળ પ્રવર્તમાન નિયમાનુસાર છે. | ▪ શાળામાં મંજૂર વર્ગો અનુસાર વર્ગખંડો ઉપલબ્ધ છે.<br>▪ જેમાંના 71% થી 90% વર્ગખંડોનું ક્ષેત્રફળ પ્રવર્તમાન નિયમાનુસાર છે. | ▪ શાળામાં મંજૂર વર્ગો અનુસાર વર્ગખંડો ઉપલબ્ધ છે.<br>▪ જેમાંના 90% કરતા વધુ વર્ગખંડોનું ક્ષેત્રફળ પ્રવર્તમાન નિયમાનુસાર છે. |

| પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પ્રિન્સિપાલ ઑફિસ | ▪ શાળામાં પ્રિન્સિપાલ ઑફિસની સુવિધા નથી. | ▪ શાળામાં અન્ય કોઇ હેતુ માટે વપરાતી જગ્યા/ વપરાતા ખંડમાં પ્રિન્સિપાલ ઑફિસની વ્યવસ્થા છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી મોટાભાગની સુવિધા ઉપલબ્ધ છે. | ▪ શાળામાં અલાયદી પ્રિન્સિપાલ ઑફિસ છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી મોટાભાગની સુવિધા ઉપલબ્ધ છે. | ▪ શાળામાં અલાયદી પ્રિન્સિપાલ ઑફિસ છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ છે. |

| પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| સ્ટાફ રૂમ | ▪ શાળામાં સ્ટાફ રૂમની સુવિધા નથી. | ▪ શાળામાં અન્ય કોઇ હેતુ માટે વપરાતી જગ્યા/ વપરાતા ખંડમાં સ્ટાફ રૂમની વ્યવસ્થા છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી મોટાભાગની | ▪ શાળામાં અલાયદો સ્ટાફરૂમ છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી મોટાભાગની સુવિધા ઉપલબ્ધ છે. | ▪ શાળામાં અલાયદો સ્ટાફ રૂમ છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ છે. |

GCERT - GSQAC

| | | | | |
|---|---|---|---|---|
| | | સુવિધા ઉપલબ્ધ છે. | | |
| ક્લાર્ક ઑફિસ | ▪ શાળામાં ક્લાર્ક ઑફિસની સુવિધા નથી. | ▪ શાળામાં અન્ય કોઇ હેતુ માટે વપરાતી જગ્યા/ વપરાતા ખંડમાં ક્લાર્ક ઑફિસની વ્યવસ્થા છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી મોટાભાગની સુવિધા ઉપલબ્ધ છે. | ▪ શાળામાં અલાયદી ક્લાર્ક ઑફિસ છે. જેમાં કામગીરી માટે જરૂરી મોટાભાગની સુવિધા ઉપલબ્ધ છે. | ▪ શાળામાં અલાયદી ક્લાર્ક ઑફિસ છે.<br>▪ જેમાં કામગીરી માટે જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ છે. |

<table>
<tr><th colspan="7">પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ</th></tr>
<tr><td>GS</td><td>GIS</td><td>SFS</td><td>FS</td><td>PS</td><td>MS</td><td>SS</td></tr>
</table>

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલ | ▪ શાળામાં પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલની સુવિધા નથી. | ▪ શાળામાં અલાયદા પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલની સુવિધા છે પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યાની સાપેક્ષે પર્યાપ્ત નથી. | ▪ શાળામાં અલાયદા પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલની સુવિધા છે.<br>▪ ખંડ વિદ્યાર્થીઓની સંખ્યાની સાપેક્ષે પર્યાપ્ત છે પરંતુ તેનો નિયમિત ઉપયોગ થતો નથી. | ▪ શાળામાં અલાયદા પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલની સુવિધા છે.<br>▪ ખંડ વિદ્યાર્થીઓની સંખ્યાની સાપેક્ષે પર્યાપ્ત છે. તેમજ તેનો નિયમિત ઉપયોગ થાય છે. |

GCERT GSQAC

| પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ | | | | |
|---|---|---|---|---|
| GS GIS SFS | | FS PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| સ્પોર્ટ્સ/ યોગ રૂમ | ▪ શાળામાં સ્પોર્ટ્સ/ યોગ રૂમની સુવિધા નથી. | ▪ શાળામાં અલાયદા સ્પોર્ટ્સ/ યોગ રૂમની સુવિધા સુવિધા છે પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યાની સાપેક્ષે પર્યાપ્ત નથી/ તેમાં પર્યાપ્ત સાધનો ઉપલબ્ધ નથી. | ▪ શાળામાં અલાયદા સ્પોર્ટ્સ/ યોગ રૂમની સુવિધા સુવિધા છે.<br>▪ જે વિદ્યાર્થીઓની સંખ્યાની સાપેક્ષે પર્યાપ્ત છે.<br>▪ તેમાં પર્યાપ્ત સાધનો ઉપલબ્ધ છે પરંતુ તેનો નિયમિત ઉપયોગ થતો નથી. | ▪ શાળામાં સ્પોર્ટ્સ/ યોગ રૂમની સુવિધા સુવિધા છે.<br>▪ જે વિદ્યાર્થીઓની સંખ્યાની સાપેક્ષે પર્યાપ્ત છે.<br>▪ તેમાં પર્યાપ્ત સાધનો ઉપલબ્ધ છે તેમજ તેનો નિયમિત ઉપયોગ થાય છે. |

| પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ | | | | |
|---|---|---|---|---|
| GS GIS SFS | | FS PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| રમતનું મેદાન | ▪ શાળામાં નિયમાનુસાર જરૂરી રમતનું મેદાનની ઉપલબ્ધ નથી.<br>▪ રમતનું મેદાન દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સુગમ | ▪ શાળામાં નિયમાનુસાર રમતનું મેદાન ઉપલબ્ધ છે. તેમાં વિવિધ રમતો માટેના મેદાન નક્કી કરવામાં આવ્યાં નથી. રમતના મેદાનનો | ▪ શાળામાં નિયમાનુસાર રમતનું મેદાન ઉપલબ્ધ છે. મેદાન દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સુગમ છે.<br>▪ તેમાં વિવિધ રમતો માટેના મેદાન નક્કી | ▪ શાળામાં નિયમાનુસાર રમતનું મેદાન ઉપલબ્ધ છે. મેદાન દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સુગમ છે.<br>▪ તેમાં વિવિધ રમતો માટેના મેદાન નક્કી |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | (accessible) નથી. | નિયમિત ઉપયોગ થતો નથી.<br>▪ રમતનું મેદાન દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સુગમ નથી. | કરવામાં આવ્યાં છે. મેદાનનો નિયમિત ઉપયોગ થતો નથી. | કરવામાં આવ્યાં છે. મેદાનનો નિયમિત ઉપયોગ થાય છે. |
| રમતગમતના સાધનોની ઉપલબ્ધતા | ▪ શાળામાં રમતગમતના સાધનો ઉપલબ્ધ નથી.<br>▪ શાળામાં ઉપલબ્ધ સાધનોની સંખ્યા વિદ્યાર્થી સંખ્યા અનુસાર જરૂરી સાધન સંખ્યા કરતાં 30% કરતાં વધુ ઓછી છે.<br>▪ શાળામાં ઉપલબ્ધ સાધનો વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ નથી.<br>▪ શાળામાં રમતગમતના સાધનો દિવ્યાંગ | ▪ શાળામાં વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ સાધનો ઉપલબ્ધ છે.<br>▪ ઉપલબ્ધ સાધનોની સંખ્યા વિદ્યાર્થી સંખ્યા અનુસાર જરૂરી સાધન સંખ્યા કરતાં 21% - 30% જેટલી ઓછી છે.<br>▪ શાળામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાનુકૂળ એવા રમતગમતના સાધનો ઉપલબ્ધ છે. | ▪ શાળામાં વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ સાધનો ઉપલબ્ધ છે.<br>▪ ઉપલબ્ધ સાધનોની સંખ્યા વિદ્યાર્થી સંખ્યા અનુસાર જરૂરી સાધન સંખ્યા કરતાં 11% - 20% જેટલી ઓછી છે.<br>▪ શાળામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાનુકૂળ એવા રમતગમતના સાધનો ઉપલબ્ધ છે. | ▪ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા અને વયકક્ષાને અનુરૂપ રમતગમતના સાધનો પર્યાપ્ત સંખ્યામાં ઉપલબ્ધ છે.<br>▪ શાળામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાનુકૂળ એવા રમતગમતના સાધનો ઉપલબ્ધ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | વિદ્યાર્થીઓને સાનુકૂળ નથી. | | | |
| CWSN વિદ્યાર્થીઓ માટેની ભૌતિક સુવિધાઓ (રેમ્પ, રેલીંગ, શૌચાલય, વર્ગખંડો, મેદાન અન્ય સુવિધાઓની સુગમતા) | ▪ શાળામાં CWSN વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધાઓ નથી.<br>▪ શાળાની સુવિધાઓ CWSN વિદ્યાર્થીઓ માટે સુગમ નથી.<br>▪ CWSN વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરે તેવા સંજ્ઞાચિહ્નો (signage) ઉપલબ્ધ નથી. | ▪ શાળામાં CWSN વિદ્યાર્થીઓ માટે રેમ્પ, રેલીંગ, શૌચાલય, જેવી જરૂરી સુવિધાઓ સુગમ અને સારી સ્થિતિમાં છે.<br>▪ અન્ય સુવિધાઓનો ઉપયોગ કરવા CWSN વિદ્યાર્થીઓને કોઇની મદદની જરૂરિયાત ઊભી થાય છે.<br>▪ શાળાના મુખ્ય સ્થાનો જેવા કે પ્રવેશ, રેમ્પ, શૌચાલયો માટે signages ઉપલબ્ધ છે. | ▪ શાળામાં CWSN વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધાઓ સુવિધાઓ સુગમ અને સારી સ્થિતિમાં છે.<br>▪ શાળાનું પરિસર અને શાળામાં ઉપલબ્ધ મોટાભાગની સુવિધાઓ સુલભ છે.<br>▪ શાળામાં ઉપલબ્ધ નહીંવત સુવિધાઓના ઉપયોગ માટે CWSN વિદ્યાર્થીઓને અન્યની મદદની જરૂર પડે છે.<br>▪ શાળાના લગભગ તમામ સ્થળો (પ્રવેશ, વર્ગખંડ અને અન્ય ખંડો, | ▪ શાળામાં CWSN વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધાઓ સુવિધાઓ સુગમ અને સારી સ્થિતિમાં છે.<br>▪ શાળાનું સમગ્ર પરિસર અને તેની વિવિધ સુવિધાઓ CWSN વિદ્યાર્થીઓ માટે સુગમ છે.<br>▪ શાળાના તમામ સ્થળો પર ચિત્રો – મોટા અક્ષરોમાં લખાણવાળા signages યોગ્ય ઊંચાઇ પર લગાવવામાં આવ્યાં છે.<br>▪ દૃષ્ટિ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વર્ગખંડો અને અન્ય સુવિધાઓ |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: ભૌતિક સુવિધાઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | લોબી, પાણી અને સ્વચ્છતા સંબંધિત સુવિધાઓ, લોબી (lobby) વગેરે) પર ચિત્રો – મોટા અક્ષરોમાં લખાણવાળા signages યોગ્ય ઊંચાઇ પર લગાવવામાં આવ્યાં છે. | માટે બ્રેઇલ – ટેક્ટાઇલ (Tactile) signages લગાવવા આવ્યાં છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | વર્ગખંડની સંખ્યા અને પ્રત્યેક વર્ગખંડના ક્ષેત્રફળની વિગત (પ્રમાણિત ડોક્યુમેન્ટ/ નકશો) | PDF |
| 2 | પ્રિન્સિપાલ ઑફિસ ફોટોગ્રાફ (સમગ્ર ઑફિસ દેખાય તેવો) | JPEG/PNG |
| 3 | સ્ટાફ રૂમ ફોટોગ્રાફ (સમગ્ર રૂમ દેખાય તેવો) | JPEG/PNG |
| 4 | કલાર્ક ઑફિસ (સમગ્ર ઑફિસ દેખાય તેવો) | JPEG/PNG |
| 5 | પ્રાર્થનાખંડ/ સભાખંડ/ મલ્ટીપર્પઝ હૉલ (સમગ્ર ખંડ દેખાય તેવો) | JPEG/PNG |
| 6 | સ્પોર્ટ્સ/ યોગ રૂમ (સમગ્ર રૂમ દેખાય તેવો) | JPEG/PNG |
| 7 | રમતનું મેદાન (નકશો અને ફોટોગ્રાફ્સ) | PDF, JPEG/PNG |
| 8 | રમતગમતના સાધનોની ઉપલબ્ધતા (અધ્યયન ડેડસ્ટૉક રજીસ્ટરની અદ્યતન તારીજ) | PDF |
| 9 | CWSN વિદ્યાર્થીઓ માટેની ભૌતિક સુવિધાઓ (ફોટોગ્રાફ્સ) | JPEG/PNG |

GCERT GSQAC

## પેટાક્ષેત્ર: ફર્નિચર

કોઈપણ શાળાનું ફર્નિચર તેના વિદ્યાર્થીઓના અને કર્મચારીઓની સમગ્ર દિવસની કામગીરી અને શૈક્ષણિક અનુભવોને સીધી જ અસર કરતું પરિબળ છે. શાળામાં વિદ્યાર્થીઓ માટેના ફર્નિચરમાં વય અનુરૂપતા અને સલામતી સૌથી મહત્ત્વના છે. આરામદાયક ફર્નિચર વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓના શાળામાંના સમગ્ર દિવસના અનુભવને સાનુકૂળ બનાવે છે. જ્યારે ફર્નિચરની કલાત્મકતા આનંદ પમાડે છે અને શાળાને એક ગમતું સ્થળ બનાવવામાં મદદ કરે છે. આ ઉપરાંત શાળા ફર્નિચરમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની સાનુકૂળતાને ધ્યાનમાં લેવાઈ હોય તે ખૂબ મહત્ત્વની બાબત બની જાય છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

GCERT-GQAC

| પેટાક્ષેત્ર: ફર્નિચર | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| શાળામાં વિદ્યાર્થી વયકક્ષા અને સંખ્યાને અનુરૂપ તેમજ કર્મચારીઓ માટે આરામદાયક, સલામત, કલાત્મક ફર્નિચરની ઉપલબ્ધતા | ▪ શાળાના વર્ગખંડો અને અન્ય ખંડોમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સંખ્યાને અનુરૂપ ફર્નિચર ઉપલબ્ધ નથી. | ▪ શાળાના વર્ગખંડો અને અન્ય ખંડોમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સંખ્યાને અનુરૂપ ફર્નિચર ઉપલબ્ધ છે.<br>▪ શાળાના વર્ગખંડો અને અન્ય ખંડોમાં ઉપલબ્ધ ફર્નિચર વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ નથી. | ▪ શાળાના વર્ગખંડો અને અન્ય ખંડોમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સંખ્યાને અનુરૂપ ફર્નિચર ઉપલબ્ધ છે.<br>▪ શાળાના વર્ગખંડો અને અન્ય ખંડોમાં ઉપલબ્ધ ફર્નિચર વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ છે.<br>▪ વિદ્યાર્થીઓ માટેનું ફર્નિચર સલામત, આરામદાયક અને | ▪ શાળાના વર્ગખંડો અને અન્ય ખંડોમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સંખ્યાને અનુરૂપ ફર્નિચર ઉપલબ્ધ છે.<br>▪ શાળાના વર્ગખંડો અને અન્ય ખંડોમાં ઉપલબ્ધ ફર્નિચર વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ છે.<br>▪ વિદ્યાર્થીઓ માટેનું ફર્નિચર સલામત, આરામદાયક અને |

| પેટાક્ષેત્ર: ફર્નિચર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | કલાત્મક (વિદ્યાર્થીઓને ગમે તેવું) છે.<br>▪ ફર્નિચર દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાનુકૂળ છે. | કલાત્મક (વિદ્યાર્થીઓને ગમે તેવું) છે.<br>▪ ફર્નિચર દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાનુકૂળ છે.<br>▪ શાળા ફર્નિચર સંબંધિત જરૂરિયાતોનું સમયાંતરે મોનિટરિંગ કરે છે અને આવશ્યકતા અનુસાર તેમાં ફેરફાર કરે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | વર્ગખંડોમાંનું ફર્નિચર દેખાય તેવા નમૂનાના ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 2 | વિવિધ વિષયખંડો, પ્રયોગશાળાઓનું ફર્નિચર દેખાય તેવા નમૂનાના ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 3 | સ્ટાફ રૂમ અને અન્ય કર્મચારીઓના કાર્યસ્થળનું ફર્નિચર દેખાય તેવા ફોટોગ્રાફ્સ | JPEG/PNG |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર : વિષયને અનુરૂપ પ્રયોગશાળા/ખંડ

શાળામાં ભણાવાતા વિવિધ વિષયોમાં રહેલ વૈવિધ્ય અને વિષયોના ખાસ વિષયવસ્તુ - પદ્ધતિશાસ્ત્રને કારણે બધા જ વિષયો વર્ગખંડમાં એકસરખી રીતે જ ભણાવાય તે અનપેક્ષિત છે. આથી શાળાઓમાં વિષયોને અનુરૂપ પ્રયોગશાળા કે ખંડની જરૂરિયાત ઊભી થાય છે. શાળામાં વિષયોના શિક્ષણ માટે પર્યાપ્ત સુવિધાયુક્ત પ્રયોગશાળા કે ખંડ હોય અને તેનો આયોજનપૂર્વક નિયમિત રીતે ઉપયોગ થતો હોય તો અધ્યયનની અસરકારકતામાં ચોક્કસ વધારો કરી શકાય છે. આથી આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળા:** માધ્યમિક શાળાઓમાં અને વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળાઓ અનિવાર્ય છે. વિજ્ઞાનની જેમ ગણિતના શિક્ષણમાં પણ ક્રિયા અને પ્રયોગ દ્વારા શિક્ષણને સૌથી અસરકારક ગણવામાં આવે છે. આથી આ માપદંડમાં શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળાની ઉપલબ્ધતા, સુસજ્જતા અને ઉપયોગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ માપદંડ હેઠળ શાળામાં અલાયદી ગણિત - વિજ્ઞાન પ્રયોગશાળા હોય, તેમાં મોડેલ્સ, સાધન-સામગ્રી, ઉપકરણો, રસાયણો અને સંદર્ભ સાહિત્ય વગેરે ઉપલબ્ધ અને વપરાશયોગ્ય સ્થિતિમાં હોય તેમજ શાળાની પ્રયોગશાળાનો શાળાના તમામ વિદ્યાર્થીઓને નિયમિત લાભ મળે તે માટે આયોજનપૂર્વક કાર્ય કરવામાં આવતું હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.
- **ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નર:** સામાન્ય રીતે પ્રયોગશાળા એટલે વિજ્ઞાન પ્રયોગશાળા એવું સમજવામાં આવે છે પરંતુ ગણિત – વિજ્ઞાનની જેમ બાકીના વિષયોમાં પણ પ્રાયોગિક કાર્ય શકય તેમજ અસરકારક અધ્યયન માટે આવશ્યક છે. આથી શાળામાં ભાષા અને અન્ય વિષયોની પ્રયોગશાળાનો માપદંડ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. શાળામાં વિજ્ઞાન પ્રયોગશાળા માટે અલાયદા ખંડની અપેક્ષા છે પરંતુ અન્ય વિષયોમાં શાળાએ વિવિધ વિષયોના કોર્નર નિર્ધારિત કર્યા હોય તેટલી અપેક્ષા રાખવામાં આવે છે. આવા ખંડ/ કોર્નરમાં શાળામાં ચાલતાં ધોરણોને અનુરૂપ ચાર્ટસ, પોસ્ટર્સ, મોડેલ્સ, સાધનો, ઉપકરણો વગેરેની ઉપલબ્ધતા હોય તેમજ તેમનો નિયમિત ઉપયોગ થતો હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય.

GCERT - GSQAC

- **કલાખંડ/કોર્નર:** આ માપદંડ હેઠળ શાળામાં કલા (ગાયન, વાદન, અભિનય, ચિત્ર વગેરે કલાઓ) સંબંધિત પ્રવૃત્તિઓ માટે કલાખંડ કે કોર્નરની ઉપલબ્ધતા હોય, જેમાં કલા શિક્ષણ માટે જરૂરી સાધન-સામગ્રી-વ્યવસ્થા ઉપલબ્ધ હોય તેમજ અધ્યયન-અધ્યાપન અને વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓમાં કલાખંડ/કોર્નરનો નિયમિત ઉપયોગ કરવામાં આવતો હોય તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: વિષયને અનુરૂપ પ્રયોગશાળા/ખંડ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| ગણિત – વિજ્ઞાન પ્રયોગશાળા (અલાયદી ગણિત - વિજ્ઞાન પ્રયોગશાળા, પ્રયોગશાળામાં મોડેલ્સ, સાધન-સામગ્રી, ઉપકરણો, રસાયણો અને સંદર્ભ સાહિત્ય વગેરેની ઉપલબ્ધતા અને સ્થિતિ, પ્રયોગશાળાનો નિયમિત ઉપયોગ) | ▪ શાળામાં ગણિત – વિજ્ઞાનની અલાયદી પ્રયોગશાળાની વ્યવસ્થા નથી./ અલાયદી પ્રયોગશાળા છે પરંતુ સુસજ્જ નથી./ ઉપલબ્ધ મોડેલ્સ, સાધન-સામગ્રી, ઉપકરણો, રસાયણો અને સંદર્ભ સાહિત્ય સારી/ વપરાશ યોગ્ય સ્થિતિમાં નથી. | ▪ શાળામાં અલાયદી અને સુસજ્જ ગણિત – વિજ્ઞાન પ્રયોગશાળા ઉપલબ્ધ છે.<br>▪ પ્રયોગશાળામાં ઉપલબ્ધ મોડેલ્સ, સાધન-સામગ્રી, ઉપકરણો, રસાયણો અને સંદર્ભ સાહિત્ય સારી/ વપરાશ યોગ્ય સ્થિતિમાં છે.<br>▪ વિષય શિક્ષણમાં પ્રયોગશાળાનો ક્યારેક ક્યારેક ઉપયોગ કરવામાં આવે છે. | ▪ શાળામાં અલાયદી અને સુસજ્જ ગણિત – વિજ્ઞાન પ્રયોગશાળા ઉપલબ્ધ છે.<br>▪ પ્રયોગશાળામાં ઉપલબ્ધ મોડેલ્સ, સાધન-સામગ્રી, ઉપકરણો, રસાયણો અને સંદર્ભ સાહિત્ય સારી/ વપરાશ યોગ્ય સ્થિતિમાં છે.<br>▪ વિષય શિક્ષણમાં મોટાભાગે પ્રયોગશાળાનો ઉપયોગ કરવામાં આવે છે. | ▪ શાળામાં અલાયદી અને સુસજ્જ ગણિત – વિજ્ઞાન પ્રયોગશાળા ઉપલબ્ધ છે.<br>▪ પ્રયોગશાળામાં ઉપલબ્ધ મોડેલ્સ, સાધન-સામગ્રી, ઉપકરણો, રસાયણો અને સંદર્ભ સાહિત્ય સારી/ વપરાશ યોગ્ય સ્થિતિમાં છે.<br>▪ વિષય શિક્ષણમાં પ્રયોગશાળાનો નિયમિત ઉપયોગ કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: વિષયને અનુરૂપ પ્રયોગશાળા/ખંડ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નર<br><br>(ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નરની ઉપલબ્ધતા, વિષયોના ખંડ/કોર્નરમાં શાળામાં ચાલતાં ધોરણોને અનુરૂપ ચાર્ટ્સ, પોસ્ટર્સ, મોડેલ્સ, સાધનો, ઉપકરણો વગેરેની ઉપલબ્ધતા, વિષયોના ખંડ/કોર્નરનો નિયમિત ઉપયોગ) | ▪ શાળામાં ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નર બનાવવામાં આવ્યા નથી./ બનાવવામાં આવેલ ખંડ/કોર્નરમાં શાળામાં ચાલતાં ધોરણોને અનુરૂપ ચાર્ટ્સ, પોસ્ટર્સ, મોડેલ્સ, સાધનો, ઉપકરણો વગેરે ઉપલબ્ધ નથી. / વિષયોના અધ્યયન-અધ્યાપનમાં ખંડ/કોર્નરનો ઉપયોગ કરવામાં આવતો નથી. | ▪ શાળામાં ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નર બનાવવામાં આવ્યા છે.<br>▪ જેમાં શાળામાં ચાલતાં ધોરણોને અનુરૂપ ચાર્ટ્સ, પોસ્ટર્સ, મોડેલ્સ, સાધનો, ઉપકરણો વગેરે ઉપલબ્ધ છે.<br>▪ વિષયોના અધ્યયન-અધ્યાપનમાં ક્યારેક -ક્યારેક આ ખંડ/કોર્નરનો ઉપયોગ કરવામાં આવે છે. | ▪ શાળામાં ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નર બનાવવામાં આવ્યા છે.<br>▪ જેમાં શાળામાં ચાલતાં ધોરણોને અનુરૂપ ચાર્ટ્સ, પોસ્ટર્સ, મોડેલ્સ, સાધનો, ઉપકરણો વગેરે ઉપલબ્ધ છે.<br>▪ વિષયોના અધ્યયન-અધ્યાપનમાં મોટાભાગે આ ખંડ/કોર્નરનો ઉપયોગ કરવામાં આવે છે. | ▪ શાળામાં ભાષા અને અન્ય વિષયોના ખંડ/કોર્નર બનાવવામાં આવ્યા છે.<br>▪ જેમાં શાળામાં ચાલતાં ધોરણોને અનુરૂપ ચાર્ટ્સ, પોસ્ટર્સ, મોડેલ્સ, સાધનો, ઉપકરણો વગેરે ઉપલબ્ધ છે.<br>▪ વિષયોના અધ્યયન-અધ્યાપનમાં આ ખંડ/કોર્નરનો નિયમિત ઉપયોગ કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર : વિષયને અનુરૂપ પ્રયોગશાળા/ખંડ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| કલાખંડ/કોર્નર<br><br>(કલાખંડ/કોર્નરની ઉપલબ્ધતા, સુસજ્જતા અને નિયમિત ઉપયોગ)<br><br>કલા = ગાયન, વાદન, અભિનય, ચિત્ર વગેરે | ▪ શાળામાં કલાખંડ/ કોર્નર બનાવવામાં આવ્યો નથી./ બનાવવામાં આવેલ કલાખંડ/કોર્નરમાં કલા શિક્ષણ માટે જરૂરી સાધન-સામગ્રી-વ્યવસ્થા નથી./ બનાવવામાં આવેલ કલાખંડ/કોર્નરનો ઉપયોગ કરવામાં આવતો નથી. | ▪ શાળામાં કલાખંડ/ કોર્નર બનાવવામાં આવ્યો છે.<br>▪ જેમાં કલા શિક્ષણ માટે જરૂરી સાધન-સામગ્રી-વ્યવસ્થા ઉપલબ્ધ છે.<br>▪ અધ્યયન-અધ્યાપન અને વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓમાં ક્યારેક-ક્યારેક કલાખંડ/કોર્નરનો ઉપયોગ કરવામાં આવે છે. | ▪ શાળામાં કલાખંડ/ કોર્નર બનાવવામાં આવ્યો છે.<br>▪ જેમાં કલા શિક્ષણ માટે જરૂરી સાધન-સામગ્રી-વ્યવસ્થા ઉપલબ્ધ છે.<br>▪ અધ્યયન-અધ્યાપન અને વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓમાં મોટાભાગે કલાખંડ/કોર્નરનો ઉપયોગ કરવામાં આવે છે. | ▪ શાળામાં કલાખંડ/ કોર્નર બનાવવામાં આવ્યો છે.<br>▪ જેમાં કલા શિક્ષણ માટે જરૂરી સાધન-સામગ્રી-વ્યવસ્થા ઉપલબ્ધ છે.<br>▪ અધ્યયન-અધ્યાપન અને વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓમાં કલાખંડ/કોર્નરનો નિયમિત ઉપયોગ કરવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | ગણિત – વિજ્ઞાન પ્રયોગશાળાનીસંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | પ્રયોગશાળાના ઉપકરણો, સાધનસામગ્રી – સાહિત્યના ડેડસ્ટોક રજીસ્ટરની અદ્યતન તારીજ | PDF |
| 3 | સમયપત્રકમાં પ્રાયોગિક કાર્ય/ પ્રયોગશાળા માટે ફાળવેલ તાસની વિગત, પ્રયોગશાળાના ઉપયોગ અંગે કોઈ રજીસ્ટર નીભાવાતું હોય તો તેની અદ્યતન તારીજ | PDF |
| 4 | ભાષા – અન્ય વિષય ખંડની સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવા ફોટોગ્રાફ્સ (ખંદ દીઠ 1) | JPEG/PNG |

GCERT-GSQAC

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 5 | ભાષા - અન્ય વિષય ખંડના ઉપકરણો, સાધનસામગ્રી – સાહિત્યના ડેડસ્ટોક રજીસ્ટરની અદ્યતન તારીજ | PDF |
| 6 | ભાષા - અન્ય વિષય ખંડના ઉપયોગ અંગેની માહિતી દર્શાવતો આધાર | PDF |
| 7 | કલાખંડની સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 8 | કલાખંડના ઉપકરણો, સાધનસામગ્રી – સાહિત્યના ડેડસ્ટોક રજીસ્ટરની અદ્યતન તારીજ | PDF |
| 9 | કલાખંડના ઉપયોગ અંગેની માહિતી દર્શાવતો આધાર | PDF |

## પેટાક્ષેત્ર: શાળા પુસ્તકાલય

શાળાનું જીવંત પુસ્તકાલય અને તેના આધારે થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને શાળાકીય વિષયોની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિમાં મદદ કરવા ઉપરાંત તેમના અન્ય વિષયક્ષેત્રોમાંના રસને પણ પોષે છે. કાળજીપૂર્વક યોજાતી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના વિવેચનાત્મક ચિંતન અને સર્જનાત્મકતાને પણ પોષી શકે છે. આથી શાળા પુસ્તકાલયને શાળાના એક મહત્ત્વના સંસાધન તરીકે જોવામાં આવે છે. આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **શાળા પુસ્તકાલયની વ્યવસ્થા:** આ માપદંડ હેઠળ શાળા પાસે પુસ્તકાલય માટે અલાયદો ખંડ અને બેઠક વ્યવસ્થા હોય તેવી અપેક્ષા છે. પુસ્તકાલયમાંના પુસ્તકોનું યોગ્ય વિભાગીકરણ કર્યું અને વિદ્યાર્થીઓને પુસ્તકો જોવા – પસંદ કરવાની સુગમતા હોય, વિદ્યાર્થીઓને વર્તમાનપત્રો અને સામયિકો સુગમતાની ઉપલબ્ધ હોય, ડેડસ્ટૉક રજિસ્ટર અને ઇશ્યૂ રજિસ્ટર અદ્યતન હોય તો શાળા પુસ્તકાલયની વ્યવસ્થા ઉત્તમ કહી શકાય.
- **પુસ્તકોની ઉપલબ્ધતા:** શાળાના વિવિધ રસ ધરાવતાં બાળકોના વાંચનરસને પોષવા પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ તેમજ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોની ઉપલબ્ધતા હોવી જરૂરી છે. આ માપદંડ હેઠળ શાળાના પુસ્તકાલયમાં વિદ્યાર્થી સંખ્યાના ઓછામાં ઓછા પાંચગણા પુસ્તકો હોય, જેમાં વિવિધ ભાષાના, વિવિધ વિષયો – પ્રવાહો, ક્ષેત્રો સંબંધિત પુસ્તકો હોય તો તેને ઉત્તમ કક્ષા ગણી શકાય. જો કે અહીં એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે પુસ્તકાલયના

GCERT - GSQAC

ઉપલબ્ધ પુસ્તકોની સંખ્યા નક્કી કરતી વખતે તેમાં પાઠ્યપુસ્તકો સિવાયના પુસ્તકોની ગણતરી કરવાની છે. વળી, એક પુસ્તક એટલે એક અલાયદું ટાઈટલ (શીર્ષક) ધરાવતું પુસ્તક એવો અર્થ કરવાનો છે.

- **વર્તમાનપત્રો અને સામયિકોની ઉપલબ્ધતા અને ઉપયોગ:** આ માપદંડ હેઠળ શાળાના પુસ્તકાલયમાં વિવિધ ભાષા, વિવિધ વિષયો અને પ્રવાહો, વર્તમાનપત્રો અને સામયિકો નિયમિત રીતે આવતાં હોય અને શાળા વિદ્યાર્થીઓ દ્વારા તેમનો નિયમિત ઉપયોગ થતો હોય તેવી અપેક્ષા રાખવામાં આવી છે.
- **ડિજિટલ પુસ્તકાલય:** આ માપદંડ હેઠળ શાળાએ પુસ્તકાલયના વ્યાપને વધારવા તથા વિવિધ સાહિત્યની ઉપલબ્ધતાને સુગમ બનાવવા માટે કરેલ પ્રયાસો વિશે જાણવાનો છે. જો શાળામાં સંપૂર્ણ રીતે કાર્યરત ડિજિટલ લાઇબ્રેરી હોય, તેમાં વિવિધ સંદર્ભ સામગ્રી (pdf, videos, e-books, audio books, e-magazines, e-newspapers, DIKSHA, subscription based e-resources) ઉપલબ્ધ હોય અને વિદ્યાર્થીઓ તેમને અપાયેલ યુઝર આઇડી (User ID)ની મદદથી કોઇપણ સ્થળે – સમયે આ સંસાધનોનો ઉપયોગ કરી શકતા હોય તો તે ઉત્તમ સ્થિતિ ગણી શકાય.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: શાળા પુસ્તકાલય | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| **માપદંડ** | **કક્ષા 0** | **કક્ષા 1** | **કક્ષા 2** | **કક્ષા 3** |
| શાળા પુસ્તકાલયની વ્યવસ્થા (પુસ્તકાલય માટે ચોક્કસ સ્થાન, પુસ્તકોનું ડેડસ્ટૉક રજિસ્ટર, પુસ્તકોનું યોગ્ય વિભાગીકરણ અને ઇશ્યૂ રજિસ્ટર, પુસ્તકો જોવા – | ▪ શાળામાં પુસ્તકાલય સંબંધિત કોઈ વ્યવસ્થા નથી. / શાળામાં પુસ્તકો ઉપલબ્ધ છે પણ તેને પુસ્તકાલય સ્વરૂપમાં | ▪ શાળામાં પુસ્તકાલય માટે કોઇ જગ્યા સુનિશ્ચિત કરવામાં આવી છે.<br>▪ ડેડસ્ટૉક રજિસ્ટર અને ઇશ્યૂ રજિસ્ટર અદ્યતન કરેલા છે પરંતુ | ▪ શાળામાં પુસ્તકાલય માટે કોઇ જગ્યા સુનિશ્ચિત કરવામાં આવી છે.<br>▪ ડેડસ્ટૉક રજિસ્ટર અને ઇશ્યૂ રજિસ્ટર અદ્યતન કરેલા છે. | ▪ શાળામાં પુસ્તકાલય માટે કોઇ જગ્યા સુનિશ્ચિત કરવામાં આવી છે.<br>▪ ડેડસ્ટૉક રજિસ્ટર અને ઇશ્યૂ રજિસ્ટર અદ્યતન કરેલા છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: શાળા પુસ્તકાલય

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| પસંદ કરવાની સુગમતા | સુયોજિત કર્યા નથી. | પુસ્તકોનું યોગ્ય વિભાગીકરણ કરવામાં આવ્યું નથી. | ▪ પુસ્તકોનું યોગ્ય વિભાગીકરણ કરવામાં આવ્યું છે. | ▪ પુસ્તકોનું યોગ્ય વિભાગીકરણ કરવામાં આવ્યું છે. તેમજ વિદ્યાર્થીઓ પુસ્તકો જોઇ શકે – પસંદ કરી શકે તેવી વ્યવસ્થા છે.<br>▪ શાળાએ પુસ્તકાલય સંબંધિત રેકોર્ડનું ડિજિટલાઇઝેશન કર્યું છે. |
| પુસ્તકોની ઉપલબ્ધતા (વિદ્યાર્થી સંખ્યાથી ઓછામાં ઓછા પાંચગણા પુસ્તકો, વિવિધ ભાષાના, વિવિધ વિષયો – પ્રવાહો, ક્ષેત્રો સંબંધિત પુસ્તકો) – પાઠ્યપુસ્તકો સિવાયના પુસ્તકો અને 1 પુસ્તક = 1 ટાઈટલ | ▪ શાળા પુસ્તકાલયમાં પર્યાપ્ત માત્રામાં પુસ્તકો ઉપલબ્ધ નથી. | ▪ શાળામાં પર્યાપ્ત માત્રામાં પુસ્તકો ઉપલબ્ધ છે. પરંતુ તેમાં વિવિધ વિષયક્ષેત્રો કે ભાષાઓને ધ્યાને રાખવામાં આવ્યા નથી. | ▪ શાળામાં પર્યાપ્ત માત્રામાં પુસ્તકો ઉપલબ્ધ છે. જેમાં વિવિધ વિષયક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે પણ વિવિધ ભાષાઓને ધ્યાને રાખવામાં આવી નથી. | ▪ શાળામાં પર્યાપ્ત માત્રામાં પુસ્તકો ઉપલબ્ધ છે. જેમાં વિવિધ વિષયક્ષેત્રોનો અને ભાષાઓને ધ્યાને રાખવામાં આવી છે. |

GCERT - GSQAC

**પેટાક્ષેત્ર: શાળા પુસ્તકાલય**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| વર્તમાનપત્રો અને સામયિકોની ઉપલબ્ધતા અને ઉપયોગ (વિવિધ ભાષા, વિવિધ વિષયો અને પ્રવાહો, વર્તમાનપત્રો અને સામયિકોની નિયમિતતા – લવાજમના સંદર્ભમાં, વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગ) | ▪ શાળામાં પર્યાપ્ત માત્રામાં વર્તમાનપત્રો અને સામયિકો ઉપલબ્ધ નથી. | ▪ શાળામાં વિવિધ ભાષામાં વર્તમાનપત્રો અને વિવિધ વિષયક્ષેત્રો અને ભાષાઓને ધ્યાને રાખી સામયિકો આવે છે. જેમની સંખ્યા પર્યાપ્ત છે પણ વર્તમાનપત્રો – સામયિકો નિયમિત આવતા નથી. | ▪ શાળામાં વિવિધ ભાષામાં વર્તમાનપત્રો અને વિવિધ વિષયક્ષેત્રો અને ભાષાઓને ધ્યાને રાખી સામયિકો આવે છે. જેમની સંખ્યા પર્યાપ્ત છે. વર્તમાનપત્રો – સામયિકો નિયમિત આવે છે પણ વિદ્યાર્થીઓ દ્વારા તેનો ઉપયોગ થતો નથી. | ▪ શાળામાં વિવિધ ભાષામાં વર્તમાનપત્રો અને વિવિધ વિષયક્ષેત્રો અને ભાષાઓને ધ્યાને રાખી સામયિકો આવે છે. જેમની સંખ્યા પર્યાપ્ત છે અને વર્તમાનપત્રો – સામયિકો નિયમિત આવે છે. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે છે. |
| ડિજિટલ પુસ્તકાલય | ▪ શાળામાં ડિજિટલ પુસ્તકાલય કે ડિજિટલ પુસ્તકાલયના ભાગરૂપે કોઇપણ પ્રકારના ઇ - સંસાધનો (e-resources) ઉપલબ્ધ નથી. / શાળામાં ઉપલબ્ધ | ▪ શાળામાં ડિજિટલ પુસ્તકાલયના ભાગરૂપે કમ્પ્યૂટર કે હાર્ડ ડ્રાઈવમાં શૈક્ષણિક PDF અને દૃશ્યશ્રાવ્ય સામગ્રી (videos) ઉપલબ્ધ છે. ▪ શાળાના વિદ્યાર્થીઓ – | ▪ શાળામાં પુસ્તકાલયમાં 'ડિજિટલ લાઇબ્રેરી કોર્નર' છે. જેમાં કમ્પ્યૂટર /ટેબ્લેટ સ્વરૂપમાં વિવિધ સંદર્ભ સામગ્રી (pdf, videos, e- | ▪ શાળામાં સંપૂર્ણ રીતે કાર્યરત ડિજિટલ લાઇબ્રેરી છે. જેમાં વિવિધ સંદર્ભ સામગ્રી (pdf, videos, e-books, audio books, e-magazines, e-newspapers, |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા પુસ્તકાલય | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | ઇ – સંસાધનોનો ઉપયોગ થતો નથી. | શિક્ષકો તેનો નિયમિત રીતે ઉપયોગ કરે છે. | books) ઉપલબ્ધ છે.<br>▪ શાળાના વિદ્યાર્થીઓ – શિક્ષકો તેનો નિયમિત રીતે ઉપયોગ કરે છે. | DIKSHA, subscription based e-resources) ઉપલબ્ધ છે.<br>▪ શાળાના વિદ્યાર્થીઓ તેમને અપાયેલ યુઝર આઇડી (User ID)ની મદદથી કોઇપણ સ્થળે – સમયે આ સંસાધનોનો ઉપયોગ કરી શકે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | પુસ્તકાલયની સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | પુસ્તકાલયના પુસ્તકોના ડેડસ્ટોક રજીસ્ટરની અદ્યતન તારીજ | PDF |
| 3 | પુસ્તકાલયમાં આવતાં વર્તમાનપત્રો અને સામયિકોની અદ્યતન વિગત, છેલ્લાં લવાજમની વિગત | PDF |
| 4 | પુસ્તકાલયના ડિજિટલાઇઝેશનની વિગત | PDF |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: શૈક્ષણિક ટેકનોલોજી

ટેક્નોલોજી એ માનવક્ષમતાનો વિસ્તાર છે, તેવી જ રીતે શૈક્ષણિક ટેક્નોલોજી શિક્ષકની ક્ષમતાઓનો વિસ્તાર છે. આ પેટાક્ષેત્ર હેઠળ શાળા કક્ષાએ ઉપલબ્ધ શૈક્ષણિક ટેક્નોલોજીના ઉપકરણોની સ્થિતિ અને ટેક્નોલોજીની મદદથી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના અધ્યયન અનુભવોને અસરકારક અને ફળદાયી બનાવવાના પ્રયાસોને જોવાનો આશય છે. આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **કમ્પ્યૂટર પ્રયોગશાળા:** આ માપદંડ હેઠળ શાળામાં ઉપલબ્ધ કમ્પ્યૂટર પ્રયોગશાળા વપરાશયોગ્ય સ્થિતિમાં હોય તેમજ તેનો લાભ વિદ્યાર્થીઓને મળે તે માટે સમયપત્રકમાં આયોજનપૂર્વક તેના તાસ ગોઠવાયેલ હોય તેવું અપેક્ષિત છે. આયોજન અનુસાર વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર લેબમાં શીખવા માટે તક મળતી હોય તો આ માપદંડમાં શાળાની સ્થિતિને ઉત્તમ ગણી શકાય.
- **સ્માર્ટ ક્લાસ રૂમ:** આ માપદંડ હેઠળ શાળામાં ઉપલબ્ધ સ્માર્ટ બૉર્ડ્ર્સની સ્થિતિ અને ઉપયોગ વિશે જાણકારી મેળવવાનો આશય છે. જો શાળાના સ્માર્ટ બોર્ડ્સ કાર્યરત હોય અને તમામ શિક્ષકો શૈક્ષણિક કાર્ય માટે તેનો ઉપયોગ કરતા હોય તો તેને ઉત્તમ ગણી શકાય. આ માપદંડ જે શાળાઓમાં સ્માર્ટ બૉર્ડ્સની ફાળવવામાં આવ્યાં છે/ ઉપલબ્ધ છે તેવી જ શાળાઓને લાગુ પડશે.
- **DTHની (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની) સુવિધા:** આ માપદંડ હેઠળ શાળામાં BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવા માટે DTHની સુવિધા ઉપલબ્ધ હોય, કાર્યરત હોય અને શાળા દ્વારા આયોજનપૂર્વક વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓને આ પ્રસારણનો લાભ આપવામાં આવતો હોય તો તેને ઉત્તમ કહી શકાય.
- **શાળા સંબંધિત માહિતીની ઉપલબ્ધતા અને પારદર્શિતા માટે ટેક્નોલોજીનો ઉપયોગ:** આજે માહિતીની આપ-લે માટેના ટેક્નોલોજિકલ પ્લેટફોર્મ્સ ઘણાં સુલભ બન્યાં છે. શાળાઓ તેમના ઉપયોગ દ્વારા હિતધારકો સાથે હકારાત્મક અને પારદર્શી સંબંધ સ્થાપી શકે છે. આ માટે શાળાની વેબસાઈટ, મોબાઇલ એપ્લિકેશન, સોશિયલ મીડિયા ચેનલ જેવા માધ્યમોનો ઉપયોગ શક્ય છે. શાળા આ માધ્યમો પર શાળાના વિઝન-મિશન, અભ્યાસક્રમ, વાર્ષિક આયોજન,

GCERT - GSQAC

સહઅભ્યાસ પ્રવૃત્તિ, પરીક્ષાઓના પરિણામ, કર્મચારીઓની શૈક્ષણિક પ્રોફાઇલ, ફીની વિગતો વગેરે જેવી તમામ પ્રકારની માહિતી જ જાહેર કરતી હોય તો તે આ માપદંડ હેઠળ ઉત્તમ સ્થિતિમાં છે તેમ કહી શકાય.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: શૈક્ષણિક ટેકનોલોજી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| કમ્પ્યૂટર પ્રયોગશાળા (લાગુ પડતું હોય ત્યાં) | ▪ શાળાની કમ્પ્યૂટર પ્રયોગશાળાના કમ્પ્યૂટર્સ કાર્યરત નથી / પ્રયોગશાળામાં ઇન્ટરનેટ ઉપલબ્ધ નથી / કમ્પ્યૂટર્સ કાર્યરત છે પરંતુ શાળાના સમયપત્રકમાં બધા વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર્સ શીખવા મળે તેવું આયોજન નથી. | ▪ શાળાની કમ્પ્યૂટર પ્રયોગશાળામાં ઇન્ટરનેટ સુવિધા સાથે મોટાભાગના કમ્પ્યૂટર્સ કાર્યરત છે પરંતુ શાળાના સમયપત્રકમાં બધા વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર્સ શીખવા મળે તેવું આયોજન નથી. | ▪ શાળાની કમ્પ્યૂટર પ્રયોગશાળામાં ઇન્ટરનેટ સુવિધા સાથે તમામ કમ્પ્યૂટર્સ કાર્યરત છે પરંતુ શાળાના સમયપત્રકમાં મોટાભાગના વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર્સ શીખવા મળે તેવું આયોજન છે. | ▪ શાળાની કમ્પ્યૂટર પ્રયોગશાળામાં ઇન્ટરનેટ સુવિધા સાથે તમામ કમ્પ્યૂટર્સ કાર્યરત છે અને શાળાના સમયપત્રકમાં બધા વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર્સ શીખવા મળે તેવું આયોજન છે. |
| સ્માર્ટ ક્લાસ રૂમ (લાગુ પડતું હોય ત્યાં) | ▪ વર્ગમાંના સ્માર્ટ બોર્ડ્સ કાર્યરત નથી. / સ્માર્ટ બોર્ડ્સ કાર્યરત છે પણ શાળાના 50% થી ઓછા | ▪ શાળાના સ્માર્ટ બોર્ડ્સ કાર્યરત છે અને શાળાના 51 % થી 70% શિક્ષકો શૈક્ષણિક કાર્ય માટે તેનો ઉપયોગ કરે છે. | ▪ શાળાના સ્માર્ટ બોર્ડ્સ કાર્યરત છે અને શાળાના 71 % થી 90% શિક્ષકો શૈક્ષણિક કાર્ય માટે તેનો ઉપયોગ કરે છે. | ▪ શાળાના સ્માર્ટ બોર્ડ્સ કાર્યરત છે અને શાળાના 91% થી 100% શિક્ષકો શૈક્ષણિક |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શૈક્ષણિક ટેકનોલોજી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | શિક્ષકો શૈક્ષણિક કાર્ય માટે તેનો ઉપયોગ કરે છે. | | | કાર્ય માટે તેનો ઉપયોગ કરે છે. |

| પેટાક્ષેત્ર: શૈક્ષણિક ટેકનોલોજી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| DTHની (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની) સુવિધા | ▪ શાળામાં DTH (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની સુવિધા) ઉપલબ્ધ નથી. / શાળામાં DTH (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની સુવિધા) ઉપલબ્ધ છે પરંતુ કાર્યરત નથી/ તેનો ઉપયોગ કરવામાં આવતો નથી. | ▪ શાળામાં DTH (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની સુવિધા) ઉપલબ્ધ છે અને માત્ર શિક્ષકની ગેરહાજરીના કિસ્સામાં વિદ્યાર્થીઓને તેના પરથી પ્રસારિત થતાં કાર્યક્રમો બતાવવામાં આવે છે. | ▪ શાળામાં DTH (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની સુવિધા) ઉપલબ્ધ છે.<br>▪ વિદ્યાર્થીઓને તેના પરથી પ્રસારિત થતા કાર્યક્રમો બતાવવા માટે શાળાએ આયોજન તૈયાર કરેલ છે.<br>▪ શાળા મોટાભાગે આ આયોજન અનુસાર વિદ્યાર્થીઓને કાર્યક્રમો બતાવે છે. | ▪ શાળામાં DTH (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની સુવિધા) ઉપલબ્ધ છે.<br>▪ વિદ્યાર્થીઓને તેના પરથી પ્રસારિત થતા કાર્યક્રમો બતાવવા માટે શાળાએ આયોજન તૈયાર કરેલ છે.<br>▪ શાળા આ આયોજન અનુસાર વિદ્યાર્થીઓને કાર્યક્રમો બતાવે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: શૈક્ષણિક ટેકનોલોજી

GS | GIS | SFS | FS | PS | MS | SS

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| શાળા સંબંધિત માહિતીની ઉપલબ્ધતા અને પારદર્શિતા માટે ટેક્નોલોજીનો ઉપયોગ (વેબસાઇટ/બ્લોગ/મોબાઇલ એપ્લિકેશન/ સોશિયલ મીડિયા ચેનલ – પબ્લિક ડિસ્ક્લોઝર) | ▪ શાળા તેના હિતધારકોને શાળા સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરતી નથી. | ▪ શાળા તેના હિતધારકોને શાળા સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવા માટે શાળાના બ્લોગ, સોશિયલ મીડિયા ચેનલ જેવા માધ્યમોનો ઉપયોગ કરે છે.<br>▪ શાળા આ માધ્યમો પર શાળાના વિઝન – મિશન, અભ્યાસક્રમ, વાર્ષિક આયોજન, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ જેવી અમુક ચોક્કસ પ્રકારની માહિતી જ જાહેર કરે છે. | ▪ શાળા તેના હિતધારકોને શાળા સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવા માટે શાળાની વેબસાઈટ, સોશિયલ મીડિયા ચેનલ જેવા માધ્યમોનો ઉપયોગ કરે છે.<br>▪ શાળા આ માધ્યમો પર શાળા વિઝન-મિશન, અભ્યાસાક્રમ, વાર્ષિક આયોજન, સહઅભ્યાસ પ્રવૃત્તિ, પરીક્ષાઓના પરિણામ જેવી અમુક ચોક્કસ પ્રકારની માહિતી જ જાહેર કરે છે. | ▪ શાળા તેના હિતધારકોને શાળા સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવા માટે શાળાની વેબસાઈટ, મોબાઇલ એપ્લિકેશન, સોશિયલ મીડિયા ચેનલ જેવા માધ્યમોનો ઉપયોગ કરે છે.<br>▪ શાળા આ માધ્યમો પર શાળાના વિઝન-મિશન, અભ્યાસાક્રમ, વાર્ષિક આયોજન, સહઅભ્યાસ પ્રવૃત્તિ, પરીક્ષાઓના પરિણામ, કર્મચારીઓની શૈક્ષણિક પ્રોફાઇલ, ફીની |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શૈક્ષણિક ટેકનોલોજી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | | વિગતો વગેરે જેવી તમામ પ્રકારની માહિતી જ જાહેર કરે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | કમ્પ્યૂટર પ્રયોગશાળાની સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | કમ્પ્યૂટર પ્રયોગશાળાના ઉપકરણો – સાધનોના ડેડસ્ટોક રજીસ્ટરની અદ્યતન તારીજ (વપરાશયોગ્ય અને વપરાશમાં ન લઈ શકાય તેવા ઉપકરણો – સાધનોના વિભાજન સહિત) | PDF |
| 3 | કમ્પ્યૂટર પ્રયોગશાળામાં ઈન્ટરનેટની ઉપલબ્ધતા અંગેની વિગત (અદ્યતન લવાજમ/ બિલની વિગત) | PDF |
| 4 | શાળા સમયપત્રકમાં કમ્પ્યૂટરના તાસ અને તે મુજબ થતાં શૈક્ષણિક કાર્યની વિગત | PDF |
| 5 | સ્માર્ટ કલાસ રૂમની સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 6 | શાળામાં ઉપલબ્ધ વપરાશમાં અને બંધ સ્માર્ટ ક્લાસની સંખ્યા અને શાળાના શિક્ષકો દ્વારા તેના ઉપયોગની વિગત | PDF |
| 7 | DTHની (BISAG – N દ્વારા પ્રસારિત કાર્યક્રમો જોવાની) સુવિધા અને વિદ્યાર્થીઓને કાર્યક્રમો બતાવવા અંગેના આયોજન અને અમલની વિગત | PDF |
| 8 | શાળા સંબંધિત માહિતીની ઉપલબ્ધતા અને પારદર્શિતા માટે ટેક્નોલોજીનો ઉપયોગ અંગેનો અહેવાલ (કેવી વ્યવસ્થા છે, કઈ માહિતી મૂકવામાં આવે છે વગેરે) | PDF |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: PM પોષણ યોજના

વિદ્યાર્થીઓમાં કુપોષણની અસર શાળામાં તેમની હાજરી અને શૈક્ષણિક સિદ્ધિ પર થતી હોય છે. આથી સરકારશ્રી દ્વારા મધ્યાહન ભોજન યોજના અમલમાં મૂકવામાં આવી હતી. જેને હવે PM પોષણ યોજનામાં પરિષ્કૃત કરવામાં આવી છે. હવે, આ યોજના અંતર્ગત શાળાઓમાં વિદ્યાર્થીઓને પૌષ્ટિક નાસ્તો અને ભોજન આપવામાં આવે છે. આ આયોજન કુપોષણની શિક્ષણ પરની વિપરિત અસરોની સમસ્યાના નિવારણની સાથે સામાજિક સમરસતાને પણ પોષે છે. આ યોજનાનો હેતુ વિદ્યાર્થીઓમાં પોષણ અને શિક્ષણ બંને સુનિશ્ચિત કરવાનો છે. આથી ભોજન – નાસ્તાની ગુણવત્તા અને યોજનાના અમલીકરણમાં પૂર્ણ સ્વચ્છતા ખૂબ જરૂરી છે.

આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **વિદ્યાર્થીઓની ભોજન પહેલાં અને પછીની સ્વચ્છતા અંગેની ટેવ:** આ માપદંડ હેઠળ વિદ્યાર્થીઓ ભોજન પહેલાં પાણી અને સાબુ વડે હાથ સ્વચ્છ કરતા હોય તેમજ ભોજન બાદ હાથ અને મોંની પણ યોગ્ય રીતે સફાઈ કરતા હોય તે અપેક્ષિત છે.
- **રસોડા, કોઠાર અને રસોઈના સાધનો - વાસણોની સ્વચ્છતા:** આ માપદંડ હેઠળ PM પોષણ અંતર્ગત આપવામાં આવતા નાસ્તા – ભોજન જ્યાં બનાવવામાં આવતા હોય તે રસોડાં, સામગ્રી રાખવા માટેના કોઠાર અને ઉપયોગમાં લેવાતાં વાસણોની સ્વચ્છતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો શાળા આ તમામ સ્થાન અને ઉપકરણો – વાસણોની સ્વછતા રાખે તો તે ઉત્તમ સ્થિતિ કહી શકાય. શાળામાં અન્ય સંસ્થા દ્વારા નાસ્તો કે ભોજન તૈયાર કરીને પહોંચાડવામાં આવતાં હોય તેવી સ્થિતિમાં રસોડા અને કોઠારની સ્વચ્છતા માપદંડનો ભાગ બનશે નહીં. આવી શાળાઓમાં વાસણોની સ્વચ્છતા જોવામાં આવશે.
- **ભોજન માટેના સ્થાનની સ્વચ્છતા:** શાળાના જે સ્થાનનો વિદ્યાર્થીઓ દ્વારા નાસ્તા – ભોજન માટે ઉપયોગ કરવામાં આવતો હોય તે સ્થાન વિદ્યાર્થીઓ ભોજન કરવા બેસે તે પહેલાં અને ભોજન કરી લે તે પછી સ્વચ્છ હોય તે અપેક્ષિત

GCERT - GSQAC

છે. આ માટે, ભોજન પહેલાં ભોજન માટેના સ્થાનની સાવરણી/સાવરણા વડે સફાઈ કરવામાં આવતી હોય – આવશ્યક હોય તો પોતું પણ મારવામાં આવતું હોય અને ભોજન બાદ ભોજન માટેના સ્થાનની પોતું મારી સફાઈ કરવામાં આવતી હોય તો ઉત્તમ સ્થિતિ ગણી શકાય.

- **ભોજનની ગુણવત્તાની ચકાસણી:** શિક્ષકો દ્વારા PM પોષણ યોજના અંતર્ગત અપાતા ભોજન-નાસ્તાની ગુણવત્તા ચકાસણી દરરોજ રોટેશન પદ્ધતિથી કરવામાં આવતી હોય અને ચકાસણીને આધારે સુધારણા માટે પ્રતિભાવ/સૂચના આપવામાં આવતા હોય તેને ઉત્તમ કહી શકાય.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: PM પોષણ યોજના | | | | |
|---|---|---|---|---|
| GS, GIS, SFS | FS, PS | MS, SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| રસોડા, કોઠાર અને રસોઈના સાધનો - વાસણોની સ્વચ્છતા (આ પૈકી જે લાગુ પડતું હોય તેની ચકાસણી કરવી) | ▪ શાળામાં PM પોષણ યોજના માટે ઉપયોગમાં લેવાતાં રસોડા, કોઠાર અને રસોઈના સાધનો – વાસણોની સ્વચ્છતા સંતોષકારક નથી. | ▪ શાળામાં PM પોષણ યોજના માટે ઉપયોગમાં લેવાતાં રસોડા, કોઠાર અને રસોઈના સાધનો – વાસણોની સ્વચ્છતા મહદઅંશે સંતોષકારક છે. (અમુક સાધનો/વાસણો/વપરાશની કુલ જગ્યાના અમુક ભાગમાં સ્વચ્છતાની | ▪ શાળામાં PM પોષણ યોજના માટે ઉપયોગમાં લેવાતાં રસોડા, કોઠાર અને રસોઈના સાધનો – વાસણોની સ્વચ્છતા મહદઅંશે સંતોષકારક છે. (તમામ સાધનો-વાસણો અને મોટાભાગની જગ્યાઓ સંપૂર્ણપણે સ્વચ્છ છે.) | ▪ શાળામાં PM પોષણ યોજના માટે ઉપયોગમાં લેવાતાં રસોડા, કોઠાર અને રસોઈના સાધનો – વાસણોની સ્વચ્છતા સંપૂર્ણપણે સંતોષકારક છે. (તમામ સાધનો-વાસણો અને જગ્યાઓ સંપૂર્ણપણે સ્વચ્છ છે.) |

GCERT - GOAC

## પેટાક્ષેત્ર: PM પોષણ યોજના

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | જરૂરિયાત જાણાય છે.) | | |
| ભોજન માટેના સ્થાનની સ્વચ્છતા | ▪ ભોજન પહેલાં અને પછી ભોજન માટેના સ્થાનથી યોગ્ય રીતે સફાઈ કરવામાં આવતી નથી. | ▪ ભોજન પહેલાં અને પછી ભોજન માટેના સ્થાનથી માત્ર સાવરણી/સાવરણી વડે સફાઈ કરવામાં આવે છે. | ▪ ભોજન પહેલાં અને પછી ભોજન માટેના સ્થાનથી સાવરણી/સાવરણી વડે સફાઈ કરવામાં આવે છે.<br>▪ ભોજન બાદ જરૂર જણાય તેટલા ભાગમાં પોતું મારવામાં આવે છે. | ▪ ભોજન પહેલાં ભોજન માટેના સ્થાનથી સાવરણી/સાવરણી વડે સફાઈ કરવામાં આવે છે.<br>▪ ભોજન બાદ ભોજન માટેના સ્થાનની પોતું મારી સફાઈ કરવામાં આવે છે. |
| ભોજનની ગુણવત્તાની ચકાસણી | ▪ શાળામાં PM પોષણ યોજના અંતર્ગત અપાતા ભોજન-નાસ્તાની ગુણવત્તા ચકાસણી માટે કોઈ આયોજન – વ્યવસ્થા નથી. / પ્રત્યેક અઠવાડિયામાં 1 - 2 વાર ચકાસણી કરવામાં આવે છે. | ▪ શિક્ષકો દ્વારા PM પોષણ યોજના અંતર્ગત અપાતા ભોજન-નાસ્તાની ગુણવત્તા ચકાસણી અઠવાડિયામાં 3 - 4 વાર રોટેશન પદ્ધતિથી કરવામાં આવે છે પરંતુ ચકાસણીને આધારે સુધારણા માટે પ્રતિભાવ/સૂચના આપવામાં આવતાં નથી. | ▪ શિક્ષકો દ્વારા PM પોષણ યોજના અંતર્ગત અપાતા ભોજન-નાસ્તાની ગુણવત્તા ચકાસણી અઠવાડિયામાં 3 - 4 વાર રોટેશન પદ્ધતિથી કરવામાં આવે છે.<br>▪ ચકાસણીને આધારે સુધારણા માટે પ્રતિભાવ/સૂચના આપવામાં આવે છે. | ▪ શિક્ષકો દ્વારા PM પોષણ યોજના અંતર્ગત અપાતા ભોજન-નાસ્તાની ગુણવત્તા ચકાસણી દરરોજ રોટેશન પદ્ધતિથી કરવામાં આવે છે.<br>▪ ચકાસણીને આધારે સુધારણા માટે પ્રતિભાવ/સૂચના આપવામાં આવે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | રસોડા, કોઠાર અને રસોઈના સાધનો – વાસણો જેવી સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | ભોજન માટેના સ્થાનનો ફોટોગ્રાફ અને તેની સ્વચ્છતા માટેની વ્યવસ્થાની વિગત | PDF |
| 3 | ભોજનની ગુણવત્તાની ચકાસણી અને ગુણવત્તા અંગે પ્રતિભાવ આપવાની વ્યવસ્થાની વિગત | PDF |

## પેટાક્ષેત્ર: શાળા કેન્ટીન

આ માપદંડ શાળામાં કેન્ટીન ધરાવતી શાળાઓને લાગુ પડશે. જ્યારે કોઈ શાળામાં કેન્ટીન સુવિધા ઉપલબ્ધ હોય છે ત્યારે વિદ્યાર્થીઓ, શાળાના કર્મચારીઓ અને મુલાકાતીઓના સ્વાસ્થ્યની સલામતીના સંદર્ભમાં શાળાની સવિશેષ જવાબદારી બને છે. ઘણા કિસ્સામાં શાળામાં ચાલતી કેન્ટીન શાળા સિવાયની કોઈ અન્ય એજન્સી કે કોન્ટ્રાકટર/ વ્યક્તિ દ્વારા સંચાલિત હોય છે. આ કિસ્સામાં પણ શાળા કેન્ટીનને લઈને શાળાની તેટલી જ જવાબદારી બને છે.

આ પેટાક્ષેત્ર હેઠળના માપદંડ અને તેની કક્ષાઓ નીચે મુજબ છે.

| પેટાક્ષેત્ર: શાળા કેન્ટીન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| શાળા કેન્ટીનની સ્વચ્છતા, સુઘડતા અને આરોગ્યની દૃષ્ટિએ સલામતી | ▪ શાળાના કેન્ટીનમાં સ્વચ્છતાનો અભાવ છે. / કેન્ટીનનું ભોજન વાસી-બિન આરોગ્યપ્રદ છે. / રસોઈ/બેઠક | ▪ શાળા કેન્ટીન સંબંધિત તમામ સુવિધાઓ (રસોડું, વાસણો, ખાદ્ય/પેય પદાર્થો રાખવાની જગ્યા, બેઠક વ્યવસ્થા, પીવાના અને હાથ ધોવાના | ▪ શાળા કેન્ટીન સંબંધિત તમામ સુવિધાઓ (રસોડું, વાસણો, ખાદ્ય/પેય પદાર્થો રાખવાની જગ્યા, બેઠક વ્યવસ્થા, પીવાના અને હાથ ધોવાના | ▪ શાળા કેન્ટીન સંબંધિત તમામ સુવિધાઓ (રસોડું, વાસણો, ખાદ્ય/પેય પદાર્થો રાખવાની જગ્યા, બેઠક વ્યવસ્થા, પીવાના અને હાથ ધોવાના |

| પેટાક્ષેત્ર: શાળા કેન્ટીન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS / SS | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | વ્યવસ્થા સલામત નથી. | પાણીની સુવિધા, બેઠક વ્યવસ્થા વગેરે)માં સ્વચ્છતાની જાળવણી થાય છે.<br>▪ કેન્ટીનમાં મોટાભાગે તૈયાર (packaged) અને જંક ફૂડનું વેચાણ થાય છે.<br>▪ શાળા કેન્ટીન સલામત છે અને સલામતીની દૃષ્ટિએ શાળા કેન્ટીનની નિયમિત રીતે ચકાસણી કરવામાં આવે છે. | પાણીની સુવિધા, બેઠક વ્યવસ્થા વગેરે)માં સ્વચ્છતાની જાળવણી થાય છે.<br>▪ કેન્ટીનમાં મહદ અંશે તાજા અને આરોગ્યપ્રદ ખાદ્ય અને પેય પદાર્થોનું વેચાણ થાય છે.<br>▪ આરોગ્ય અને સલામતીની દૃષ્ટિએ શાળા કેન્ટીન સલામત છે અને આ અંગે તેની નિયમિત રીતે ચકાસણી કરવામાં છે. | પાણીની સુવિધા, બેઠક વ્યવસ્થા વગેરે)માં સ્વચ્છતાની જાળવણી થાય છે.<br>▪ કેન્ટીનમાં જંક ફૂડ પર પ્રતિબંધ છે અને માત્ર તાજા અને આરોગ્યપ્રદ ખાદ્યપદાર્થો – પીણાં ઉપલબ્ધ છે.<br>▪ કેન્ટીનના મેનુમાં ખાદ્ય/પેયસામગ્રીની પોષણ સંબંધિત વિગતો દર્શાવવામાં આવે છે.<br>▪ આરોગ્ય અને સલામતીની દૃષ્ટિએ શાળા કેન્ટીન સલામત છે અને આ અંગે તેની નિયમિત રીતે ચકાસણી કરવામાં છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | કેન્ટીનની રસોઈ અને ભોજન/નાસ્તા માટેની બેઠક વ્યવસ્થાની સંપૂર્ણ સુવિધાનો ખ્યાલ આવે તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | કેન્ટીનની સાફસફાઈ માટેના સ્ટાફ અને સફાઈ માટેના સમયપત્રકની વિગત | PDF |
| 3 | કેન્ટીનના મેનુ (Menu)ની વિગત | PDF |
| 4 | આરોગ્ય અને સલામતીની દૃષ્ટિએ શાળા કેન્ટીનની ચકાસણી માટેની વ્યવસ્થા અને તેના અમલીકરણની વિગતો | PDF |

## પેટાક્ષેત્ર : પાણી, શૌચાલય અને સ્વચ્છતા

શાળામાં તમામ વિદ્યાર્થીઓ માટે પીવાલાયક પાણીની સુચારુ વ્યવસ્થા એ પાયાની જરૂરિયાત છે. આ સિવાય શાળામાં સ્વચ્છ અને પર્યાપ્ત સુવિધાયુક્ત અને કાર્યરત શૌચાલયોની ઉપલબ્ધતા વિદ્યાર્થીઓની શાળામાં હાજરીને અસર કરતું પરિબળ છે. શાળામાં ઉત્પન્ન થતા કચરાનું યોગ્ય વ્યવસ્થાપન માત્ર શાળામાં સ્વચ્છતા જાળવવા માટે જ નહીં પણ વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ અને ટેવ કેળવવામાં પણ મદદરૂપ થાય છે. આથી આ પેટાક્ષેત્રમાં આ ત્રણ બાબતો પર ભાર મૂકતા નીચે મુજબના માપદંડ રાખવામાં આવ્યા છે.

- **પીવાના પાણીની ઉપલબ્ધતા અને વ્યવસ્થા :** આ માપદંડ હેઠળ શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પર્યાપ્ત માત્રામાં પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ રહેતું હોય, જુદીજુદી વયકક્ષાના વિદ્યાર્થીઓ સરળતાથી પીવાના પાણીની વ્યવસ્થાનો ઉપયોગ કરી શકે તેવું આયોજન હોય તો તેને ઉત્તમ ગણી શકાય.
- **પાણીની ટાંકીની સફાઈ :** પાણી અને સ્વાસ્થ્યને સીધો જ સંબંધ છે આથી શાળાની પીવાના પાણીની ટાંકીની સમયાંતરે યોગ્ય રીતે સફાઈ થાય તે આવશ્યક છે. જો શાળા દ્વારા વર્ષમાં ઓછામાં ઓછી બે વાર આ કામગીરીના નિષ્ણાત વ્યાવસાયિકોની મદદથી પાણીની ટાંકીની સફાઈ કરાવવામાં આવતી હોય તો તેને ઉત્તમ ગણી શકાય.

GCERT - GSQAC

- **શૌચાલયોની ઉપલબ્ધતા:** શાળામાં કુમાર અને કન્યાઓ માટે અલાયદા શૌચાલયોની વ્યવસ્થા હોય તે અનિવાર્ય છે. શાળામાં દર 40 કુમાર દીઠ 1 અને દર 25 કન્યા દીઠ 1 શૌચાલય ઉપલબ્ધ હોય તે જરૂરી છે. આ ઉપરાંત શાળામાં વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે જરૂરી સુવિધા સાથેના શૌચાલયો હોવા પણ જરૂરી છે.
- **શૌચાલયોની સ્થિતિ:** શાળાઓમાં આ પ્રકારના શૌચાલયોની ઉપલબ્ધતાની સાથે તેની સ્થિતિની ચકાસણી પણ એટલી જ મહત્ત્વની છે. જો શાળામાં ઉપલબ્ધ તમામ શૌચાલયો સુવિધાપૂર્ણ અને વપરાશયોગ્ય હોય તો તેને ઉત્તમ કહી શકાય.
- **શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા:** આ માપદંડ હેઠળ શાળાના શૌચાલય સંકુલના તમામ શૌચાલયમાં નળ મારફત પાણી આવતું હોય અને સમગ્ર દિવસ દરમિયાન પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ રહેતું હોય તેવી અપેક્ષા છે.
- **શૌચાલયોની સ્વચ્છતા અને રખરખાવ:** જો શાળાના શૌચાલયોની યોગ્ય સફાઈ સામગ્રીથી દરરોજ સફાઈ કરવામાં આવતી હોય તેમજ જ્યારે પણ શૌચાલયોમાં કોઇ સમારકામની આવશ્યકતા હોય ત્યારે તાત્કાલિક સમારકામ કરાવવામાં આવતું હોય તો તેને ઉત્તમ ગણી શકાય.
- **કચરાનું વ્યવસ્થાપન:** આ માપદંડ અંતર્ગત શાળામાં કચરાના પ્રકાર અનુસાર જુદાજુદા રંગની કચરાપેટીઓ રાખવામાં આવતી હોય અને શાળાના તમામ વિદ્યાર્થીઓ આ વ્યવસ્થાનું સારી રીતે પાલન કરતા હોય તેવી અપેક્ષા છે. આ સાથે શાળામાં એકત્રિત થયેલ કચરાનો શાળા દ્વારા યોગ્ય નિકાલ કે પુનઃઉપયોગ કરવામાં આવતો હોય તો આ માપદંડમાં શાળા ઉત્તમ કરી રહી છે તેમ કહી શકાય.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: પાણી, શૌચાલય અને સ્વચ્છતા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| પીવાના પાણીની ઉપલબ્ધતા અને વ્યવસ્થા | ▪ શાળામાં પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ નથી. | ▪ શાળામાં પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ છે. જુદીજુદી વયકક્ષાના વિદ્યાર્થીઓ પીવાના પાણીની વ્યવસ્થાનો સરળતાથી ઉપયોગ કરી શકે છે પરંતુ વર્ષના અમુક સમયગાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ થતું નથી. | ▪ શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પર્યાપ્ત માત્રામાં પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ રહે છે પરંતુ જુદીજુદી વયકક્ષાના વિદ્યાર્થીઓ પીવાના પાણીની વ્યવસ્થાનો સરળતાથી ઉપયોગ કરી શકતા નથી. | ▪ શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પર્યાપ્ત માત્રામાં પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ રહે છે તેમજ જુદીજુદી વયકક્ષાના વિદ્યાર્થીઓ પીવાના પાણીની વ્યવસ્થાનો સરળતાથી ઉપયોગ કરી શકે છે. |
| પાણીની ટાંકીની સફાઈ | ▪ શાળાની પાણીની ટાંકીની સફાઈ કરવામાં આવતી નથી. | ▪ શાળા દ્વારા વર્ષમાં એક વાર સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ વ્યાવસાયિકો પાણીની ટાંકીની સફાઈ કરાવવામાં આવે છે. | ▪ શાળા દ્વારા વર્ષમાં ઓછામાં ઓછી બે વાર સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ વ્યાવસાયિકો પાસે પાણીની ટાંકીની સફાઈ કરાવવામાં આવે છે. | ▪ શાળા દ્વારા વર્ષમાં ઓછામાં ઓછી બે વાર આ કામગીરીના વ્યાવસાયિક નિષ્ણાતો પાસે યોગ્ય સાધન સામગ્રી અને |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર : પાણી, શૌચાલય અને સ્વચ્છતા | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | પદ્ધતિ વડે પાણીની ટાંકીની સફાઈ કરાવવામાં આવે છે. |
| શૌચાલયોની ઉપલબ્ધતા<br><br>(કન્યાઓ માટે 1:25 અને કુમારો માટે 1:40) | ▪ શાળામાં કુમાર – કન્યાઓ અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે અલાયદા શૌચાલયોની વ્યવસ્થા નથી.<br>▪ શાળામાં પ્રવર્તમાન નિયમો અનુસાર આવશ્યક લઘુત્તમ શૌચાલય સંખ્યાના 10% થી વધુ શૌચાલયોની ઘટ છે. | ▪ શાળામાં કુમાર – કન્યાઓ અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે અલાયદા શૌચાલયોની વ્યવસ્થા છે.<br>▪ શાળામાં પ્રવર્તમાન નિયમો અનુસાર આવશ્યક લઘુત્તમ શૌચાલય સંખ્યા કરતા 1 - 10% કે તેની વધુ પ્રમાણમાં શૌચાલયોની ઘટ છે. | ▪ શાળામાં કુમાર – કન્યાઓ અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે અલાયદા શૌચાલયોની વ્યવસ્થા છે.<br>▪ શાળામાં પ્રવર્તમાન નિયમો અનુસાર આવશ્યક લઘુત્તમ સંખ્યા મુજબના શૌચાલયો ઉપલબ્ધ છે. | ▪ શાળામાં કુમાર – કન્યાઓ અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે અલાયદા શૌચાલયોની વ્યવસ્થા છે.<br>▪ શાળામાં પ્રવર્તમાન નિયમો અનુસાર આવશ્યક લઘુત્તમ સંખ્યા કરતાં વધુ સંખ્યામાં શૌચાલયો ઉપલબ્ધ છે. |
| શૌચાલયોની સ્થિતિ | ▪ શાળામાં ઉપલબ્ધ શૌચાલયો પૈકી 20% થી વધુ | ▪ શાળામાં ઉપલબ્ધ શૌચાલયો પૈકી 81% - 90% | ▪ શાળામાં ઉપલબ્ધ શૌચાલયો પૈકી 91% - 99% | ▪ શાળામાં ઉપલબ્ધ તમામ શૌચાલયો વપરાશ યોગ્ય |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: પાણી, શૌચાલય અને સ્વચ્છતા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | શૌચાલયો વપરાશ યોગ્ય સ્થિતિમાં/ ઉપયોગમાં નથી. | શૌચાલયો વપરાશ યોગ્ય સ્થિતિમાં/ ઉપયોગમાં છે.<br>▪ ઉપયોગમાં ન હોય તેવા શૌચાલયોમાં સામાન્ય મરામતની જરૂર છે. | શૌચાલયો વપરાશ યોગ્ય સ્થિતિમાં/ ઉપયોગમાં છે.<br>▪ ઉપયોગમાં ન હોય તેવા શૌચાલયોમાં સામાન્ય મરામતની જરૂર છે. | સ્થિતિમાં/ ઉપયોગમાં છે. |
| શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા | ▪ શૌચાલયમાં ઉપયોગ માટેના પાણીની વ્યવસ્થા નથી./ શૌચાલયમાં ઉપયોગ માટે શૌચાલય સંકુલની બહારથી પાણી લાવવું પડે છે. | ▪ શૌચાલય સંકુલની અંદર જ પાણીની પર્યાપ્ત વ્યવસ્થા છે પરંતુ શૌચાલયમાં નળ મારફત પાણી આવતું નથી. | ▪ શૌચાલય સંકુલના મોટાભાગનાં શૌચાલયમાં નળ મારફત અને પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ છે. | ▪ શૌચાલય સંકુલના દરેક શૌચાલયમાં નળ મારફત અને પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ છે. |

| પેટાક્ષેત્ર: મુલાકાતી ખંડ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS / SS | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | ▪ સામાન્ય સંજોગોમાં વિદ્યાર્થીઓ સાથે મુલાકાતના દિવસો અને કલાકો નિશ્ચિત છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | મુલાકાતી ખંડની સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | મુલાકાતી રજીસ્ટરનો નમૂનો અને મુલાકાતના નિયમોની વિગત | PDF |
| 3 | મુલાકાતી ખંડના સાધનો – ઉપકરણોના ડેડસ્ટોકની અદ્યતન તારીજ | PDF |

## પેટાક્ષેત્ર: પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા

શાળા છાત્રાલયમાં પ્રાથમિક સારવાર અને આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓને તાત્કાલિક યોગ્ય આરોગ્ય સેવા મળે તે માટેની વ્યવસ્થા ખૂબ જ મહત્ત્વની છે. પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા માપદંડની ચાર કક્ષાઓ આ પ્રમાણે છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા | ▪ છાત્રાલયમાં પ્રાથમિક સારવાર પેટી ઉપલબ્ધ નથી./ વિદ્યાર્થીઓને છાત્રાલયમાં ઉપલબ્ધ પ્રાથમિક સારવાર પેટી વિશે જાણકારી નથી. / આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ-છાત્રાલયના કર્મચારીઓ માટે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવા અંગે છાત્રાલયે કોઇ વ્યવસ્થા કરી નથી. | ▪ છાત્રાલયમાં પ્રાથમિક સારવાર પેટી ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને તેના વિશે જાણકારી છે પરંતુ પેટીમાં પર્યાપ્ત માત્રામાં જરૂરી સાધન – સામગ્રી નથી.<br>▪ આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ-છાત્રાલયના કર્મચારીઓ માટે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવા અંગે છાત્રાલય પરિસરમાં આપાતકાલીન સંપર્ક નંબર પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. છાત્રાલયના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને આપાતકાલીન | ▪ છાત્રાલયમાં પ્રાથમિક સરવારની પેટી ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને તેના વિશે જાણકારી છે.<br>▪ પેટીમાં જરૂરી સાધન સામગ્રી પર્યાપ્ત માત્રામાં હોય છે. સમયાંતરે તેમાં સાધન-સામગ્રી ઉમેરવામાં /બદલવામાં આવે છે.<br>▪ પ્રાથમિક સારવારની પેટીનો ઉપયોગ માત્ર શિક્ષકો દ્વારા જ થાય છે.<br>▪ આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ-છાત્રાલયના કર્મચારીઓ માટે તબીબી સેવા | ▪ છાત્રાલયમાં પ્રાથમિક સરવારની પેટી ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને તેના વિશે જાણકારી છે. પેટીમાં જરૂરી સાધન સામગ્રી પર્યાપ્ત માત્રામાં હોય છે. સમયાંતરે તેમાં સાધન-સામગ્રી ઉમેરવામાં /બદલવામાં આવે છે. શિક્ષકો ઉપારાંત છાત્રાલયના સૌથી ઉપરના ધોરણો (ધોરણ 7 થી 12 પૈકી જે ઉપલબ્ધ હોય તે)ના વિદ્યાર્થીઓ પ્રાથમિક સારવારની પેટીનો ઉપયોગ કરી શકે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા | | | | |
|---|---|---|---|---|
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | સંપર્કો વિશે જાણકારી છે. | ઉપલબ્ધ કરાવવા અંગે છાત્રાલય પરિસરમાં આપાતકાલીન સંપર્ક નંબર પ્રદર્શિત કરવામાં આવ્યાં છે.<br>▪ છાત્રાલયના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને આપાતકાલીન સંપર્કો વિશે જાણકારી છે.<br>▪ આપાતકાલીન તબીબી સેવા ઉપલબ્ધ થઇ શકે તે માટે છાત્રાલયે આસપાસના દવાખાના/ હોસ્પિટલ સાથે સંલગ્ન કરેલ છે. | ▪ આકસ્મિક સ્થિતિમાં વિદ્યાર્થીઓ-છાત્રાલયના કર્મચારીઓ માટે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવા અંગે છાત્રાલયે પરિસરમાં આપાતકાલીન સંપર્ક નંબર પ્રદર્શિત કર્યા છે.<br>▪ છાત્રાલયના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને આપાતકાલીન સંપર્કો વિશે જાણકારી છે.<br>▪ આપાતકાલીન તબીબી સેવા ઉપલબ્ધ થઇ શકે તે માટે છાત્રાલયે આસપાસના દવાખાના/ હોસ્પિટલ સાથે સંલગ્ન કરેલ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવા સંબંધિત સુવિધા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | | ▪ છાત્રાલયમાં પ્રાથમિક સારવાર માટે અલાયદા કક્ષની સુવિધા ઉપલબ્ધ છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | પ્રાથમિક સારવાર પેટી અને પ્રાથમિક સારવાર કક્ષની સંપૂર્ણ વ્યવસ્થા દેખાય તેવો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 2 | આકસ્મિક પરિસ્થિતિમાં આરોગ્ય સેવાઓ મેળવવા અંગે છાત્રાલયમાં આપાતકાલીન સંપર્કોની વિગત પ્રદર્શિત કરવામાં આવી હોય તેનો ફોટોગ્રાફ | JPEG/PNG |
| 3 | છાત્રાલય દ્વારા આસપાસના દવાખાના/હોસ્પિટલ સાથે કોઈ કરાર કરેલ હોય તો તેની વિગત | PDF |

GCERT - GCQAC

## પેટાક્ષેત્ર: સલામતી

શાળા છાત્રાલયની સલામતીના સંદર્ભમાં નક્કી કરવામાં આવેલ માપદંડ અને તેની કક્ષાઓ અહીં દર્શાવ્યા પ્રમાણે છે.

**પેટાક્ષેત્ર: સલામતી**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| ઓરડા અને મકાન | ▪ છાત્રાલયના ઓરડા – મકાનની માળખાકીય સ્થિતિ ભયજનક છે. (દિવાલો, છત, ભોંયતળિયું, દરવાજા, બારીઓ, ઓરડામાંનું ફર્નિચર વગેરેની સ્થિતિ) | ▪ છાત્રાલયની માળખાકીય સ્થિતિ ભયજનક નથી પરંતુ છાત્રાલયમાં સમારકામની જરૂર છે.<br>▪ (દા.ત. અમુક ટાઇલ્સ ખૂલી જવી, અમુક ફર્નિચર સારી સ્થિતિમાં ન હોવું વગેરે) | ▪ છાત્રાલયની સ્થિતિ સારી છે પરંતુ સાધારણ સમારકામની સમારકામની જરૂર છે.<br>▪ (દા.ત. કલરની પોપડીઓ ઉખડવી, અમુક ટાઇલ્સ બોદી હોવી વગેરે) | ▪ છાત્રાલયની સ્થતિ ખૂબ સારી છે. સારી સ્થિતિ જળવાઇ રહે તે માટે છાત્રાલય મકાનનો જરૂરી રખરખાવ કરવામાં આવે છે. |
| કમ્પાઉન્ડ વોલ | ▪ છાત્રાલયને કમ્પાઉન્ડ વોલ નથી. | ▪ છાત્રાલયને ફરતે વાડ કરવામાં આવી છે / કાચી દિવાલ છે. | ▪ છાત્રાલયને પાકી કમ્પાઉન્ડ વોલ છે પણ તેના અમુક ભાગમાં થોડા સમારકામની જરૂર છે. (દા.ત. કલરની પોપડીઓ ઉખડવી, જોખમી ન હોય તેવી સાધારણ તિરાડ, એકાદ – બે ઇંટ નીકળી જતાં ત્યાં છિદ્ર બનવું વગેરે) | ▪ છાત્રાલયને પાકી કમ્પાઉન્ડ વોલ છે અને તેની સ્થિતિ સારી છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | | MS / SS |
| **માપદંડ** | **કક્ષા 0** | **કક્ષા 1** | **કક્ષા 2** | **કક્ષા 3** |
| સલામતી માટેના સ્ટાફની વ્યવસ્થા | ▪ છાત્રાલયમાં સલામતી માટેના સ્ટાફ/ વોચમેનની વ્યવસ્થા નથી. | ▪ છાત્રાલયમાં માત્ર રાત્રિના સમય માટે વોચમેન ઉપલબ્ધ રહે છે. | ▪ છાત્રાલયમાં દિવસ અને રાત પાળી માટે જુદા-જુદા વોચમેન ઉપલબ્ધ રહે છે.<br>▪ કોઈ એક વોચમેનની આકસ્મિક ગેરહાજરીમાં હાજર વોચમેન બંને પાળી સંભાળે છે, પરંતુ બંનેની ગેરહાજરીમાં તાત્કાલિક અવેજી વોચમેનની વ્યવસ્થા કરવામાં આવે છે.<br>▪ વોચમેન પાસે મુલાકાતીઓની નોંધણી માટેનું રજિસ્ટર અને સંપર્ક માટેના જરૂરી નંબર ઉપલબ્ધ છે.<br>▪ સુરક્ષા સ્ટાફ પાસે વાતચીત માટે | ▪ છાત્રાલયમાં દિવસ અને રાત પાળી માટે જુદા-જુદા વોચમેન ઉપલબ્ધ રહે છે.<br>▪ કોઇપણ વોચમેનની આકસ્મિક અનુસ્થિતિના કિસ્સામાં તાત્કાલિક અવેજી વોચમેનની વ્યવસ્થા કરવામાં આવે છે.<br>▪ વોચમેન પાસે મુલાકાતીઓની નોંધણી માટેનું રજિસ્ટર અને સંપર્ક માટેના જરૂરી નંબર ઉપલબ્ધ છે.<br>▪ સુરક્ષા સ્ટાફ પાસે વાતચીત માટે જરૂરી સાધનો (જેમ કે ઇન્ટરકોમ, વૉકી- |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | |
|---|---|---|---|---|
| GS GIS SFS | | FS PS MS SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | જરૂરી સાધનો (જેમ કે ઇન્ટરકોમ, વૉકી-ટૉકી કે મોબાઇલ) ઉપલબ્ધ છે | ટૉકી કે મોબાઇલ) ઉપલબ્ધ છે<br>▪ સલામતી સ્ટાફને 'ચાઈલ્ડ સેફ્ટી', પ્રાથમિક ચિકિત્સા (First Aid) અને ફાયર સેફ્ટી અંગેની તાલીમ આપવામાં આવી છે.<br>▪ સુરક્ષા સ્ટાફની કામગીરીનું નિયમિત નિરીક્ષણ છાત્રાલયના વોર્ડન કે સત્તાધિકારી દ્વારા કરવામાં આવે છે અને તેના રેકોર્ડ નિભાવવામાં આવે છે. |
| વીજળીકરણ અને વીજઉપકરણો<br><br>(યોગ્ય વાયરિંગ, અર્થિંગ, MCB, સલામત ઉપકરણો અને જોખમી વિસ્તાર | ▪ છાત્રાલયમાં વીજળીકરણ અને વીજઉપકરણોની સ્થિતિના સંદર્ભમાં સલામત નથી.<br>▪ (વાયર્સ ખુલ્લા હોય / ઉપકરણો | ▪ છાત્રાલયમાં યોગ્ય વાયરિંગ –અર્થિંગ કરવામાં આવ્યું છે. મોટાભાગના વીજઉપકરણો સલામત છે. | ▪ છાત્રાલયમાં યોગ્ય વાયરિંગ –અર્થિંગ કરવામાં આવ્યું છે.<br>▪ વીજઉપકરણો સલામત છે. | ▪ છાત્રાલયમાં યોગ્ય વાયરિંગ કરવામાં આવ્યું છે.<br>▪ વીજઉપકરણો સલામત છે.<br>▪ છાત્રાલયમાં વિદ્યુતના સંદર્ભમાં |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| સંદર્ભે ચેતવણી, ફેન્સિંગ, પ્રવેશ પ્રતિબંધ, તાત્કાલિક સમારકામ) | જોખમી સ્થિતિમાં હોય / MCBનો ઉપયોગ ન થયો હોય / સમારકામમાં હંમેશાં વિલંબ થતો હોય) | ▪ છાત્રાલયમાં વિદ્યુતના સંદર્ભમાં કોઇ જોખમી વિસ્તાર નથી / જોખમી વિસ્તારના સંદર્ભમાં યોગ્ય ચેતવણી અને ફેન્સિંગ/ પ્રવેશ પ્રતિબંધ છે.<br>▪ વીજળીકરણ અને વીજઉપકરણોના સંદર્ભમાં જરૂરિયાત ઉભી થતાં તાત્કાલિક સમારકામમાં ક્યારેક વિલંબ થાય છે. | ▪ છાત્રાલયમાં વિદ્યુતના સંદર્ભમાં કોઇ જોખમી વિસ્તાર નથી / જોખમી વિસ્તારના સંદર્ભમાં યોગ્ય ચેતવણી અને ફેન્સિંગ/ પ્રવેશ પ્રતિબંધ છે.<br>▪ વીજળીકરણ અને<br>▪ વીજઉપકરણોના સંદર્ભમાં જરૂરિયાત ઉભી થતાં તાત્કાલિક સમારકામમાં ક્યારેક વિલંબ થાય છે. | કોઇ જોખમી વિસ્તાર નથી / જોખમી વિસ્તારના સંદર્ભમાં યોગ્ય ચેતવણી અને ફેન્સિંગ/ પ્રવેશ પ્રતિબંધ છે.<br>▪ વીજળીકરણ અને વીજઉપકરણોના સંદર્ભમાં જરૂરિયાત ઉભી થતાં તાત્કાલિક સમારકામ કરવામાં આવે છે. |
| CCTV કેમેરાની વ્યવસ્થા | ▪ છાત્રાલયમાં CCTV કેમેરાની સુવિધા નથી/છાત્રાલયમાં ઉપલબ્ધ CCTV કેમેરા કાર્યરત નથી/ | ▪ છાત્રાલયમાં ઉપલબ્ધ મોટાભાગના CCTV કેમેરા કાર્યરત છે.<br>▪ જે છાત્રાલયની સલામતીની દષ્ટિએ આવશ્યક | ▪ છાત્રાલયમાં ઉપલબ્ધ તમામ CCTV કેમેરા કાર્યરત છે.<br>▪ છાત્રાલયની સલામતીની દષ્ટિએ આવશ્યક મોટાભાગના | ▪ છાત્રાલયમાં ઉપલબ્ધ તમામ CCTV કેમેરા કાર્યરત છે.<br>▪ છાત્રાલયની સલામતીની દષ્ટિએ આવશ્યક તમામ વિસ્તારને |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | મોટાભાગના કાર્યરત નથી. | મુખ્ય વિસ્તારને સારી રીતે આવરી લે છે.<br>▪ છાત્રાલય પાસે CCTV સિસ્ટમની મર્યાદા અનુસાર મળવાપાત્ર રેકોર્ડિંગ ઉપલબ્ધ હોય છે. | વિસ્તારને સારી રીતે આવરી લે છે.<br>▪ છાત્રાલય પાસે CCTV સિસ્ટમની મર્યાદા અનુસાર મળવાપાત્ર રેકોર્ડિંગ ઉપલબ્ધ હોય છે. | સારી રીતે આવરી લે છે.<br>▪ છાત્રાલય પાસે CCTV સિસ્ટમની મર્યાદા અનુસાર મળવાપાત્ર રેકોર્ડિંગ ઉપલબ્ધ હોય છે. |
| ફાયર સેફ્ટી | ▪ છાત્રાલયમાં ફાયર સેફ્ટી સાધનો ઉપલબ્ધ નથી/ વપરાશયોગ્ય નથી/ ફાયર સેફ્ટી સંબંધિત જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ નથી./ વર્ષમાં એક વાર મોકડ્રિલ કરવામાં આવતી નથી. | ▪ છાત્રાલયમાં ફાયર સેફ્ટીના સાધનો, જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ છે.<br>▪ છાત્રાલયના કર્મચારીઓને ફાયર સેફ્ટીના સાધનોના ઉપયોગ અંગેની સમજ છે પણ મોકડ્રિલ કરવામાં આવતી નથી. | ▪ છાત્રાલયમાં ફાયર સેફ્ટીના સાધનો અને જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ છે.<br>▪ વર્ષમાં એક વાર મોકડ્રિલ કરવામાં આવે છે.<br>▪ છાત્રાલયના કર્મચારીઓને ફાયર સેફ્ટીના સાધનોના ઉપયોગ અંગેની સમજ છે પણ વિદ્યાર્થીઓને આવી સમજ નથી. | ▪ છાત્રાલયમાં ફાયરી સેફ્ટીના સાધનો અને જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ છે.<br>▪ વર્ષમાં એક વાર મોકડ્રિલ કરવામાં આવે છે.<br>▪ છાત્રાલયના કર્મચારીઓને અને વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટીના સાધનોના ઉપયોગ અંગેની સમજ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે સુસજ્જતા | ▪ છાત્રાલયના 50% કે તેથી ઓછા કર્મચારીઓએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. | ▪ છાત્રાલયના 51% થી 70% કર્મચારીઓએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. | ▪ છાત્રાલયના 71% થી 90% કર્મચારીઓએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. | ▪ છાત્રાલયના 91% થી 100% કર્મચારીઓએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ લીધેલ છે. |
| ટ્રાન્સપોર્ટેશનની સુવિધા<br><br>(લાગું પડતું હોય ત્યાં) | ▪ છાત્રાલય દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું પાલન થતું નથી. | ▪ છાત્રાલય દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન થાય છે.<br>▪ છાત્રાલય દ્વારા પ્રત્યેક વર્ષની શરુઆતમાં આ બાબતે ચકાસણી થાય છે.<br>▪ ટ્રાન્સ્પોર્ટેશનના સંદર્ભમાં શાળા, વાલીઓ અને સંબંધિત ઉપરી અધિકારીઓ – કચેરી સાથે યોગ્ય | ▪ છાત્રાલય દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન થાય છે.<br>▪ છાત્રાલય દ્વારા પ્રત્યેક સત્રની શરુઆતમાં આ બાબતે ચકાસણી થાય છે.<br>▪ ટ્રાન્સ્પોર્ટેશનના સંદર્ભમાં શાળા, વાલીઓ અને સંબંધિત ઉપરી અધિકારીઓ – કચેરી સાથે યોગ્ય | ▪ છાત્રાલય દ્વારા ટ્રાન્સપોર્ટેશનના સંદર્ભમાં રાજ્યથી પ્રસારિત સૂચનાઓ-માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન થાય છે.<br>▪ છાત્રાલય દ્વારા સમયાંતરે આ બાબતે ચકાસણી થાય છે.<br>▪ ટ્રાન્સ્પોર્ટેશનના સંદર્ભમાં શાળા, વાલીઓ અને સંબંધિત ઉપરી અધિકારીઓ – કચેરી સાથે યોગ્ય |

GCERT - GSQAC

**પેટાક્ષેત્ર: સલામતી**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | સંકલન રાખવામાં આવે છે. | સંકલન રાખવામાં આવે છે. | સંકલન રાખવામાં આવે છે. |
| વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સંબંધિત સમિતિ અને તેમની સક્રિયતા | ▪ છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સંબંધિત સમિતિની રચના કરવામાં આવી નથી.<br>▪ સમિતિ રચેલ છે પણ સક્રિય નથી. | ▪ છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સંબંધિત સમિતિની રચના કરાવામાં આવી છે પરંતુ વિદ્યાર્થીઓને આ સમિતિ અંગે જાણકારી નથી.<br>▪ આ સમિતિની ઓછી સક્રિય છે. | ▪ છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સંબંધિત સમિતિની રચના કરાવામાં આવી છે.<br>▪ વિદ્યાર્થીઓને આ સમિતિ અંગે જાણકારી છે. આ સમિતિ મહદઅંશે સક્રિય છે.<br>▪ જેના આધારો જોવા મળે છે. | ▪ છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સંબંધિત સમિતિની રચના કરાવામાં આવી છે.<br>▪ વિદ્યાર્થીઓને આ સમિતિ અંગે જાણકારી છે.<br>▪ આ સમિતિ સંપૂર્ણપણે સક્રિય છે.<br>▪ જેના આધારો જોવા મળે છે. |
| સરકારશ્રી દ્વારા આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ/SOPનું પાલન | ▪ છાત્રાલય દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે કર્મચારીઓ - વિદ્યાર્થીઓને - વાલીઓને જાગૃત કરાતા નથી. સૂચનાઓ/SOPનું પાલન થતું નથી. | ▪ છાત્રાલય દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે કર્મચારીઓ - વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવે છે.<br>▪ છાત્રાલય ના શિક્ષકો અને | ▪ છાત્રાલય દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે કર્મચારીઓ – વિદ્યાર્થીઓ - વાલીઓને જાગૃત કરવામાં આવે છે.<br>▪ છાત્રાલય સંબંધિત તમામ લોકો દ્વારા | ▪ છાત્રાલય દ્વારા આ પ્રકારની સૂચનાઓ/ SOP અંગે કર્મચારીઓ - વિદ્યાર્થીઓને - વાલીઓને જાગૃત કરવામાં આવે છે.<br>▪ છાત્રાલય સંબંધિત તમામ લોકો દ્વારા |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: સલામતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| (જ્યારે લાગુ પડતું હોય તેવી સ્થિતિમાં દા.ત. COVID -19, પ્રવાસ આયોજન વગેરે) | | વિદ્યાર્થીઓ દ્વારા આવી સૂચનાઓ/SOPનું મહદઅંશે પાલન કરવા – કરાવવામાં આવે છે. | આવી સૂચનાઓ/SOPનું મહદઅંશે પાલન કરવા – કરાવવામાં આવે છે. | આવી સૂચનાઓ/SOPનું ચુસ્ત રીતે પાલન કરવા – કરાવવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | છાત્રાલયના ઓરડા, મકાન અને કમ્પાઉન્ડ વોલની સ્થિતિ દર્શાવતા ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 2 | સલામતી માટેના સ્ટાફની નિમણૂક અને કામગીરીની વિગત | PDF |
| 3 | વીજળીકરણ અને વીજઉપકરણોની સ્થિતિ દર્શાવતા ફોટોગ્રાફ્સ (નિવાસ અને અન્ય ખંડોના) | JPEG/PNG |
| 4 | CCTV કેમેરાની વ્યવસ્થાની વિગત (કુલ અને કાર્યરત કેમેરાની સંખ્યા, તેમના સ્થાન અને વ્યાપ (coverage)ની વિગત અને નમૂનાના ફોટોગ્રાફ્સ | PDG, JPEG/PNG |
| 4 | ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર | PDF |
| 5 | ફાયર સેફ્ટીના સાધનો (જે સ્થાન પર રાખવામાં આવ્યાં હોય તે સ્થાન સહિતના) ફોટોગ્રાફ્સ | JPEG/PNG/PNG |
| 6 | મોકડ્રીલ પ્રવૃત્તિનો ફોટોગ્રાફ્સ સહિતનો અહેવાલ | PDF |
| 7 | ટ્રાન્સપોર્ટેશન સુવિધા સંબંધિત વિગત | PDF |
| 8 | વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સંબંધિત સમિતિ અને તેમની કામગીરીની વિગત | PDF |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ

શાળાની જેમ શાળાના છાત્રાલયમાં પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ થાય તે આવશ્યક છે. શાળા વ્યવસ્થાની મર્યાદામાં જેનું આયોજન શકય ન હોય તેવી પ્રવૃત્તિઓનું આયોજન છાત્રાલયમાં કરી શકાય. છાત્રાલયમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સંબંધિત માપદંડની કક્ષાઓ આ પ્રમાણે છે.

| પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| છાત્રાલય સમયપત્રક | ▪ છાત્રાલય દ્વારા કોઇ નિશ્ચિત સમયપત્રકનું પાલન કરવામાં આવતું નથી. | ▪ છાત્રાલય સમયપત્રકમાં જાગવા-સુવાનો, નાસ્તા- ભોજનનો અને મુલાકાતી સમયનો ઉલ્લેખ કરવામાં આવે છે.<br>▪ આ સિવાયની પ્રવૃત્તિઓ માટે વિદ્યાર્થીઓ મુકત હોય છે. | ▪ છાત્રાલય સમયપત્રકમાં જાગવા-સુવાનો, નાસ્તા-ભોજનનો, અભ્યાસ-મનોરંજન અને સ્વાસ્થ્ય – રમતગમત, કૌશલ્યવર્ધન પ્રવૃત્તિઓ, મુલાકાતી સમય વગેરે જેવી તમામ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.<br>▪ છાત્રાલય દ્વારા સમયપત્રકનું મહદઅંશે પાલન થાય છે. | ▪ છાત્રાલય સમયપત્રકમાં જાગવા-સુવાનો, નાસ્તા-ભોજનનો, અભ્યાસ-મનોરંજન અને સ્વાસ્થ્ય – રમતગમત, કૌશલ્યવર્ધન પ્રવૃત્તિઓ, મુલાકાતી સમય વગેરે જેવી તમામ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.<br>▪ છાત્રાલય દ્વારા સમયપત્રકનું સંપૂર્ણ પાલન થાય છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | છાત્રાલય સમયપત્રકનો નમૂનો | PDF |

GCERT - GSQAC

# પ્રકરણ 4 – ભાગ 2: SQAAF ACADEMIC

## 4.0 ભાગ 2: SQAAF ACADEMIC માં સમાવિષ્ટ માપદંડોની યાદી

સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)ના ભાગ 2 માં સમાવિષ્ટ માપદંડોની વિગત નીચે મુજબ છે.

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| અધ્યયન અને અધ્યાપન | અભ્યાસક્રમ આયોજન | ▪ શાળાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અને રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા (SCF) અને ક્ષમતાઓ-અધ્યયન નિષ્પત્તિઓ માટેની અભિમુખતા<br>▪ વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન |
| | વર્ગકાર્ય માટેનું આયોજન અને પૂર્વતૈયારી | ▪ શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીનો નિભાવ<br>▪ દૈનિક આયોજનમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ<br>▪ આચાર્ય/ સુપરવાઇઝર દ્વારા દૈનિક આયોજનપોથીની ચકાસણી |
| | વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ | ▪ હકારાત્મક વર્ગખંડ ભાવાવરણ |
| | અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા | ▪ વર્ગકાર્ય માટે જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી સાથે વર્ગપ્રવેશ<br>▪ શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન માટે તત્પર બનાવવાનો પ્રયાસ<br>▪ અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી વર્ગકાર્ય<br>▪ વર્ગકાર્ય દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 સૂચિત પદ્ધતિઓનો ઉપયોગ<br>▪ વર્ગકાર્ય દરમિયાન સહપાઠી-સહભાગી અધ્યયનની તક<br>▪ વર્ગકાર્યમાં આંતરવિષય અનુબંધ<br>▪ યોગ્ય અધ્યયન – અધ્યાપન સામગ્રી (TLM)નો ઉપયોગ<br>▪ શિક્ષક દ્વારા પૂછાતા પ્રશ્નો<br>▪ વિદ્યાર્થીઓની સમાન ભાગીદારીની સુનિશ્ચિતતા |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | રચનાત્મક મૂલ્યાંકન | ▪ વર્ગકાર્ય દરમિયાન શિક્ષક દ્વારા સતત મૂલ્યાંકન<br>▪ રચનાત્મક મૂલ્યાંકનમાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ<br>▪ (તાસના અંતે) વર્ગમાં થયેલ કાર્ય પર અનુચિંતન<br>▪ (તાસના અંતે) શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન<br>▪ (એકમના અંતે) શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન<br>▪ રચનાત્મક મૂલ્યાંકનને આધારે શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને પ્રતિપોષણ<br>▪ રચનાત્મક મૂલ્યાંકન આધારિત અનુકાર્ય |
| | આચાર્ય-સુપરવાઇઝર દ્વારા વર્ગખંડ અવલોકન | ▪ નિયમિત વર્ગખંડ અવલોકન<br>▪ શિક્ષકોને પ્રતિપોષણ<br>▪ પ્રતિપોષણના આધારે શિક્ષકોના વર્ગકાર્યમાં ગુણાત્મક સુધારણા |
| મૂલ્યાંકન | પ્રારંભિક સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન | ▪ વાંચન<br>▪ લેખન<br>▪ ગણન |
| | વિષયોની નોંધપોથીઓ/અન્ય પોથીઓમાં લેખન અને ચકાસણી | ▪ વિદ્યાર્થીઓ દ્વારા વિષયોની નોંધપોથીઓ/અન્ય પોથીઓમાં લેખન<br>▪ શિક્ષકો દ્વારા વિષયોની નોંધપોથીઓ/અન્ય પોથીઓની ચકાસણી |
| | ત્રિમાસિક કસોટીઓ | ▪ ત્રિમાસિક કસોટીઓની ઉત્તરવહીઓની ચકાસણી<br>▪ ત્રિમાસિક કસોટીઓના પરિણામોને આધારે ઉપચારાત્મક કાર્ય<br>▪ ત્રિમાસિક કસોટીઓના પરિણામોની વાલીઓને જાણ<br>▪ ત્રિમાસિક કસોટી 1માં ગુણ<br>▪ ત્રિમાસિક કસોટી 2માં ગુણ |
| | શાળાકીય પરીક્ષાઓ (સત્રાંત કસોટીઓ, પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા) | ▪ શાળાકીય પરીક્ષાઓની ઉત્તરવહીઓની ચકાસણી<br>▪ પરિણામપત્રકમાં ગુણની નોંધ<br>▪ શાળાકીય પરીક્ષાઓના પરિણામોની વાલીઓને જાણ |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | | ▪ શાળાકીય પરીક્ષાઓનું સરેરાશ પરિણામ |
| | વિદ્યાર્થીઓનું સર્વગ્રાહી મૂલ્યાંન | ▪ સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC)નો અમલ<br>▪ સર્વગ્રાહી પ્રગતિ પત્રકનો વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે ઉપયોગ |
| | બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું પ્રદર્શન | ▪ બોર્ડની પરીક્ષાઓમાં શાળાનું સરેરાશ પરિણામ<br>▪ બોર્ડની પરીક્ષાઓમાં જિલ્લાના પરિણામની સાપેક્ષે શાળાનું પરિણામ<br>▪ બોર્ડની પરીક્ષાઓમાં રાજ્યના પરિણામની સાપેક્ષે શાળાનું પરિણામ |
| | રાજ્ય કક્ષાએ લેવાતી પરીક્ષાઓમાં પ્રદર્શન | ▪ કોમન એલિજિબિલિટી ટેસ્ટ (CET)માં ભાગીદારી<br>▪ કોમન એલિજિબિલિટી ટેસ્ટ (CET)માં પ્રદર્શન<br>▪ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) પરીક્ષામાં ભાગીદારી<br>▪ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) પરીક્ષામાં પ્રદર્શન |
| | પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ અને ગુજરાત સિદ્ધિ સર્વેક્ષણ (GAS) | ▪ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના સિદ્ધિ સર્વેક્ષણ માટેની અભિમુખતા અને શાળાકીય પ્રવૃત્તિઓમાં જોડાણ<br>▪ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના સિદ્ધિ સર્વેક્ષણના પરિણામ આધારિત અનુકાર્ય |
| શાળા વ્યવસ્થાપન | શાળા નેતૃત્વ અને માનવ સંસાધન | ▪ લોકશાહી નિર્ણય પ્રક્રિયા<br>▪ શાળા સ્ટાફ મિટિંગ<br>▪ સહભાગિતા અને સહિયારી જવાબદારીને પ્રોત્સાહન<br>▪ સતત વ્યાવસાયિક વિકાસ (CPD) - તાલીમના સંદર્ભમાં<br>▪ સતત વ્યાવસાયિક વિકાસ (CPD) - શૈક્ષણિક કે વ્યાવસાયિક લાયકાતમાં વૃદ્ધિના સંદર્ભમાં |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | | ▪ સતત વ્યાવસાયિક વિકાસ (CPD) - શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/કાર્યક્રમોમાં ભાગીદારીના સંદર્ભમાં<br>▪ શિક્ષકોમાં પારસ્પરિક અધ્યયન<br>▪ ટીમ ટીચિંગ દ્વારા અધ્યાપન કાર્ય<br>▪ શાળા સમયપત્રક |
| | શાળા અને સમુદાયની ભાગીદારી | ▪ શાળામાં બાળકોના નામાંકન અને સ્થાયીકરણમાં SMC/ વાલીમંડળનો સહયોગ<br>▪ શાળાકીય બાબતોમાં SMC/ વાલીમંડળની સહભાગિતા<br>▪ વાલી – સમુદાયની ભાગીદારી<br>▪ SMC, વાલીઓ અને સમુદાયના શાળા અંગેના પ્રતિભાવો અને સૂચનો<br>▪ સમુદાયનો અધ્યયનના સ્રોત તરીકે ઉપયોગ<br>▪ સ્થાનિક સમુદાયના સંકલનથી થતી પ્રવૃત્તિઓની ગુણવત્તા<br>▪ પૂર્વ વિદ્યાર્થી સંગઠનની રચના અને તેની ભાગીદારી |
| | હાજરી અને સ્થાયીકરણના પ્રયાસ | ▪ શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓ (At Risk Students)ની ઓળખ અને અનુકાર્ય |
| સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | પ્રાર્થનાસભા | ▪ પ્રાર્થનાસભાની સામૂહિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સક્રિયતા<br>▪ પ્રાર્થનાસભાની વ્યક્તિગત – જૂથ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી<br>▪ પ્રાર્થનાસભામાં કુમાર – કન્યાની સપ્રમાણ ભાગીદારી<br>▪ પ્રાર્થનાસભામાં સંગીતના સાધનોનો ઉપયોગ<br>▪ પ્રાર્થસભામાં વૈવિધ્ય |
| | કલા અને શારીરિક શિક્ષણ | ▪ કલા શિક્ષણ પ્રવૃત્તિઓ |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | | ▪ કલા ઉત્સવની પ્રવૃત્તિઓમાં ભાગીદારી (લાગુ પડતું હોય ત્યાં)<br>▪ યોગ પ્રવૃત્તિઓમાં નિયમિતતા<br>▪ યોગ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી<br>▪ સમૂહ કવાયતમાં નિયમિતતા અને વિદ્યાર્થીઓની ભાગીદારી<br>▪ પ્રત્યેક ધોરણના વિદ્યાર્થીઓને રમતગમતની તક<br>▪ રમતગમતમાં કુમાર – કન્યાની સપ્રમાણ ભાગીદારી<br>▪ રમત સ્પર્ધાઓમાં શાળાની ભાગીદારી |
| | વિવિધ પ્રદર્શનો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી | ▪ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનો<br>▪ વિષયમંડળો અંતર્ગત થતી પ્રવૃત્તિઓ<br>▪ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ<br>▪ રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ<br>▪ શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉજવણીઓ અને દિનવિશેષ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી<br>▪ શાળામાં થતી મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ<br>▪ શાળા દ્વારા થતી સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ |
| | કૌશલ્ય અને વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ | ▪ આનંદદાયી શનિવાર અંતર્ગત થતી પ્રવૃત્તિઓ<br>▪ દફતર વિનાના 10 દિવસ સંબંધિત પ્રવૃત્તિઓ<br>▪ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ<br>▪ સ્થાનિક 'લોકવિદ્યા'ને પ્રોત્સાહન |
| | નેતૃત્વ વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ | ▪ વિદ્યાર્થીઓને નેતૃત્વ વિકાસની તક<br>▪ નેતૃત્વ માટે કુમાર – કન્યાઓને સમાન તક (લાગુ પડતું હોય ત્યાં) |
| શાળા સંસાધનો | શાળા પુસ્તકાલય | ▪ વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ |

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર | માપદંડ |
|---|---|---|
| | | ▪ શિક્ષકો દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ<br>▪ પુસ્તકાલય – વાંચન સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ |
| | PM પોષણ યોજના (લાગુ પડતું હોય ત્યાં) | ▪ વિદ્યાર્થીઓની ભોજન પહેલાં અને પછીની સ્વચ્છતા અંગેની ટેવ |
| | વિદ્યાર્થીઓની સુખાકારી | ▪ વિદ્યાર્થીઓની વ્યક્તિગત સ્વચ્છતા<br>▪ વિદ્યાર્થીઓમાં આરોગ્યપ્રદ આહાર અંગેની જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ<br>▪ માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શનની સુવિધા |
| શાળા છાત્રાલય | વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | ▪ વિવિધ પ્રવૃત્તિઓનું અને સ્પર્ધાઓ આયોજન |
| | માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શન | ▪ માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શનની સુવિધા |

## 4.1 ભાગ 2: SQAAF ACADEMICમાં સમાવિષ્ટ માપદંડોની સમજ

સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)ના ભાગ 2 માં સમાવિષ્ટ પ્રત્યેક મુખ્યક્ષેત્ર, પેટાક્ષેત્ર અને તેમાં સમાવિષ્ટ માપદંડોની કક્ષાઓની વિગત અહીં આપવામાં આવી છે.

### 4.1.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની આ પ્રમાણે છે.

## પેટાક્ષેત્ર: અભ્યાસક્રમ આયોજન

શાળાની શૈક્ષણિક પ્રક્રિયાની ગુણવત્તાના પાયામાં શાળા દ્વારા કરવામાં આવેલ અભ્યાસક્રમ આયોજન અને તેનો અમલ રહ્યા છે. પેટાક્ષેત્ર અભ્યાસક્રમ આયોજન અંતર્ગત નીચે મુજબના પરિમાણોને માપદંડ તરીકે લેવામાં આવ્યાં છે.

- **શાળાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020, રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા (SCF) અને ક્ષમતાઓ-અધ્યયન નિષ્પત્તિઓ માટેની અભિમુખતા:** પ્રત્યેક શાળા NEP 2020ની ભલામણો અનુસાર તૈયાર થયેલ અભ્યાસક્રમ માળખાને અનુસરે તે આવશ્યક છે. આ માટે શાળામાં NEP 2020, SCF અને પ્રત્યેક વિષય માટે વ્યાખ્યાયિત કરવામાં આવેલ અદ્યતન ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓ પ્રત્યેની અભિમુખતા અને જાગૃતિ હોય એ પ્રાથમિક શરત છે.
- **વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન:** આ માપદંડ હેઠળ શાળા રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખાને અનુરૂપ વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન તૈયાર કરે, જેમાં શૈક્ષણિક અને સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનું યોગ્ય સંતુલન જળવાયું હોય તેવી અપેક્ષા રાખવામાં આવી છે. શાળાએ તૈયાર કરેલ આયોજનની અસરકારકતાની જાણકારી માટે આયોજન અને તેના અમલીકરણની નિયમિત રીતે સમીક્ષા થાય તે ખૂબ જરૂરી છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: અભ્યાસક્રમ આયોજન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS / PS / MS / SS | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| શાળાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020, રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા (SCF) અને ક્ષમતાઓ-અધ્યયન | ▪ શાળાના શૈક્ષણિક કર્મચારીઓ (આચાર્ય, સુપરવાઇઝર અને શિક્ષકો)ને NEP 2020, SCF અને રાજ્ય કક્ષાએથી | ▪ શાળાના શૈક્ષણિક કર્મચારીઓને NEP 2020, SCF અને રાજ્ય કક્ષાએથી પ્રસિદ્ધ કરવામાં આવેલ ક્ષમતાઓ- | ▪ શાળાએ તેના શૈક્ષણિક કર્મચારીઓની NEP 2020, SCF અને રાજ્ય કક્ષાએથી પ્રસિદ્ધ કરવામાં આવેલ | ▪ શાળાના શૈક્ષણિક કર્મચારીઓમાં NEP 2020, SCF અને રાજ્ય કક્ષાએથી પ્રસિદ્ધ કરવામાં આવેલ ક્ષમતાઓ- |

| પેટાક્ષેત્ર: અભ્યાસક્રમ આયોજન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| નિષ્પત્તિઓ માટેની અભિમુખતા | પ્રસિદ્ધ કરવામાં આવેલ ક્ષમતાઓ-અધ્યયન નિષ્પત્તિઓ વિશે જાણકારી નથી. | અધ્યયન નિષ્પત્તિઓ વિશેની પ્રાથમિક જાણકારી છે. | ક્ષમતાઓ-અધ્યયન નિષ્પત્તિઓની અભિમુખતા માટે તાલીમ-કાર્યશાળાઓનું આયોજન કરેલ છે/ તાલીમ-કાર્યશાળાઓમાં ભાગ લીધેલ છે.<br>▪ શાળાના શૈક્ષણિક કર્મચારીઓમાં NEP 2020, SCF અને રાજ્ય કક્ષાએથી પ્રસિદ્ધ કરવામાં આવેલ ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓની પર્યાપ્ત સમજણ જોવા મળે છે. | અધ્યયન નિષ્પત્તિઓની પર્યાપ્ત સમજણ જોવા મળે છે.<br>▪ શિક્ષકો રાજ્ય કક્ષાએથી પ્રસિદ્ધ કરવામાં આવેલ અધ્યયન નિષ્પત્તિઓને અનુરૂપ શૈક્ષણિક કાર્ય કરે છે.<br>▪ શાળાના આચાર્ય – સુપરવાઇઝર અધ્યયન નિષ્પત્તિ આધારિત શૈક્ષણિક કાર્ય માટે શિક્ષકોને માર્ગદર્શિત કરવા સક્ષમ છે. |
| વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન | ▪ શાળા દ્વારા ચલાવવામાં આવતો અભ્યાસક્રમ SCF ને અનુરૂપ નથી/ | ▪ શાળાએ વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન કરેલ છે પરંતુ આ | ▪ શાળાએ SCFને અનુરૂપ વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન તૈયાર કરેલ છે. | ▪ શાળાએ SCFને અનુરૂપ વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન તૈયાર કરેલ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: અભ્યાસક્રમ આયોજન | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | શાળાએ વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન તૈયાર કર્યા નથી. | આયોજન SCF ને અનુરૂપ નથી.<br>▪ આયોજનમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર વિશેષ ધ્યાન અપાયું છે જ્યારે સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ પર ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. | ▪ આયોજનમાં શૈક્ષણિક અને સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનું યોગ્ય સંતુલન જળવાયું છે. | ▪ આયોજનમાં શૈક્ષણિક અને સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનું યોગ્ય સંતુલન જળવાયું છે.<br>▪ શાળા વિદ્યાર્થીઓમાં અધ્યયન નિષ્પત્તિઓ અને કૌશલ્ય વિકાસના સંદર્ભમાં તૈયાર કરાયેલ આયોજન અને તેના અમલીકરણની નિયમિત રીતે સમીક્ષા કરે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાના કર્મચારીઓમાં NEP 2020 અને SCFની અભિમુખતા માટે શાળા દ્વારા કરવામાં આવેલ પ્રયાસોની વિગત | PDF |
| 2 | શાળાના વાર્ષિક અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજનની નકલ | PDF |

## પેટાક્ષેત્ર : વર્ગકાર્ય માટેનું આયોજન અને પૂર્વતૈયારી

શિક્ષક દ્વારા થતા વર્ગકાર્યની અસરકારકતાના પાયામાં શિક્ષકનું આયોજન અને પૂર્વતૈયારી રહેલા હોય છે. આ પેટાક્ષેત્ર હેઠળ વર્ગકાર્ય માટેની શિક્ષકની પૂર્વતૈયારીના ભાગરૂપે શિક્ષક દ્વારા તૈયાર થતી દૈનિક આયોજનપોથીમાં નોંધની નિયમિતતા અને ગુણવત્તા તેમજ શાળાના આચાર્યશ્રી દ્વારા શિક્ષકોના દૈનિક આયોજનમાં ગુણાત્મક સુધારણા માટેના પ્રયાસોના અવલોકનનો આશય છે. આ પેટાક્ષેત્ર અંતર્ગત નીચે મુજબના પરિમાણોને માપદંડ તરીકે લેવામાં આવ્યાં છે.

- **શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીનો નિભાવ :** વર્ગખંડમાં પ્રત્યેક વિદ્યાર્થી અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરે તે માટે શિક્ષકે તેના વર્ગના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને વર્ગકાર્યનું આયોજન કરવું આવશ્યક છે. શિક્ષક દ્વારા કરવામાં આવેલ આયોજનનું પ્રતિબિંબ તેની દૈનિક આયોજનપોથીમાં જોવા મળે છે. શાળા પ્રત્યેક શિક્ષક દ્વારા નિયમિત રીતે આયોજનપોથી નિભાવવામાં આવતી હોય તેવી અપેક્ષા આ માપદંડમાં રાખવામાં આવી છે.
- **દૈનિક આયોજનમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ :** પ્રત્યેક શિક્ષક દૈનિક આયોજનપોથી નિભાવે એ માત્ર એક ઔચારિકતા નથી. દૈનિક આયોજનપોથીની નોંધ એ વર્ગખંડના પ્રત્યેક વિદ્યાર્થી સુધી પહોંચવાનો માર્ગ નક્કી કરે છે આથી તેમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ કરવામાં આવે તે આવશ્યક છે. જેમાં અધ્યયન નિષ્પત્તિ, તેના માટે આવશ્યક અધ્યયન અનુભવો, સાહિત્ય, સાધન સામગ્રી, મૂલ્યાંકન પ્રવિધિ, વિદ્યાર્થી અનુકાર્ય જેવી બાબતોનો સમાવેશ થવો અનિવાર્ય છે.
- **આચાર્ય - સુપરવાઇઝર દ્વારા દૈનિક આયોજનપોથીની ચકાસણી :** શાળાના આચાર્ય-સુપરવાઇઝર શાળાના શિક્ષકોના માર્ગદર્શકની ભૂમિકામાં હોય છે. આથી તેમના દ્વારા પ્રત્યેક શિક્ષકની દૈનિક આયોજનપોથીની નિયમિત ચકાસણી થાય અને શિક્ષકોને આવશ્યક પ્રતિભાવ આપવામાં આવે તે ગુણવત્તાયુકત શૈક્ષણિક પ્રક્રિયાને સુનિશ્ચિત કરવા માટે આવશ્યક કામગીરી છે. આ માપદંડ હેઠળ આ કામગીરી નિયમિત રીતે અને ગુણવત્તાપૂર્ણ રીતે થાય તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

GCERT - GSQAC

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડોની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: વર્ગકાર્ય માટેનું આયોજન અને પૂર્વતૈયારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીનો નિભાવ | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં નિયમિત નોંધ કરવામાં આવે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં નિયમિત નોંધ કરવામાં આવે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં નિયમિત નોંધ કરવામાં આવે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં નિયમિત નોંધ કરવામાં આવે છે. |
| દૈનિક આયોજનમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ (અધ્યયન નિષ્પત્તિ, તેના માટે આવશ્યક અધ્યયન અનુભવો, સાહિત્ય, સાધન સામગ્રી, મૂલ્યાંકન પ્રવિધિ, વિદ્યાર્થી અનુકાર્ય) | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ કરવામાં આવે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ કરવામાં આવે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ કરવામાં આવે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકો દ્વારા દૈનિક આયોજનપોથીમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી નોંધ કરવામાં આવે છે. |
| આચાર્ય - સુપરવાઇઝર દ્વારા દૈનિક આયોજનપોથીની ચકાસણી | ▪ આચાર્ય દ્વારા દૈનિક આયોજનપોથી ચકાસવામાં આવતી નથી. / ચકાસણીમાં નિયમિતતા જોવા | ▪ આચાર્ય - સુપરવાઇઝર દ્વારા દૈનિક આયોજનપોથીની ચકાસણીમાં નિયમિતતા જોવા મળે છે પણ | ▪ આચાર્ય - સુપરવાઇઝર દ્વારા દૈનિક આયોજનપોથીની ચકાસણીમાં નિયમિતતા જોવા મળે છે અને | ▪ આચાર્ય દ્વારા નિયમિત રીતે દૈનિક આયોજનપોથીઓની ચકાસણી થાય છે તેમજ તમામ શિક્ષકોને જરૂરી |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: વર્ગકાર્ય માટેનું આયોજન અને પૂર્વતૈયારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | મળતી નથી. / શિક્ષકોને જરૂરી પ્રતિભાવ આપવામાં આવતા નથી. | શિક્ષકોને પ્રતિભાવ આપવાનું પ્રમાણ ઓછું છે. | મોટાભાગે શિક્ષકોને જરૂરી પ્રતિભાવ આપવામાં આવે છે. | પ્રતિભાવ આપવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાના 20% શિક્ષકોની દૈનિક આયોજનપોથીની નોંધના નમૂના | PDF |
| 2 | આચાર્ય – સુપરવાઇઝર દ્વારા કરવામાં આવેલ નોંધ/ નોંધવામાં આવેલ પ્રતિભાવ જોઈ શકાય તેવી આયોજનપોથીના પાનાના નમૂના | PDF |

## વર્ગખંડ અવલોકન અંગે માર્ગદર્શક સૂચનો

મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપનના હવે પછીના પેટાક્ષેત્રોમાં શાળાના આચાર્ય-સુપરવાઇઝર દ્વારા શિક્ષક દ્વારા થતા વર્ગકાર્યના નિરીક્ષણના આધારે માહિતી એકત્રિત કરીને ગુણોત્સવ 2.0ના પોર્ટલ પર અપલોડ કરવાની થશે. વર્ગખંડ નિરીક્ષણ માટે વર્ગની પસંદગી માટે શાળાના આચાર્યે-સુપરવાઇઝરે અહીં આપેલ માર્ગદર્શક સૂચનો ધ્યાને લેવાના રહેશે.

- **વર્ગખંડ નિરીક્ષણ માટે વર્ગની પસંદગી:**
  - જો શાળામાં માત્ર એક જ ધોરણ અને તે ધોરણનો એક જ વર્ગ ચાલતો હોય તો ઓછામાં ઓછા બે તાસની વર્ગખંડ પ્રક્રિયાનું નિરીક્ષણ કરવાનું રહેશે.
  - જો શાળામાં બે વર્ગ ચાલતા હોય તો ઓછામાં ઓછા ચાર વર્ગખંડ નિરીક્ષણ કરવાના રહેશે.

GCERT - GSQAC

- જો શાળામાં ત્રણ કે તેથી વધુ વર્ગ ચાલતા હોય તો ઓછામાં ઓછા છ વર્ગખંડ નિરીક્ષણ કરવાના રહેશે.
- વર્ગખંડ નિરીક્ષણ માટે વર્ગની પસંદગી માટે શાળામાં ચાલતા ધોરણો અને તે ધોરણોના વર્ગોની સંખ્યા મહત્ત્વની છે.
- વર્ગખંડ નિરીક્ષણ માટે વર્ગ પસંદગી કરતી વખતે વધુમાં વધુ શિક્ષકો અને વિષયોના વર્ગખંડની પસંદગી થાય તે અપેક્ષિત છે. આથી વર્ગખંડ પસંદગી માટે નીચેની સામાન્ય સૂચના પ્રમાણે કાર્ય કરવું.
  - વર્ગખંડ અવલોકનમાં શાળાના વધુમાં વધુ ધોરણ, તેના જુદા જુદા વર્ગ અને વિષયો સમાવવા પ્રયત્ન કરવો.
  - એક જ શિક્ષક દ્વારા એક કરતા વધુ વિષયો ભણાવવામાં આવતા હોય ત્યારે તેમના એક કરતા વધુ તાસનું અવલોકન કરવાનું ટાળવું.
  - વર્ગખંડની પસંદગી યાદચ્છિક રીતે (randomly) કરવી.
- આચાર્ય-સુપરવાઇઝર દ્વારા યાદચ્છિક રીતે (randomly) પસંદ થયેલ વર્ગમાં શિક્ષકના વર્ગકાર્યનું નિરીક્ષણ કરવાનું છે.
- વર્ગખંડની નિયમિત પ્રક્રિયાને ખલેલ ન પહોંચે તે રીતે વર્ગખંડ નિરીક્ષણના માધ્યમથી આ મુખ્યક્ષેત્રના સંબંધિત માપદંડોની ચકાસણી કરવાની છે.
- વર્ગખંડ પ્રક્રિયાના નિરીક્ષણ દરમિયાન વિદ્યાર્થી અને શિક્ષક સાથે ચર્ચા કરવાની જરૂરિયાત જણાય તો વર્ગખંડ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદ કરવો.
- વર્ગખંડ નિરીક્ષણ દરમિયાન ચકાસણી હેઠળના માપદંડના સંદર્ભમાં જોવા મળતી બાબતોની નોંધ કરતા રહેવું જેથી ડેટા એન્ટ્રી સમયે કોઇ અવઢવ ન રહે.

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ

વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ વિદ્યાર્થીઓની અધ્યયન માટેની સક્રિયતા ઉપરાંત અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્ગના ભાવાવરણમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથેના હકારાત્મક – પ્રેરણાદાયી વ્યવહાર ખૂબ અગત્યનો છે. જેમાં શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય સંબોધન, વિદ્યાર્થીઓને રજૂઆત કરવા, પ્રશ્ન પૂછવા તેમજ ચર્ચા માટે ભયમુક્ત વાતાવરણ અને વર્ગની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવા માટેની  પ્રેરણા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: વર્ગખંડ વ્યવસ્થા અને ભાવાવરણ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| હકારાત્મક વર્ગખંડ ભાવાવરણ (શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય સંબોધન, રજૂઆત કરવા, પ્રશ્ન પૂછવા – ચર્ચા માટે ભયમુક્ત વાતાવરણ, શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા) | ▪ વર્ગખંડમાં હકારાત્મક ભાવાવરણનો અભાવ જોવા મળે છે. | ▪ શિક્ષક વિદ્યાર્થીઓને નામ કે યોગ્ય સંબોધનથી બોલાવે છે પણ વર્ગમાં અધ્યયન માટે ભયમુકત વાતાવરણનો અભાવ જોવા મળે છે. | ▪ શિક્ષક વિદ્યાર્થીઓને નામ કે યોગ્ય સંબોધનથી બોલાવે છે તેમજ વર્ગમાં અધ્યયન માટે ભયમુકત વાતાવરણ જોવા મળે છે. | ▪ શિક્ષક વિદ્યાર્થીઓને નામ કે યોગ્ય સંબોધનથી બોલાવે છે, વર્ગમાં અધ્યયન માટે ભયમુકત વાતાવરણ જોવા મળે છે તેમજ શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યયન માટે પ્રેરિત કરે છે. |

GCERT GUJARAT

## પેટાક્ષેત્ર: અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા

પેટાક્ષેત્ર અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા હેઠળ નીચે મુજબના પરિમાણોને માપદંડ તરીકે લેવામાં આવ્યાં છે.

- **વર્ગકાર્ય માટે જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી સાથે વર્ગપ્રવેશ:** શિક્ષકને વર્ગકાર્ય દરમિયાન વિવિધ અધ્યયન-અધ્યાપન સામગ્રીની આવશ્યકતા રહેતી હોય છે. શિક્ષકે દૈનિક આયોજનપોથીમાં પહેલાંથી જ તેની નોંધ કરેલ હોય છે. આથી શિક્ષક પોતાના તાસ પહેલાં કે તાસની શરુઆતમાં જ જરૂરી સામગ્રીની હાજરી સુનિશ્ચિત કરે તેવી અપેક્ષા અહીં રાખવામાં આવી છે.
- **શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન માટે તત્પર બનાવવાનો પ્રયાસ:** સફળ વર્ગકાર્ય માટે આ પ્રથમ જરૂરિયાત છે. આ માપદંડ હેઠળ શિક્ષક વર્ગકાર્યની શરૂઆત પૂર્વજ્ઞાનની ચકાસણી અને શું અને કેવી રીતે શીખવાનું છે તેની વાત કરીને કરે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.
- **અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી વર્ગકાર્ય:** આ માપદંડ હેઠળ શિક્ષકના સમગ્ર વર્ગકાર્યની અધ્યયન નિષ્પત્તિ સાથે સુસંગતતા અંગેની જાણકારી મેળવવાનો આશય છે. જેમાં અધ્યયન નિષ્પત્તિ કેન્દ્રી પદ્ધતિ અને અધ્યયન અનુભવો, અધ્યયન - અધ્યાપન સામગ્રીનો ઉપયોગ, મૂલ્યાંકન અને વિદ્યાર્થી અનુકાર્યનો સમાવેશ થાય છે.
- **વર્ગકાર્ય દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 સૂચિત પદ્ધતિઓનો ઉપયોગ:** રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ના આધારે અમલી બનેલ રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખામાં NEP 2020માં સૂચિત પદ્ધતિઓનો વર્ગકારર્યમાં ઉપયોગ કરવાની હિમાયત કરેલ છે. આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓમાં ક્ષમતા સિદ્ધિ અને તેમને સ્વતંત્ર અધ્યેતા બનાવવા માટેની આવશયક જરૂરિયાત છે. આ પદ્ધતિઓમાં આનુભવિક (experiential) અધ્યયન, પૃચ્છા અને શોધ આધારિત અધ્યયન, કલા-સંકલિત અધ્યયન, રમત-સંકલિત અધ્યયન, વાર્તાકથન અને ICT સંકલિત અધ્યયન વગેરેનો સમાવેશ થાય છે. એક જ તાસમાં આ બધી પદ્ધતિઓનો અમલ થાય તેવી અપેક્ષા નથી પરંતુ શાળાના પ્રત્યેક શિક્ષક તેમના તાસમાં આ પૈકીની ઓછામાં ઓછી એક પદ્ધતિનો ઉપયોગ કરે તેવી અપેક્ષા આ માપદંડ હેઠળ રાખવામાં આવી છે.

GCERT - GSQAC

- વર્ગકાર્ય દરમિયાન સહપાઠી-સહભાગી અધ્યયનની તકઃ આ માપદંડ હેઠળ શિક્ષક તેમના વર્ગકાર્યમાં સહપાઠી-સહભાગી અધ્યયનનો અસરકારક સમન્વય કેવી રીતે કરે છે તે જાણવાનો આશય છે.
- **વર્ગકાર્યમાં આંતરવિષય અનુબંધઃ** આંતર વિષય અનુબંધ એ વિદ્યાર્થીઓને કોઇપણ સંકલ્પનાનો સર્વાંગી ખ્યાલ આપવામાં મદદરૂપ થનાર પદ્ધતિ છે. જેનાથી વિદ્યાર્થીઓમાં ચિરંજીવ અધ્યયન થાય છે. આ પદ્ધતિનો અભ્યાસક્રમ માળખામાં પણ ભલામણ કરવામાં આવી છે. શાળાના શિક્ષકો તેમના વર્ગકાર્યમાં તેનો કેવો વિનિયોગ કરે છે તે જાણવાનો આશય આ માપદંડમાં રાખવામાં આવ્યો છે.
- **યોગ્ય અધ્યયન – અધ્યાપન સામગ્રી (TLM)નો ઉપયોગઃ** શિક્ષક દ્વારા વર્ગખંડમાં ઉપયોગમાં લેવાતી અધ્યયન-અધ્યાપન સામગ્રી ત્યારે જ ફળદાયી નીવડે છે જ્યારે તે વિદ્યાર્થી વયકક્ષા, વિષયવસ્તુ અને અધ્યયન નિષ્પત્તિ સાથે અનુરૂપ હોય. આ માપદંડ હેઠળ શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી અધ્યયન-અધ્યાપન સામગ્રીની યોગ્યતા જાળવાનો છે.
- **શિક્ષક દ્વારા પૂછાતા પ્રશ્નોઃ** પ્રશ્નો એ વિદ્યાર્થીના અધ્યયનને વેગ આપતું સૌથી હાથવગું સાધન છે. શિક્ષક તેનો ઉચિત ઉપયોગ કરીને વર્ગકાર્યને જીવંત અને ફળદાયી બનાવી શકે છે. આ માટે શિક્ષકે માત્ર માહિતી સંબંધિત પ્રશ્નોમાંથી ઉપર ઊઠીને પેટા પ્રશ્નો, પૂરક પ્રશ્નો, મુક્ત જવાબી અને વિચારપ્રેરક પ્રશ્નો પૂછવા જરૂરી છે. આ માપદંડ હેઠળ શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો અને અધ્યયનમાં તેની ઉપયોગિતા વિશે જાણવાનો આશય છે.
- **વિદ્યાર્થીઓની સમાન ભાગીદારીની સુનિશ્ચિતતાઃ** એક શિક્ષક માત્ર અમુક વિદ્યાર્થીઓના નહીં પણ સમગ્ર વર્ગના શિક્ષક છે. આથી વર્ગના તમામ વિદ્યાર્થીઓને આવશ્યક અધ્યયન અનુભવોમાંથી પસાર કરવા તેમની ફરજ છે. આ માપદંડ શિક્ષક દ્વારા કુમાર-કન્યા તેમજ વિશેષ જરૂરિયાતવાળા બાળકો (CESN)ની વર્ગકાર્ય પ્રવૃત્તિઓમાં સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવાના પ્રયાસોને મૂલવે છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | | FS / PS / MS / SS | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વર્ગકાર્ય માટે જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી સાથે વર્ગપ્રવેશ | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકો વર્ગકાર્ય માટે જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી સાથે વર્ગપ્રવેશ કરે છે. / જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી વર્ગખંડમાં ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકો વર્ગકાર્ય માટે જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી સાથે વર્ગપ્રવેશ કરે છે. / જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી વર્ગખંડમાં ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકો વર્ગકાર્ય માટે જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી સાથે વર્ગપ્રવેશ કરે છે. / જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી વર્ગખંડમાં ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકો વર્ગકાર્ય માટે જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી સાથે વર્ગપ્રવેશ કરે છે. / જરૂરી અધ્યયન-અધ્યાપન સામગ્રી વર્ગખંડમાં ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરે છે. |
| શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન માટે તત્પર બનાવવાનો પ્રયાસ (પૂર્વજ્ઞાનની ચકાસણી અને શું અને કેવી રીતે શીખવાનું છે તેની વાત કરવી) | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે તત્પર બનાવવાનો પ્રયાસ કરે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે તત્પર બનાવવાનો પ્રયાસ કરે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે તત્પર બનાવવાનો પ્રયાસ કરે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે તત્પર બનાવવાનો પ્રયાસ કરે છે. |
| અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી વર્ગકાર્ય (અધ્યયન નિષ્પત્તિ કેન્દ્રી પદ્ધતિ અને અધ્યયન અનુભવો, | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકોના વર્ગોમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી | ▪ અમુક (51% થી 70%) શિક્ષકોના વર્ગોમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકોના વર્ગોમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી | ▪ તમામ (91% થી 100%) શિક્ષકોના વર્ગોમાં અધ્યયન નિષ્પત્તિકેન્દ્રી |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| અધ્યયન - અધ્યાપન સામગ્રીનો ઉપયોગ, મૂલ્યાંકન અને વિદ્યાર્થી અનુકાર્ય) | વર્ગકાર્ય જોવા મળે છે. | વર્ગકાર્ય જોવા મળે છે. | વર્ગકાર્ય જોવા મળે છે. | વર્ગકાર્ય જોવા મળે છે. |
| વર્ગકાર્ય દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 સૂચિત પદ્ધતિઓનો ઉપયોગ<br><br>[આનુભવિક (experiential) અધ્યયન, પૃચ્છા અને શોધ આધારિત અધ્યયન, કલા-સંકલિત અધ્યયન, રમત-સંકલિત અધ્યયન, વાર્તાકથન અને ICT સંકલિત અધ્યયન વગેરે] | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકોના વર્ગોમાં NEP 2020 સૂચિત પદ્ધતિઓનો ઉપયોગ થતો જોવા મળે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકોના વર્ગોમાં NEP 2020 સૂચિત પદ્ધતિઓનો ઉપયોગ થતો જોવા મળે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકોના વર્ગોમાં NEP 2020 સૂચિત પદ્ધતિઓનો ઉપયોગ થતો જોવા મળે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકોના વર્ગોમાં NEP 2020 સૂચિત પદ્ધતિઓનો ઉપયોગ થતો જોવા મળે છે. |
| વર્ગકાર્ય દરમિયાન સહપાઠી-સહભાગી અધ્યયનની તક | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકોના વર્ગોમાં વિદ્યાર્થીઓને જોડી – જૂથ કાર્ય દ્વારા | ▪ અમુક (51% થી 70%) શિક્ષકોના વર્ગોમાં વિદ્યાર્થીઓને જોડી – જૂથ કાર્ય દ્વારા | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકોના વર્ગોમાં વિદ્યાર્થીઓને જોડી – જૂથ કાર્ય દ્વારા | ▪ તમામ (91% થી 100%) શિક્ષકોના વર્ગોમાં વિદ્યાર્થીઓને જોડી – જૂથ કાર્ય દ્વારા |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | સહપાઠી – સહભાગી અધ્યયનની તક મળે છે. | સહપાઠી – સહભાગી અધ્યયનની તક મળે છે. | સહપાઠી – સહભાગી અધ્યયનની તક મળે છે. | સહપાઠી – સહભાગી અધ્યયનની તક મળે છે. |
| વર્ગકાર્યમાં આંતરવિષય અનુબંધ | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકોના વર્ગોમાં આંતરવિષય અનુબંધ જોવા મળે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકોના વર્ગોમાં આંતરવિષય અનુબંધ જોવા મળે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકોના વર્ગોમાં આંતરવિષય અનુબંધ જોવા મળે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકોના વર્ગોમાં આંતરવિષય અનુબંધ જોવા મળે છે. |
| યોગ્ય અધ્યયન – અધ્યાપન સામગ્રી (TLM)નો ઉપયોગ (વિદ્યાર્થી વયકક્ષા, વિષયવસ્તુ અને અધ્યયન નિષ્પત્તિ સાથે અનુરૂપતા) | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકોના વર્ગકાર્યમાં યોગ્ય અધ્યયન – અધ્યાપન સામગ્રી (TLM)નો ઉપયોગ થતો જોવા મળે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકોના વર્ગકાર્યમાં યોગ્ય અધ્યયન – અધ્યાપન સામગ્રી (TLM)નો ઉપયોગ થતો જોવા મળે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકોના વર્ગકાર્યમાં યોગ્ય અધ્યયન – અધ્યાપન સામગ્રી (TLM)નો ઉપયોગ થતો જોવા મળે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકોના વર્ગકાર્યમાં યોગ્ય અધ્યયન – અધ્યાપન સામગ્રી (TLM)નો ઉપયોગ થતો જોવા મળે છે. |
| શિક્ષક દ્વારા પૂછાતા પ્રશ્નો<br><br>(પેટા પ્રશ્નો, પૂરક પ્રશ્નો, મુક્ત જવાબી અને વિચારપ્રેરક પ્રશ્નો) | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વિદ્યાર્થીઓની સમાન ભાગીદારીની સુનિશ્ચિતતા (લાગુ પડતું હોય તેવી શાળાઓ અને વર્ગોમાં)<br><br>[કુમાર – કન્યાની વર્ગકાર્યમાં સમાન ભાગીદારી અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો (CWSN)ની ભાગીદારી માટેના શિક્ષકોના પ્રયાસ] | ▪ 50% કે તેથી ઓછા શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની સમાન ભાગીદારી જોવા મળે છે. | ▪ અમુક (51% થી 70%) શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની સમાન ભાગીદારી જોવા મળે છે. | ▪ મોટાભાગના (71% થી 90%) શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની સમાન ભાગીદારી જોવા મળે છે. | ▪ તમામ (91% થી 100%) શિક્ષકોના વર્ગકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની સમાન ભાગીદારી જોવા મળે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: રચનાત્મક મૂલ્યાંકન

પેટાક્ષેત્ર રચનાત્મક મૂલ્યાંકન હેઠળ નીચે મુજબના પરિમાણોને માપદંડ તરીકે લેવામાં આવ્યાં છે.

- **વર્ગકાર્ય દરમિયાન શિક્ષક દ્વારા સતત મૂલ્યાંકન:** શિક્ષકને સમગ્ર વર્ગકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓના અધ્યયનને સુનિશ્ચિત કરવા માટે મૂલ્યાંકન કરવાની જરૂરિયાત રહે છે. જેમાં પૂર્વજ્ઞાનની ચકાસણી અને તાસના અંતે થતાં મૂલ્યાંકનની વચ્ચે વિદ્યાર્થીઓ કેટલું અને કેવું શીખી રહ્યાં છે તેનું મૂલ્યાંકન થાય છે. શાળાના શિક્ષકો તાસ દરમિયાન તેમના વિદ્યાર્થીઓનું કેટલી અસરકારક રીતે સતત મૂલ્યાંકન કરે છે તે જાણવાનો આશય આ માપદંડમાં રાખવામાં આવ્યો છે.

- **રચનાત્મક મૂલ્યાંકનમાં વિવિધ પ્રવિધિઓનો ઉપયોગ:** રચનાત્મક મૂલ્યાંકન માટે પ્રશ્નો પૂછવા એ સરળ અને હાથવગી રીત હોવા છતાં હંમેશાં તેનો જ ઉપયોગ થાય તે યોગ્ય નથી. રચનાત્મક મૂલ્યાંકન એ વિદ્યાર્થીઓના સર્વાંગી મૂલ્યાંકનનો ભાગ છે આથી તેમાં મૌખિક, લેખિત અને ક્રિયાત્મક મૂલ્યાંકન માટેની વિવિધ પ્રવિધિઓનો ઉપયોગ શિક્ષક આયોજનપૂર્વક કરે તે અપેક્ષિત છે.
- **વર્ગમાં થયેલ કાર્ય પર અનુચિંતન:** આ વર્ગખંડ કાર્યની અસરકારકતા જાણવાની સૌથી ઉચિત છતાં ભાગ્યે જ ઉપયોગમાં લેવાતી પદ્ધતિ છે. વર્ગકાર્ય પર અનુચિંતન એટલે આજે શું શીખ્યા, કેવી રીતે શીખ્યા, શું વધુ સારું થઇ શક્યું હોત, શું ન કરવું જોઇએ, શામાં વધુ મજા આવી, હવે પછીના તાસમાં શી કાળજી રાખીશું, આજે જે શીખ્યા તે કયા અને કેવી રીતે ઉપયોગી થશે વગેરે જેવા પ્રશ્નો પર ચિંતન. આ પ્રકારનું ચિંતન વિદ્યાર્થીઓને પોતાના અધ્યયનના પ્રયાસો અને શિક્ષકને પોતાની પદ્ધતિઓ નિર્ધારિત કરવામાં અને વર્ગકાર્યને વધુ સફળ બનાવવામાં ઉપયોગી નીવડે છે. આ માપદંડમાં વર્ગના અંતે અનુચિંતન થાય છે કે કેમ – તેની ગુણવત્તા કેવી છે તે જાણવાનો પ્રયાસ છે.
- **(તાસના અંતે) શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન:** પ્રત્યેક તાસના અંતે શિક્ષક તે વર્ગમાં ખરેખર અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિનું સ્તર કેવું છે તે જાણવા માટે ઝડપથી મૂલ્યાંકન કરે તે જરૂરી છે. વર્ગના અંતે કરવામાં આવેલ મૂલ્યાંકન શિક્ષકને આગામી તાસ માટે માર્ગદર્શિત કરે છે. આથી આ માપદંડથી શાળાના શિક્ષકોમાં આ પ્રકારે મૂલ્યાંકન થાય છે કે કેન તે જાણવાની અપેક્ષા છે.
- **(એકમના અંતે) શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન:** તાસના અંતે થતું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવો મળ્યા બાદ તરત કરવામાં આવતું મૂલ્યાંકન છે. એક એકમ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓમાં સમગ્રયતા કેવું અધ્યયન થયું છે તે જાણવા એકમના અંતે મૂલ્યાંકન થાય તે જરૂરી છે. આવું મૂલ્યાંકન હંમેશાં પેન-પેપર પ્રકારનું ઔપચારિક લેખિત મૂલ્યાંકન જ હોય તેવું જરૂરી નથી.
- **રચનાત્મક મૂલ્યાંકનને આધારે શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને પ્રતિપોષણ:** રચનાત્મક મૂલ્યાંકનનો આશય વિદ્યાર્થીઓને અધ્યયનમાં કયાં મદદની વિશેષ જરૂરિયાત છે તેની ઓળખ કરવાનો છે. આથી રચનાત્મક મૂલ્યાંકન બાદ શિક્ષક

GCERT - GSQAC

વિદ્યાર્થીઓને આવશ્યક પ્રતિપોષણ ન આપે તો આવા મૂલ્યાંકનનો કોઈ અર્થ રહેતો નથી. આથી આ માપદંડ હેઠળ શાળાના શિક્ષકો રચનાત્મક મૂલ્યાંકનના આધારે વિદ્યાર્થીઓને યોગ્ય પ્રતિપોષણ આપે છે કે કેમ તે જાણવાનો આશય છે.

- **રચનાત્મક મૂલ્યાંકન આધારિત અનુકાર્ય:** રચનાત્મક મૂલ્યાંકનના આધારે વિદ્યાર્થીઓને પ્રતિપોષણ આપવાની સાથે વિદ્યાર્થીઓ માટે જરૂરિયાત અનુસાર અનુકાર્ય કરવું એ સૌથી મહત્ત્વનું સોપાન છે. રચનાત્મક મૂલ્યાંકનમાં જે વિદ્યાર્થીઓ માટે જે અધ્યયન નિષ્પત્તિઓ સંબંધિત કચાશ જોવા મળી હોય તે વિદ્યાર્થીઓ માટે શિક્ષકે વિશેષ પ્રયાસ કરવાની જરૂર ઊભી થાય છે. આ માપદંડ હેઠળ શિક્ષકોના આવા પ્રયાસોને જાણવાનો આશય છે.

આ પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ માપદંડની ચાર કક્ષાઓ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: રચનાત્મક મૂલ્યાંકન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | | MS / SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
### 4.1.3 મુખ્યક્ષેત્ર 3: શાળા વ્યવસ્થાપન

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

#### પેટાક્ષેત્ર: શાળા નેતૃત્વ અને માનવ સંસાધન

શાળાનું હકારાત્મક અને લોકશાહી નેતૃત્વ તેમજ શાળાના માનવીય સંસાધનોના સહિયારા પ્રયાસો શાળાની ગુણવત્તામાં અભિવૃદ્ધિ કરનાર મહત્ત્વના પરિબળ છે. આથી આ પેટાક્ષેત્ર અંતર્ગત નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **લોકશાહી નિર્ણય પ્રક્રિયા:** એટલે શાળા કક્ષાએ શાળાકીય કાર્યો અને શાળા સંબંધિત અન્ય બાબતો સંદર્ભે લેવાના નિર્ણયોમાં શાળાના તમામ પ્રકારના હિતધારકોનો સમાવેશ. શાળાના સંદર્ભમાં માત્ર આચાર્ય કે આચાર્ય અને શાળા વિકાસ સમિતિ / વાલીમંડળના અધ્યક્ષ જ નિર્ણય લે તો તેમને શાળાના વિવિધ હિતધારકોના અનુભવ અને વિચારોનો લાભ મળી શકતો નથી. શાળાના મોટાભાગના નિર્ણયોની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિદ્યાર્થીઓ પર સૌથી વધુ અસર પડતી હોય છે. આથી, નિર્ણય પક્રિયામાં શાળાના બાળકોને પણ જોડવા જોઇએ. આથી, આ માપદંડથી શાળા સંબંધિત નિર્ણયો લેવામાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થી તેમજ SMCના સભ્યોની ભાગીદારી કેવી છે તે જાણવાનો આશય છે.
- **સ્ટાફ મિટિંગ:** અહીં શાળાની સ્ટાફ મિટિંગને શૈક્ષણિક ગુણવત્તાની વૃદ્ધિ માટે એક રચનાત્મક વ્યવસ્થા તરીકે મૂલવવાનો આશય છે. આ માપદંડ હેઠળ એટલે નિયમિત તાસ સિવાયના સમયમાં સમયાંતરે સ્ટાફ મિટિંગનું આયોજન થતું હોય અને તેમાં શાળાની શૈક્ષણિક બાબતો અને અન્ય સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા – ચિંતન કેન્દ્રમાં હોય (દા.ત. શાળામાં વર્ગ વાર – વિષય વાર વિદ્યાર્થીઓને અઘરી જણાતી સંકલ્પનાઓના શિક્ષણ માટે શાળા શું કરી શકે, સ્કૂલ એક્રેડિટેશનના પરિણામમાં સુધારણા માટે શું – શું કરી શકાય, વગેરે જેવા પ્રશ્નો પર વિચારણા થતી હોય) તેવું જોવા મળે તો તે સારું ગણી શકાય. જો આવી સ્ટાફ મિટિંગમાં થયેલ ચિંતન અને લેવાયેલ નિર્ણયો પર શાળા આવશ્યક અનુકાર્ય પણ કરે તો શાળા આ માપદંડમાં ઉચ્ચ કક્ષામાં છે તેવું માની શકાય.

CCERT - GSQAC

- **સહભાગિતા અને સહિયારી જવાબદારીને પ્રોત્સાહન:** આ માપદંડ હેઠળ શાળાકીય કામગીરી, પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં શિક્ષકોને સમાન તક અને પારસ્પરિક સહયોગ વિશે જાણવાનો આશય છે. જો શાળાની વિવિધ કામગીરી અને પ્રવૃત્તિઓમાં શાળાના તમામ શિક્ષકોને પારદર્શી અને પદ્ધતિસર જોડવામાં આવતાં હોય અને શિક્ષકો પણ એકબીજાને સહયોગ આપતા હોય તો ઉત્તમ ગણાય. દા.ત. શિક્ષકોને રોટેશન પદ્ધતિથી કામગીરી આપવામાં આવે છે. જે પૈકી એક શિક્ષકને શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમની મુખ્ય જવાબદારી મળી છે પરંતુ સમગ્ર કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકોની ભાગીદારી અને સહયોગ જોવા મળે છે.
- **સતત વ્યાવસાયિક વિકાસ (CPD) - તાલીમના સંદર્ભમાં:** NEP 2020 અનુસાર પ્રત્યેક શિક્ષકે પ્રતિવર્ષ 50 કલાક વ્યાવસાયિક વિકાસ (CPD) માટે આપવાના રહે છે. આ માટે GCERT અને રાજ્યના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા બ્લેંડેડ મોડ (ઓનલાઇન – ઓફ લાઇન બંને માધ્યમ) થકી તાલીમો – કોર્સિસનું આયોજન કરવામાં આવે છે. આ માપદંડ હેઠળ શાળાના શિક્ષકો દ્વારા ગત શૈક્ષણિક વર્ષમાં CPD અંતર્ગત તાલીમ પૂર્ણ કરવાના પ્રમાણ વિશે જાણવાનો આશય છે.
- **સતત વ્યાવસાયિક વિકાસ (CPD) – શૈક્ષણિક કે વ્યાવસાયિક લાયકાતમાં વૃદ્ધિના સંદર્ભમાં:** આપણે જાણીએ છીએ કે શાળામાં શિક્ષક તરીકે જોડાવા માટે અમુક લઘુતમ લાયકાત આવશ્યક છે પરંતુ એક શિક્ષક માત્ર તેનાથી ન અટકે અને સતત પોતાનો વ્યાવસાયિક વિકાસ કરે તો તેનો સીધો જ લાભ શાળાના વિદ્યાર્થીઓને મળી શકે છે. આથી આ માપદંડ હેઠળ શાળાના શિક્ષકોમાં સેવામાં જોડાવા માટેની અનિવાર્ય લાયકાત ઉપરાંતની વધારાની શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત પ્રાપ્ત કરવાના પ્રયાસ અને પ્રમાણને જાણવાનો આશય છે.
- **સતત વ્યાવસાયિક વિકાસ (CPD) – શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/કાર્યક્રમોમાં ભાગીદારીના સંદર્ભમાં:** આપણે જાણીએ છીએ કે GCERT દ્વારા CPD અંતર્ગત રાજ્યના તમામ શિક્ષકો માટે તાલીમનું આયોજન થાય છે પરંતુ એ સિવાય પણ DIKSHA પ્લેટફોર્મ પર વિવિધ કોર્સિસ મૂકવામાં આવે છે. આ ઉપરાંત વ્યાવસાયિક સજ્જતા માટે શિક્ષકોને સંશોધનકાર્ય કરવાનો, સામયિકો માટે લેખ પ્રસિદ્ધ કરવાનો /સંશોધનપત્ર લેખન – પ્રકાશન,

GCERT - GSQAC

સેમિનાર/કોન્ફરન્સ, જિલ્લા/રાજ્ય કક્ષાએ સાહિત્ય નિર્માણ, રાજ્ય/ રાષ્ટ્ર કક્ષાની કાર્યશાળાઓ, એજ્યુકેશનલ ઇનોવેશન ફેર વગેરેમાં ભાગ લેવાની તક રહેતી હોય છે. આ ઉપરાંત શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પણ એક શિક્ષકની સજ્જતાને પ્રમાણિત કરે છે. આથી આ માપદંડ હેઠળ શાળાના શિક્ષકો દ્વારા આ પ્રકારના CPDમાં ભાગીદારીનું પ્રમાણ ચકાસવામાં આવશે.

- **શિક્ષકોમાં પારસ્પરિક અધ્યયન:** શાળાના શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતામાં થયેલ વધારો શાળાને ત્યારે જ સાર્થક છે કે તેનો લાભ સમગ્ર શાળાને મળે. આથી, શાળાના પ્રત્યેક શિક્ષક દ્વારા CPD તાલીમ કે અન્ય કોઇ માધ્યમથી શીખવા મળેલ એવી બાબતો કે જે વિદ્યાર્થીઓ, શૈક્ષણિક કાર્ય કે શાળાને ઉપયોગી હોય તેનું શેરિંગ કરે તે જરૂરી છે. આ સાથે શાળાના અન્ય શિક્ષકો તે શીખી શકે તે માટેનું વાતાવરણ શાળામાં ઊભું થાય તે જરૂરી છે. શાળામાં પારસ્પરિક અધ્યયનને એક નિયમિત પ્રવૃત્તિ બનાવીને શાળા એક ઊર્જાવાન અધ્યયનકેન્દ્રી માહોલ ઉભો કરી શકે છે. આ માટે શિક્ષકો દ્વારા આયોજન અનુસાર પારસ્પરિક અધ્યયન થતું હોય તેમજ તેઓ નવી બાબતો શીખવા માટે એકબીજાને મદદ પણ કરતા હોય (દા.ત. સાધન સામગ્રી વહેંચે, બનાવતા શીખવે, શીખેલ પદ્ધતિ પ્રયુક્તિ, કૌશલ્ય શીખવામાં મદદ કરે) તે ઉત્તમ સ્થિતિ ગણાય.
- **ટીમ ટીચિંગ દ્વારા અધ્યાપનકાર્ય:** ટીમ ટીચિંગથી અધ્યાપન એ શિક્ષકોમાં પારસ્પરિક અધ્યયનનો જ વિસ્તાર ગણી શકાય. NEP 2020ની ભલામણો અનુસાર છેલ્લાં થોડાંક વર્ષોથી GCERT દ્વારા અપાતી શિક્ષક તાલીમોમાં પણ આંતરવિષયક અને બહુવિષયક અધ્યયન પર ખાસ ભાર મૂકવામાં આવે છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓના અધ્યયનને રસપ્રદ અને ફળદાયી બનાવવા શાળાના શિક્ષકો ટીમ ટીચિંગનો કેવો ઉપયોગ કરે છે તેની ચકાસણી આ માપદંડ હેઠળ કરવામાં આવશે. આ માપદંડની ચકાસણીમાંથી ખૂબ ઓછી શિક્ષક સંખ્યા ધરાવતી શાળાઓને મુક્તિ આપી શકાશે.
- **શાળા સમયપત્રક:** શિક્ષણ વિભાગ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દરેક વિષયને અને દરેક વિષયવસ્તુને ન્યાય આપવા અને શૈક્ષણિક કાર્યમાં અસરકારકતા વધારવાના હેતુથી આયોજનબદ્ધ વાર્ષિક કેલેન્ડર અને સમયપત્રકમાં વિવિધ વિષયોને યોગ્ય રીતે સમાવવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે. બોર્ડ દ્વારા આ માટે વિષય મુજબ કાર્યભાર સૂચવવામાં આવે છે. બોર્ડ દ્વારા વખતોવખત અપાતી સૂચનાઓ અને માર્ગદર્શન મુજબ વિષયોને યોગ્ય

GCERT - GSQAC

ન્યાય આપી શકાય તે રીતે શાળા કક્ષાએ નિયત સમયપત્રકનું અમલીકરણ કેટલું અસરકારક રીતે કરવામાં આવી રહ્યું છે તેની ચકાસણી કરવાનો ઉપક્રમ સદર માપદંડ હેઠળ રાખવામાં આવ્યો છે.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: શાળા નેતૃત્વ અને માનવ સંસાધન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| લોકશાહી નિર્ણય પ્રક્રિયા<br><br>(શાળાકીય કાર્યો અને શાળા સંબંધિત અન્ય બાબતો સંદર્ભે લેવાના નિર્ણયોના સંદર્ભમાં) | ▪ શાળા કક્ષાએ લેવાના નિર્ણયોના સંદર્ભમાં નિર્ણય પ્રક્રિયામાં શાળાના સભ્યોને જોડવામાં આવતા નથી. | ▪ શાળા કક્ષાએ લેવાના નિર્ણયોના સંદર્ભમાં નિર્ણય પ્રક્રિયામાં પસંદગીના શિક્ષકો અને SMC સભ્યોને જોડવામાં આવે છે. | ▪ શાળા કક્ષાએ લેવાના નિર્ણયોના સંદર્ભમાં નિર્ણય પ્રક્રિયામાં શાળાના તમામ શિક્ષકો અને SMC સભ્યોને જોડવામાં આવે છે. | ▪ શાળા કક્ષાએ લેવાના નિર્ણયોના સંદર્ભમાં નિર્ણય પ્રક્રિયામાં શાળાના તમામ શિક્ષકો, SMC સભ્યો અને વિદ્યાર્થીઓને જોડવામાં આવે છે. |
| શાળા સ્ટાફ મિટિંગ<br><br>(નિયમિત સ્ટાફ મિટિંગ, શાળાની શૈક્ષણિક બાબતો અને અન્ય સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા – ચિંતન)<br><br>[નિયમિત તાસ સિવાયના સમયમાં] | ▪ શાળામાં સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવતું નથી./ શાળાની સ્ટાફ મિટિંગમાં શૈક્ષણિક બાબતો પર ચર્ચા - ચિંતન કરવામાં આવતાં નથી./ મિટિંગમાં થયેલ ચર્ચા – ચિંતનને આધારે | ▪ શાળામાં પ્રતિમાસ એક સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવે છે.<br>▪ જેમાં શૈક્ષણિક બાબતો પર ચર્ચા - ચિંતન કરવામાં આવે છે.<br>▪ મિટિંગના આધારે અનુકાર્ય કરવામાં આવે છે. | ▪ શાળામાં પ્રતિમાસ બે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવે છે.<br>▪ જેમાં શૈક્ષણિક બાબતો પર ચર્ચા - ચિંતન કરવામાં આવે છે.<br>▪ અગાઉની મિટિંગના આધારે થયેલ અનુકાર્યની | ▪ શાળામાં પ્રતિમાસ બે કરતાં વધુ સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવે છે.<br>▪ જેમાં શૈક્ષણિક બાબતો પર ચર્ચા - ચિંતન કરવામાં આવે છે.<br>▪ અગાઉની મિટિંગના આધારે થયેલ અનુકાર્યની |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા નેતૃત્વ અને માનવ સંસાધન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | | FS / PS / MS / SS | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | અનુકાર્ય કરવામાં આવતું નથી. | | સમીક્ષા કરવામાં આવે છે. | સમીક્ષા કરવામાં આવે છે. |
| સહભાગિતા અને સહિયારી જવાબદારીને પ્રોત્સાહન<br><br>(શાળાકીય કામગીરી, પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં શિક્ષકોને સમાન તક અને પારસ્પરિક સહયોગના સંદર્ભમાં) | ▪ શાળા કક્ષાએ વિવિધ કામગીરીઓમાં પસંદગીના શિક્ષકોને જોડવામાં આવે છે.<br>▪ (દા.ત. મોટાભાગની પ્રવૃત્તિઓ – કાર્યક્રમોમાં અમૂક નિશ્ચિત શિક્ષકો જ કામગીરી કરે છે.) | ▪ શાળા કક્ષાએ વિવિધ કામગીરીઓમાં મોટાભાગના શિક્ષકોને અનૌપચારિક રીતે જોડવામાં આવે છે.<br>▪ (દા.ત. આ કોણ કરશે ? જેવા પ્રશ્ન દ્વારા પ્રવૃત્તિઓ – કામગીરી માટે શિક્ષકો પસંદ કરવામાં આવે છે.) | ▪ શાળા કક્ષાએ વિવિધ કામગીરીઓમાં તમામ શિક્ષકોને પારદર્શી અને પદ્ધતિસર જોડવામાં આવે છે.<br>▪ (દા.ત. રોટેશનમાં પ્રત્યેક શિક્ષકને તક મળે તેવું આયોજન કરેલ છે.) | ▪ શાળા કક્ષાએ વિવિધ કામગીરીઓમાં તમામ શિક્ષકોને પારદર્શી અને પદ્ધતિસર જોડવામાં આવે છે તેમજ શિક્ષકો તેમને સોંપાયેલ કામગીરીમાં એકબીજાને સહયોગ આપે છે.<br>▪ (દા.ત. સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય જવાબદારી એક શિક્ષકની છે પણ સમગ્ર કાર્યક્રમમાં તમામ શિક્ષકોના ભાગીદારી અને સહયોગ જોવા મળે છે.) |
| સતત વ્યાવસાયિક વિકાસ (CPD) - તાલીમના સંદર્ભમાં | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 50% કે તેથી ઓછા | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 51% થી 70% શિક્ષકોએ | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 71% થી 90% શિક્ષકોએ | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 91% થી 100% શિક્ષકોએ |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા નેતૃત્વ અને માનવ સંસાધન | | | | |
|---|---|---|---|---|
| GS, GIS, SFS | | FS, PS, MS, SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | શિક્ષકોએ CPD અંતર્ગત નિયત કલાકોની તાલીમ પૂર્ણ કરેલ છે. | CPD અંતર્ગત નિયત કલાકોની તાલીમ પૂર્ણ કરેલ છે. | CPD અંતર્ગત નિયત કલાકોની તાલીમ પૂર્ણ કરેલ છે. | CPD અંતર્ગત નિયત કલાકોની તાલીમ પૂર્ણ કરેલ છે. |
| સતત વ્યાવસાયિક વિકાસ (CPD) – શૈક્ષણિક કે વ્યાવસાયિક લાયકાતમાં વૃદ્ધિના સંદર્ભમાં | ▪ શાળાના 10% કે તેથી ઓછા શિક્ષકો સેવા માટે આવશ્યક શૈક્ષણિક/ વ્યાવસાયિક લાયકાત કરતા વધુ લાયકાત ધરાવે છે. | ▪ શાળાના 11% થી 30% શિક્ષકો સેવા માટે આવશ્યક શૈક્ષણિક/ વ્યાવસાયિક લાયકાત કરતા વધુ લાયકાત ધરાવે છે. | ▪ શાળાના 31% થી 50% શિક્ષકો સેવા માટે આવશ્યક શૈક્ષણિક/ વ્યાવસાયિક લાયકાત કરતા વધુ લાયકાત ધરાવે છે. | ▪ શાળાના 50% થી વધુ શિક્ષકો સેવા માટે આવશ્યક શૈક્ષણિક/ વ્યાવસાયિક લાયકાત કરતા વધુ લાયકાત ધરાવે છે. |
| સતત વ્યાવસાયિક વિકાસ (CPD) – શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/કાર્યક્રમોમાં ભાગીદારીના સંદર્ભમાં<br><br>(જેમ કે CPD તાલીમ સિવાયના કોર્સિસ, સંશોધનકાર્ય, લેખ/સંશોધનપત્ર લેખન – પ્રકાશન, | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 50% કે તેથી ઓછા શિક્ષકોએ શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/ કાર્યક્રમોમાં ભાગ લીધો છે. | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 51% થી 70% શિક્ષકોએ શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/ કાર્યક્રમોમાં ભાગ લીધો છે. | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 71% થી 90% શિક્ષકોએ શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/ કાર્યક્રમોમાં ભાગ લીધો છે. | ▪ ગત શૈક્ષણિક વર્ષમાં 91% થી 100% શિક્ષકોએ શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/ કાર્યક્રમોમાં ભાગ લીધો છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા નેતૃત્વ અને માનવ સંસાધન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS / PS / MS / SS | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| સેમિનાર/કોન્ફરન્સ, જિલ્લા/રાજ્ય કક્ષાએ સાહિત્ય નિર્માણ, રાજ્ય/ રાષ્ટ્ર કક્ષાની કાર્યશાળાઓ, એજ્યુકેશનલ ઇનોવેશન ફેર, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વગેરે) | | | | |
| શિક્ષકોમાં પારસ્પરિક અધ્યયન<br><br>(શાળાના પ્રત્યેક શિક્ષક દ્વારા CPD તાલીમ કે અન્ય કોઇ માધ્યમથી શીખવા મળેલ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક કાર્ય કે શાળાને ઉપયોગી બાબતનું શેરિંગ અને અન્ય શિક્ષકો તે શીખી શકે તે માટેના પ્રયાસો) | ▪ શાળાના શિક્ષકો એકાકી રીતે કાર્ય કરે છે. (શાળામાં શિક્ષકોમાં પારસ્પરિક અધ્યયન થતું નથી.) | ▪ શિક્ષકો દ્વારા ક્યારેક ક્યારેક અનૌચારિક રીતે પારસ્પરિક અધ્યયન થાય છે.<br>▪ (પૂછવામાં આવે તો લીધેલ ટ્રેનિંગ વિશે વાત કરે) | ▪ શાળાઓમાં શિક્ષકોના પારસ્પરિક અધ્યયન માટે ખાસ આયોજન કરવામાં આવેલ છે.<br>▪ (શાળાના કોઇપણ શિક્ષકને શૈક્ષણિક કાર્ય, શાળાને ઉપયોગી થાય તેવું કંઇ નવું જાણવા શીખવા મળે તો અન્ય શિક્ષકો સાથે તેને વહેંચવા માટે શાળામાં ખાસ આયોજન છે.) | ▪ શાળાના શિક્ષકો દ્વારા આયોજન અનુસાર પારસ્પરિક અધ્યયન થાય છે તેમજ તેઓ નવી બાબતો શીખવા માટે એકબીજાને મદદ પણ કરે છે.<br>▪ (દા.ત. સાધન સામગ્રી વહેંચે, બનાવતા શીખવે, શીખેલ પદ્ધતિ પ્રયુક્તિ, કૌશલ્ય શીખવામાં મદદ કરે) |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા નેતૃત્વ અને માનવ સંસાધન | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS | PS / MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| ટીમ ટીચિંગ દ્વારા અધ્યાપનકાર્ય (લાગુ પડતું હોય ત્યાં) | ▪ શિક્ષકો દ્વારા ટીમ ટીચિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો નથી. | ▪ શાળાના પ્રત્યેક શિક્ષક દ્વારા વર્ષમાં ઓછામાં ઓછી એક વાર ટીમ ટીચિંગ દ્વારા અધ્યાપન કાર્ય થાય છે. | ▪ શાળાના પ્રત્યેક શિક્ષક દ્વારા પ્રત્યેક સત્રમાં ઓછામાં ઓછી એક વાર ટીમ ટીચિંગ દ્વારા અધ્યાપન કાર્ય થાય છે. | ▪ શાળાના પ્રત્યેક શિક્ષક દ્વારા પ્રત્યેક સત્રમાં ઓછામાં ઓછી બે વાર ટીમ ટીચિંગ દ્વારા અધ્યાપન કાર્ય થાય છે. |
| શાળા સમયપત્રક | ▪ શાળા દ્વારા રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું નથી. | ▪ શાળા દ્વારા રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું છે.<br>▪ આચાર્યખંડમાં શાળા સમયપત્રક અને પ્રત્યેક વર્ગમાં વર્ગનું સમયપત્રક ઉપલબ્ધ છે.<br>▪ પરંતુ શાળા દ્વારા સમયપત્રકનું પાલન થઇ શકતું નથી.<br>▪ સમયપત્રકમાં શિક્ષકોના કાર્યભારમાં ખૂબ | ▪ શાળા દ્વારા રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું છે.<br>▪ આચાર્યખંડમાં શાળા સમયપત્રક અને પ્રત્યેક વર્ગમાં વર્ગનું સમયપત્રક ઉપલબ્ધ છે.<br>▪ મહદઅંશે શાળા દ્વારા સમયપત્રક અનુસરવામાં આવે છે.<br>▪ શાળા સમયપત્રકમાં શાળાના | ▪ શાળા દ્વારા રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું છે.<br>▪ આચાર્યખંડમાં શાળા સમયપત્રક અને પ્રત્યેક વર્ગમાં વર્ગનું સમયપત્રક ઉપલબ્ધ છે.<br>▪ શાળા દ્વારા સમયપત્રકનું સંપૂર્ણ પાલન કરવામાં આવે છે.<br>▪ શાળા સમયપત્રકમાં શાળાના તમામ |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા નેતૃત્વ અને માનવ સંસાધન | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | જ અસમાનતા જોવા મળે છે. | મોટાભાગના શિક્ષકોને સમાન કાર્યભાર મળે તે બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે. | શિક્ષકોને સમાન કાર્યભાર મળે તે બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાની નિર્ણય પ્રક્રિયા અંગેની વિગત – નમૂનારૂપ 2 નિર્ણય લેવા માટે કરેલ કાર્યવાહી અને મિનિટ્સની નકલ | PDF |
| 2 | શાળા સ્ટાફ મિટિંગના આયોજનની વિગત – નમૂનારૂપ 2 બેઠકના ચર્ચાના મુદ્દા અને મિટિંગ મિનિટ્સ | PDF |
| 3 | વિવિધ શાળાકીય કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં શિક્ષકોને જોડવાની યોજનાની વિગત – શિક્ષકોને કરાયેલ કામગીરીની વહેંચણીની વિગત | PDF |
| 4 | ગત શૈક્ષણિક વર્ષમાં શાળાના શિક્ષકો દ્વારા લેવાયેલ CPD તાલીમ અને તે પૂર્ણ કર્યા અંગેની તારીજ | PDF |
| 5 | શિક્ષક સેવા માટે આવશ્યક લઘુત્તમ શૈક્ષણિક/ વ્યાવસાયિક લાયકાત કરતાં વધુ લાયકાત ધરાવતા શિક્ષકોની સંખ્યા અને ટકાવારી | PDF |
| 6 | ગત શૈક્ષણિક વર્ષમાં શૈક્ષણિક/વ્યાવસાયિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ/કાર્યક્રમોમાં ભાગ લેનાર શિક્ષકોની સંખ્યા અને ટકાવારી | PDF |
| 7 | શિક્ષકોમાં પારસ્પરિક અધ્યયન માટે શાળાની યોજના અને તે અંતર્ગત થયેલ કાર્યક્રમો – પ્રવૃત્તિની વિગત – અહેવાલ | PDF |
| 8 | શાળાના શિક્ષકો દ્વારા ટીમ ટીચિંગ દ્વારા લેવાયેલ તાસની સંખ્યા અને વિગત | PDF |
| 9 | શાળા સમયપત્રકની નકલ | PDF |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી

શાળા સમાજની લઘુ આવૃત્તિ અને સામાજિક દાયિત્વ છે. શાળામાં ઘડાતું બાળક સમાજના ભવિષ્યનો આધાર છે. આથી શાળા અને સમુદાય અભિન્ન છે. NEP 2020માં સૂચવ્યા અનુસાર શાળાને સામુદાયિક ચેતનાના કેન્દ્ર તરીકે ત્યારે જ કલ્પી શકાય જ્યારે શાળા અને સમુદાયની શ્રેષ્ઠ ભાગીદારી જોવા મળે. SMCના સભ્યો સમાજના સીધા પ્રતિનિધિ છે છતાં શાળાના વિવિધ પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને કાર્યોમાં સમગ્ર સમાજને જોડાવાની તક રહે છે. આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડો અંતર્ગત શાળા અને સમુદાયની ભાગીદારી જોવાનો પ્રયાસ છે. ખાનગી શાળાઓમાં SMCના પર્યાય સમાન વાલીમંડળની રચના થતી હોય છે આથી ખાનગી શાળાઓના સંદર્ભમાં SMC એટલે વાલીમંડળ એવો અર્થ કરવામાં આવ્યો છે. આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના પરિમાણોને માપદંડ તરીકે સમાવવામાં આવ્યા છે.

- **શાળામાં બાળકોના નામાંકન અને સ્થાયીકરણમાં શાળા વ્યવસ્થાપન સમિતિ/ વાલીમંડળનો સહયોગ:** શાળામાં પ્રવેશપાત્ર બાળકોની ઓળખ કરવામાં શાળાને મદદરૂપ થવું અને શાળામાં અભ્યાસ કરતા બાળકો નિયમિત શાળાએ આવે તે માટે સહયોગ આપવો એ SMC/વાલીમંડળની એક મહત્ત્વની ફરજ છે. બીજી બાજુ SMC/વાલીમંડળની સક્રિય ભાગીદારી માટે શાળાએ સમુદાયના અંગ તરીકે કરેલ કામગીરી અને ઊભું કરેલ ભાવાવરણ પણ એટલું જ મહત્ત્વનું પરિબળ છે. આ માપદંડ શાળા અને સમાજના સંબંધને મૂલવવાનું કામ કરે છે.
- **શાળાકીય બાબતોમાં શાળા વ્યવસ્થાપન સમિતિ/ વાલીમંડળની સહભાગિતા:** સામાન્ય રીતે SMC/વાલીમંડળ બેઠકોમાં સભ્યોની સારી હાજરીને શાળાકીય બાબતોમાં સમિતિની સહભાગિતા તરીકે ગણી લેવામાં આવે છે. પરંતુ સમિતિના સભ્યોની બેઠકોમાં નિયમિત હાજરી તેમની શાળાકીય બાબતોમાં સહભાગિતાની પૂર્વશરત છે. શાળાકીય બાબતોમાં સમિતિની ઉત્તમ ભાગીદારી ત્યારે ગણાય જ્યારે શાળામાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો – ઉજવણીઓમાં સહભાગી બનવા ઉપરાંત સમિતિ શાળાની ભૌતિક, નાણાકીય તેમજ શૈક્ષણિક ગુણવત્તા સંબંધિત બાબતોમાં પણ સહભાગી બને.

GCERT - GSQAC

- **વાલી – સમુદાયની ભાગીદારી:** શાળા વ્યવસ્થાપન સમિતિ/ વાલીમંડળ આમ તો વાલી – સમુદાયનું જ પ્રતિનિધિત્વ કરે છે પરંતુ શાળાને સમુદાયનો ચેતનવંતો ભાગ બનાવવા માત્ર સમિતિના સભ્યોની ભાગીદારી પર્યાપ્ત નથી. શાળા પોતાના પ્રયત્નો અને SMC/વાલીમંડળની સહાયથી શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ વાલીઓ સિવાયના સમુદાયના સભ્યોને શાળા સાથે જોડે તે પણ જરૂરી છે. આ માપદંડ હેઠળ વાલીઓ-સમુદાયના સભ્યોની સાંસ્કૃતિક કાર્યક્રમો, તહેવારો, ઉજવણીઓ, શિક્ષક-વાલી મિટિંગ્સ/વાલી સંમેલન ઉપરાંત શાળાની વિવિધ સમસ્યાઓના ઉકેલમાં ભાગીદારી કેવી છે તે જોવાનો આશય છે.
- **SMC/વાલીમંડળ, વાલીઓ અને સમુદાયના શાળા અંગેના પ્રતિભાવો અને સૂચનો:** સમુદાય તરફથી શાળાને ગુણવત્તાલક્ષી પ્રતિભાવો અને સૂચનો મળવાં તે શાળા અને સમુદાયની હકારાત્મક ભાગીદારીનું એક મહત્ત્વનું પરિબળ છે. તે બતાવે છે કે સમુદાય શાળાને ખૂબ નજીકથી જુએ છે. જેમાં સમુદાય દ્વારા શાળાની વિશેષતાઓ/ સારી બાબતો, મર્યાદાઓ/ સુધારાત્મક બાબતો, શાળાની ગુણવત્તા સંદર્ભે સૂચનો થતાં હોય તે સારી બાબત ગણાય. સમુદાયના સૂચનો પર  શાળા દ્વારા યોગ્ય અનુકાર્ય થતું હોય તો તે ઉત્તમ ગણાય.
- **સમુદાયનો અધ્યયનના સ્રોત તરીકે ઉપયોગ અને સમુદાયના સહયોગથી થતી પ્રવૃત્તિઓની ગુણવત્તા:** શાળા અને સમુદાય એકબીજા માટે એક સંસાધન કે સ્રોત તરીકે કાર્ય કરે તે શાળા અને સમુદાયની ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ છે. આ માપદંડો હેઠળ શાળા સમુદાયનો સીધો જ કે સમુદાયના માધ્યમથી અન્ય કોઇ સ્રોત દ્વારા શાળાના વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યોમાં વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિઓના આયોજન અને યોજાતી પ્રવૃત્તિમાં વૈવિધ્ય અને ગુણવત્તા જાણવાનો આશય છે. શાળા દ્વારા આ રીતે યોજાતી પ્રવૃત્તિઓમાં વ્યાખ્યાન કે વ્યાખ્યાનમાળા ઉપરાંત નિદર્શન, કાર્યશાળાઓ ઉપરાંત ક્ષેત્ર મુલાકાતોનું આયોજન કરવામાં આવતું હોય તો તે ઉત્તમ ગણાય.
- **પૂર્વ વિદ્યાર્થી સંગઠનની રચના અને તેની ભાગીદારી:** શાળામાંથી અભ્યાસ કરીને સમુદાયનો હિસ્સો બનેલ શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ શાળા અને સમુદાય વચ્ચે એક સેતુનું કાર્ય કરે છે. આથી શાળા કક્ષાએ પૂર્વ વિદ્યાર્થીઓનું એક માળખાબદ્ધ સંગઠન હોય (જેમાં પૂર્વ વિદ્યાર્થીઓને યોગ્ય પદ આપવામાં આવ્યાં હોય) અને આવું સંગઠન શાળાના

GCERT - GSQAC

કાર્યક્રમોમાં, સમસ્યા નિવારણમાં અને શૈક્ષણિક ગુણવત્તાની અભિવૃદ્ધિ માટે પ્રયત્નશીલ જણાતું હોય તો તે ઉત્તમ ગણી શકાય.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | | MS / SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| શાળામાં બાળકોના નામાંકન અને સ્થાયીકરણમાં SMC/ વાલીમંડળનો સહયોગ | ▪ શાળામાં બાળકોના નામાંકન અને સ્થાયીકરણમાં SMC/ વાલીમંડળનો સહયોગ પ્રાપ્ત થતો નથી. | ▪ શાળામાં બાળકોના નામાંકનમાં SMC/ વાલીમંડળનો સહયોગ પ્રાપ્ત થાય છે પરંતુ તેમના સ્થાયીકરણમાં પર્યાપ્ત સહયોગ પ્રાપ્ત થતો નથી. | ▪ શાળામાં બાળકોના નામાંકન અને સ્થાયીકરણના સંદર્ભમાં મોટાભાગના કિસ્સાઓમાં SMC/ વાલીમંડળનો સહયોગ મળે છે. | ▪ શાળામાં બાળકોના નામાંકન અને સ્થાયીકરણના સંદર્ભમાં SMC/ વાલીમંડળનો પર્યાપ્ત સહયોગ મળે છે. |
| શાળાકીય બાબતોમાં SMC/વાલીમંડળની સહભાગિતા | ▪ શાળાકીય કાર્યક્રમોમાં SMC/ વાલીમંડળની સહભાગિતા નથી. | ▪ સાંસ્કૃતિક કાર્યક્રમો - ઉજવણીઓ અને શાળાની ભૌતિક સુવિધા સંબંધિત બાબતોમાં SMC/ વાલીમંડળ સહભાગી બને છે. | ▪ સાંસ્કૃતિક કાર્યક્રમો – ઉજવણીઓ, શાળાની ભૌતિક અને નાણાકીય બાબતોમાં SMC/ વાલીમંડળ સહભાગી બને છે. | ▪ સાંસ્કૃતિક કાર્યક્રમો – ઉજવણીઓ, શાળાની ભૌતિક, નાણાકીય તેમજ શૈક્ષણિક ગુણવત્તા સંબંધિત બાબતોમાં SMC/ વાલીમંડળ સહભાગી બને છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| વાલી – સમુદાયની ભાગીદારી | ▪ શાળામાં SMC/ વાલીમંડળના સભ્યો સિવાયના વાલીઓ-સમુદાયના સભ્યોની ભાગીદારી જોવા મળતી નથી. | ▪ વાલીઓ-સમુદાયના સભ્યોની સાંસ્કૃતિક કાર્યક્રમો, તહેવારો અને ઉજવણીઓમાં ભાગીદારી જોવા મળે છે. | ▪ વાલીઓ-સમુદાયના સભ્યોની સાંસ્કૃતિક કાર્યક્રમો, તહેવારો, ઉજવણીઓ ઉપરાંત શિક્ષક – વાલી મિટિંગ્સ/ વાલી સંમેલનમાં સક્રિય ભાગીદારી જોવા મળે છે. | ▪ વાલીઓ-સમુદાયના સભ્યોની સાંસ્કૃતિક કાર્યક્રમો, તહેવારો, ઉજવણીઓ, શિક્ષક-વાલી મિટિંગ્સ/વાલી સંમેલન ઉપરાંત શાળાની વિવિધ સમસ્યાઓના ઉકેલમાં ભાગીદારી જોવા મળે છે. |
| SMC/વાલીમંડળ, વાલીઓ અને સમુદાયના શાળા અંગેના પ્રતિભાવો અને સૂચનો<br><br>(શાળાની વિશેષતાઓ/ સારી બાબતો, મર્યાદાઓ/ સુધારાત્મક બાબતો, શાળાની ગુણવત્તા | ▪ શાળા પાસે SMC/વાલીમંડળ, વાલીઓ અને સમુદાયના પ્રતિભાવો અને સૂચનો મેળવવા અંગેની કોઇ વ્યવસ્થા નથી/ શાળા દ્વારા SMC/વાલીમંડળ, વાલીઓ અને | ▪ શાળાને અનૌપચારિક રીતે SMC/વાલીમંડળ, વાલીઓ અને સમુદાયના પ્રતિભાવો અને સૂચનો મળે છે. શાળા તેમાના અમૂક જ પ્રતિભાવો અને | ▪ શાળા પાસે SMC/વાલીમંડળ, વાલીઓ અને સમુદાયના પ્રતિભાવો અને સૂચનો મેળવવા અંગે ચોક્કસ વ્યવસ્થા છે. શાળા મોટાભાગના પ્રતિભાવો અને | ▪ શાળા પાસે SMC/વાલીમંડળ, વાલીઓ અને સમુદાયના પ્રતિભાવો અને સૂચનો મેળવવા અંગે ચોક્કસ વ્યવસ્થા છે. શાળા તમામ પ્રતિભાવો અને સૂચનો પર અનુકાર્ય કરે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| સંદર્ભે સૂચનો અને તેના પર શાળાનું અનુકાર્ય) | સમુદાયના સૂચનો પર કોઇ અનુકાર્ય કરવામાં આવતું નથી. | સૂચનો પર અનુકાર્ય કરે છે. | સૂચનો પર અનુકાર્ય કરે છે. | |
| સમુદાયનો અધ્યયનના સ્રોત તરીકે ઉપયોગ (સમુદાયનો અને સમુદાયના માધ્યમથી બંને રીતે) | ▪ શાળા દ્વારા વાલી-સ્થાનિક સમુદાયનો અધ્યયન સ્રોત તરીકે લાભ લેવામાં આવતો નથી. | ▪ શાળા દ્વારા પ્રત્યેક સત્રમાં એક વાર સ્થાનિક સમુદાયના સંકલનથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યમાં વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળા દ્વારા પ્રત્યેક સત્રમાં બે વાર સ્થાનિક સમુદાયના સંકલનથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યમાં વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળા દ્વારા સ્થાનિક સમુદાયના સંકલનથી બે કરતાં વધુવાર વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યોમાં વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |
| સ્થાનિક સમુદાયના સંકલનથી થતી પ્રવૃત્તિઓની ગુણવત્તા | ▪ શાળા દ્વારા સ્થાનિક સમુદાયના સંકલનથી માત્ર વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવે છે. | ▪ શાળા દ્વારા સ્થાનિક સમુદાયના સંકલનથી વ્યાખ્યાન ઉપરાંત નિદર્શનોનું આયોજન કરવામાં આવે છે. | ▪ શાળા દ્વારા સ્થાનિક સમુદાયના સંકલનથી વ્યાખ્યાન, નિદર્શન ઉપરાંત વિદ્યાર્થીઓને જાતઅનુભવ મળે તેવી કાર્યશાળાઓનું | ▪ શાળા દ્વારા સ્થાનિક સમુદાયના સંકલનથી વ્યાખ્યાન, નિદર્શન, કાર્યશાળાઓ ઉપરાંત ક્ષેત્ર મુલાકાતોનું આયોજન કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | આયોજન કરવામાં આવે છે. | |

| પેટાક્ષેત્ર: શાળા અને સમુદાયની ભાગીદારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પૂર્વ વિદ્યાર્થી સંગઠનની રચના અને તેની ભાગીદારી | ▪ શાળા દ્વારા પૂર્વ વિદ્યાર્થી સંગઠનની રચના કરવામાં આવી નથી./ શાળાએ પૂર્વ વિદ્યાર્થી સંગઠનની રચના કરેલ છે પરંતુ સંગઠન નિષ્ક્રિય છે. | ▪ શાળા દ્વારા પૂર્વ વિદ્યાર્થી સંગઠનની માળખાબદ્ધ રચના કરવામાં આવેલ છે પરંતુ તેમાંના અમૂક જ સભ્યો પ્રસંગોપાત શાળાકીય કાર્યક્રમોમાં જોડાય છે. | ▪ શાળા દ્વારા પૂર્વ વિદ્યાર્થી સંગઠનની માળખાબદ્ધ રચના કરવામાં આવેલ છે.<br>▪ તેમાંના મોટાભાગના સભ્યો પ્રસંગોપાત શાળાકીય કાર્યક્રમોમાં જોડાય છે. | ▪ શાળા દ્વારા પૂર્વ વિદ્યાર્થી સંગઠનની માળખાબદ્ધ રચના કરવામાં આવેલ છે.<br>▪ તેમાંના મોટાભાગના સભ્યો વિવિધ શાળાકીય કાર્યક્રમોમાં નિયમિત જોડાય છે તેમજ શાળા વિકાસમાં માર્ગદર્શન અને સહયોગ પૂરાં પાડે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળામાં બાળકોના નામાંકન અને સ્થાયીકરણના સંદર્ભમાં શાળા અને SMC/ વાલીમંડળના પ્રયાસ અને પરિણામની વિગત | PDF |
| 2 | સાંસ્કૃતિક કાર્યક્રમો – ઉજવણીઓ, શાળાની ભૌતિક, નાણાકીય તેમજ શૈક્ષણિક ગુણવત્તા સંબંધિત બાબતોમાં SMC/ વાલીમંડળ સહભાગીની વિગત – ફોટોગ્રાફ્સ સહિતનો અહેવાલ | PDF |
| 3 | શાળાની સમસ્યાઓના ઉકેલ માટે વાલી-સમુદાયની ભાગીદારીની વિગત | PDF |
| 4 | SMC/વાલીમંડળ, વાલીઓ અને સમુદાયના શાળા અંગેના પ્રતિભાવો અને સૂચનો મેળવવાની વ્યવસ્થા અને સૂચનોના આધારે કરાયેલ અનુકાર્યની વિગત | PDF |
| 5 | વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યોમાં વૃદ્ધિ થાય તે માટે શાળા દ્વારા સમુદાયના સહયોગથી કરવામાં આવેલી પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |
| 6 | પૂર્વ વિદ્યાર્થી સંગઠનની માહિતી અને તેના દ્વારા થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |

## પેટાક્ષેત્ર: હાજરી અને સ્થાયીકરણના પ્રયાસ

શાળામાં વિદ્યાર્થીઓની હાજરી શાળામાં તેમને મળતા અધ્યયન અનુભવોની સાતત્યતા અને પરિણામે તેમની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિને સીધી અસર કરે છે. આથી શાળા તેના વિદ્યાર્થીઓની નિયમિત હાજરી માટે સજાગ અને પ્રયત્નશીલ હોય તે જરૂરી છે. આ માટે શાળાને સમગ્ર શિક્ષા દ્વારા ઉપલબ્ધ ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS) અને તેમાં શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓ (At Risk Students)ની આગોતરી જાણ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. શાળા આ વ્યવસ્થાનો સજાગ રીતે ઉપયોગ કરે અને તેના આધારે શાળામાં વિદ્યાર્થીઓના સ્થાયીકરણને સુનિશ્ચિત કરે તે ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓની હાજરી અને સ્થાયીકરણમાં શાળા સમુદાયને જોડી શકે અને તેમની સાથે મળીને વાલી સંપર્ક કરે,

GCERT - GSQAC

વિદ્યાર્થીઓ – વાલીઓને માર્ગદર્શન આપે, સહયોગ કરે અને વિદ્યાર્થીઓની નિયમિતતા માટે જરૂરી અનુકાર્ય કરે તો તે ઉત્તમ ગણી શકાય.

આનાથી વિરુદ્ધ કિસ્સામાં એવું બની શકે કે શાળાએ એવું સુંદર વાતાવરણ ઊભું કર્યું હોય કે તેમાં વિદ્યાર્થીની નિયમિતતા સંદર્ભે કોઇ પ્રશ્નો જ ન હોય. શાળાના લગભગ તમામ બાળકો સમગ્ર વર્ષ દરમિયાન નિયમિત રીતે શાળામાં આવતા હોય. શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ શૂન્ય કે નહીંવત હોય, શાળા માટે CTSમાં શાળા છોડવાની શકયતા ધરાવતા બાળકો આવતા જ ન હોય તો સંબંધિત માપદંડમાં શાળા ઉત્તમ કક્ષામાં છે એવું કહેવાય.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

**પેટાક્ષેત્ર: હાજરી અને સ્થાયીકરણના પ્રયાસ**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓ (At Risk Students)ની ઓળખ અને અનુકાર્ય | ▪ શાળા દ્વારા શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓની ઓળખ માટે ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS)નો ઉપયોગ કરવામાં આવતો નથી. | ▪ શાળા દ્વારા ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS)નો ઉપયોગ કરવામાં આવે છે અને શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓના સ્થાયીકરણ માટે શાળા વાલી સંપર્ક કરે છે. | ▪ શાળા દ્વારા ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS)નો ઉપયોગ કરવામાં આવે છે અને શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓના સ્થાયીકરણ માટે શાળા વિકાસ સમિતિના સભ્યોની સાથે મળીને વાલી | ▪ શાળા દ્વારા ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS)નો ઉપયોગ કરવામાં આવે છે અને શાળા છોડી શકે તેવા વિદ્યાર્થીઓના સ્થાયીકરણ માટે શાળા વિકાસ સમિતિ અને સમુદાયના સભ્યોની સાથે મળીને વાલી |

GCERT - GQAC

| પેટાક્ષેત્ર: હાજરી અને સ્થાયીકરણના પ્રયાસ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | સંપર્ક કરવામાં આવે છે. | સંપર્ક, માર્ગદર્શન, સહયોગ, અને જરૂરી અનુકાર્ય કરવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળાની સરેરાશ હાજરીની વિગત – શાળા દ્વારા શાળા છોડી શકે તેવા ઓળખ કરાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | PDF |
| 2 | શાળા દ્વારા શાળા છોડી શકે તેવા ઓળખ કરાયેલ વિદ્યાર્થીઓના સ્થાયીકરણ અંગે કરવામાં આવેલ પ્રયાસ અને તેમાં સમુદાયની સહભાગિતાની વિગત – અહેવાલ | PDF |

## 4.1.4 મુખ્યક્ષેત્ર 4: સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

### પેટાક્ષેત્ર: પ્રાર્થનાસભા

શાળામાં નિયમિત રીતે પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પ્રાર્થના કાર્યક્રમનો મૂળભૂત હેતુ વિદ્યાર્થીઓમાં સભા સંચાલનના કૌશલ્યો વિકસાવવાનો છે. ઉપરાંત, પ્રાર્થનાસભાના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલ વિવિધ કલાઓને બહાર લાવવા માટેનો એક મંચ પણ મળે છે.

GCERT - GSQAC

આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **પ્રાર્થનાસભાની સામૂહિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સક્રિયતાઃ** આ માપદંડ હેઠળ પ્રાર્થનાસભામાં થતી સામૂહિક પ્રવૃત્તિઓ જેવી કે સામૂહિક પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેમાં શાળાના બધા બાળકો સક્રિય રીતે જોડાય છે કે કેમ તે ચકાસવાનો હેતુ છે.
- **પ્રાર્થનાસભાની વ્યક્તિગત – જૂથ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારીઃ** આ માપદંડ પ્રાર્થનાસભામાં થતી વકતવ્ય, ગાયન, અભિનય, ક્વીઝ, સમાચાર વાંચન, કોયડા – ઉખાણાં, પુસ્તક પરિચય, દિનવિશેષ, પ્રયોગ નિદર્શન વગેરે જેવી પ્રવૃત્તિઓમાં શાળાના પ્રત્યેક ધોરણ અને વર્ગના બાળકોને ક્રમાનુસાર તક મળે છે કે કેમ તે ચકાસવાનો હેતુ છે.
- **પ્રાર્થનાસભામાં કુમાર – કન્યાની સપ્રમાણ ભાગીદારીઃ** આ માપદંડ હેઠળ પ્રાર્થનાસભા સંચાલન અને વિવિધ પ્રવૃત્તિઓ/રજૂઆતમાં ભાગીદારીના સંદર્ભમાં કુમાર અને કન્યાઓની ભાગીદારી કેવી રહે છે તે જાણવાનો હેતુ છે. આ માપદંડ માત્ર મિશ્ર શાળાઓને લાગુ પડશે.
- **પ્રાર્થનાસભામાં સંગીતના સાધનોનો ઉપયોગઃ** આ માપદંડ હેઠળ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાસભામાં સંગીતના સાધનોના ઉપયોગ વિશે જાણવાનો આશય છે. જો શાળાની પ્રાર્થનાસભામાં સંગીતના સાધનોનો ઉપયોગ ન થતો હોય અથવા માત્ર શિક્ષકો દ્વારા થતો હોય તે સારી સ્થિતિ ગણાય નહીં. જ્યારે શાળાના બાળકો દ્વારા 3 કે તેથી વધુ સાધનો/ વાજિંત્રોનો ઉપયોગ થતો હોય તો તે ઉત્તમ સ્થિતિ ગણી શકાય.
- **પ્રાર્થનાસભામાં વૈવિધ્યઃ** સમગ્ર વર્ષ દરમિયાન પ્રાર્થનાસભામાં એક જ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હોય તે પ્રાર્થનાસભામાં વૈવિધ્યના સંદર્ભમાં સારી સ્થિતિ ન ગણી શકાય. જો શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન 8 કે તેથી વધુ વિભિન્ન સામૂહિક ગાનની કૃતિઓ અને અન્ય પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવતી હોય, પ્રાર્થનાસભાના સંચાલનમાં બે કરતાં વધુ ભાષાઓનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ જુદી-જુદી ભાષાઓમાં કૃતિઓ રજૂ કરવામાં આવતી હોય તો તેને ઉત્તમ સ્થિતિ કહી શકાય.

GCERT - GSQAC

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: પ્રાર્થનાસભા | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પ્રાર્થનાસભાની સામૂહિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સક્રિયતા (સામૂહિક પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરે) | ▪ શાળાના 50% કે તેથી ઓછા વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં સક્રિય રીતે ભાગ લે છે. | ▪ શાળાના 51% થી 70% વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં સક્રિય રીતે ભાગ લે છે. | ▪ શાળાના 71% થી 90% વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં સક્રિય રીતે ભાગ લે છે. | ▪ શાળાના 91% થી 100% વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં સક્રિય રીતે ભાગ લે છે. |
| પ્રાર્થનાસભાની વ્યક્તિગત – જૂથ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી (વ્યકતવ્ય, ગાયન, બાલગીત – અભિનયગીત, અભિનય, ક્વીઝ, સમાચાર વાંચન, કોયડા – ઉખાણાં, પુસ્તક પરિચય, દિનવિશેષ, પ્રયોગ નિદર્શન વગેરે) | ▪ પ્રાર્થનાસભામાં રજૂ થતી વ્યક્તિગત – જૂથ પ્રવૃત્તિઓમાં અમુક ચોક્કસ વિદ્યાર્થીઓને જ તક મળે છે. | ▪ પ્રાર્થનાસભામાં રજૂ થતી વિવિધ વ્યક્તિગત – જૂથ પ્રવૃત્તિઓમાં શાળામાં ઉપલબ્ધ મોટા ધોરણોના તમામ વિદ્યાર્થીઓને રોટેશનમાં તક મળે છે. | ▪ પ્રાર્થનાસભામાં રજૂ થતી વિવિધ વ્યક્તિગત – જૂથ પ્રવૃત્તિઓમાં મોટાભાગે શાળામાં ઉપલબ્ધ મોટા ધોરણોના તમામ રોટેશનમાં વિદ્યાર્થીઓને તક મળે છે.<br>▪ આ ઉપરાંત નાના ધોરણોના વિદ્યાર્થીઓને પણ ક્યારેક-ક્યારેક તક મળે છે. | ▪ પ્રાર્થનાસભામાં રજૂ થતી વિવિધ વ્યક્તિગત – જૂથ પ્રવૃત્તિઓમાં રોટેશનમાં ધોરણવાર તમામ વિદ્યાર્થીઓને તક મળે છે. |
| પ્રાર્થનાસભામાં કુમાર – કન્યાની સપ્રમાણ | ▪ પ્રાર્થનાસભાની 50% કે તેથી | ▪ પ્રાર્થનાસભાની 51% થી 70% | ▪ પ્રાર્થનાસભાની 71% થી 90% | ▪ પ્રાર્થનાસભાની 90% થી |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: પ્રાર્થનાસભા

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| ભાગીદારી [પ્રાર્થનાસભા સંચાલન અને વિવિધ પ્રવૃત્તિઓ/રજૂઆતમાં ભાગીદારીના સંદર્ભમાં]<br><br>(લાગુ પડતું હોય ત્યાં) | ઓછી પ્રવૃત્તિઓમાં કુમાર – કન્યાની સપ્રમાણ ભાગીદારી જોવા મળે છે. | પ્રવૃત્તિઓમાં કુમાર – કન્યાની સપ્રમાણ ભાગીદારી જોવા મળે છે. | પ્રવૃત્તિઓમાં કુમાર – કન્યાની સપ્રમાણ ભાગીદારી જોવા મળે છે. | પ્રવૃત્તિઓમાં કુમાર – કન્યાની સપ્રમાણ ભાગીદારી જોવા મળે છે. |
| પ્રાર્થનાસભામાં સંગીતના સાધનોનો ઉપયોગ | ▪ પ્રાર્થનાસભામાં સંગીતના સાધનોનો ઉપયોગ થતો નથી/ માત્ર શિક્ષકો દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા સંગીતના કોઇપણ એક સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા સંગીતના બે જુદાજુદા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા સંગીતના 3 કે તેથી વધુ જુદાજુદા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. |
| પ્રાર્થસભામાં વૈવિધ્ય<br><br>(વિવિધ કૃતિઓ, પ્રવૃત્તિઓ અને પ્રાર્થનાસભામાં વિવિધ ભાષાઓનું પ્રયોજન) | ▪ પ્રાર્થનાસભામાં વર્ષ દરમિયાન 4 થી ઓછી વિભિન્ન સામૂહિક ગાનની કૃતિઓ અને અન્ય પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભામાં વર્ષ દરમિયાન 4 – 5 વિભિન્ન સામૂહિક ગાનની કૃતિઓ અને અન્ય પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભામાં વર્ષ દરમિયાન 6 – 7 વિભિન્ન સામૂહિક ગાનની કૃતિઓ અને અન્ય પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભામાં વર્ષ દરમિયાન 8 કે તેથી વધુ વિભિન્ન સામૂહિક ગાનની કૃતિઓ અને અન્ય પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: પ્રાર્થનાસભા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | ▪ સમગ્ર વર્ષ દરમિયાન સંપૂર્ણ પ્રાર્થનાસભા માત્ર એક જ ભાષામાં છે. | ▪ સમગ્ર વર્ષ દરમિયાન એક જ ભાષામાં પ્રાર્થનાસભાનું સંચાલન થાય છે પરંતુ જુદી-જુદી ભાષાઓમાં કૃતિઓ રજૂ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભાના સંચાલનમાં બે ભાષાઓનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ જુદી-જુદી ભાષાઓમાં કૃતિઓ રજૂ કરવામાં આવે છે. | ▪ પ્રાર્થનાસભાના સંચાલનમાં બે કરતાં વધુ ભાષાઓનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ જુદી-જુદી ભાષાઓમાં કૃતિઓ રજૂ કરવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | પ્રાર્થનાસભાની પ્રવૃત્તિઓનું આયોજન (સમગ્ર શાળાનું આયોજન અને વર્ગ અનુસાર આયોજનનો કોઈપણ એક વર્ગનો નમૂનો) | PDF |

## પેટાક્ષેત્ર: કલા અને શારીરિક શિક્ષણ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં કલા અને શારીરિક શિક્ષણને શાળા શિક્ષણના અગત્યના અભ્યાસક્ષેત્રો તરીકે જોવામાં આવ્યાં છે. કલા અને શારીરિક શિક્ષણ બાળકોના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરતા અગત્યના પરિબળ છે. NEP 2020 અન્ય વિષયોના શિક્ષણ માટે પણ કલા અને શારીરિક શિક્ષણના સમન્વય કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જેને આપણે અધ્યયન અને અધ્યાપન પેટાક્ષેત્ર હેઠળ એક માપદંડ તરીકે જોઇ ગયા છીએ. તેમજ પ્રાર્થનાસભામાં પણ કલા

GCERT - GSQAC

સંબંધિત પ્રવૃત્તિઓનો અવકાશ રહેતો હોય છે. આથી, આ પેટાક્ષેત્ર હેઠળ વર્ગખંડમાં કલા અને રમતના સમન્વય સિવાયની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **કલા શિક્ષણની પ્રવૃત્તિઓ:** આ માપદંડ હેઠળ વર્ગકાર્ય અને પ્રાર્થનાસભામાં થતી પ્રવૃત્તિઓ સિવાય થતી ગાયન, વાદન, નૃત્ય, ચિત્ર, અભિનય, ક્રાફ્ટ વર્ક, કલા ઉત્સવ સંબંધિત પ્રવૃત્તિઓ, કાવ્ય રચના – પઠન, વાર્તા રચના – કથન, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. શાળામાં વર્ષ દરમિયાન કલા શિક્ષણની 8 કરતાં વધુ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય તો આ માપદંડમાં શાળા ઉત્તમ સ્થિતિમાં છે તેમ કહેવાય.
- **કલા ઉત્સવની પ્રવૃત્તિઓમાં ભાગીદારી:** આ માપદંડ અંતર્ગત GCERT દ્વારા વિવિધ કક્ષાએ યોજાતા કલા ઉત્સવમાં શાળાની ભાગીદારી અને પ્રદર્શનનો સમાવેશ થાય છે.
- **યોગ પ્રવૃત્તિઓમાં નિયમિતતા અને વિદ્યાર્થીઓની ભાગીદારી:** શાળાઓમાં યોગ સંબંધિત પ્રવૃત્તિઓ માત્ર વિશ્વ યોગ દિવસ જેવા ખાસ દિવસો પૂરતી મર્યાદિત ન રહે પણ શાળાની દૈનિક બાબત બને તે જરૂરી છે. શાળામાં વિશેષ ઉજવણીઓ ઉપરાંત પ્રત્યેક શનિવારે કે દૈનિક પ્રાર્થનાસભામાં નિયમિત રીતે યૌગિક ક્રિયાઓ થતી હોય અને શાળાના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાય તો તેને ઉત્તમ ગણી શકાય.
- **સમૂહ કવાયતમાં નિયમિતતા અને વિદ્યાર્થીઓની ભાગીદારી:** સામાન્ય રીતે શનિવારે શાળાઓમાં સમૂહ કવાયતનું આયોજન થતું હોય છે. શાળા દ્વારા તેનું નિયમિત આયોજન થાય અને તેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ સક્રિય રીતે જોડાય તો તેને ઉત્તમ ગણી શકાય.
- **પ્રત્યેક ધોરણના વિદ્યાર્થીઓને રમતગમતની તક:** રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર શાળા સમયપત્રકમાં પ્રત્યેક ધોરણ માટે રમતના તાસનું આયોજન કરવામાં આવતું હોય અને તેમાં બધા જ ધોરણના વિદ્યાર્થીઓ શિક્ષકોના માર્ગદર્શનમાં વિવિધ રમતમાં ભાગ લેતાં હોય તો તેને ઉત્તમ ગણી શકાય.

GCERT - GSQAC

- **રમતગમતમાં કુમાર – કન્યાઓની સપ્રમાણ ભાગીદારી:** શાળામાં રમતોને લઇને આ કુમારોની રમતો અને આ કન્યાઓની રમતો એવું વિભાગીકરણ ન હોય પરંતુ પ્રત્યેક રમત રમવા માટે કુમાર અને કન્યાઓને સમાન તક હોય અને તે પ્રમાણે શાળામાં રમતો રમાતી હોય તો તેને ઉત્તમ ગણી શકાય. આ માપદંડ માત્ર મિશ્ર શાળાઓને લાગુ પડશે.
- **રમત સ્પર્ધાઓમાં શાળાની ભાગીદારી:** પ્રતિવર્ષ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જેની વિવિધ વ્યક્તિગત અને જૂથ રમતોમાં શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે છે. આ માપદંડમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ખેલ મહાકુંભમાં વિવિધ કક્ષાએ ભાગીદારીનું પ્રમાણ જોવામાં આવશે.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: કલા અને શારીરિક શિક્ષણ | | | | |
|---|---|---|---|---|
| GS, GIS, SFS, FS, PS, MS, SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| કલા શિક્ષણની પ્રવૃત્તિઓ (પ્રાર્થનાસભામાં થતી નિયમિત પ્રવૃત્તિઓ સિવાય થતી ગાયન, વાદન, નૃત્ય, ચિત્ર, અભિનય, બાળમેળા, ક્રાફ્ટ વર્ક, કલા ઉત્સવ સંબંધિત પ્રવૃત્તિઓ, કાવ્ય રચના – પઠન, વાર્તા રચના – કથન, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે જેવી પ્રવૃત્તિઓ) | ▪ શાળામાં વર્ષ દરમિયાન કલા શિક્ષણની 5 કરતાં ઓછી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન કલા શિક્ષણની 5 - 6 પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન કલા શિક્ષણની 7 - 8 પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન કલા શિક્ષણની 8 કરતાં વધુ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |

GCERT - GQAC

| પેટાક્ષેત્ર: કલા અને શારીરિક શિક્ષણ | | | | |
|---|---|---|---|---|
| GS GIS SFS FS PS MS SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| કલા ઉત્સવની પ્રવૃત્તિઓમાં ભાગીદારી (લાગુ પડતું હોય ત્યાં) | ▪ શાળામાં કલા ઉત્સવ સંદર્ભે કોઇ પ્રવૃત્તિ થતી નથી. | ▪ શાળામાં કલા ઉત્સવ સંબંધિત ચોક્કસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે અને તે પ્રવૃત્તિઓમાં શાળાના વિદ્યાર્થીઓ ક્લસ્ટર/ ક્યુડીસી (QDC) કક્ષાએ ભાગ લે છે. | ▪ શાળામાં કલા ઉત્સવ સંબંધિત તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે અને તે પ્રવૃત્તિઓમાં શાળાના વિદ્યાર્થીઓ ક્લસ્ટર/ ક્યુડીસી (QDC) કક્ષાએ ભાગ લે છે. શાળાના વિદ્યાર્થીઓએ કોઇપણ એક પ્રવૃત્તિમાં બ્લોક કક્ષાએ ભાગ લીધેલ છે. | ▪ શાળામાં કલા ઉત્સવ સંબંધિત તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે અને તે પ્રવૃત્તિઓમાં શાળાના વિદ્યાર્થીઓ ક્લસ્ટર/ ક્યુડીસી (QDC) કક્ષાએ ભાગ લે છે. શાળાના વિદ્યાર્થીઓએ એક કરતાં વધુ પ્રવૃત્તિઓમાં બ્લોક કક્ષાએ ભાગ લીધેલ છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: કલા અને શારીરિક શિક્ષણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| યોગ પ્રવૃત્તિઓમાં નિયમિતતા | ▪ શાળામાં યોગ પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ શાળામાં વિશેષ ઉજવણીઓમાં યોગ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. (દા.ત. વિશ્વ યોગ દિવસ) | ▪ શાળામાં વિશેષ ઉજવણીઓ તેમજ આનંદદાયી શનિવાર અંતર્ગત નિયમિત રીતે યોગ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં વિશેષ ઉજવણીઓ, આનંદદાયી શનિવારમાં નિયમિત રીતે યોગ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.<br>▪ પ્રાર્થનાસભામાં નિયમિત રીતે યૌગિક ક્રિયાઓ કરવામાં આવે છે. |
| યોગ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી | ▪ શાળાના 50% કે તેથી ઓછા વિદ્યાર્થીઓ યોગ પ્રવૃત્તિઓમાં જોડાય છે. | ▪ શાળાના 51% થી 70% વિદ્યાર્થીઓ યોગ પ્રવૃત્તિઓમાં જોડાય છે. | ▪ શાળાના 71% થી 90% વિદ્યાર્થીઓ યોગ પ્રવૃત્તિઓમાં જોડાય છે. | ▪ શાળાના 91% થી 100% વિદ્યાર્થીઓ યોગ પ્રવૃત્તિઓમાં જોડાય છે. |
| સમૂહ કવાયતમાં નિયમિતતા અને વિદ્યાર્થીઓની ભાગીદારી | ▪ શાળામાં નિયમિત રીતે સમૂહ કવાયત યોજાતી નથી / સમૂહ કવાયતમાં શાળાના 50% થી ઓછા વિદ્યાર્થીઓ જોડાય છે. | ▪ શાળામાં નિયમિત રીતે સમૂહ કવાયત યોજાય છે. શાળાના 51% થી 70% વિદ્યાર્થીઓ સમૂહ કવાયતમાં જોડાય છે. | ▪ શાળામાં નિયમિત રીતે સમૂહ કવાયત યોજાય છે. શાળાના 71% થી 90% વિદ્યાર્થીઓ સમૂહ કવાયતમાં જોડાય છે. | ▪ શાળામાં નિયમિત રીતે સમૂહ કવાયત યોજાય છે. શાળાના 91% થી 100% વિદ્યાર્થીઓ સમૂહ કવાયતમાં જોડાય છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: કલા અને શારીરિક શિક્ષણ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS | PS / MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પ્રત્યેક ધોરણના વિદ્યાર્થીઓને રમતગમતની તક | ▪ રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર શાળા સમયપત્રકમાં પ્રત્યેક ધોરણ માટે રમતના તાસનું આયોજન કરાયેલ નથી. | ▪ રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર શાળા સમયપત્રકમાં પ્રત્યેક ધોરણ માટે રમતના તાસનું આયોજન કરવામાં આવેલ છે પરંતુ અમુક ધોરણના વિદ્યાર્થીઓ જ રમતમાં ભાગ લે છે / વર્ગોમાંના અમુક વિદ્યાર્થીઓ જ રમતમાં ભાગ લે છે. | ▪ રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર શાળા સમયપત્રકમાં પ્રત્યેક ધોરણ માટે રમતના તાસનું આયોજન કરવામાં આવેલ છે.<br>▪ જેમાં બધા જ ધોરણના વિદ્યાર્થીઓ પોતાની રીતે વિવિધ રમતો રમે છે. | ▪ રાજ્ય કક્ષાએથી સૂચવ્યા અનુસાર શાળા સમયપત્રકમાં પ્રત્યેક ધોરણ માટે રમતના તાસનું આયોજન કરવામાં આવેલ છે.<br>▪ જેમાં બધા જ ધોરણના વિદ્યાર્થીઓ શિક્ષકોના માર્ગદર્શનમાં વિવિધ રમતમાં ભાગ લે છે. |
| રમતગમતમાં કુમાર – કન્યાઓની સપ્રમાણ ભાગીદારી (લાગુ પડતું હોય ત્યાં) | ▪ કન્યાઓ રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લેતી નથી. | ▪ શાળામાં રમાતી મોટાભાગની રમતો કુમારો જ રમે છે જ્યારે કન્યાઓ અમુક રમતોમાં જ ભાગ લે છે. | ▪ શાળામાં રમાતી મોટાભાગની રમતોમાં કુમાર અને કન્યાઓની સપ્રમાણ ભાગીદારી જોવા મળે છે. | ▪ શાળામાં રમાતી તમામ રમતોમાં કુમાર અને કન્યાઓની સપ્રમાણ ભાગીદારી જોવા મળે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: કલા અને શારીરિક શિક્ષણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| રમત સ્પર્ધાઓમાં શાળાની ભાગીદારી | ▪ શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભની એકપણ રમતમાં ભાગ લીધેલ નથી. | ▪ શાળાના વિદ્યાર્થીઓએ ક્લસ્ટર/SVS કક્ષાના ખેલ મહાકુંભમાં ઓછામાં ઓછી એક રમતમાં ભાગ લીધેલ છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓએ બ્લોક કક્ષાના ખેલ મહાકુંભમાં ઓછામાં ઓછી એક રમતમાં ભાગ લીધેલ છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓએ બ્લોક કક્ષાના ખેલ મહાકુંભમાં ઓછામાં ઓછી બે રમતમાં / જિલ્લા કક્ષાના રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં ઓછામાં ઓછી એક રમતમાં ભાગ લીધેલ છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળા દ્વારા યોજાયેલ કલા શિક્ષણની પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |
| 2 | કલા ઉત્સવમાં ભાગીદારીની વિગત અને પ્રમાણપત્રો | PDF |
| 3 | શાળા દ્વારા યોજાયેલ યોગપ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |
| 4 | શાળા સમયપત્રક (રમતના તાસના આયોજન અને અમલની વિગત) | PDF |
| 5 | રમત સ્પર્ધાઓમાં શાળાની ભાગીદારીની વિગત અને પ્રમાણપત્રો | PDF |

**નોંધ: આનંદદાયી શનિવારની પ્રવૃત્તિઓ ધોરણ 1 થી 8ની શાળાઓને લાગુ પડશે.**

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: વિવિધ પ્રદર્શનો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી

શાળા કક્ષાએ બાળકોના સર્વાંગી વિકાસને પોષે તેવી ઘણી રચનાત્મક પ્રવૃત્તિઓ થતી હોય છે તેમજ રાજ્ય કક્ષાએથી પ્રતિવર્ષ ચોક્કસ પ્રવૃત્તિઓનું આયોજન થતું હોય છે. જેમાં રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ, પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ, મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ અને સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ અને બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનોનો સમાવેશ થાય છે.

આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનો:** આ માપદંડ હેઠળ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનોમાં કઇ કક્ષા સુધી ભાગ લીધો છે તેની જાણકારી મેળવવાનો આશય છે.
- **વિષયમંડળો અંતર્ગત થતી પ્રવૃત્તિઓ:** શાળાઓમાં શીખવાતા વિષયોના અસરકારક અને જીવનોપયોગી અધ્યયન માટે વિષયમંડળો અંતર્ગત થતી પ્રવૃત્તિઓ ખૂબ ઉપયોગી નીવડે છે. આ માપદંડ હેઠળ શાળામાં રચવામાં આવેલ વિવિધ વિષયોના મંડળો અને તેમની પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય (વિષયોની સંકલ્પનાઓના સ્પષ્ટીકરણ કે વિષય સંબંધિત કૌશલ્યોના વિકાસ માટે પ્રવૃત્તિઓ) અને પ્રવૃત્તિઓની અસરકારકતા વિશે જાણકારી મેળવવાનો આશય છે.
- **પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ:** પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ અંતર્ગત શાળા દ્વારા, ઇકોક્લબ, ઉર્જા સંરક્ષણ, જળ વ્યવસ્થાપન અને સંરક્ષણ, વૃક્ષારોપણ, બાગબાની, કિચન ગાર્ડન, ઔષધબાગ, વિશેષ દિન ઉજવણી, કચરાનું વ્યવસ્થાપન, વ્યાખ્યાન – જાગૃતિ કાર્યક્રમો વગેરે જેવી પ્રવૃત્તિઓ થઇ શકે. શાળા દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન આયોજનપૂર્વક આવી પ્રવૃત્તિઓ યોજાતી હોય અને તેમાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી જોવા મળતી હોય તો તેને ઉત્તમ કહી શકાય.
- **રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ:** શાળામાં વર્ષ દરમિયાન 6 થી વધુ રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય અને તેમાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી જોવા મળતી હોય તો તેને ઉત્તમ કહી શકાય.

GCERT - GSQAC

- **શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉજવણીઓ અને દિનવિશેષ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી:** શાળામાં યોજાતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉજવણીઓ અને દિનવિશેષ કાર્યક્રમોમાં શાળાના વિદ્યાર્થીઓમાંના કલા અને કૌશલ્યોના સંવર્ધન ઉપરાંત સમાવેશનને પણ પોષે છે. આથી આવા કાર્યક્રમો અને આયોજનોમાં શાળાના મોટાભાગના ધોરણોના વિદ્યાર્થીઓની સપ્રમાણ ભાગીદારી રહે તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓને પણ યોગ્ય તક આપવામાં આવે તો તેને ઉત્તમ સ્થિતિ કહી શકાય.
- **શાળામાં થતી મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ:** સામાન્ય રીતે શાળાઓમાં રામહાટ, અક્ષયપાત્ર, ખોયાપાયા સ્ટોર જેવી મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ થતી હોય છે. આ ઉપરાંત વાર્તાકથન, નાટક, ફિલ્મ નિદર્શન વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ અંતર્ગત થઇ શકે છે. આ માપદંડ હેઠળ શાળા દ્વારા થતી આવી પ્રવૃત્તિઓ વિશે જાણવાનો આશય છે.
- **શાળા દ્વારા થતી સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ:** આપણે અગાઉના મુખ્યક્ષેત્રમાં સમાજની શાળામાં ભાગીદારી સંબંધિત માપદંડોનો વિચાર કર્યો તેવી રીતે આ માપદંડમાં શાળા સમાજ માટે શું કરે છે તે જોવાનો આશય છે. આ માપદંડમાં સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અને જાળવણી, નિરંતર શિક્ષણ, વ્યસનમુક્તિ, સ્વસ્થ આહાર, મોકડ્રિલ, રેલી, શેરીનાટક, ફિલ્મ પ્રદર્શન, વોલ પેઇન્ટિંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્કાઉટ – ગાઈડની પ્રવૃત્તિઓ, NSSની પ્રવૃત્તિઓ વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થઇ શકે.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: વિવિધ પ્રદર્શનો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS | | PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનો | ▪ શાળાના વિદ્યાર્થીઓએ ક્લસ્ટર કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ભાગ લીધો નથી. | ▪ શાળાના વિદ્યાર્થીઓને ક્લસ્ટર કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ભાગ લીધો છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ભાગ લીધો છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિકના પ્રદર્શનમાં ભાગ લીધો છે. |

| પેટાક્ષેત્ર: વિવિધ પ્રદર્શનો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS | | | | MS / SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વિષયમંડળો અંતર્ગત થતી પ્રવૃત્તિઓ | ▪ શાળામાં વિષયમંડળોની રચના કરવામાં આવી નથી./ શાળામાં વિષયમંડળો અંતર્ગત પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ શાળામાં કોઈપણ એક વિષયનું મંડળ રચવામાં આવ્યું છે. મંડળ દ્વારા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ માટે એક કે બે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. | ▪ શાળામાં કોઈપણ બે વિષયોનાં મંડળ રચવામાં આવ્યાં છે. દરેક મંડળ દ્વારા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ માટે બે કે ત્રણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. | ▪ શાળામાં ઓછામાં ઓછા ત્રણ વિષયોનાં મંડળ રચવામાં આવ્યાં છે. દરેક મંડળ દ્વારા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ માટે બે – બે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. |

GCERT-GDAC

| પેટાક્ષેત્ર: વિવિધ પ્રદર્શનો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ<br><br>(શાળા ઇકોક્લબ, ઉર્જા સંરક્ષણ, જળ વ્યવસ્થાપન અને સંરક્ષણ, વૃક્ષારોપણ, બાગબાની, કિચન ગાર્ડન, ઔષધબાગ, સજીવ/ પ્રાકૃતિક ખેતી, વિશેષ દિન ઉજવણી, કચરાનું વ્યવસ્થાપન, વ્યાખ્યાન – જાગૃતિ કાર્યક્રમો વગેરે) | ▪ શાળામાં પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરાતી નથી. | ▪ શાળામાં મોટાભાગે પર્યાવરણલક્ષી દિવસોની ઉજવણી કરવામાં આવે છે. આ સિવાય વર્ષ દરમિયાન બીજા 1 – 2 કાર્યક્રમો યોજવામાં આવે છે. | ▪ શાળામાં પર્યાવરણલક્ષી દિવસોની ઉજવણી ઉપરાંત વર્ષ દરમિયાન અનુકૂળતા મુજબ બીજા 3 – 4 કાર્યક્રમો યોજવામાં આવે છે. | ▪ શાળા કક્ષાએ ઇકોક્લબ સ્થાપવામાં આવી છે. જે સમગ્ર વર્ષ દરમિયાન સક્રિય રીતે પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરે છે. |
| રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ | ▪ શાળામાં વર્ષ દરમિયાન 3 થી ઓછા રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન 3 - 4 રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન 5 - 6 રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન 6 થી વધુ રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |
| શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉજવણીઓ અને દિનવિશેષ | ▪ શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, | ▪ શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, | ▪ શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, | ▪ શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: વિવિધ પ્રદર્શનો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી | ઉજવણીઓ અને દિનવિશેષ કાર્યક્રમોમાં શાળામાં ઉપલબ્ધ મોટા ધોરણોના વિદ્યાર્થીઓ જ ભાગ લે છે. | ઉજવણીઓ અને દિનવિશેષ કાર્યક્રમોમાં શાળામાં ઉપલબ્ધ મોટા ધોરણોના વિદ્યાર્થીઓની વિશેષ ભાગીદારી રહે છે. નાના ધોરણના વિદ્યાર્થીઓની ભાગીદારી પ્રમાણમાં ઓછી હોય છે. | ઉજવણીઓ અને દિનવિશેષ કાર્યક્રમોમાં શાળાના મોટાભાગના ધોરણોના વિદ્યાર્થીઓની સપ્રમાણ ભાગીદારી રહે છે. | ઉજવણીઓ અને દિનવિશેષ કાર્યક્રમોમાં શાળાના મોટાભાગના ધોરણોના વિદ્યાર્થીઓની સપ્રમાણ ભાગીદારી રહે છે. શાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓને પણ યોગ્ય તક આપવામાં આવે છે. |
| શાળામાં થતી મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ<br><br>(રામહાટ, અક્ષયપાત્ર, ખોયાપાયા સ્ટોર, આજનું ગુલાબ, આજનો દિપક, વાર્તાકથન, નાટક, ફિલ્મ નિદર્શન વગેરે) | ▪ શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ શાળામાં 1 – 2 મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં 3 – 4 મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળામાં પાંચ કે તેથી વધુ મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: વિવિધ પ્રદર્શનો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| શાળા દ્વારા થતી સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ<br><br>(સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અને જાળવણી, નિરંતર શિક્ષણ, વ્યસનમુક્તિ, સ્વસ્થ આહાર, મોકડ્રિલ, રેલી, શેરીનાટક, ફિલ્મ પ્રદર્શન, વોલ પેઇન્ટિંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્કાઉટ – ગાઈડની પ્રવૃત્તિઓ વગેરે) | ▪ શાળા દ્વારા સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ શાળા દ્વારા વર્ષ દરમિયાન કોઇપણ એક પ્રવૃત્તિ કરવામાં આવે છે./ સમુદાય કે સામાજિક સંસ્થા દ્વારા આમંત્રિત કરવામાં આવે તો શાળા વર્ષમાં એકાદ વાર આવી પ્રવૃત્તિઓમાં જોડાય છે. | ▪ શાળાએ પોતાના વિસ્તારમાં જરૂરી હોય તેવી સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓની ઓળખ કરી છે અને શાળા વર્ષ દરમિયાન તેમાંની બે પ્રવૃત્તિઓ કરે છે.<br>▪ આ સિવાય સમુદાય કે સામાજિક સંસ્થા દ્વારા આમંત્રિત કરવામાં આવે ત્યારે શાળા આવી પ્રવૃત્તિઓમાં જોડાય છે. | ▪ શાળાએ પોતાના વિસ્તારમાં જરૂરી હોય તેવી સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓની ઓળખ કરી છે અને શાળા વર્ષ દરમિયાન તેમાંની બે કરતાં વધુ પ્રવૃત્તિઓ કરે છે.<br>▪ આ સિવાય સમુદાય કે સામાજિક સંસ્થા દ્વારા આમંત્રિત કરવામાં આવે ત્યારે શાળા આવી પ્રવૃત્તિઓમાં જોડાય છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | બાળવૈજ્ઞાનિક પ્રદર્શનોમાં શાળાની ભાગીદારીની વિગત અને પ્રમાણપત્રો | PDF |
| 2 | વિષયમંડળો અંતર્ગત શાળામાં યોજાયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 3 | શાળામાં યોજાતી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |
| 4 | રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દિનવિશેષ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ અને તેમાં વિદ્યાર્થીઓની ભાગીદારીનો અહેવાલ | PDF |
| 5 | શાળામાં થતી મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |
| 6 | શાળા દ્વારા થતી સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |

**નોંધ: જો સ્વ-મૂલ્યાંકન પ્રથમ સત્રમાં યોજાય તો ઉપરોક્ત પ્રવૃત્તિઓ માટે ગત શૈક્ષણિક વર્ષની પ્રવૃત્તિઓના અહેવાલ ધ્યાને લેવામાં આવશે.**

## પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ શાળા કક્ષાએ પારંપરિક શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણના સંકલનની હિમાયત કરી છે. જેના ભાગરૂપે ધોરણ 6 થી 8 માં પૂર્વ-વ્યાવસાયિક શિક્ષણ અને માધ્યમિક તબક્કા (Secondary Stage)માં શાળાના વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણ આપવાની ભલામણ કરવામાં આવી છે. આ ભલામણોને આધારે રાજ્યમાં દફતર વિનાના 10 દિવસ (10 Bagless Days) અને 'આનંદદાયી શનિવાર' જેવી વિભાવનાઓ સાકાર થઇ છે. જ્યારે માધ્યમિક તબક્કામાં વ્યાવસાયિક શિક્ષણના વિષયો હવે પારંપરિક શિક્ષણનો ભાગ બન્યા છે. આ પેટાક્ષેત્ર હેઠળ નીચેના પરિમાણોનો માપદંડ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

- **આનંદદાયી શનિવાર અંતર્ગત થતી પ્રવૃત્તિઓ:** આ માપદંડ હેઠળ શાળા દ્વારા નિયમિત રીતે, કાળજીપૂર્વકના આયોજન સાથે શિક્ષકોના માર્ગદર્શનમાં પ્રવૃત્તિઓ થતી હોય તે અપેક્ષિત છે.
- **દફતર વિનાના 10 દિવસ સંબંધિત પ્રવૃત્તિઓ:** આ માપદંડ હેઠળ પ્રિ-વોકેશનલ, એજ્યુકેશનલ ફિલ્ડ વિઝિટ્સ, સ્કિલમેળા સંબંધિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિઓ માટે શાળાએ કાળજીપૂર્વક આયોજન કરેલ હોય, તે

GCERT - GSQAC

આયોજન અનુસાર વ્યાખ્યાન, સ્થાનિક વ્યવસાયોનો પરિચય, ક્ષેત્ર મુલાકાત અને કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય તો તેને આ માપદંડ હેઠળની ઉત્તમ સ્થિતિ ગણી શકાય.

- **વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ:** માધ્યમિક તબક્કો એ શાળા શિક્ષણને એવો પડાવ છે કે જ્યાં વિદ્યાર્થીઓને કારકિર્દીના વિવિધ ક્ષેત્રો અને તેમાં પણ પોતાના વિસ્તારમાં ઉપલબ્ધ વિવિધ વ્યાવસાયિક તકો અને તેના માટે આવશ્યક કૌશલ્યોનો પરિચય મળે. આ માટે શાળા દ્વારા કારકિર્દી માર્ગદર્શન, Psychometric Tests, ફિલ્ડ વિઝિટ્સ, સ્કિલમેળા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય. આ માપદંડ હેઠળ શાળા દ્વારા નિયમિત રીતે, કાળજીપૂર્વકના આયોજન સાથે શિક્ષકોના માર્ગદર્શનમાં પ્રવૃત્તિઓ થતી હોય તેવી અપેક્ષા રાખવામાં આવી છે.
- **સ્થાનિક 'લોકવિદ્યા'ને પ્રોત્સાહન:** NEP 2020માં વિદ્યાર્થીઓ પોતાના સ્થાનિક અને પારંપરિક વ્યવસાયો અને હુન્નરથી પરિચિત થાય અને તેના માટે ગર્વની લાગણી અનુભવે તેવું વાતાવરણ નિર્માણ કરવાની ભલામણ કરેલ છે. આથી આ માપદંડનો અહીં સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં શાળા પરંપરાગત સ્થાનિક હસ્તકલા, હુન્નર, કૃષિ પદ્ધતિઓ, વ્યાવસાયો, લઘુઉદ્યોગો, સ્થાનિક પેદાશો આધારિત ઉત્પાદનો, સારવાર પદ્ધતિઓ (આયુર્વેદ) વગેરેનો સમાવેશ કરે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

GCERT - GSQAC

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| આનંદદાયી શનિવાર અંતર્ગત થતી પ્રવૃત્તિઓ | ▪ શાળાએ આનંદદાયી શનિવાર અંતર્ગત કરવાની વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેવા કોઇ | ▪ શાળાએ આનંદદાયી શનિવાર અંતર્ગત કરાવાની વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેવા | ▪ શાળાએ આનંદદાયી શનિવાર અંતર્ગત કરાવાની વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેવા | ▪ શાળાએ આનંદદાયી શનિવાર અંતર્ગત કરાવાની વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેવા |

| પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | આયોજન તૈયાર કર્યું નથી. / તૈયાર કરેલ આયોજન અનુસાર શાળા દ્વારા આનંદદયી શનિવાર અંતર્ગત પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | આયોજન કરેલ છે.<br>▪ આયોજન અનુસારની અમુક જ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં રમતગમતની પ્રવૃત્તિઓનું પ્રમાણ વિશેષ હોય છે. | આયોજન કરેલ છે.<br>▪ શિક્ષકોના માર્ગદર્શનમાં આયોજન અનુસારની મોટાભાગની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | કાળજીપૂર્વક આયોજન કરેલ છે.<br>▪ શિક્ષકોના માર્ગદર્શનમાં આયોજન અનુસાર તમામ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |

| પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| દફતર વિનાના 10 દિવસ સંબંધિત પ્રવૃત્તિઓ (પ્રિ-વોકેશનલ, એજ્યુકેશનલ ફિલ્ડ વિઝિટ્સ, સ્કિલમેળા સંબંધિત પ્રવૃત્તિઓ) | ▪ શાળાએ દફતર વિનાના 10 દિવસ માટે કોઇ આયોજન તૈયાર કર્યું નથી. / તૈયાર કરેલ આયોજન અનુસાર પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ શાળાએ દફતર વિનાના 10 દિવસ માટે આયોજન તૈયાર કરેલ છે.<br>▪ જેમાં મોટાભાગે વ્યાખ્યાન – માર્ગદર્શન પ્રકારના કાર્યક્રમો/ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. | ▪ શાળાએ દફતર વિનાના 10 દિવસ માટે આયોજન તૈયાર કરેલ છે.<br>▪ જેમાં આયોજન અનુસાર વ્યાખ્યાન – માર્ગદર્શન પ્રકારના કાર્યક્રમો ઉપરાંત લોક સહકારથી સ્થાનિક વ્યવસાયોનો | ▪ શાળા દ્વારા દફતર વિનાના 10 દિવસ માટે કાળજીપૂર્વક આયોજન કરેલ છે.<br>▪ આયોજન અનુસાર વ્યાખ્યાન, સ્થાનિક વ્યવસાયોનો પરિચય, ક્ષેત્ર મુલાકાત અને કૌશલ્ય શિક્ષણ |

GCERT GSQAC

| પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | પરિચય જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | સંબંધિત પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |

| પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ (લાગુ પડતું હોય ત્યાં) | ▪ શાળાએ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓના સંદર્ભમાં કોઇ આયોજન તૈયાર કર્યું નથી. / તૈયાર કરેલ આયોજન અનુસાર પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ શાળાએ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓના સંદર્ભમાં કોઇ આયોજન તૈયાર કરેલ છે.<br>▪ જેમાં મોટાભાગે વ્યાખ્યાન – માર્ગદર્શન પ્રકારના કાર્યક્રમો/ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. | ▪ શાળાએ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓના સંદર્ભમાં કોઇ આયોજન તૈયાર કરેલ છે.<br>▪ જેમાં આયોજન અનુસાર વ્યાખ્યાન – માર્ગદર્શન પ્રકારના કાર્યક્રમો ઉપરાંત લોક સહકારથી સ્થાનિક વ્યવસાયોનો પરિચય જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | ▪ શાળાએ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓના સંદર્ભમાં કોઇ આયોજન તૈયાર કરેલ છે.<br>▪ આયોજન અનુસાર વ્યાખ્યાન, સ્થાનિક વ્યવસાયોનો પરિચય, ક્ષેત્ર મુલાકત અને કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. |

GCERT - GSQAC

**પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ**

GS | GIS | SFS | FS | PS | MS | SS

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| સ્થાનિક 'લોકવિદ્યા'ને પ્રોત્સાહન<br><br>(પરંપરાગત સ્થાનિક હસ્તકલા, હુન્નર, કૃષિ પદ્ધતિઓ, વ્યાવસાયો, લઘુઉદ્યોગો, સ્થાનિક પેદાશો આધારિત ઉત્પાદનો, સારવાર પદ્ધતિઓ (આયુર્વેદ) વગેરે) | ▪ શાળાએ તેની વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓમાં સ્થાનિક લોકવિદ્યાને સ્થાન આપ્યું નથી. | ▪ શાળાએ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત આયોજનમાં સ્થાનિક લોકવિદ્યાને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓનો સમાવેશ કર્યો છે.<br>▪ જેમાં મુખ્યત્વે શાળાના કર્મચારીઓ દ્વારા વ્યાખ્યાન અને વીડિયો નિદર્શન જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. | ▪ શાળાએ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત આયોજનમાં સ્થાનિક લોકવિદ્યાને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓનો સમાવેશ કર્યો છે.<br>▪ જેમાં શાળાના કર્મચારીઓ ઉપરાંત લોકવિદ્યાના સ્થાનિક નિષ્ણાતો/ વડીલો દ્વારા વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન, સંવાદ, પ્રત્યક્ષ નિદર્શન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. | ▪ શાળાએ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત આયોજનમાં સ્થાનિક લોકવિદ્યાને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓનો સમાવેશ કર્યો છે.<br>▪ જેમાં શાળાના કર્મચારીઓ ઉપરાંત લોકવિદ્યાના સ્થાનિક નિષ્ણાતો/ વડીલો દ્વારા વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન, સંવાદ, પ્રત્યક્ષ નિદર્શન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.<br>▪ શાળા વર્ષના એક કે બે દિવસ તેના વિદ્યાર્થીઓ સ્થાનિક લોકવિદ્યાના |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: કૌશલ્ય શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS / FS / PS / MS / SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| | | | | નિષ્ણાતો સાથે મળીને જાતઅનુભવથી શીખે તેવું આયોજન કરે છે.<br>▪ શાળા તેના વિદ્યાર્થીઓના વાલીઓને સ્થાનિક કલા, કૌશલ્યો અને વ્યવસાયોના નિષ્ણાત તરીકે શાળામાં આમંત્રિત કરી વિદ્યાર્થીઓમાં સ્થાનિક લોકવિદ્યાના સન્માન માટે પ્રેરણાદાયી વાતાવરણનું નિર્માણ કરે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળા દ્વારા યોજાયેલ આનંદદાયી શનિવારની પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |
| 2 | શાળા દ્વારા યોજાયેલ દફતર વિનાના 10 દિવસ સંબંધિત પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |
| 3 | શાળા દ્વારા યોજાયેલ વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |

**નોંધ: જો સ્વ-મૂલ્યાંકન પ્રથમ સત્રમાં યોજાય તો ઉપરોક્ત પ્રવૃત્તિઓ માટે ગત શૈક્ષણિક વર્ષની પ્રવૃત્તિઓના અહેવાલ ધ્યાને લેવામાં આવશે.**

## પેટાક્ષેત્ર: નેતૃત્વ વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ

શાળામાં અભ્યાસ કરતા બાળકોના સર્વાંગી વિકાસના ભાગરૂપે તેમનામાં નેતૃત્વના ગુણનો વિકાસ થાય તે અપેક્ષિત છે. શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન થતી વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકોને નેતૃત્વની તક રહેતી હોય છે. આ પેટાક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓમાં તમામ બાળકોને નેતૃત્વની તક ઉપલબ્ધ કરાવવાના શાળાના પ્રયાસોને જાણવાનો આશય છે.

આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **વિદ્યાર્થીઓને નેતૃત્વ વિકાસની તક:** આ માપદંડ હેઠળ શાળાની વિવિધ સમિતિઓ, બાલવૃંદ તેમજ શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓમાં નેતૃત્વનો ગુણ કેળવાય તે માટે શાળાના પ્રયત્નો વિશે જાણવાનો આશય છે. શાળાના પ્રત્યેક વિદ્યાર્થીને વર્ગ મોનિટર, બાલવૃંદ પ્રતિનિધિ, શાળાની વિવિધ સમિતિ/ક્લબના લીડર તરીકે કાર્ય કરવાની તક મળે તે માટે વિદ્યાર્થીઓ દ્વારા જ લોકશાહી ઢબે પસંદગી કરવામાં આવતી હોય અને તેમાં પણ મહત્તમ વિદ્યાર્થીઓને તક મળે તે માટે કાળજીપૂર્વક રોટેશન પદ્ધતિનો અમલ કરવામાં આવતો હોય તો શાળા આ માપદંડમાં ઉત્તમ કામગીરી કરી રહી છે તેમ કહી શકાય.

GCERT - GQAC

- **નેતૃત્વ માટે કુમાર – કન્યાઓને સમાન તક:** આ માપદંડ અંતર્ગત વિદ્યાર્થીઓને નેતૃત્વની તક પૂરી પાડતી વખતે શાળાના કુમારો અને કન્યાઓને સમાન તક મળે છે કે કેમ તે જાણવાનો આશય છે. આ માપદંડ માત્ર મિશ્ર શાળાઓને લાગુ પડશે.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

**પેટાક્ષેત્ર: નેતૃત્વ વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ**

| GS | GIS | SFS | FS | PS | MS | SS |
|---|---|---|---|---|---|---|

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓને નેતૃત્વ વિકાસની તક | ▪ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ વિકાસના સંદર્ભમાં શાળા દ્વારા આયોજનપૂર્વક કોઇ પ્રવૃત્તિ હાથ ધરાતી નથી. | ▪ શાળાના આચાર્ય – શિક્ષકો દ્વારા પ્રતિવર્ષ વર્ગ મોનિટર, બાલવૃંદ પ્રતિનિધિ, શાળાની વિવિધ સમિતિ/ક્લબના લીડર તરીકે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. | ▪ શાળાના વર્ગ મોનિટર, બાલવૃંદ પ્રતિનિધિ, શાળાની વિવિધ સમિતિ/ક્લબના લીડરને વિદ્યાર્થીઓ દ્વારા લોકશાહી ઢબે પસંદ કરવામાં આવે છે. | ▪ શાળાના વર્ગ મોનિટર, બાલવૃંદ પ્રતિનિધિ, શાળાની વિવિધ સમિતિ/ક્લબના લીડરને વિદ્યાર્થીઓ દ્વારા લોકશાહી ઢબે પસંદ કરવામાં આવે છે.<br>▪ જેમાં મહત્તમ વિદ્યાર્થીઓને તક મળે તે માટે કાળજીપૂર્વક રોટેશન પદ્ધતિનો અમલ કરવામાં આવે છે. |
| નેતૃત્વ માટે કુમાર – કન્યાઓને સમાન તક | ▪ શાળામાં વિદ્યાર્થી નેતૃત્વના સંદર્ભમાં કુમાર – | ▪ શાળાની જુદી/જુદી સમિતિઓ/ક્લબ | ▪ શાળાની જુદી/જુદી સમિતિઓ/ક્લબ | ▪ શાળાની જુદી/જુદી સમિતિઓ/ક્લબ |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: નેતૃત્વ વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | FS | PS | MS | SS |
| **માપદંડ** | **કક્ષા 0** | **કક્ષા 1** | **કક્ષા 2** | **કક્ષા 3** |
| (લાગુ પડતું હોય ત્યાં) | કન્યાઓને સમાન તક આપવા અંગે કોઇ નિશ્ચિત આયોજન નથી. | કે વર્ગ - વૃંદના લીડર તરીકે કુમાર અને કન્યાને સમાન તક આપવામાં આવે છે પરંતુ તેના વિશે આચાર્ય – શિક્ષકો દ્વારા નિર્ણય લેવાય છે. (દા.ત. પ્રાર્થના સમિતિના લીડર કન્યા અને ખેલસમિતિના લીડર કુમારને બનાવવામાં આવે છે.) | કે વર્ગ - વૃંદના લીડર તરીકે કુમાર અને કન્યાને સમાન તક આપવામાં આવે છે.<br>▪ જેનો નિર્ણય શિક્ષકોના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવે છે. | કે વર્ગ - વૃંદના લીડર તરીકે કુમાર અને કન્યાને સમાન તક આપવામાં આવે છે.<br>▪ જેનો નિર્ણય શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા લોકશાહી ઢબે લેવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | શાળા દ્વારા વર્ગ મોનિટર, બાલવૃંદ પ્રતિનિધિ, શાળાની વિવિધ સમિતિ/ક્લબના લીડરની પસંદગી પ્રક્રિયાનો અહેવાલ | PDF |
| 2 | શાળા દ્વારા વર્ગ મોનિટર, બાલવૃંદ પ્રતિનિધિ, શાળાની વિવિધ સમિતિ/ક્લબના લીડરની યાદી | PDF |

GCERT - GSQAC

## 4.1.5 મુખ્યક્ષેત્ર 5: શાળા સંસાધનો

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

### પેટાક્ષેત્ર: શાળા પુસ્તકાલય

શાળાનું જીવંત પુસ્તકાલય અને તેના આધારે થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને શાળાકીય વિષયોની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિમાં મદદ કરવા ઉપરાંત તેમના અન્ય વિષયક્ષેત્રોમાંના રસને પણ પોષે છે. કાળજીપૂર્વક યોજાતી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના વિવેચનાત્મક ચિંતન અને સર્જનાત્મકતાને પણ પોષી શકે છે. આથી શાળા પુસ્તકાલયને શાળાના એક મહત્ત્વના સંસાધન તરીકે જોવામાં આવે છે. આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ:** આ માપદંડમાં એક વર્ષ દરમિયાન પ્રત્યેક વિદ્યાર્થી સરેરાશ પાંચ કે તેથી વધુ પુસ્તકોનું વાચન કરે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.
- **શિક્ષકો દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ:** આ માપદંડમાં એક વર્ષ દરમિયાન પ્રત્યેક શિક્ષક સરેરાશ આઠ કે તેથી વધુ પુસ્તકોનું વાચન કરે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.
- **પુસ્તકાલય – વાંચન સંબંધિત પ્રવૃત્તિઓ:** આ માપદંડમાં પુસ્તક પ્રદર્શન, તરતું પુસ્તક, રીડિંગ કોર્નર, પુસ્તક સમીક્ષા, મને ગમતું પુસ્તક, પુસ્તકાલય આધારિત પ્રોજેક્ટ, શાળા મેગેઝિન વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થઇ શકે. શાળા પ્રતિવર્ષ આવી ત્રણ કરતા વધુ પ્રવૃત્તિઓનું ગુણવત્તાપૂર્ણ આયોજન કરતી હોય તો તેને ઉત્તમ કહી શકાય.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર : શાળા પુસ્તકાલય | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | | MS / SS |
| **માપદંડ** | **કક્ષા 0** | **કક્ષા 1** | **કક્ષા 2** | **કક્ષા 3** |
| વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ | ▪ શાળાના વિદ્યાર્થીઓ વર્ષમાં સરેરાશ 2 થી ઓછાં પુસ્તક વાચે છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓ વર્ષમાં સરેરાશ 2 – 3 પુસ્તક વાચે છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓ વર્ષમાં સરેરાશ 4 – 5 પુસ્તક વાચે છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓ વર્ષમાં સરેરાશ 5 થી વધુ પુસ્તક વાચે છે. |
| શિક્ષકો દ્વારા પુસ્તકાલયનો ઉપયોગ | ▪ શાળાના શિક્ષકો વર્ષમાં સરેરાશ 4 થી ઓછાં પુસ્તક વાચે છે. | ▪ શાળાના શિક્ષકો વર્ષમાં સરેરાશ 5 – 6 પુસ્તક વાચે છે. | ▪ શાળાના શિક્ષકો વર્ષમાં સરેરાશ 7 – 8 પુસ્તક વાચે છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓ વર્ષમાં સરેરાશ 8 થી વધુ પુસ્તક વાચે છે. |
| પુસ્તકાલય – વાંચન સંબંધિત પ્રવૃત્તિઓ<br>(પુસ્તક પ્રદર્શન, તરતું પુસ્તક, રીડિંગ કોર્નર, પુસ્તક સમીક્ષા, મને ગમતું પુસ્તક, પુસ્તકાલય આધારિત પ્રોજેક્ટ, શાળા મેગેઝિન વગેરે) | ▪ શાળામાં પુસ્તકાલય – વાંચન સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવતું નથી. | ▪ શાળામાં વર્ષ દરમિયાન પુસ્તકાલય – વાંચન સંબંધિત એકાદ પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં અમુક વિદ્યાર્થીઓ ભાગ લે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન પુસ્તકાલય – વાંચન સંબંધિત 2 - 3 પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ભાગ લે છે. | ▪ શાળામાં વર્ષ દરમિયાન પુસ્તકાલય – વાંચન સંબંધિત 3 કરતાં વધુ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં ધોરણવાર તમામ વિદ્યાર્થીઓ ભાગ લે તેવું આયોજન કરાય છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | પુસ્તકાલયના ઈશ્યૂ રજીસ્ટરની નકલ (નમૂનારૂપ પાના) | PDF |
| 2 | શાળાના પ્રત્યેક વર્ગમાં વિદ્યાર્થી દીઠ વંચાયેલ સરેરાશ પુસ્તક સંખ્યાની વિગત – સમગ્ર શાળામાં વિદ્યાર્થી દીઠ વંચાયેલ સરેરાશ પુસ્તક સંખ્યાની વિગત | PDF |
| 3 | શાળાના શિક્ષક દીઠ વંચાયેલ સરેરાશ પુસ્તક સંખ્યાની વિગત | PDF |
| 3 | શાળા દ્વારા યોજાયેલ પુસ્તકાલય – વાંચન સંબંધિત પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |

**નોંધ: જો સ્વ-મૂલ્યાંકન પ્રથમ સત્રમાં યોજાય તો ઉપરોક્ત પ્રવૃત્તિઓ માટે ગત શૈક્ષણિક વર્ષની પ્રવૃત્તિઓના અહેવાલ ધ્યાને લેવામાં આવશે.**

## પેટાક્ષેત્ર: PM પોષણ યોજના

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: PM પોષણ યોજના | | | | |
|---|---|---|---|---|
| GS, GIS, SFS, FS, PS, MS, SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વિદ્યાર્થીઓની ભોજન પહેલાં અને પછીની સ્વચ્છતા અંગેની ટેવ | ▪ શાળાના 50% કે તેથી ઓછા વિદ્યાર્થીઓ ભોજન પહેલાં અને પછી હાથ – મોં સ્વચ્છ કરવાની ટેવ ધરાવે છે. | ▪ શાળાના 51% થી 70% વિદ્યાર્થીઓ ભોજન પહેલાં અને પછી હાથ – મોં સ્વચ્છ કરવાની ટેવ ધરાવે છે. | ▪ શાળાના 71% થી 90% વિદ્યાર્થીઓ ભોજન પહેલાં અને પછી હાથ – મોં સ્વચ્છ કરવાની ટેવ ધરાવે છે. | ▪ શાળાના 90% કે તેથી વધુ વિદ્યાર્થીઓ ભોજન પહેલાં અને પછી હાથ – મોં સ્વચ્છ કરવાની ટેવ ધરાવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | ભોજન પહેલાં અને પછી વિદ્યાર્થીઓ હાથ-મોં સ્વચ્છ કરી શકે તે માટેની સુવિધા અને બાળકો તેમનો ઉપયોગ કરતાં હોય તેવા ફોટોગ્રાફ્સ | JPEG/PNG |
| 2 | ભોજન પહેલાં અને પછી વિદ્યાર્થીઓ સ્વચ્છતાની ટેવ વિકસાવવા માટે શાળાના પ્રયાસોની વિગત | PDF |

## પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓની સુખાકારી

આ પેટાક્ષેત્રમાં શાળાના વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક સુખાકારીના નીચે મુજબના પરિમાણોને માપદંડ તરીકે સમાવવામાં આવ્યા છે.

- **વિદ્યાર્થીઓની વ્યક્તિગત સ્વચ્છતા:** વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત સ્વચ્છતાની ટેવ તેમની સમગ્ર સુખાકારી માટે પાયાનો ઘટક છે. આથી શાળાના પ્રત્યેક વિદ્યાર્થીમાં વ્યક્તિગત સ્વચ્છતા માટેની સભાનતા હોય અને તેનો આગ્રહ તેમનામાં જોવા મળતો હોય તે અપેક્ષિત છે. આ માટે શાળા વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરતી હોય, વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે પ્રેરિત કરતી તેમજ વાલીઓને પણ જાગૃત કરતી હોય તેને ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. આ ઉપરાંત વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતાને કેન્દ્રમાં રાખી વિશેષ પ્રયત્ન/પ્રવૃત્તિઓ કરતી હોય તો શાળા આ માપદંડમાં ઉત્તમ કક્ષામાં છે એમ કહી શકાય.
- **વિદ્યાર્થીઓમાં આરોગ્યપ્રદ આહાર અંગેની જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ:** વર્તમાન સમયમાં આકર્ષક જાહેરાતો અને ચટાકેદાર કે મીઠાં સ્વાદને કારણે વિદ્યાર્થીઓમાં તૈયાર પેકેટ્સમાં મળતા ખાદ્યપદાર્થો, ફાસ્ટફૂડ અને બિસ્કીટ, ચોકલેટ્સ, કોલ્ડડ્રિંક્સ વગેરે જેવી બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ ખાવા – પીવાની આદતો વધતી જાય છે. જે શાળાના વિદ્યાર્થીઓમાં કુપોષણ અને મેદસ્વિતાનું કારણ બને છે. આ સ્થિતિમાં શાળા દ્વારા શુગર બોર્ડ ડિસ્પ્લે, વેફર્સ, નમકીન જેવા તૈયાર

GCERT - GSQAC

નાસ્તાના પેકેટ્સ, કોલ્ડડ્રિન્ક્સ વગેરે માટે મનાઈ, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કૃતિઓની રજૂઆત વગેરે જેવી પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓમાં આહારજાગૃતિ અને સ્વાસ્થ્યપ્રદ આહારની ટેવો વિકસે તેવા પ્રયત્નો થતા હોય તો તેને ઉત્તમ ગણી શકાય.

- **માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શન:** આ માપદંડ હેઠળ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ કાઉન્સેલરની સુવિધા (નિયમિત મુલાકાતી કે કાયમી) ઉપલબ્ધ હોય અને તેમના દ્વારા પ્રત્યેક વિદ્યાર્થીની મૂંઝવણો માટે વ્યક્તિગત પરામર્શન આપવામાં આવતું હોય તે અપેક્ષિત છે. આ સંપૂર્ણ વ્યવસ્થા અને પ્રક્રિયામાં વિદ્યાર્થીની ગોપનીયતા જાળવવામાં આવે તે અંત્યત જરૂરી બાબત ગણવામાં આવી છે.

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડોની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓની સુખાકારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS / MS / SS | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| વિદ્યાર્થીઓની વ્યક્તિગત સ્વચ્છતા (વાળ, દાંત, નખ, ગણવેશ, શરીરની સ્વચ્છતા) | ▪ શાળા દ્વારા વિદ્યાર્થીઓની વ્યક્તિગત સ્વચ્છતા સુનિશ્ચિત કરવા કોઈ પ્રયાસ થતા નથી. | ▪ શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે છે તેમજ સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને પ્રેરિત અને તેમના વાલીઓને જાણ કરવામાં આવે છે. | ▪ શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે છે.<br>▪ સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને પ્રેરિત અને તેમના વાલીઓને જાણ કરવામાં આવે છે |

GCERT-SQAC

| પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓની સુખાકારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | | | તેમજ વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતાને કેન્દ્રમાં રાખી વિશેષ પ્રયત્ન/પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.<br>▪ શાળાના પ્રયત્નોની હકારાત્મક અસર વિદ્યાર્થીઓના દેખાવ અને આદતોમાં સ્પષ્ટપણે જોવા મળે છે. |
| વિદ્યાર્થીઓમાં આરોગ્યપ્રદ આહાર અંગેની જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ<br><br>(સ્યુગર બોર્ડ ડિસ્પ્લે, વેફર્સ, નમકીન જેવા તૈયાર નાસ્તાના | ▪ શાળા દ્વારા વિદ્યાર્થીઓમાં આરોગ્યપ્રદ આહાર અંગેની જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ શાળામાં સ્યુગર બોર્ડ, સમતોલ આહાર – સ્વાસ્થ્યપ્રદ આહાર જેવા બોર્ડ – પોસ્ટર ડિસ્પ્લે કરવામાં આવે છે પરંતુ બાળકોમાં | ▪ શાળામાં સ્યુગર બોર્ડ, બિન આરોગ્યપ્રદ આહાર લાવવાની મનાઈ, હેલ્ધી ટિફિન, શાળા આનંદ મેળામાં સ્થાનિક | ▪ શાળામાં સ્યુગર બોર્ડ, બિન આરોગ્યપ્રદ આહાર લાવવાની મનાઈ, હેલ્ધી ટિફિન, શાળા આનંદ મેળામાં સ્થાનિક |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર : વિદ્યાર્થીઓની સુખાકારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| પેકેટ્સ, કોલ્ડડ્રિન્ક્સ વગેરે માટે મનાઈ, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કૃતિઓની રજૂઆત વગેરે) | | સ્વાસ્થ્યપ્રદ આહારની જાગૃત્તિ માટે વિશેષ પ્રયાસ કરવામાં આવતાં નથી. | સ્વાસ્થ્યપ્રદ વાનગીઓને સ્થાન, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આહાર જાગૃતિ સંબંધિત કૃતિઓની રજૂઆત વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવામાં આવે છે. | સ્વાસ્થ્યપ્રદ વાનગીઓને સ્થાન, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આહાર જાગૃતિ સંબંધિત કૃતિઓની રજૂઆત વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવામાં આવે છે.<br>▪ આ પ્રવૃત્તિઓમાં SMC/ વાલીમંડળ અને વાલીઓને પણ જોડવામાં આવે છે. |

| પેટાક્ષેત્ર : વિદ્યાર્થીઓની સુખાકારી | | | | |
|---|---|---|---|---|
| GS / GIS / SFS | | FS / PS | MS | SS |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શન | ▪ શાળામાં માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માર્ગદર્શન માટે | ▪ શાળાના શિક્ષકો જ જરૂરિયાત મુજબ સલાહ-સૂચન આપે છે પરંતુ કોઈ | ▪ શાળામાં બાહ્ય નિષ્ણાતોની મદદથી કારકિર્દી માર્ગદર્શનના | ▪ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ કાઉન્સેલરની સુવિધા (નિયમિત |

| પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓની સુખાકારી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | કોઈ વ્યવસ્થા નથી કે પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | વ્યવસ્થિત આયોજન કે નિષ્ણાતની મુલાકાત ગોઠવવામાં આવતી નથી. | કાર્યક્રમો નિયમિત રીતે યોજાય છે.<br>▪ વિદ્યાર્થીઓના માનસિક તણાવ (પરીક્ષાનો ડર વગેરે) દૂર કરવા માટે વર્ષમાં ચોક્કસ દિવસોમાં કાઉન્સેલરની મુલાકાતો ગોઠવવામાં આવે છે. | મુલાકાતી કે કાયમી) ઉપલબ્ધ છે.<br>▪ પ્રત્યેક વિદ્યાર્થીની મૂંઝવણો માટે વ્યક્તિગત પરામર્શની વ્યવસ્થા છે અને તેની ગોપનીયતા જાળવવામાં આવે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | વિદ્યાર્થીઓની વ્યક્તિગત સ્વચ્છતાની કેળવણી માટેના શાળાના પ્રયાસોનો અહેવાલ | PDF |
| 2 | વિદ્યાર્થીઓમાં આરોગ્યપ્રદ આહાર અંગેની જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓનો અહેવાલ (પ્રદર્શિત કરાયેલ ડિસ્પ્લે બોર્ડના ફોટોગ્રાફ સહિત) | PDF |
| 3 | વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શન માટેની વ્યવસ્થા અને તે અંતર્ગત યોજાયેલ કાર્યક્રમો – પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |

GCERT - GSQAC

## 4.1.6 મુખ્યક્ષેત્ર 6: શાળા છાત્રાલય

આ મુખ્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ પેટાક્ષેત્રો અને તેના માપદંડોની વિગત નીચે મુજબ છે.

### પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| વિવિધ પ્રવૃત્તિઓનું અને સ્પર્ધાઓ આયોજન | ▪ છાત્રાલય દ્વારા દૈનિક સમયપત્રક સિવાયની કોઇ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવતું નથી.<br>▪ છાત્રાલય દ્વારા કોઇ શૈક્ષણિક કે અન્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવતું નથી. | ▪ છાત્રાલય દ્વારા વાર્ષિક પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર કરવામાં આવે છે.<br>▪ વાર્ષિક પ્રવૃત્તિ કેલેન્ડરમાં વિશેષદિન અને તહેવારોની ઉજવણી, શૈક્ષણિક – કલા અને રમતગમત સંબંધિત સ્પર્ધાઓ, કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનો | ▪ છાત્રાલય દ્વારા વાર્ષિક પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર કરવામાં આવે છે.<br>▪ વાર્ષિક પ્રવૃત્તિ કેલેન્ડરમાં વિશેષદિન અને તહેવારોની ઉજવણી, શૈક્ષણિક – કલા અને રમતગમત સંબંધિત સ્પર્ધાઓ, કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનો | ▪ છાત્રાલય દ્વારા વાર્ષિક પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર કરવામાં આવે છે.<br>▪ વાર્ષિક પ્રવૃત્તિ કેલેન્ડરમાં વિશેષદિન અને તહેવારોની ઉજવણી, શૈક્ષણિક – કલા અને રમતગમત સંબંધિત સ્પર્ધાઓ, કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનો |

GCERT - GSQAC

| પેટાક્ષેત્ર: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GS | GIS | SFS | FS | PS | MS | SS |

| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
|---|---|---|---|---|
| | | સમાવેશ કરવામાં આવે છે.<br>▪ છાત્રાલયના આયોજનમાં દર્શાવ્યા પૈકી લગભગ અડધા જેટલી પ્રવૃત્તિઓ યોજાય છે.<br>▪ છાત્રાલયના લગભગ તમામ વિદ્યાર્થીઓ કોઇને કોઇ પ્રવૃત્તિમાં ભાગ લે છે. | સમાવેશ કરવામાં આવે છે.<br>▪ છાત્રાલયના આયોજનમાં દર્શાવ્યા પૈકી મોટાભાગની પ્રવૃત્તિઓ યોજાય છે.<br>▪ છાત્રાલયના લગભગ તમામ વિદ્યાર્થીઓ કોઇને કોઇ પ્રવૃત્તિમાં ભાગ લે છે. | સમાવેશ કરવામાં આવે છે.<br>▪ છાત્રાલયના આયોજનમાં દર્શાવ્યા મુજબની તમામ પ્રવૃત્તિઓ યોજાય છે.<br>▪ છાત્રાલયના તમામ વિદ્યાર્થીઓ કોઇને કોઇ પ્રવૃત્તિમાં ભાગ લે છે.<br>▪ છાત્રાલય દ્વારા આયોજિત પ્રવૃત્તિઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ ભાગ લે છે. |

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | છાત્રાલયમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોજાયેલ પ્રવૃત્તિઓનો ફોટોગ્રાફ સહિતનો અહેવાલ | PDF |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર: માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શન

આ પેટાક્ષેત્ર હેઠળ માપદંડની કક્ષા અહીં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવી છે.

| પેટાક્ષેત્ર: માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શન | | | | |
|---|---|---|---|---|
| GS, GIS, SFS, FS, PS, MS, SS | | | | |
| માપદંડ | કક્ષા 0 | કક્ષા 1 | કક્ષા 2 | કક્ષા 3 |
| માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શનની સુવિધા | ▪ છાત્રાલયમાં માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માર્ગદર્શન માટે કોઈ વ્યવસ્થા નથી કે પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. | ▪ છાત્રાલયમાં શિક્ષકો જ જરૂરિયાત મુજબ સલાહ-સૂચન આપે છે પરંતુ કોઈ વ્યવસ્થિત આયોજન કે નિષ્ણાતની મુલાકાત ગોઠવવામાં આવતી નથી. | ▪ છાત્રાલયમાં બાહ્ય નિષ્ણાતોની મદદથી કારકિર્દી માર્ગદર્શનના કાર્યક્રમો નિયમિત રીતે યોજાય છે.<br>▪ વિદ્યાર્થીઓના માનસિક તણાવ (પરીક્ષાનો ડર વગેરે) દૂર કરવા માટે વર્ષમાં ચોક્કસ દિવસોમાં કાઉન્સેલરની મુલાકાતો ગોઠવવામાં આવે છે. | ▪ છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ કાઉન્સેલરની સુવિધા (નિયમિત મુલાકાતી કે કાયમી) ઉપલબ્ધ છે.<br>▪ પ્રત્યેક વિદ્યાર્થીની મૂંઝવણો માટે વ્યક્તિગત પરામર્શની વ્યવસ્થા છે અને તેની ગોપનીયતા જાળવવામાં આવે છે. |

GCERT - GSQAC

## પેટાક્ષેત્ર સંબંધિત આધારો

| ક્રમ | આધાર | આધાર ફોર્મેટ |
|---|---|---|
| 1 | વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી અને કારકિર્દી માટે સલાહ અને માર્ગદર્શન માટેની વ્યવસ્થા અને તે અંતર્ગત યોજાયેલ કાર્યક્રમો – પ્રવૃત્તિઓનો અહેવાલ | PDF |

# પ્રકરણ 5 - સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ અને સ્કૂલ રિપોર્ટ કાર્ડ

## 5.0 પ્રસ્તાવના

GCERT દ્વારા વર્ષ 2019 – 20 થી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓ અને વર્ષ 2023 – 24 થી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું એક્રેડિટેશન કરવામાં આવે છે. પ્રત્યેક રાઉન્ડને અંતે શાળાઓને તેમના સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ રિપોર્ટ કાર્ડના શાળાઓએ મેળવેલ ગ્રેડ ઉપરાંત પ્રત્યેક માપદંડમાં શાળાના પ્રદર્શનને દર્શાવવામાં આવે છે. જેથી શાળા તેની આગામી શાળા વિકાસ યોજના તૈયાર કરવા માટે તેનો બેઝલાઇન એસેસમેન્ટમાં ઉપયોગ કરી શાળાના શૈક્ષણિક લક્ષ્યાંકો નક્કી કરી શકે છે. આ પ્રકરણમાં ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)માં ઉપયોગમાં લેવાતી ગ્રેડિંગ પદ્ધતિ અને એક્રેડિટેશન બાદ શાળાઓને આપવામાં આવતા રિપોર્ટ કાર્ડ વિશે વાત કરવામાં આવી છે.

## 5.1 સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ

ગુણોત્સવ 2.0 અંતર્ગત શાળાઓને તેમના પરિણામને આધારે D થી લઇ A+ સુધીના ગ્રેડ આપવામાં આવે છે. આ ઉપરાંત શાળાઓને પરિણામના આધારે કલર કેટેગરીમાં પણ વિભાજીત કરવામાં આવે છે. વધુમાં 76% કે તેથી વધુ સ્કોર કરનાર શાળાઓને પ્રત્યેક 5%ના અંતરાલ પર એક સ્ટાર (Star) આપવામાં આવે છે. આમ, 76% થી 100% સુધીનો સ્કોર કરનાર શાળાઓને તેમના સ્કોર અનુસાર 1 સ્ટાર થી લઇને 5 સ્ટાર આપવામાં આવે છે. શાળાઓને અપાતા ગ્રેડ, કલર કેટેગરી અને સ્ટાર રેન્કિંગની વિગત નીચેના ટેબલમાં આપી છે.

GCERT GSQAC

### સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ

| શાળાએ મેળવેલ સ્કોર (%) | સ્કોર આધારિત ગ્રેડ | સ્કોર આધારિત કલર કેટેગરી સ્ટાર રેન્કિંગ |
|---|---|---|
| 96% - 100% | A+ | ★ ★ ★ ★ ★ |
| 91% - 95% | | ★ ★ ★ ★ |
| 86% - 90% | | ★ ★ ★ |
| 81% - 85% | A | ★ ★ |
| 76% - 80% | | ★ |
| 51% - 75% | B | |
| 26% - 50% | C | |
| 00% - 25% | D | |

## 5.2 સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ

રાજ્યની પ્રત્યેક શાળાને સ્કૂલ એક્રેડિટેશન બાદ તેનો રિપોર્ટ કાર્ડ આપવામાં આવે છે. જે વિવિધ શૈક્ષણિક આયામોનાં શાળાના પ્રદર્શનને દર્શાવતો અરીસો છે. સ્કૂલ રિપોર્ટ કાર્ડમાં શાળાના પ્રદર્શનએ સંખ્યાત્મક, ગુણાત્મક અને આલેખાત્મક રીતે રજૂ કરવામાં આવે છે. આ ઉપરાંત તેમાં શાળાની સારી અને સુધારાત્મક બાબતોનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે. જેથી શાળાને તેની પ્રવર્તમાન સ્થિતિ, ભાવિ દિશા અને પ્રયત્નો નક્કી કરવામાં મદદ મળે છે. પ્રકરણના આ ભાગમાં સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડનો નમૂનો અને તેની સમજૂતી આપવામાં આવી છે.

અત્રે, વર્ષ 2024 – 25ના રાઉન્ડને અંતે શાળાઓને અપાયેલ રિપોર્ટ કાર્ડનો નમૂનો મૂકેલ છે. વર્ષ 2026 – 27થી નવા ફ્રેમવર્કનો અમલ થવાથી રિપોર્ટ કાર્ડની વિગતો અને સ્વરૂપમાં ફેરફાર આવી શકે છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

Gujarat School Quality Accreditation Council (GSQAC)



## સ્કૂલ એક્રેડિટેશન (ગુણોત્સવ 2.0)

સ્કૂલ રિપોર્ટ કાર્ડ: 2024 - 2025

**ABC PRIMARY SCHOOL**

| શાળાનું પરિણામ | ગ્રેડ | શાળાનો કોડ: |
|---|---|---|
| 85.1% | A | જીલ્લો: |
| | ★★★ | તાલુકો: |
| | | ક્લસ્ટર: |

### શાળાનું પરિણામ




### શાળાની સારી બાબતો

| | |
|---|---|
| મુખ્ય ક્ષેત્રો | શાળા વ્યવસ્થાપન |
| પેટા ક્ષેત્રો | વાંચન, લેખન અને ગણન<br>અધ્યયન માટે અસરકારક વાતાવરણ<br>અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાઓ |

### શાળાની સુધારાત્મક બાબતો

| | |
|---|---|
| મુખ્ય ક્ષેત્રો | સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ |
| પેટા ક્ષેત્રો | સામયિક કસોટી<br>યોગ, વ્યાયામ અને રમતગમત<br>વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી |

> 95% : A5★ | >90% to <=95% : A 4★ | >85% to <=90% : A 3★ | >80% to <=85% : A 2★ | >75% to <=80% : A 1★ | >50% to <=75% : B | >25% to <=50 : C | >0% to <=25% : D

## સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ 2024 - 2025

| ક્ષેત્રો | કુલ ગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ગુણ % |
|---|---|---|---|
| **મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન** | **520** | **451** | **86.7%** |
| પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી | 80 | 54 | |
| પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી I અને II | 140 | 105.6 | |
| પેટાક્ષેત્ર 1.3: વાંચન, લેખન અને ગણન | 50 | 50 | |
| પેટાક્ષેત્ર 1.4: અધ્યયન માટે અસરકારક વાતાવરણ | 100 | 100 | |
| પેટાક્ષેત્ર 1.5: અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | 100 | 100 | |
| પેટાક્ષેત્ર 1.6: શાળામાં હાજરી | 50 | 41.4 | |
| **મુખ્યક્ષેત્ર 2: શાળા વ્યવસ્થાપન** | **50** | **47.6** | **95.2%** |
| પેટાક્ષેત્ર 2.1: શાળા સંચાલન | 20 | 17.6 | |
| પેટાક્ષેત્ર 2.2: સલામતી | 30 | 30 | |
| **મુખ્યક્ષેત્ર 3: સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** | **50** | **37.8** | **75.6%** |
| પેટાક્ષેત્ર 3.1: પ્રાર્થનાસભા | 15 | 13.2 | |
| પેટાક્ષેત્ર 3.2: યોગ, વ્યાયામ અને રમતગમત | 15 | 10.2 | |
| પેટાક્ષેત્ર 3.3: વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | 20 | 14.4 | |
| **મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ** | **80** | **70.8** | **88.5%** |
| પેટાક્ષેત્ર 4.1: પુસ્તકાલયનો ઉપયોગ | 20 | 16 | |
| પેટાક્ષેત્ર 4.2: ટેકનોલોજીનો ઉપયોગ | 25 | 21.1 | |
| પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન | 15 | 14.7 | |
| પેટાક્ષેત્ર 4.4: પાણી, શૌચાલય અને સ્વચ્છતા | 20 | 19 | |
| **મુખ્યક્ષેત્ર 5: રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ** | **300** | **244** | **81.3%** |
| પેટાક્ષેત્ર 5.1: CET પરીક્ષામાં ભાગીદારી | 150 | 123 | |
| પેટાક્ષેત્ર 5.2: CGMS પરીક્ષામાં ભાગીદારી | 150 | 121 | |
| **એકંદર ગુણ** | **1000** | **851.2** | **85.1%** |

Legend: > 95% : A5★ | >90% to <=95% : A 4★ | >85% to <=90% : A 3★ | >80% to <=85% : A 2★ | >75% to <=80% : A 1★ | >50% to <=75% : B | >25% to <=50 : C | >0% to <=25% : D

## સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ 2024 - 2025

| ક્ષેત્રો | મેળવેલ ગુણ % |
|---|---|
| **મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન** | **86.7%** |
| **પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી** | **68%** |
| (1.1.1) સામયિક કસોટીની ઉત્તરપોથીઓની ચકાસણી | 100% |
| (1.1.2) સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓના જવાબો | 80% |
| (1.1.3) સામયિક કસોટીના પરિણામો પર શિક્ષકોની ટિપ્પણીઓ | 40% |
| (1.1.4) ઉપચારાત્મક કાર્ય | 80% |
| (1.1.5) વાલીઓને જાણ | 100% |
| (1.1.6) સામયિક કસોટીમાં સરેરાશ ગુણ ટકાવારી | 63% |
| **પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી I અને II** | **75%** |
| (1.2.1) ઉત્તરપોથીઓની ચકાસણી | 100% |
| (1.2.2) પરિણામપત્રકમાં ગુણની નોંધ | 100% |
| (1.2.3) વાલીઓને જાણ | 100% |
| (1.2.4) સત્રાંત કસોટી-1 માં શાળાએ મેળવેલ ગુણ | 69% |
| (1.2.5) સત્રાંત કસોટી-2 માં શાળાએ મેળવેલ ગુણ | 74% |
| **પેટાક્ષેત્ર 1.3: વાંચન, લેખન અને ગણન** | **100%** |
| (1.3.1) વાંચન | 100% |
| (1.3.2) લેખન | 100% |
| (1.3.3) ગણન | 100% |
| **પેટાક્ષેત્ર 1.4: અધ્યયન માટે અસરકારક વાતાવરણ** | **100%** |
| (1.4.1) શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | 100% |
| (1.4.2) અસરકારક વર્ગખંડ વાતાવરણ | 100% |
| (1.4.3) શિક્ષકો દ્વારા પ્રેરણા | 100% |
| (1.4.4) વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સાહિત્ય (LM)નો ઉપયોગ | 100% |
| (1.4.5) ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું | 100% |
| (1.4.6) જે શીખ્યા હોય તેના વિશે વાત કરવી | 100% |
| **પેટાક્ષેત્ર 1.5: અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ** | **100%** |
| (1.5.1) અધ્યાપન માટેની તૈયારી | 100% |

> 95% : A5★ | >90% to <=95% : A 4★ | >85% to <=90% : A 3★ | >80% to <=85% : A 2★ | >75% to <=80% : A 1★ | >50% to <=75% : B | >25% to <=50 : C | >0% to <=25% : D

## સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ 2024 - 2025

| ક્ષેત્રો | મેળવેલ ગુણ % |
|---|---|
| (1.5.2) અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | 100% |
| (1.5.3) શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | 100% |
| (1.5.4) વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | 100% |
| (1.5.5) અધ્યયનમાં સમાન તક | 100% |
| **પેટાક્ષેત્ર 1.6: શાળામાં હાજરી** | **83%** |
| (1.6.1) શાળાની સરેરાશ હાજરી | 79% |
| (1.6.2) જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની સરેરાશ હાજરી | 100% |
| **મુખ્યક્ષેત્ર 2: શાળા વ્યવસ્થાપન** | **95.2%** |
| **પેટાક્ષેત્ર 2.1: શાળા સંચાલન** | **88%** |
| (2.1.1) શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ | 60% |
| (2.1.2) શાળા વ્યવસ્થાપન સમિતિ | 100% |
| (2.1.3) શાળા સમયપત્રક | 100% |
| **પેટાક્ષેત્ર 2.2: સલામતી** | **100%** |
| (2.2.1) સલામત શાળા પરિસર | 100% |
| (2.2.2) આપત્તિ વ્યવસ્થાપન માટેની સજ્જતા | 100% |
| **મુખ્યક્ષેત્ર 3: સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** | **75.6%** |
| **પેટાક્ષેત્ર 3.1: પ્રાર્થનાસભા** | **88%** |
| (3.1.1) પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | 100% |
| (3.1.2) પ્રાર્થનાસભાના સંચાલનમાં કુમાર અને કન્યાઓને સમાન તક | 80% |
| (3.1.3) પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ | 80% |
| (3.1.4) પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ | 100% |
| (3.1.5) પ્રાર્થનાસભાની સમગ્રતયા રજૂઆતમાં વૈવિધ્ય | 80% |
| **પેટાક્ષેત્ર 3.2: યોગ, વ્યાયામ અને રમતગમત** | **68%** |
| (3.2.1) વિદ્યાર્થીઓની યોગિક ક્રિયાઓમાં ભાગીદારી | 80% |
| (3.2.2) વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | 0% |
| (3.2.3) શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | 80% |
| (3.2.4) દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક | 80% |

> 95% : A5★ | >90% to <=95% : A 4★ | >85% to <=90% : A 3★ | >80% to <=85% : A 2★ | >75% to <=80% : A 1★ | >50% to <=75% : B | >25% to <=50 : C | >0% to <=25% : D

## સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ 2024 - 2025

| ક્ષેત્રો | મેળવેલ ગુણ % |
|---|---|
| (3.2.5) રમતગમતની પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી | 100% |
| **પેટાક્ષેત્ર 3.3: વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી** | **72%** |
| (3.3.1) વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | 40% |
| (3.3.2) શાળામાં હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ | 80% |
| (3.3.3) રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | 100% |
| (3.3.4) શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય | 80% |
| (3.3.5) શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન | 60% |
| **મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ** | **88.5%** |
| **પેટાક્ષેત્ર 4.1: પુસ્તકાલયનો ઉપયોગ** | **80%** |
| (4.1.1) શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 80% |
| (4.1.2) વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 80% |
| **પેટાક્ષેત્ર 4.2: ટેકનોલોજીનો ઉપયોગ** | **84%** |
| (4.2.1) શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેકનોલોજીનો ઉપયોગ | 100% |
| (4.2.2) G-SHALAનો ઉપયોગ | 81% |
| (4.2.3) ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ (લાગુ પડતું હોય તેવી શાળાઓમાં) | 80% |
| **પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન** | **98%** |
| (4.3.1) મધ્યાહન ભોજન યોજનામાં નિયમિતતા | 100% |
| (4.3.2) વિદ્યાર્થીઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો લાભ | 88% |
| (4.3.3) જમવા બેસતાં પહેલાં વિદ્યાર્થીઓની સ્વચ્છતા અંગેની ટેવ | 100% |
| (4.3.4) શિક્ષકો દ્વારા મધ્યાહન ભોજનની ગુણવત્તાની ચકાસણી | 100% |
| (4.3.5) મધ્યાહન ભોજન સંબંધિત જગ્યાઓ, સાધનો અને વાસણોની સ્વચ્છતા | 100% |
| **પેટાક્ષેત્ર 4.4: પાણી, શૌચાલય અને સ્વચ્છતા** | **95%** |
| (4.4.1) પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધતા | 100% |
| (4.4.2) યોગ્ય સામગ્રી દ્વારા શૌચાલયની નિયમિત સફાઇ | 80% |
| (4.4.3) શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા | 100% |
| (4.4.4) વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | 100% |

> 95% : A5★ | >90% to <=95% : A 4★ | >85% to <=90% : A 3★ | >80% to <=85% : A 2★ | >75% to <=80% : A 1★ | >50% to <=75% : B | >25% to <=50 : C | >0% to <=25% : D

## સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ 2024 - 2025

| ક્ષેત્રો | મેળવેલ ગુણ % |
|---|---|
| **મુખ્યક્ષેત્ર 5: રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ** | **81.3%** |
| **પેટાક્ષેત્ર 5.1: CET પરીક્ષામાં ભાગીદારી** | **82%** |
| (5.1.1) CET પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 100% |
| (5.1.2) CET પરીક્ષાના રાજ્ય મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | 100% |
| (5.1.3) CET પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | 46% |
| **પેટાક્ષેત્ર 5.2: CGMS પરીક્ષામાં ભાગીદારી** | **81%** |
| (5.2.1) CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 100% |
| (5.2.2) CGMS પરીક્ષાના રાજ્યના મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | 100% |
| (5.2.3) CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | 42% |
| **કુલ** | **85.1%** |

> 95% : A5★ | >90% to <=95% : A 4★ | >85% to <=90% : A 3★ | >80% to <=85% : A 2★ | >75% to <=80% : A 1★ | >50% to <=75% : B | >25% to <=50 : C | >0% to <=25% : D